# ભક્તામર

## કથા સહિત

લેખક :
પૂનમચંદ નાગરલાલ દોશી "શશિપૂનમ"
સંપાદક :
પૂ. મુનિરાજશ્રી જયાનંદ વિજયજી મહારાજ

શ્રી આદિનાથાય નમઃ
।। પ્રભુશ્રીમદ્વિજય રાજેન્દ્રસૂરીશ્વરેભ્યો નમઃ ।।

# ભક્તામર કથા સરિત

(મૂળ શ્લોક અર્થ - ભાવાર્થ અને કથાઓ)

-: આશીર્વાદ :-
**રાષ્ટ્રસંત વર્તમાનાચાર્ય દેવ**
**શ્રીમદ્વિજય જયંત સેન સૂરીશ્વરજી મ. સા.**

-: લેખક :-
**શ્રી પૂનમચંદ નાગરલાલ દોશી**
"શશિપૂનમ"
ડીસા (બનાસકાંઠા)

-: સંપાદક :-
**મુનિશ્રી જયાનંદ વિજયજી મહારાજ**

ભક્તામર કથા સરિત
ગુરુ રામચંદ્ર જ્ઞાનમાળા પુષ્પ - ૭૨

લેખક : **શ્રી પૂનમચંદ નાગરલાલ દોશી "શશિપૂનમ"**
થરાદવાળા.

સંપાદક : **મુનિ શ્રી જયાનંદ વિજયજી મ.**

પ્રકાશક : **શ્રી ગુરૂ રામચંદ્ર પ્રકાશક સમિતિ.**
સં.શા સુમેરમલજી કેવલજી નાહર
ભીનમાળ. ૩૪૩૦૨૯.


દ્રવ્ય સહાયક : **કાંતિલાલ અમુલખભાઈ ભણસાળીના સ્મરણાર્થે**
**ભણસાળી પરિવાર - થરાદ**

પુસ્તક પ્રાપ્તિ સ્થાન : **૧. શા દેવીચંદ છગનલાલજી,**
કાપડના વેપારી, ભીનમાલ. (રાજસ્થાન) ૩૪૩ ૦૨૯
**૨. કાંતિલાલ અમુલખભાઈ ભણસાળી.**
૩૦૧ લકઝર પેલેસ. ગાંધીસ્મૃતિ હોલની બાજુમાં.
ટોમલિયાવાડ નાનપૂરા - સુરત.

પ્રત : **૨૦૦૦** સને ૧૯૯૫

આ પુસ્તક એક રૂપિયાની સ્ટેમ્પ મોકલવાથી ભીનમાલના
સરનામેથી મોકલવામાં આવશે.

મુદ્રક : **શૈલેષ કે. વોરા**
બોમ્બે પ્રિન્ટીંગ પ્રેસ
એ/૪, જી.આઈ.ડી.સી., ગાંધીધામ(કચ્છ)
ફોન : ૨૦૩૯૧, ૩૦૩૫૦ (રહે.) ૨૧૯૯૧



## સ્વ. ભણશાળી કાંતીલાલ અમુલખભાઈ

| | |
|---|---|
| જન્મ તારીખ | સ્વર્ગવાસ તારીખ |
| ૧૦-૫-૧૯૩૨ | ૨૨-૧-૧૯૯૪ |

## લેખકની વાત.....

આજે તો મારો નિવૃત્તિકાળ છે.વીશેક વરસ પહેલાંની એ ભૂતકાળની અક્ષરાંકિત કથાઓ આજે વિશાળ વાંચકવૃંદના કરકમલમાં ત્રીજીવાર મૂકતાં અતિ આનંદ થાય છે.

બાળપણમાં સાંભળેલી, યુવાનવયે વાંચેલી, પ્રૌઢતામાં મંથન કરી સરળ લોકભોગ્ય ભાષામાં આલેખાયેલી આ કથાઓનું નવનિત, ભકતામર માધુરી, ભકતામર સ્ત્રોતનારૂપમાં પ્રકાશિત થયા પછી આ ત્રીજીવાર "ભક્તામર કથા સરિત" ના નામે પ્રગટ થાય છે તે મારા માટે ગૌરવપ્રદ વાત છે.

કથાઓ જૈન શાસ્ત્રાનુસાર પાત્ર વરણી કરી આલખવામાં આવી છતાં, વિતરાગની આજ્ઞા વિરૂદ્ધ કાંઈ લખાયું હોય તો મિચ્છા મિ દુક્કડમ્.

આ પુસ્તક વાંચી જૈન ધર્મના સ્મરણ કરવા લાયક સ્તોત્રોને મુખપાઠ કરી ધર્મ પ્રત્યે ઊંડી શ્રદ્ધા ધરાવતાં સુજ્ઞ વાંચકો પોતાના જીવનનો ઉત્કર્ષ સાધી ભક્તામર સ્ત્રોતના દિગંતે પડઘા પાડવામાં કટીબદ્ધ થાઓ એવી અભ્યર્થના.

**ડીસા.** **પૂનમચંદનાગરલાલ દોશી**

૨૦૫૨ કાર્તિકી પુનમ.

# સંપાદકની વાત

**ભકત ને અમર બનાવવા.**

**શાસન ને સમૃદ્ધ બનાવવા.**

**સાધક ને સંબળ આપવા**

**શ્રોતાને રસ જગાડવા**

પુર્વાચાર્યોએ અનેક ગ્રન્થોની, સ્તોત્રોની રચનાઓં કરી એ સ્તોત્રોંમાં ભકતામરની ભાત અનેરી, કારણ છે શ્રીમાનતુંગસૂરિજીના વિશુદ્ધ ભાવોંનું હોવું. સ્વ. આચાર્યશ્રીએ આ સ્તોત્રમાં પ્રાણ પુર્યા છે.

જૈન શાસનની પ્રભાવના કાજે કટીબદ્ધ બન્યા હતાં. પ્રભાવનાના એ ભાવોએ અંતરમાં પ્રકાશ પાથર્યો. એ પ્રકાશમાં દિવ્ય શબ્દ જયોતિ પ્રગટી અને ભક્તામર સ્તોત્ર રચાયું. બેડીઓ તો તૂટી પણ કર્મ જંજિરોને પણ તોડવાનું સામર્થ્ય એમાં પ્રગટ્યું.

શબ્દ જ્યોતિ અક્ષરદેહે આજે પણ ઊપસ્થિત છે. અનેક ને સન્માર્ગ પ્રેરક છે. સાક્ષી છે. આ કથાઓ. ચાલો, આપણે પણ એ કથાઓનો આસ્વાદ લઈ સ્તોત્રોનો મુખપાઠ કરી શુદ્ધોચ્ચારણ પુર્વક પ્રતિદિન સ્મરણ કરી આપણી ભવશ્રૃંખલા ને તોડીએ એજ અભ્યર્થના.

લેખક શ્રી વયોવૃદ્ધ થયા છે. તો પણ આજેય લેખનમાં ઘણોજ રસ ધરાવે છે.

લેખક શ્રી દ્રવ્યસહાયક અને સંપાદક ના શ્રમને પાઠકો સફળ બનાવે. એજ

**જયાનંદ**

**૨૦૫૨ ગુરૂ સપ્તમી.**

**ભીનમાલ.**

# પ્રસ્તાવના

ભક્તામર સ્તોત્ર મૂળ પાઠ તેનો અર્થ અને તેને માટેની કથા આ ત્રણેનું સંકલન કરીને સુંદર શૈલીથી **"ભક્તામર કથા સરિત"** પુસ્તક લખનાર મારા કુટુંબી વડીલ અને મારા ગુરુ **શ્રી પૂનમચંદ નાગરલાલભાઈ દોશી** આજીવન સાહિત્યોપાસક છે. જ્ઞાનની લ્હાણી આપવાનું જ કામ એમણે જીવન પર્યંત કર્યું છે. મારા પિતાશ્રીની ઉંમરના તેઓ આજે પણ સાહિત્ય ઉપાર્જન અને પ્રકાશન માટે પ્રયત્નશીલ છે. શારીરિક રીતે અશક્ત હોવા છતાંય એમનું મન હજુ સાહિત્ય સર્જનનાં સ્વપ્નાંમાં ખોવાયેલું રહે છે.

એમનું લખેલ **"ભક્તામર સ્તોત્ર"** પહેલી વખત **"ભક્તામર માધુરી"** ના નામે પ્રગટ થયેલું. માત્ર નામના ફેરફાર સાથે સોળ વર્ષ પછી ફરી પ્રગટ થયેલ છે અને હવે ત્રીજી આવૃત્તિ **"ભક્તામર કથા સરિત"** નામે પ્રગટ થાય છે.

આ પુસ્તકની ત્રીજી આવૃત્તિ જ બતાવે છે કે આ પુસ્તકના લેખન પ્રત્યે વાંચકો કેટલો રસ ધરાવે છે જેનું સંપાદન **પ. પૂ. મુનિરાજ શ્રી જયાનંદ વિજયજીએ** કર્યું છે.

ખરેખર આવાં લોકોપયોગી પ્રકાશનો પ્રકાશિત કરવા માટે પ્રયત્નશીલ **પૂ. મુનિરાજશ્રી જયાનંદ વિજયજીના** પ્રયત્નો પ્રસંશનિય છે. અને આ પ્રકાશનમાં સહાયક થનાર પણ આ પ્રકાશનમાં યશના અધિકારી છે

ગાંધીધામ — **કીર્તિલાલ હાલચંદભાઈ વોરા**

તા. ૨૬-૧-૯૬ — થરાદવાળા

# કથાનુક્રમ


| નં. | કથા | પાનું |
|---|---|---|
| ૧ | જંજીરો તુટી અને | ૧ |
| ૨ | કંગાલિયત | ૫ |
| 3 | ચમત્કારને નમસ્કાર | ૯ |
| ૪ | સૂવર્ણ સિદ્ધિ | ૧૫ |
| ૫ | જીવન ઉજળી ગયું | ૧૮ |
| ૬ | ધૂર્તવેશધારી | ૨૩ |
| ૭ | શીલનું રક્ષણ | ૨૭ |
| ૮ | વ્યંતર ભાગ્યો | ૩૧ |
| ૯ | જીવન બદલ્યું અને | ૩૫ |
| ૧૦ | વિજય વાવટો ફરક્યો | ૪૦ |
| ૧૧ | અજવાળી અમાસ | ૪૩ |
| ૧૨ | ભવિષ્ય ભાખ્યું | ૪૬ |
| ૧૩ | અન્યમતિઓ ઓગળ્યા | ૪૯ |
| ૧૪ | જૈન ધર્મનો જયકાર | ૫૨ |
| ૧૫ | અહિંસાનો વિજય | ૫૫ |
| ૧૬ | નવે અવતારે ! | ૫૮ |
| ૧૭ | કસોટીની એરણે | ૬૨ |
| ૧૮ | દેવીએ દીકરો દીધો | ૬૪ |
| ૧૯ | રૂપ લાવણ્ય ગયું અને | ૬૭ |
| ૨૦ | મુનિ નિંદાનું ફળ | ૭૧ |
| ૨૧ | રાજ્ય ઋદ્ધિ મળી અને | ૭૪ |
| ૨૨ | પેટમાં પીડા ઉપડી અને | ૭૭ |
| ૨૩ | અધિકારી પદે | ૭૯ |
| ૨૪ | ગજરાજ નાથ્યો | ૮૨ |
| ૨૫ | સિંહ શિયાળ બન્યો | ૮૫ |
| ૨૬ | દાવાનળ શમ્યો | ૮૮ |
| ૨૭ | સર્પની પુષ્પમાળ | ૯૧ |
| ૨૮ | વૈર ભાવના ગઈ | ૯૪ |
| ૨૯ | દેવીનું પરિવર્તન | ૯૭ |
| ૩૦ | વિષનું અમૃત | ૯૯ |
| ૩૧ | લોહ બંધન તૂટ્યાં | ૧૦૨ |
|  | ભક્તિગીતા (પદ્યાનુવાદ) | ૧૦૪ |
|  | દિગંબરોમાં પ્રચલિત ગાથાઓ | ૧૦૮ |

# (સપ્તમં સ્મરણમ્) ભક્તામર સ્તોત્રમ્

ભક્તામરપ્રણતમૌલિમણિપ્રભાણા- મુદ્યોતકં દલિતપાપતમોવિતાનમ્ ॥
સમ્યક્ પ્રણમ્ય જિંનપાદયુગં યુગાદા-વાલંબનં ભવજલે પતતાં જનાનામ્ ॥૧॥

યઃ સંસ્તુતઃ સકલવાઙ્મયતત્વબોધા-દુદ્ભૂત્બુદ્ધિ-પટુભિઃ સુરલોકનાથૈઃ ॥
સ્તોત્રૈર્જગત્ત્રિતયચિત્તહરૈરૂદારૈઃ; સ્તોષ્યે કિલાહમપિ તં પ્રથમં જિનેન્દ્રમ્ ॥૨॥

બુદ્ધ્યા વિનાઽપિ વિબુધાર્ચિતપાદપીઠ ! સ્તોતું સમુદ્યતમતિર્વિગતત્રપોઽહમ્ ॥
બાલંવિહાય જલસંસ્થિતમિંદુબિંબ, - મન્યઃ ક ઈચ્છતિ જનઃ સહસા ગ્રહીતુમ્ ॥૩॥

વક્તું ગણાન્ ગુણસમુદ્ર ! શશાંકકાંતાન્, કસ્તે ક્ષમઃ સુરગુરૂપ્રતિમોઽપિ બુદ્ધ્યા ॥
કલ્પાંતકાલપવનોદ્ધતનક્રચક્રં, કો વા તરીતુમલમંબુનિધિં ભુજાભ્યામ્ ॥૪॥

સોઽહં તથાપિ તવ ભક્તિવશાન્મુનીશ ! કર્તું સ્તવં વિગતશક્તિરપિ પ્રવૃત્તઃ ॥
પ્રીત્યાત્મવીર્યમવિચાર્ય મૃગો મૃગેન્દ્રં, નાભ્યેતિ કિં નિજશિશોઃ પરિપાલનાર્થમ્ ॥૫॥

અલ્પશ્રુતં શ્રુતવતાં પરિહાસધામ, ત્વદ્ભક્તિરેવ મુખરીકુરૂતે બલાન્મામ્ ॥
યત્કોકિલઃ કિલ મધૌ મધુરં વિરૌતિ, તચ્ચારૂચામ્રકલિકાનિકરૈકહેતુઃ ॥૬॥

ત્વત્સંસ્તવેન ભવસંતતિસન્નિબદ્ધં, પાપં ક્ષણાત્ ક્ષયમુપૈતિ શરીરભાજામ્ ॥
આક્રાંતલોકમલિનીલમશેષમાશુ, સૂર્યાંશુભિન્નમિવ શાર્વરમંધકારમ્ ॥૭॥

મત્વેતિ નાથ તવ સંસ્તવનં મયેદ-મારભ્યતે તનુધિયાઽપિ તવ પ્રભાવાત્ ॥
ચેતો હરિષ્યતિ સતાં નલિનીદલેષુ, મુક્તાફલદ્યુતિમુપૈતિ નનુદ બિંદુઃ ॥૮॥

આસ્તાં તવ સ્તવનમસ્તસમસ્તદોષં, ત્વત્સંકથાપિ જગતાં દુરિતાનિ હન્તિ ॥
દૂરે સહસ્રકિરણઃ કુરૂતે પ્રભૈવ; પદ્માકરેષુ જલજાનિ વિકાસભાંજિ ॥૯॥

નાત્યદ્ભૂતં ભુવનભૂષણ ! ભૂતનાથ ! ભૂતેર્ગુણૈર્ભુવિભવંતમભિષ્ટુવન્તઃ ॥
તુલ્યા ભવન્તિ ભવતો નનુ તેન કિંવા ॥ ભૂત્યાશ્રિતં ય ઈહ નાત્મસમં કરોતિ ॥૧૦॥

દૃષ્ટ્વા ભવન્તમનિમેષવિલોકનીય, નાઽન્યત્ર તોષમુપયાતિ જનસ્ય ચક્ષુઃ ॥
પીત્વા પયઃ શસિકરદ્યુતિદુગ્ધસિંધોઃ; ક્ષારં જલં જલનિધેરશિતું ક ઈચ્છેત્ ॥૧૧॥

યૈઃ શાંતરાગરૂચિભિઃ પરમાણુભિસ્ત્વં, નિર્માપિતસ્ત્રિભુવનૈકલલામભૂત ! ॥
તાવંત એવ ખલુ તેઽપ્યણવઃ પૃથિવ્યાં, યત્તે સમાનમપરં નહિ રૂપમસ્તિ ॥૧૨॥

વક્ત્રં ક્વ તે સુરનરોરગનેત્રહારિ, નિઃશેષનિર્જિતજગત્ત્રિતયોપમાનમ્ ॥
બિંબં કલંકમલિનં ક્વ નિશાકરસ્ય, યદ્વાસરે ભવતિ પાંડુપલાશકલ્પમ્ ॥૧૩॥

સંપૂર્ણ મંડલશશાંકકલાકલાપ - શુભ્રા ગુણાસ્ત્રિભુવનં તવ લંઘયન્તિ ॥
યે સંશ્રિતાસ્ત્રિજગદીશ્વરનાથમેકં, કસ્તાન્નિવારયતિ સંચરતો યથેષ્ઠમ્ ॥૧૪॥

ચિત્રં કિમત્ર યદિ તે ત્રિદશાંગનાભિ-ર્નીતં મનાગપિ મનો ન વિકારમાર્ગમ્ ॥
કલ્પાંતકાલમરૂતા ચલિતાચલેન, કિં મંદરાદ્રિશિખરં ચલિતંકદાચિત્ ॥૧૫॥

નિર્ધુમવર્ત્તિરપવર્જ્જિતતૈલપુરઃ, કૃત્સ્નંજગત્ત્રયમિદં પ્રકટીકરોષિ ॥
ગમ્યો ન જાતુ ! મરુતાં ચલિતાચલાનાં, દીપોડપરસ્ત્વમસિ નાથ ! જગત્પ્રકાશઃ ॥૧૬॥

નાસ્તં કદાચિદુપયાસિ ન રાહુગમ્યઃ, સ્પષ્ટીકરોષિ સહસા યુગપજ્જગંતિ ॥
નાંભોધરોદરનિરૂદ્ધમહાપ્રભાવઃ; સૂર્યાતિશાયિમહિમાસિ મુનીંદ્ર ! લોકે ॥૧૭॥

નિત્યોદયંદલિતમોહમહાંધકારં, ગમ્યં ન રાહુવદનસ્ય ન વારિદાનામ્ ॥
વિભ્રાજતે તવ મુખાબ્જમનલ્પકાંતિ, વિદ્યોત-યજ્જગદપૂર્વશશાંકબિમ્બમ્ ॥૧૮॥

કિં શર્વરીષુ શશિનાહ્નિ વિવસ્વતા વા, યુષ્મન્મુખેંદુદલિતેષુ તમસ્સુ નાથ ॥
નિષ્પન્નશાલિવનશાલિનિ જીવલોકે, કાર્યં કિયજ્જલધરૈર્જલભારનમ્રૈઃ ॥૧૯॥

જ્ઞાનં યથા ત્વયિ વિભાતિ કૃતાવકાશં, નૈવં તથા હરિહરાદિષુનાયકેષુ ॥
તેજઃસ્ફુરન્મણિષુ યાતિ યથા મહત્વં, નૈવં તુ કાચશકલે કિરણાકુલેડપિ ॥૨૦॥

મન્યે વરંહરિહરાદય એવ દષ્ટા, દષ્ટેષુ યેષુ હૃદયં ત્વયિ તોષમેતિ ॥
કિં વીક્ષિતેન ભવતા ભુવિ યેન નાન્યઃ, કશ્ચિન્મનોહરતિ નાથ ! ભવાંતરેડપિ ॥૨૧॥

સ્ત્રીણાં શતાનિ શતશો જનયન્તિ પુત્રાન્, નાન્યા સુતં ત્વદુપમં જનની પ્રસૂતા ॥
સર્વાદિશો દધતિ ભાનિ સહસ્ત્રરશ્મિં, પ્રાચ્યેવ દિગ્જનયતિ સ્ફુરદંશુજાલમ્ ॥૨૨॥

ત્વામામનન્તિ મુનયઃ પરમંપુમાંસ-માદિત્યવર્ણમમલં તમસઃ પરસ્તાત્ ॥
ત્વામેવ સમ્યગુપલભ્ય જયંતિ મૃત્યું, નાન્યઃ શિવઃ શિવપદસ્ય મુનીન્દ્રપંથાઃ ॥૨૩॥

ત્વામવ્યયંવિભુમચિંત્યમસંખ્યમાદ્યં, બ્રહ્માણમીશ્વરમનંતમનંગકેતુમ્ ॥
યોગીશ્વરં વિદિતયોગમનેકમેકં, જ્ઞાનસ્વરૂપમમલંપ્રવદંતિસંતઃ ॥૨૪॥

બુદ્ધસ્ત્વમેવ વિબુધાર્ચિતબુદ્ધિબોધાત્, ત્વં શંકરોડસિ ભુવનત્રયશંકરત્વાત્ ॥
ધાતાસિધીર ! શિવમાર્ગવિધેર્વિધાનાત્, વ્યક્તંત્વમેવ ભગવન્ પુરૂષોત્તમોડસિ ॥૨૫॥

તુભ્યં નમઃ સ્ત્રિભુવનાર્તિહરાય નાથ ! તુભ્યં નમઃ ક્ષિતિતલામલભૂષણાય ॥
તુભ્યં નમસ્ત્રિજગતઃ પરમેશ્વરાય, તુભ્યં નમો જિન! ભવોદધિશોષણાય ॥૨૬॥

કો વિસ્મયોઽત્ર યદિ નામ ગુણૈરશેષૈ-સ્ત્વં સંશ્રિતો નિરવકાશતયા મુનીશ ! ॥
દોષૈરૂપાત્તવિવિધાશ્રયજાતગર્વૈઃ, સ્વપ્નાંતરેઽપિ ન કદાચિદપીક્ષિતોઽસિ ॥૨૭॥

ઉચ્ચૈરશોકતરુસંશ્રિતમુન્મયૂખ, માભાતિ રૂપમમલં ભવતો નિતાંતમ્ ॥
સ્પષ્ટોલ્લસત્કિરણમસ્તતમોવિતાનં, બિમ્બં રવેરિવપયોધર પાર્શ્વવર્તિ ॥૨૮॥

સિંહાસને મણિમયૂખશિખાવિચિત્રે, વિભ્રાજતે તવ વપુઃ કનકાવદાતમ્ ॥
બિંબં વિયદ્વિલસદંશુલતાવિતાનં, તુંગોદયાદ્રિશિરસીવ સહસ્ત્રરશ્મેઃ ॥૨૯॥

કુંદાવદાતચલચામરચારૂશોભં, વિભ્રાજતે તવ વપુઃ કલધૌતકાંતમ્ ॥
ઉદ્યચ્છશાંકશુચિનિર્ઝરવારિધારમુચ્ચૈસ્તટં સુરગિરેરિવશાતકૌમ્ભમ્ ॥૩૦॥

છત્રત્રયં તવ વિભાતિ શશાંકકાંત-મુચ્ચૈઃસ્થિતં સ્થગિતભાનુકરપ્રતાપમ્ ॥
મુક્તાફલપ્રકરજાલવિવૃદ્ધશોભં, પ્રખ્યાપયત્ત્રિજગતઃ પરમેશ્વરત્વમ્ ॥૩૧॥

ઉન્નિદ્રહેમનવપંકજપુંજકાંતિ-પર્યુલ્લસન્નખમયૂખશિખાભિરામૌ ॥
પાદૌ પદાનિ તવ યત્ર જિનેંદ્ર ! ધત્તઃ, પદ્માનિ તત્ર વિબુધાઃ પરિકલ્પયંતિ ॥૩૨॥

ઈત્થં યથા તવ વિભૂતિરભૂજ્જિનેંદ્ર ! ધર્મોપદેશનવિધૌ ન તથા પરસ્ય ॥
યાદૃક્ પ્રભા દિનકૃતઃ પ્રહતાંધકારા, તાદૃક્ કુતો ગ્રહગણસ્ય વિકાશિનોઽપિ ॥૩૩॥

શ્ચ્યોતન્મદા વિલવિલોલકપોલમૂલ-મત્તભ્રમદ્ભ્રમરનાદવિવૃદ્ધકોપમ્ ॥
ઐરાવતાભમિભમુદ્ધતમાપતન્તં, દૃષ્ટ્વા ભયં ભવતિ નો ભવદાશ્રિતાનામ્ ॥૩૪॥

ભિન્નેભકુમ્ભગલદુજ્જવલશોણિતાક્ત, મુક્તાફલપ્રકરભૂષિતભૂમિભાગઃ ॥
બદ્ધક્રમઃ ક્રમગતં હરિણાધિપોઽપિ, નાક્રામતિ ક્રમયુગાચલસંશ્રિતં તે ॥૩૫॥

કલ્પાંતકાલપવનોદ્ધતવહ્નિકલ્પં, દાવાનલં જ્વલિતમુજ્જ્વલમુત્કુલિંગમ્ ॥
વિશ્વં જિઘત્સુમિવ સંમુખમાપતન્તં, ત્વન્નામકીર્તનજલંશમયત્યશેષમ્ ॥૩૬॥

રક્તેક્ષણંસમદકોકિલકંઠનીલં, ક્રોધોદ્ધતં ફણિનમુત્ફણમાપતન્તમ્ ॥
આક્રામતિ ક્રમયુગેન નિરસ્તશંકસ્ત્વન્નામનાગદમની હૃદિ યસ્ય પુંસઃ ॥૩૭॥

વલ્ગત્તુરંગગજગર્જિતભીમનાદ-માજૌબલં બલવતામપિ ભૂપતીનામ્ ॥
ઉદ્યદ્દિવાકરમયૂખશિખાપવિદ્ધં, ત્વત્કીર્ત્તનાત્તમ ઈવાશુ ભિદામુપૈતિ ॥૩૮॥

કુંતાગ્રભિન્નગજશોણિતવારિવાહ, વેગાવતારતરણાતુરયોધાભીમે ॥
યુદ્ધે જયં વિજિતદુર્જયજેયપક્ષાસ્તવત્પાદપંકજવનાશ્રયિણો લભંતે ॥૩૯॥

અંભોનિધૌ ક્ષુભિતભીષણનક્રચક્ર, પાઠીનપીઠ ભયદોલ્બણ. વાડવાગ્નૌ ॥
રંગત્તરંગશિખરસ્થિતયાનપાત્રા, સ્ત્રાસં વિહાય ભવતઃ સ્મરણાદ્ વ્રજતિં ॥૪૦॥

ઉદ્ભુતભીષણજલોદરભારભુગ્નાઃ, શોચ્યાં દશામુપગતાશ્ચ્યુતજીવિતાશાઃ ॥
ત્વત્પાદપંકજરજોમૃતદિગ્ધ દેહા, મર્ત્યા ભવંતિ મકરધ્વજતુલ્યરૂપાઃ ॥૪૧॥

આપાદકંઠમુરૂશૃંખલવેષ્ઠિતાઙ્ગા, ગાઢંબૃહન્નિગડકોટિનિઘૃષ્ઠજંઘાઃ ॥
ત્વન્નામમંત્રમનિશ મનુજાઃ સ્મરંતઃસધઃ સ્વયં વિગતબંધભયા ભવંતિ ॥૪૨॥

મત્તાદ્વિપેંદ્રમૃગરાજદવાનલાહિ, સંગ્રામવારિધિમહોદરબંધનોત્થમ્ ॥
તસ્યાશુ નાશમુપયાતિ ભયં ભિયેવ, યસ્તાવકં સ્તવમિમં મતિમાનધીતે ॥૪૩॥

સ્તોત્રસ્રજંતવ જિનેંદ્ર ! ગુણૈર્નિબદ્ધાં, ભક્ત્યા ! મયારૂચિરવર્ણવિચિત્રપુષ્પામ્ ॥
ધત્તે જનોય ઈહ  કંઠગતામજસ્રં, તં માનતુંગમવશાસમુપૈતિ લક્ષ્મીઃ ॥૪૪॥

# ૧. જંજીરો તુટી અને....

(જેમાં લોહ જંજીરોનું બંધન તૂટે છે અને મુક્ત બને છે.)

મૂળ સ્તોત્ર - (વસંતતિલકાવૃત્ત) (૧)

**ભક્તામર પ્રણત મૌલિ મણિ પ્રભાણા**
**મુધોતકં દલિત પાપ તમો વિતાનમ્ ।**
**સમ્યક્ પ્રણમ્ય જિનપાદ યુગં યુગાદા-**
**વાલંબનંભવજલે પતતાં જનાનામ્ ॥૧॥**

ભાવાર્થ (૧)

જેની પ્રભા ભક્ત દેવોનાં શીશ (પ્રણામ કરતી વખતે) નમવાથી તેના મુગટના મણિને પ્રકાશિત કરે છે. જે પ્રભા પાપરૂપી અંધકારના સમૂહનો નાશ કરે છે. જેના આશરે પડેલા માણસો યુગયુગથી આ સંસાર સમુદ્રને સહેજે તરી રહ્યા છે. એવા હે શ્રી જિનેશ્વર દેવ ! ત્હારાં ચરણોમાં હું નમસ્કાર કરૂં છું. - ૧

(૨)

**ય સંસ્તુતઃ સકલ વાઙ્મય તત્વબોધા-**
**દુદ્ભુત બુદ્ધિ પટુભિઃ સુરલોક નાથૈઃ ।**
**સ્તોત્રૈર્જગત્રિતય ચિત્ત હરૈરુદારૈઃ**
**સ્તોષ્યે કિલાહમપિતં પ્રથમં જિનેન્દ્રમ્**

(૨)

- સકલ શાસ્ત્રોના તત્ત્વજ્ઞાનની નિપૂણ બુદ્ધિ વડે કરીને ઈન્દ્રદેવે જેની મહાન સ્તોત્રો વડે સ્તુતિ કરી છે. જે ત્રણે લોકના પ્રાણીઓના મનનું હરણ કરનાર છે. એવા પ્રથમ જિનેશ્વર આદિદેવનું હું પ્રેમથી સ્તવન કરીશ.

પૂણ્ય શ્લોકી આત્માઓની પાવનભૂમી એવો ભારત દેશ.

રસકસથી રઢિયાળો,

હરિયાળો કુંજાર એવો માલવ પ્રાંત,

ન્યાયનીતિનો આગાર વિદ્યાવ્યસની અધિપતિ મહારાજા ભોજ.

ગગનચૂંબી ઈમારતો, વિહારવાટિકાઓ અને સાધનસંપન્ન માનવગણથી ઉભરાતી ઉજ્જૈની નગરી.

દેશ, પ્રાંત, રાજા ને નગરી, ચારે એકમેકના પૂરક

તેમાં અનેક વિદ્વાન પંડિતોની ચર્ચા વિનોદથી ગાજતી રાજ્ય કચેરી,

સૌ કોઈ આઝાદ, સૌ સ્વતંત્ર, પોતાના વિચારો રજુ કરવાની સૌને છુટ

સુભાષિતોના કર્ણપ્રિય સ્વરો રેલાવતો એક બ્રાહ્મણ નમન કરી રાજજ્ઞા માગે છે.

"એક વાત પ્રત્યે શંકા જન્મે છે મહારાજ ! મહાસમર્થ વિદ્વાન માનતુંગાચાર્યના ભક્તામર સ્તોત્રના હેરતભર્યા ચમત્કારો સાંભળ્યા છે ! પણ મન માનતું નથી કે એવા કાવ્યના પ્રભાવે દેવો આવીને અલૌકિક સહાયતા કેવી રીતે કરી જાય છે ?"

મહાકચેરીની ઉત્તર દિશાએથી એક સૂર આવે છે "વાત તો શંકાસ્પદ જ છે પ્રત્યક્ષ પ્રભાવ કોઈ દર્શાવે તો જ ખાત્રી થાય. નહિતર આ બધું તૂત જ છે એમ હું તો માનું"

ત્રીજો ટાપશી પૂરે છે "હા, આજે આ સ્તોત્રનો પ્રભાવિત કોઈ મનુષ્ય આપણા રાજ્યમાં હોય તો એમને પૂછવાથી સમૂળગી શંકા જાય"

વળી દૂરના ખુણેથી એક અવાજ આવ્યો.

"આપણા ગામના નગરશેઠ "હેમચંદ" તેના પૂરા જ્ઞાતા છે તેમને મહારાજા ફરજ પાડે તો આપણી આશાઓ ફળે."

સિંહાસનારૂઢ રાજા ભોજ બધાની વાત સાંભળીને ચિત્તના ચકરાવે ચડયા. તેમણે પણ આ પ્રભાવિત સ્તોત્રની વાતો સાંભળી હતી. પણ આજની ચર્ચાએ શ્રદ્ધા તૂટવા લાગી, ઊંચી ભ્રમર કરી ફરમાન છોડ્યું,

"કોણ છે હાજર ! જાઓ હેમચંદ શેઠને આદર સહિત બોલાવો"

એક અનુચર દોડતો ગયો,

કસબી કિનારની ધોતી, માથે ગુલાબી સેલું, અને અંગે કસકસતી બગપાંખ જેવી શ્વેત અંગરખી અને કપાળમાં શ્રી જિનેશ્વર દેવની આણના શિરોમાન્ય પ્રતિક સમા કેશરી તિલકવાળા શ્રેષ્ઠિ હાજર થયા.

સભામાં ચૂપકીદી ફેલાઈ ગઈ.

મહારાજને નમન કરી યથાયોગ્ય સ્થાને શ્રેષ્ઠિ ગોઠવાયા.

"મહારાજ ! શો હુકમ સેવકને !" થોડીવારે મૌન તોડી શેઠ બોલ્યા.

"આજની સભામાં ભક્તામર સ્તોત્રના ચમત્કાર વિષે શંકાસ્પદ વાતો થઈ છે. તમે તેના જ્ઞાતા છો, તો તે અંગે કોઈ પ્રત્યક્ષ પુરાવો આપી શકશો" રાજાએ ભેદ ખોલ્યો.

બે પળ મૌન સેવ્યા બાદ શેઠે કહ્યું,

"ત્રણ દિવસની અવધ આપો. ત્રીજે દિવસે મને સંકટગ્રસ્ત બંધન કરજો"

ભલે, તમારી ઈચ્છા અનુસાર થશે.

કચેરીની જનસભા અનેકાનેક તર્કવિતર્કો કરતાં વિખેરાઈ.

"એરે રે ! વોય વોય રે ! બાપલિયા રે ! મરી જાઉ છું. આખે શરીરે લાહ્ય લાહ્ય મૂકી છે કોઈ વૈદ હકીમને બોલાવો રે !" આંખમાંથી બોર બોર આંસુ પાડતા રાજા ભોજ

આજ સવારથી જ માંદગીને બીછાને પડ્યા છે. આસપાસ સેવક પણ રાજકુટુંબનાં માણસો દુઃખપૂર્ણ હૃદયે બેઠા છે.

શહેરના તમામ હકીમો, વૈદ્યરાજોએ પોતાનાથી બનતા બધા ઉપાયો કરી જોયા, પણ વ્યાધિ તો પળે પળે વધી રહ્યો છે.

ભક્તામરનો પ્રભાવ જોવાની ઈચ્છાવાળા રાજાએ હજી ગઈ કાલે સાંજે જ હેમચંદ શેઠને મજબૂત સાંકળોના બંધનથી બાંધી ઊંડા અંધારા કુવાની અંદર ઉતાર્યા છે અને છટકી ન જાય માટે કુવા ઉપર સશસ્ત્ર પોલીસ જાપ્તો રાખ્યો છે. ત્યાં આ નવી આફત આવી.

રાજરાણીઓ પોસપોસ આંસુએ રડી રહી છે. કારભારીઓ દોડધામ કરી રહ્યા છે, નોકર-ચાકરો આકાશ-પાતાળ એક કરી રહ્યા છે. કુવામાં ઉતાર્યાની વાત તો વિસારે પડી ગઈ છે.

કોઈ પ્રકારની કારી ફાવતી નથી. હવે...સર્વજનો દિગ્મૂઢશા રાજાના સજળ નેત્રો સામે જોઈ રહ્યા છે. રાજા વ્યાધિથી કંટાળીને મૃત્યુદેવનું શરણ યાચી રહ્યો છે. ત્યાં તો...આકાશવાણી થઈ, શાસન પ્રભાવિક દેવીએ અદશ્યપણે અવાજ કર્યો,

સૌએ કાન સરવા કર્યા.

"આ વ્યાધિનો મટાડનાર એક જ હેમચંદ શેઠ આ નગરમાં છે. તેમનાં વિના વ્યાધિ નહિ મટે."

અને તરત જ કુવામાં ઉતારેલા હેમચંદ શેઠને લાવવા રાજ્યાધિકારીઓ છૂટ્યા. કૂપમાં દોરડૂં મૂક્યું. પણ નિરાશ ! કોઈ ન મળે, ક્યાં ગયો હશે ? શું હેમચંદ શેઠ કૂવામાં નથી ?

કૂવાના કાંઠે ઊભા રહી જોરથી બૂમ મારી.

સુંદર વસ્ત્રાભૂષણથી સજ્જ થયેલ શેઠ બૂમ સાંભળતાં જ ઘરના દિવાનખાનામાંથી બહાર નીકળે તેમ સ્વયં કુવામાંથી બહાર હાજર થયા.

આજે નથી ગઈકાલની તેમના હાથપગની બેડીઓ કે નથી તેમના શરીર પર એક પણ લોહ જંજીર ! આશ્ચર્ય !

લોક સમુદાયનો મેળો શ્રેષ્ઠિ સાથે રાજમહાલય આવ્યો.

આ ધર્મનિષ્ટ અલૌકિક પુરૂષના કરસ્પર્શથી-માત્ર હાથ ફેરવવાથી રાજાનો અડધો વ્યાધિ શમી ગયો.

શેઠે ભક્તામર સ્તોત્રના પહેલા અને બીજા શ્લોકનો શુદ્ધ પાઠ ભણીને પવિત્ર જળનો ત્રણવાર છંટકાવ કરતાં મહારાજાના શરીરનો સમૂળગો વ્યાધિ નાશ પામ્યો.

કસોટી કરતાં પહેલાં રાજાને મરણઘાત કસોટીમાંથી પસાર થવું પડયું.

સ્વસ્થ બનેલો રાજા શેઠનો દેખાવ જોઈ વધુ નવાઈ પામ્યો.

આ અલૌકિક બનાવનો ચમત્કાર જાણવા સર્વ સભા ઈંતજાર બની. શેઠે ભક્તામર સ્તોત્રની પહેલી બીજી ગાથાના પ્રભાવે શાસનદેવીની મળેલી સહાયતાની બધી વાત સભા આગળ કરી.

"કુવામાં ઉતરતાં સાથે જ ભક્તામરનું રટણ કરતાં મને દૈવી સહાયે બંધન મુક્ત કરીને કુવાની અંદર જ એક દિવ્ય મહેલમાં ગઈકાલનો રાખ્યો હતો. પ્રધાનજીની બૂમ સાંભળતાં જ મેં માન્યું કે જરૂર કોઈ ઉપાધિ આવી પડી હશે એટલે તરત જ બહાર આવવાની ઈચ્છા કરી, દૈવી શક્તિના પ્રભાવે હું કુવા બહાર આવી શક્યો. મહારાજાને છાંટેલ દિવ્ય જળ એ પણ એજ દૈવી શક્તિનો પ્રયોગ હતો.

શંકાશીલ બ્રાહ્મણો અને મહારાજાએ સ્વયં શેઠની ક્ષમા માંગી, આદરમાન સહિત તેમને વિદાય આપી. ઘણા અન્ય ધર્મીઓ પણ જૈન ધર્મમાં શ્રદ્ધાવંત થયા.

ભક્તામર સ્તોત્ર પ્રત્યે નગરીના જનસમુદાયમાં ભક્તિભાવ અને પૂજ્યભાવ પેદા થયો.

મંત્ર પ્રભાવના દિંગતે પડધા પડયા, જૈન શાસનનો જય જયકાર થયો.

એના રચનાર પૂજ્ય સુરિ મહારાજનો જયનાદ કરતા સૌ વિખરાયા.

*આગમોં પોતાની મેળે વાંચવાની વસ્તુ નથી. કારણ કે સદ્‌ગુરૂઓ જ તેના રહસ્યોંને જાણતા હોય છે. રહસ્યોં આગમોંમાં લખેલા હોતા નથી તે તો ગુરૂ પરંપરા એ જ પ્રાપ્ત થાય છે. તે પછી સાધક સદ્‌ગતિ અને દુર્ગતિના કારણ રૂપ ધર્માધર્મને પૃથક્ પૃથક્ રૂપમાં બતાવે છે એનો અર્થ એ થયો કે ધર્મથી સદ્‌ગતિ અને અધર્મથી દુર્ગતિ આત્માને મળે છે. તેનું વ્યવસ્થિત જ્ઞાન કરાવે છે. કારણ કે પોતાનો માનેલો દરેક ધર્મ ક્યારેક અધર્મ ના ઘરનો પણ હોઈ શકે છે અને ક્યારેક દેખાતો અધર્મ પણ ધર્મ હોઈ શકે છે. તેનું સાચું સ્વરૂપ સદ્‌ગુરૂઓની પાસે જ મળે છે. સાધક ને કરવા યોગ્ય અને ન કરવા યોગ્ય શું શું છે તેનું પૃથક્ પૃથક્ સ્વરૂપ સદ્‌ગુરૂ જ બતાવે છે તેથી સાધક કરવા યોગ્ય ને આચરણામાં મુકે અને ન કરવા યોગ્ય થઈ રહ્યું હોય તો તેનાથી મુક્ત થઈ જાય તેનો ત્યાગ કરી દે. એવા સદ્‌ગુરૂ ભગવંતો જ સંસાર રૂપ સમુદ્રમાં ડુબતા જીવોને કાષ્ટની નૌકા સમાન છે બીજા નહીં. જેઓ પોતે અજ્ઞાની છે. આગમોંના તત્ત્વને જાણતા નથી. ધર્માધર્મને જાણતા નથી (ઉત્સર્ગ અપવાદને જાણતા નથી) સાધ્વાચાર શું શ્રાવકચાર શું અને શિથિલાચાર શું એના મર્મથી અનભિજ્ઞ હોય એવા બની બેઠેલાં ગુરૂઓ કઈ રીતે પોતે તરે અને બીજાને તારે ? તેઓ તો આ સંસાર રૂપ સમુદ્રમાં પત્થરની નૌકા સમાન છે જે પોતે ડુબે અને આશરો લેનારને પણ ડુબાડે.*

**- જયાનંદ**

# ૨. કંગાલિયત ગઈ.....

(જેમાં સુમતિ અગાધ મહાસાગર પાર કરીને ધનાઢ્ય બને છે)

(૩)

**બુદ્ધ્યા વિનાऽપિ વિબુધાર્ચિત પાદપીઠ**
**સ્તોતું સમુધતમતિર્વિગત ત્રપોડહમ્**
**બાલં વિહાય જલ સંસ્થિતમિન્દુબિમ્બ**
**મન્યં ક ઈચ્છતિ જનઃ સહસા ગ્રહીતુમ્**

ભાવાર્થ (૩)

- જેનું ચરણાસન હંમેશાં દેવો વડે પૂજાએલું છે. હે પ્રભુ, જેમ બાળક જળમાં પડેલા ચંદ્રના બિંબને મેળવવા માટે ઈચ્છા રાખે છે, એમ હું ઓછી બુદ્ધિનો શરમ છોડીને તમારી સ્તુતિ કરવાની પ્રવૃત્તિ શરૂ કરૂં છું.

(૪)

**વક્તું ગુણાન્ ગુણસમુદ્ર શશાંક કાન્તાન્**
**કસ્તે ક્ષમઃ સુરગુરુપ્રતિમોऽપિ બુદ્ધ્યા**
**કલ્પાન્તકાલ પવનોદ્ધત નક્ર ચક્રં**
**કો વા તરીતુમલ મંબુનિધિં ભુજાભ્યામ્ ? ॥**

ભાવાર્થ (૪)

- હે ગુણનિધાન ! પ્રલયકાળના પવનથી સમુદ્રમાં ઉત્પન્ન થતા વંટોળીયા સમયે તેમાંના જીવો ઉછળી રહે છે એવા સમુદ્રને હાથ વડે તરવા માટે કોઈ શક્તિમાન નથી. તેવી રીતે ચંદ્રમા સમાન તમારા ઉજ્જવળ ગુણોનું વર્ણન કરવાને બૃહસ્પતિ સમાન દેવગુરૂ પણ શક્તિશાળી નથી.

"મેં પૂર્વભવે શું અપકૃત્યો કર્યાં હશે ? શું મારી જિંદગી આમ જ એળે જશે ? જે કંઈ કાર્ય કરૂં છું તેમાં નુકશાન, નુકશાન ને નુકશાન જ, તનતોડ મહેનત કરૂં ત્યારે અથાગ પરિશ્રમના બદલામાં કદાચ આજનો ખોરાક મળી જાય છે. પણ આવતી કાલે શું ખાઈશ તેની ચિંતા ! આ તે કાંઈ જીવન છે ? પૂર્વભવની વૈરિણી-દરિદ્રતા મારો કેડો ક્યાં મૂકે છે? પ્રભુ ! પ્રભુ ! કોઈ ઉપાય મારા માટે છે ? ત્હારી અખૂટ સંપત્તિમાં મારા માટે કંઈ નથી કે શું ?

ઉજ્જૈની નગરીનો શ્રાવક સુમતિ અહોનિશ આવા વિચારોમાં પોતાની કંગાલિયતની સામે પોકાર પાડી રહ્યો હતો.

ધર્મ પ્રેમી અને સરલ સ્વભાવ હોવા છતાં પણ પૂર્વના સંસ્કારો તેના જીવનને જરાય ઉંચે આવવા દેતા નથી.

"કરણી તેવી પાર ઉતરણી" અથવા "હાથનાં કર્યાં હૈયે વાગ્યાં" એ કહેવત તાદશ્ય ઉદાહરણરૂપ તે વૈશ્ય હતો.

સમજાતું હતું પણ એ પિશાચિનીને ભગાડવાનો ઉપાય મળતો ન હતો. નિરંતર ધર્મ શ્રવણની ભાવના હોવા છતાં તે તેનાથી વિમુખ રહેતો. નીતિમાન અને ધીમાન હોવા છતાંય તેની મુંઝવણનો ઉકેલ ન હતો.

નિદ્રાથી અપોઢિત થતાં જ વહેલી સવારે પેટનો ખાડો પૂરવાના મનોરથે ગામમાં નીકળી પડતો. મહેનત મજુરી કરતાં માંડ માંડ લુખુ સુકું ભોજન મળી શકે તેટલી દ્રવ્ય પ્રાપ્તિ થતી. એવી રીતે ચિંતામગ્ન કુટુંબ સાથે સુનકાર રાત વીતાવી દેતો. જીવનમાં નહોતી તેને શાંતિ કે નહોતો આનંદ, નહોતી લિપ્સા કે નહોતાં ભવિષ્યનાં સુખ સ્વપ્નો.

એક હતી નિરાશા ! હૈયામાં બળતી આગ, પરિવારનું જીવન નિભાવવાની માટે બળતરા.

છતાંય એક સદ્‌ગુણનું સિંચન ગળથૂથીમાં મળ્યું હતું અન્યાય કે અધર્મની એક પાઈ તેને રજતૂલ્ય હતી. સંત સમાગમ અને સત્કર્મના શ્રવણ પાછળ તે ઘેલો બનતો, ક્ષુધાતૃષાનો તાપ તે સમયે તેને સતાવી ન શકતો.

પૂર્વકર્મનાં બંધન તૂટવાનો સમય આવ્યો. ભોગાવળી કર્મ હવે ખૂટતાં ચાલ્યાં, જીવનની બે બે વીશીઓ એ વટાવી ચૂક્યો હતો, છતાંય ઊંડે ઊંડે ગુરુજનોના દર્શનની ભાવનાનો અંકુર અણવિકસીત દટાયેલ પડ્યો હતો. એવામાં ગામમાં વાત ઉડી, હવામાં પ્રસરેલા અવાજનાં મોજાં એના કાનના પરદાને ઊઘાડી ગયાં.

નગરી બહારનાં ઉદ્યાનમાં કોઈ મુનિરાજના પાદાર્પણ થયાં છે. ઉત્સવઘેલા નગરજનો સ્વચ્છ વસ્ત્રોમાં સજ્જ થઈ ગુરુદેવનાં દર્શને જઈ રહ્યા છે.

ફાટ્યાં તૂટ્યાં કપડાંથી ફક્ત એબ ઢાંકવાની વૃત્તિવાળો કંગાલ "સુમતિ" પણ સામૈયાના ઠાઠ સાથે જોડાયો.

આજે આંગણે સુરતરુ પ્રગટ્યો હતો. આજે ખોરાકની ચિંતા ન હતી, આજે જીવનના દ્વાર ઉઘડવાની આશા હતી.

હજારો નરનારીનો સમુહવૃંદ ગાનતાનથી આલ્હાદક બનતાં ઉદ્યાને પહોંચ્યો. ગુરુદેવનાં દર્શન કરી કૃતાર્થ બન્યા. ગુરુવાણીનું પાન કરતાં નતમસ્તકે બેઠાં, સુમતિ પણ દુર દુરના છેડે અનેક મનોભાવના સેવતો એકાગ્ર બન્યો.

ધર્મ શ્રવણ કર્યા બાદ સૌ વિખરાયાં પણ એક એક વાક્ય પર મનન કરતો સુમતિ હજી બેઠો છે, મન હિલોળે ચઢ્યું છે. શું ગુરુદેવ, મારી બેકારીના નિવારણનો ઉપાય નહિ બતાવે ? મને ચૂસી રહેલી એ ડાકિની-દરિદ્રતાને દૂર નહિ કરી શકે ? છેવટે મનમાંજ સમાધાન થયું, ઊઠ ઊઠ ! ત્હારે આંગણે ત્હારી સામે જ કામધેનુ ઉભી છે, ચિંતામણી

રતનને કાં છોડી જાય છે !

તે ઉભો થયો સ્થિર ડગલે ગુરુદેવની નજીક આવ્યો, ભક્તિભાવપૂર્વક વંદન કરી બે કરજોડીને સામે બેઠો.

પોતાની અથેતિ "જીવન કરણી" ગુરુદેવ આગળ પ્રકાશી ધર્મ કરવા માટેનો ઉપાય પૂછ્યો.

"પરોપકારાય સતાં વિભૂતય:" સંતપુરુષો તો પરોપકાર કરવા માટે જીવે છે

આવા દરિદ્રિ માનવને પહેલી જ દૃષ્ટિએ નિહાળી લીધો. ધર્મ ભાવનાની તેની પ્રીતિ અવલોકી જોઈ.

પૂર્વભવનાં દાનાન્તરાય અને લાભાન્તરાય કર્મોના યોગની સંપૂર્ણ અસર નીચે રહેલા સુમતિનું જીવન સુધરવાની એક સુવર્ણ પળ તેમના જ્ઞાનભંડારમાં ચમકી ઊઠી.

ભક્તામર મહામંત્રના ત્રીજા ચોથા શ્લોકનું વિધિપૂર્વક પઠન અધ્યયન અને જાપ કરવાની અલૌકિક કુંચી તેના હાથમાં આપી દીધી.

અમૂલ્ય પ્રસાદી પ્રાપ્ત કરીને સુમતિ સ્વસ્થાને આવ્યો. ગુરુદેવ અન્યત્ર વિહાર કરી ગયા.

✿✿✿✿✿✿✿✿✿✿✿✿

એ ડુબ્યું, એ ડુબ્યું, બસ ખ....લાસ, ખ.....લાસ.

બચાવો......બચાવો........ દિ...ના....

બાકીના શબ્દો મુખમાંથી નીકળી પણ ન શક્યા અને એ વહાણમાં બેઠેલા બધાય મુસાફરો ઉદધિ જળમાં ફેંકાઈ ગયા.

કોઈ ઊંડા ગર્તામાં ધકેલાયા, કોઈ બેભાન બનેલા જળ પ્રવાહ સાથે ઘસડાયા. વહાણના ટુકડા થઈ થતાં પાટિયાં વેરાઈ ગયાં.

આ એક ગંભીર અકસ્માત હતો, કેટલાક આશાભર્યા નવજુવાનો, કોડભરી કન્યાઓ, અને કાલીઘેલી વાણી વદતાં બાળકો પણ તેમાં હતાં.

તમામનો કાળ-મોત એક જ સમયે આવ્યું માનો ને ! તેમાં હતો આપણી વાર્તાનો નાયક સુમતિ કંગાલ તે પણ સમુદ્રનાં મોજામાં તણાવા લાગ્યો.

પરદેશ વ્યાપારાર્થે જતા કોઈ વણિક પુત્રની કૃપા મેળવી તે આ વહાણમાં ભાગ્ય અજમાવવા જઈ રહ્યો હતો.

પરંતુ નશીબના ખેલ ન્યારા હોય છે. ભાગ્ય ભલભલાને રવાડે ચઢાવે છે પૂર્વકર્મના ફળ સૌ પ્રાણીને ભોગવવાનાં હોય છે.

મધ્ય દરીએ જઈ રહેલ વહાણને પવન પ્રતિકુળ થતાં આ અકસ્માત નડ્યો હતો.

મુસાફરો અનેક પ્રકારે પ્રભુ પ્રાર્થનામાં મશગુલ બન્યા પણ તમામ મહેનત વ્યર્થ ગઈ.

એ ગોઝારૂં વહાણ ભાગ્યું અને મુસાફરોને પાણીનોપ્રવાહ ખેંચી ગયો.

સુમતિ શુદ્ધિમાં હતો ત્યારથી જ તેણે મુનિરાજશ્રીએ આપેલ મહાન પ્રસાદી ભક્તામર સ્તોત્રના ૩, ૪, શ્લોકનો શુદ્ધ ભાવનાપૂર્વક જાપ ચાલુ કર્યો હતો.

પ્રભુનામની ઔષધિ અનેક રોગોનાં મૂળ નષ્ટ કરનાર છે. સંસારરૂપી સમુદ્રથી તારીને મુક્તિપુરીનો સરળ રસ્તો દર્શાવનાર એ જડીબુટ્ટીનો ઉપયોગ સમય આવે કેમ ભૂલાય ? અને આ તો સીમાંકિત મહાસાગર હતો. તેને તરવામાં શું નવાઈ !

શ્લોકના પ્રભાવથી અધિષ્ટાતા દેવી કંપી ઊઠી, ભક્તજનની ભીડ ભાંગવા તે આકાશે પ્રગટ થઈ.

સમુદ્રમાં હાથ વડે પાણી ઉછાળતા એ અર્ધ બેભાન સુમતિને કિનારે મૂકી ગઈ, સાથે સાથે કિંમતી રત્નોની ભેટ પણ આપી ગઈ, અને મુશ્કેલી પ્રસંગે યાદ કરવાની પ્રેરણા આપી ગઈ.

કિંમતી રત્નોની સહાય વડે એ ઉજ્જૈનીનો ધનાઢ્ય લક્ષ્મીનંદ બન્યો. રાજદરબારનો સન્માનિત બન્યો.

દિન પ્રતિદિન તેનો કિર્તિકળશ પ્રકાશી રહ્યો,

"નાણાં વિનાનો નાથિઓ ને નાણે નાથા શેઠ" દરદ્રી સુમતિ હવે "સુમતિચંદ્ર શેઠ" બની ગયો.

નાણાં મળવા છતાં પોતાની પૂર્વાવસ્થા છેક સુધી તેને યાદ હતી. સવારથી સાંજ સુધી એક સમયે ભોજનના પણ ફાંફા હતા, ત્યારે આજે નાણાંની રેલમછેલ હતી.

શાનો પ્રતાપ ?

પોતાના પૂણ્યનો, પણ એ પૂણ્યબળને રસ્તો આપનાર મહામંત્ર ભક્તામર સ્તોત્રના ત્રીજા શ્લોકનો નિરંતર મંત્ર જાપ, અને તે દ્વારા ઉત્પન્ન થયેલ પૂણ્ય પ્રભાવ.

એ પૂણ્ય પ્રભાવે મેળવેલી લક્ષ્મીનો પણ તેણે સદુપયોગ કરી જાણ્યો, કંજુસ કે લોભી ન બનતાં તે છૂટે હાથે દાન દેવા લાગ્યો.

શહેરના અગ્રગણ્ય દાનવીર તરીકે સુમતિચંદ્ર શેઠ ગણાયો.

ધર્મ ભાવનામાં વધુ દઢ થતાં સુખી જીવન વીતાવી રહ્યો ઘેર ઘેર ભક્તામર મહામંત્રના પડઘા પડયા.

જૈન શાસનનો જયજયકાર ગવાયો. જૈન શાસન જયવંતુ બન્યું.

*મુગ્ધ જીવો માટે ભૌતિક સુખાર્થે ધર્મ ક્રિયા કરવાનું વિધાન અનેક મહાપુરૂષોએ પોતાનાં ગ્રન્થોમાં કર્યું છે.*
*એવા જીવોની ધર્મક્રિયા વિષાનુષ્ઠાન કે ગરલાનુષ્ઠાન બનતી નથી.*

# ૩. ચમત્કાર ને નમસ્કાર

(જેમાં શઠ લોકોના પ્રપંચની પોલ ખૂલી થાય છે !)

(૫)

**સોડહં તથાપિ તવ ભક્તિવશાન્મુનીશ**
**કર્તું સ્તવ વિગતશક્તિ રપિ પ્રવૃતઃ ।**
**પ્રીત્યાત્મવીર્યમવિચાર્ય મૃગોમૃગેન્દ્રં**
**નાભ્યેતિ કિં નિજશિશોઃ પરિપાલનાર્થમ્ ॥**

ભાવાર્થ (૫)

- હે મુનીશ્વર ! હું તમારી સ્તુતિ કરવાને શક્તિમાન નથી પરંતુ તમારી ભક્તિને આધીન થઈને જેવી રીતે એક હરણિયું પોતાના બાળકો પ્રત્યેના પ્રેમને વશ થઈને પોતાના બળાબળનો વિચાર કર્યા વિના વનરાજની સામું થાય છે. તેમ હું મારી શક્તિનો વિચાર કર્યા વિના જ તમારી સ્તુતિ કરવા માટે તૈયાર થયો છું.

(૬)

**અલ્પ શ્રુતં શ્રુતવતાં પરિહાસ ધામ**
**ત્વદ્ભક્તિરેવ મુખરીકુરુતે બલાન્મામ્ ।**
**યત્કોકિલઃ કિલ મધૌ મધુરં વિરૌતિ**
**તચ્ચારુચામ્ર કલિકાનિકરૈક હેતુઃ**

(૬)

- હે નાથ ! હું અલ્પજ્ઞ છું, વિદ્વાન માણસોને માટે તિરસ્કાર પાત્ર છું. તો પણ તમારી ભક્તિનું બળ મને ખેંચીને તમારી સ્તુતિ કરાવે છે. જેવી રીતે વસંત ઋતુમાં આંબાના મોરના પ્રભાવ વડે કરીને કોકીલ પંખી મીઠા મધુર શબ્દોના ટહુકારા કરે છે, તેમ હું તમને જોઈ સ્તુતિ કરવા ગાંડો બનું છું.

(૭)

**ત્વત્સંસ્તવેન ભવસંતતિ સન્નિબદ્ધં**
**પાપં ક્ષણાત્ક્ષયમુપૈતિ શરીરભાજામ્।**
**આક્રાન્ત લોકમલિનીલમશેષ માશુ**
**સૂર્યાંશુભિન્નમિવ શાર્વરમંધકારમ્ ॥**

ભાવાર્થ (૭)

- હે પ્રભુ તમારી યશગાથા ગાવાથી અનેક જીવોના ભવોભવના ભયો નાશ પામે છે. ક્ષણ માત્રમાં તે પાપોનો નાશ થાય છે. જેવી રીતે અંધારી રાત્રીના ઘોર અંધકારના સંચયનો પૂર્વ દિશામાં સુર્ય પ્રકાશવાથી નાશ થઈ જાય છે, તેમ આપની યશગાથા પાપો નાશ

કરનાર છે

"દુનિયા ઝુકતી હૈ ઝુકાનેવાલા ચાહીએ"

આજનું જગત આવું જ છે.

ભૂતકાળે પણ આવું હતું.

ભવિષ્યકાળના ભાવિમાં પણ આવું હશે ?

પટણા શહેર ભારતનો શિર મુગટ, કોટયાધિપતિ લક્ષ્મી નંદનોની ગગનચૂંબી ઈમારતોનો ભંડાર

ધર્મપ્રેમી સજ્જનોનો વસવાટ સાથે ધુર્તવિદ્યાના પ્રયોગથી જગતને આંજી નાખનારા દૂર્જનો પણ અનેક વસે.

સત્ય અસત્યનાં જોડકાં સાથે જ રહે છે.

"સુખ પછી દુઃખ ને દુઃખ પછી સુખ"નો અબાધિત નિયમ જગમાં જોવા મળે છે.

"સજ્જનોની કસોટી દૂર્જનોના સહવાસે" જ થાય.

ધૂલીરામ અને ઘાસીરામ એવાજ પ્રપંચી-પાખંડી વ્યક્તિઓ.

મેલી વિદ્યા વડે હલકી જાતીનાં દેવ દેવી પાસે અનેક કાર્યો કરાવી પટણા શહેરના લોકોમાં આકર્ષક બનેલા.

"ચમત્કાર ને નમસ્કાર હોય છે."

વિવિધ ચમત્કારો પાછળ ઘેલા બનેલા લોકોનો સમૂહ તેમની આસપાસ નિરંતર પડ્યો રહે.

જૈન ધર્મને રગરગમાં ઉતારનાર અરિહંત પરમાત્માનો પરમભક્ત, જગત નાશવંત છે, અને પૂર્વ કર્માનુસાર પ્રાણીઓ સુખ દુઃખ ભોગવે છે. એમ માનનારા બે હતા એક શેઠ સુધન અને તેના મિત્ર ભીમરાજ.

મિથ્યાત્વી માનવોનો પડછાયો પણ ન લેનારા બંને પોત પોતાના કાર્ય-વ્યવહારમાં મસ્ત.

સુધન શેઠ તો ધનનો અધિપતિ.

મળેલ લક્ષ્મીનો સદુપયોગ કરી જાણનાર.

દાન આપવું એ લક્ષ્મીનો શૃંગાર છે. લક્ષ્મી ચંચળ છે. તે વાપરે તેમ વધે છે લક્ષ્મીની સાર્થકતા દાન આપવામાં રહેલી છે.

અનેક કંગાલ માનવીઓ લક્ષ્મીપતિના દાનથી જીવન નભાવી શકે છે. જૈન ધર્મનો એ સિદ્ધાંત સુધન શેઠના હૃદયમાં સભર હતો.

ગત જન્મના દાન-પૂણ્યનું ફળ આ ભવમાં ભોગવાય છે. મનુષ્ય અવતારમાં એને

વળગી રહેનાર સુખી બને છે, અને આવતા ભવનું ભાથું તૈયાર કરે છે.

ધર્મપ્રેમી સજ્જનનો એ મહાન ગુણ અહીં પણ જોવા મળતો.

સુધન શેઠના આંગણે આવેલ કોઈ પણ કંગાલ કદી ખાલી હાથે પાછો ન ફરતો.

દાનની ઉદાર વૃત્તિથી શેઠને "દાનેશ્વરી"ના ઉપનામથી સૌ કોઈ નવાજતા. મિત્ર ભીમરાજ ઓછો સાધનસંપન્ન હોવા છતાં શેઠના કાર્યની અનુમોદના કરતો.

પર કલ્યાણની ઉત્તમ ભાવનામાં રાચતા. બંને ગાઢ મિત્રની રીતે જગતમાં શાંતિમય જીવન ગાળતા હતા. મળેલી સંપત્તિનો સદ્‌વ્યય કરી આ લોક પરલોક સુધારી રહ્યા હતા.

(૨)

સમય વહી રહ્યો છે.

મિથ્યાત્વીઓનાં આડંબર યુક્ત કાર્યો તરફ સારાયે શહેરનાં માનવી ઝુકી રહ્યાં છે. ગમે ત્યારે પાપી માનવોમાં ગર્વ પિચાશ પોતાની લીલા વધુ વિસ્તારે છે.

ગર્વિષ્ટ માનવો ઉન્મત્ત બને છે, ત્યારે સારાસારને ભૂલી જાય છે

એક દિવસની વાત છે

ચમત્કારોની પરંપરા પાછળ ઘેલા બનેલા માનવોના ટોળાં પોતાની સામે હાથ જોડી ઝૂકેલાં જુએ છે, અને પ્રશ્ન પૂછે છે.

"શું ? પટણા શહેરમાં હવે કોઈ મનુષ્ય એવો બાકી છે કે જે અમારી પાસે ન આવતો હોય ? હૃદયનો ગર્વ પોકાર કરે છે

હાજી-હા ભણનારા મૂરખા લોકોનો દુનિયામાં પાર નથી. એક અદેખાઈથી બળતા માનવો પણ અનેક મળી આવશે.

એક શિષ્ય જવાબ આપે છે.

"પ્રભો ! આપની અદ્‌ભૂત શક્તિનો પરિચય જેને થયો તે તમામ આપની સેવામાં હાજર છે. નથી આવતા ફક્ત બે જણ તેમને ધૂર્ત, પાખંડી કે લુચ્ચા કહીએ તો પણ યુક્ત છે, એક છે સુધન શેઠ અને બીજો તેનો મિત્ર ભીમરાજ.

"હેં ? શું કહો છો ? તેમનામાં હજી આટલી બધી ખુમારી છે ? અમારી શક્તિની તેમને શું પિછાન થઈ નથી ?"

"ના, ના, તેઓ તો આપણને બધાને દંભી અને અજ્ઞાની માને છે. તેમને આપણી શક્તિનો પ્રભાવ બતાવવાની ખાસ જરૂર છે." સભામાંથી એક અવાજ આવ્યો.

"એ બિચારા અમારા આગળ શું વિસાતમાં છે ? મહાન રાજા મહારાજાઓ આજે આ ચરણમાં ઝુકતા આવે છે, તો તે બિચારાં મગતરાંની શી તાકાત છે ? આવતીકાલે જ બંને જણ ચરણ ઘસતા ન આવે તો મારૂં નામ ઘાસીરામ નહિ" એક જણ બરાડી ઉઠ્યો.

"અને તેમને પૂરેપુરી સમજ આપી ધૂળ ફાકતા ન કરૂં તો મારૂં નામ ધુલીરામ મટાડી

દઈશ" બીજાએ પડઘો પાડ્યો.

સભા આવાક બની ગઈ. હવે શું થશે? જોવા જેવી થશે. આમે તે બંને જણા ઘણા દોઢ ડાહ્યા છે. એ તો એજ દાવના છે. તેમને શિખામણ આપવાની જરૂર તો છે જ. આમ અનેક પ્રકારની ચર્ચાઓ સભામાં સંભળાવા લાગી.

"ગર્વાન્ધ કાપાલિકો" ફરીથી રાડ પાડી બરાડ્યા.

"સાંભળજો નરનારીઓ ! થોડાજ દિવસો એ બંને પાખંડીઓનાં પાખંડ તમને જોવા મળશે. તેમના જૈન ધર્મની ધોળી ધજા નીચી પાડીશ, ત્યારે જ જંપીશ. આજે તો જાઓ.

સૌ અનેક તર્કવિતર્કો કરતા વિખરાયા અને બેઉ પિચાશો પોતાની પૈચાશિક લીલા વિસ્તારવાની તરકીબ શોધવા પાછળ પડ્યા.

(૩)

સોનું કસોટીએ ચઢે તોજ શુદ્ધ બને છે.

હીરાને ઘસીને પહેલ પાડ્યા પછી જ તેની કિંમત અંકાય છે. અરિહંત વીતરાગમાં જ પોતાનું સર્વસ્વ માનનારા સુધન શેઠ ને તેમના મિત્ર ભીમરાજના કાને ઉડતા સમાચાર આવે છે.

ધર્મમાં અડગ શ્રદ્ધાવાન, પૂર્વકર્મના ફળની પ્રાપ્તિમાં માનનારા એ બંનેનું એક રૂંવાડુંય ફરકતું નથી.

નિત્ય નિયમાનુસાર ધર્મક્રિયામાં રત છે, કોઈનું પણ ભુંડું કરવાની મનમાં ભાવના નથી.

રાત્રી રાણીનું સામ્રાજ્ય જગતપર વ્યાપ્યું છે. સારાએ શહેરની વસ્તી આખા દિવસના પરિશ્રમને ઉતારવા નિંદ્રાદેવીની શરણે પડી છે.

કાળાં કર્મ કરનારાઓને આવો સમય વધારે અનુકુળ આવે છે.

પટણાના બે પાખંડીઓ આ સમયે અશાંત છે. મલીન દેવ દેવીઓને પ્રસન્ન કરી તેમની મારફત સુધન શેઠને શિક્ષા કરવાના પેંતરા રચી રહ્યા છે.

ભીમરાજ પણ સુધન શેઠની સાથે જ રહેતો હતો.

ભયંકર કાળરાત્રીમાં જેલના બારણે ઉભેલા સંત્રીએ બારના ડંકા વગાડ્યા. એ સમયે મંત્ર તંત્રનો આરાધક દેવ ધૂલીરામની સામે ખડો થયો.

માલીકની આજ્ઞા માંગી.

"સુધન શેઠનું ઘર ધૂળ પત્થરથી ભરી દ્યો. એ બંને પાખંડીઓ તેની વચ્ચેજ મુંઝાઈને અમને નમતા આવે એમ કરો"

આજ્ઞાધીન દેવ બિચારો શું કરે ? ગુલામનું માનસ કેવું હોય ? કામ તો અધર્મનું, પણ વચનથી બંધાયેલ એટલે શું થાય ?

જંગલની માટી અને પત્થરના વરસાદે સુધન શેઠનું ઘર ભરાઈ ગયું. બહાર નીકળવાનો રસ્તો પણ નથી.

ફક્ત સુધન શેઠ અને ભીમરાજની પથારી પાસે પહોંચવાની તેની હિંમત નથી ચાલતી.

શેઠ જાગ્યા શું જોયું !

ધર્મજ્ઞાતાને મુંઝવણ ન હોય. મુશ્કેલીનો ઉપાય એટલે અરિહંત દેવનું શરણ - સ્મરણ.

નિત્ય નિયમના પાલક શ્રેષ્ઠિના મુખમાંથી મહાન ભક્તામર સ્તોત્રના ૫, ૬, ૭ શ્લોકનું, મુળ પાઠનું શુદ્ધ ઉચ્ચારણ જાપ સ્મરણ થવા લાગ્યું.

એક ઘડી પુરી ન થઈ ત્યાં તો શાસક રક્ષક દેવનું આસન કંપી ઉઠ્યું. લબ્ધિ પ્રભાવે તેણે શેઠ પરની વિપત્તિ નિહાળી.

ધૂર્ત લોકોની પ્રપંચ જાળમાં ફસાયેલા નગરજનોને ધર્મ જ્ઞાનના પાઠ આપવાનો સુઅવસર આવ્યો જાણી તુરત જ તે હાજર થયો.

શાસન હિલના તેનાથી જોઈ ન શકાઈ, આજ્ઞા મેળવવાની પણ તેણે જરૂર ન જોઈ.

રાતમાં ને રાતમાં એ જ પત્થર અને ધૂળ-ઢેફાંને જાણે પાંખો આવી. ઘરમાંથી ઊડવા લાગ્યાં, ઊડીને ક્યાં પડેલાં, જાણો છો ?

પોતાની પાપ લીલામાં રાચતા બંને ધૂર્તો મનમાની ખુશી મનાવી રહ્યા છે, તેમના મકાનમાં.

જવા આવવાનો માર્ગ પણ રહ્યો નથી. પાખંડીઓ આમતેમ દોડાદોડી કરી રહ્યા છે. મલીન દેવો અદ્રશ્ય રૂપે આવે છે. પણ પોતાની અશક્તિ જાહેર કરીને ચાલ્યા જાય છે. કાપાલિકો પીડાઈ રહ્યા છે. આર્તનાદ પોકાર કરે છે.

બ.....ચા.....વો....રે..... કોઈ.....બ....ચા....વો......

પૂર્વાકાશે ઉમાપતિનું મંગલ આગમન ગુલાલ વેરીને માનવી ગણને જાગૃત કરે છે.

માનવોના ટોળેટોળાં એ તરફ આવી રહ્યા છે, પણ કોઈની શક્તિ નથી એ પત્થરના વરસાદ વચ્ચેથી ધૂલી-ઘાસીને બચાવવાની !

અંતે ભૂલ સમજાઈ.

શાસન રક્ષક દેવને ચરણે પડી આ વિઘ્ન દૂર કરવાની નમ્ર વિનંતિ કરી.

"શહેરના સમગ્ર માનવગણને ખોટે રસ્તે દોરી અભિમાનમાં અંધ બનેલા ઓ પૂતળાઓ! જાઓ, સુધન શેઠ અને ભીમરાજને ચરણે નમી તેમની ક્ષમા માંગો, તમારે બચવાનો માત્ર એક જ ઉપાય છે."

શેઠના ઘેર સામે પગે જવાની તૈયારી કરી, ત્યાં તો, આકસ્મિક રસ્તો સાફ થઈ

ગયો.

બંને મિથ્યાત્વીઓ પાછળ સમગ્ર જનતા શેઠના મહેલે આવ્યાં. શેઠના ચરણે નમી ક્ષમા માંગી.

જૈન ધર્મના અનુરાગી એટલે ક્ષમાના ભંડાર ! તેમને કોઈની ભલામણની જરૂર ન હોય !

બંનેનો હૃદય પલટો નિહાળી ધરમના પંથે વળવાનો સદુપદેશ શેઠે આપ્યો.

સારાયે શહેરમાં જૈન ધર્મનો મહિમા પ્રસરી ગયો.

ભક્તામર સ્તોત્રના પડઘા ઘેર ઘેર પડવા લાગ્યા.

અનાદિકાળથી આત્માની લાગેલી ધૂળના થર જે મંત્રની શક્તિના પ્રભાવે પલકવારમાં દૂર થાય છે. તે મંત્ર સામાન્ય પત્થર ધૂળને દૂર કરે એમાં શુ આશ્ચર્ય !

જેમ ખેતીમાં ધાન્યની પ્રાપ્તિ મુખ્ય ફળ છે અને ઘાસ આદિની પ્રાપ્તિ ગૌણ ફળ છે તેમ શ્રી સંઘની ભક્તિનું ફળ તો અરિહંતાદિપદવી એટલે પાંચ પરમેષ્ઠિમાં સ્થાન મળવું તે છે અને તે ન મળે ત્યાં સુધી ગૌણરૂપે ચક્રવર્તી, ઈન્દ્રપણું દેવ માનવના સુખોની પ્રાપ્તિ થાય છે. એવા ફળ દાતા શ્રીસંઘના ગુણોંનું વર્ણન કરવામાં કોઈ સમર્થ નથી એ દર્શાવવા માટે લૌકિક વ્યવહારનો દાખલો આપ્યો કે બૃહસ્પતિ જેવા જો વર્ણન કરવા બેસે તો તેમની પાસે પણ શ્રીસંઘના ગુણોનું વર્ણન કરવાની શક્તિ નથી. જિનાજ્ઞાનું અણિશુદ્ધ પાલન કરનાર એવા શ્રીસંઘને "પાપનાશક" બીરૂદ આપીને કહ્યું કે એવો શ્રીસંઘ સત્પુરૂષોના (ભવ્યાત્માઓના ઘરે) ઘરોને પવિત્ર કરે અર્થાત્ ભવ્યાત્માઓએ એવા શ્રીસંઘના પગલાં પોતાને ઘરે કરાવીને પોતાના ઘરને પવિત્ર કરાવવું જોઈએ.

મુખ્યપણે મોક્ષ માટે જ આરાધના કરનાર વ્યક્તિઓનો સમૂહ તે સંઘ અને તે સંઘની પવિત્ર રજ અનેક ભવ્યાત્માઓની પાપ રજને દૂર કરવામાં સહાયક બને છે. જેમ કાંટો કાંટાને કાઢે છે તેમ પાપરજને એમની પવિત્ર રજ દૂર કરી દે છે. એ માટે પ્રત્યેક ભવ્યાત્માએ એવા આરાધક આત્માઓના પગલાં પોતાના ઘરે કરાવીને લાભ લેવો જોઈએ. પણ સબુર ! વિચારજો ! આ કાળમાં સંઘના નામથી હાડકાંના માળા જેવો સંઘ પણ પૂજાવા લાગ્યો છે તેથી વધારે જાગૃત બનીને સંઘ ભક્તિ કરવાની છે વિશેષ તો જ્ઞાનિયોને રૂબરૂ મળીને સમજવું આવશ્યક છે.

*- જયાનંદ*

# ૪. સુવર્ણ સિદ્ધિ

(જ્યાં રસકૂપીમાં ફસાયેલ કેશવદત્ત બહાર નીકળી સુખ મેળવે છે)

(૮)

**મત્વેતિ નાથ તવ સંસ્તવનં મયેદ, મારભ્યતે તનુધિયાડપિ તવ પ્રભાવાત્ ।**
**ચેતો હરીષ્યતિ સતાં નલીની દલેષુ, મુક્તાફલ ધુતિમુપૈતિ નનૂદબિંદુઃ ॥**

ભાવાર્થ (૮)

- હે નાથ, એમ માનીને હું અલ્પ બુદ્ધિનો હોવા છતાં તારી સ્તુતિ કરવા તૈયાર થયો છું. જેવી રીતે કમળનાં પાંદડાં પર પડેલું પાણીનું ટીપું મોતીના જેવી શોભા ધારણ કરે છે. (સુસંગતના પરિણામે) તેમ ત્હારી સ્તુતિનું આ સ્તોત્ર પણ આપના પ્રભાવથી સત્પુરુષોનાં ચિત્તનું હરણ કરશે.

(૯)

**આસ્તાં તવ સ્તવન મસ્ત સમસ્ત દોષં ત્વત્સંકથાડપિ જગતાં દુરિતાનિ હન્તિ ।**
**દુરે સહસ્રકિરણઃ કુરુતે પ્રભૈવ, પદ્માકરેષુ, જલજાનિ વિકાસભાંજી ॥**

ભાવાર્થ (૯)

- જેવી રીતે સૂર્ય અતિશય દુર રહીને પણ પોતાનાં હજારો કિરણો વડે સરોવર માંહેના કમળને વિકસિત કરે છે તેમ સઘળાં પાપોને નાશ કરનાર આપની સ્તુતિ તો ભલે દુર રહો, પણ આપની ચારિત્ર કથાઓ જ આજે લોકોનાં પાપનો નાશ કરી દેનાર છે.

દેવો અવતરવાની ઈચ્છા કરે એવી આર્યભૂમિ, સદાકાળ ઋતુરાજ વસંતનોજ વસવાટ હોય તેવું વસંતપુર નગર તેમાં અનેક જ્ઞાતિ, ધર્મ અને ધંધાદારી માનવોનો શંભુ મેળો.

ધર્મ શ્રદ્ધાવાળા અનેક મળે, તેમ મિથ્યાત્વી - નિર્ધન બેકારોનો તોટો ન હતો, બાગ, બગીચાઓની બેઠક આવા માનવોથી જ ઉભરાતી જણાય, કેશવદત્ત વૈશ્ય મિથ્યાત્વને સેવનાર, એક નિર્ધન અને ગરીબ માનવ.

પરંતુ પૂણ્યશાળી જીવ હશે ત્યારે જ તો-

જીવન આખું દુઃખમાં વીતાવ્યું, છતાં તરણ તારણ, પવિત્ર જૈન મુનિરાજના દર્શન થયા, ત્યારે તેણે તેમના પવિત્ર ઉપદેશામૃતનાં જળમાં મજ્જન કર્યું. એકજ વખતના ઉપદેશની આચાર વિચારની અસર તળે આવેલ કેશવદત્ત જૈન ધર્મ પ્રત્યે શ્રદ્ધાવાન બન્યો.

સત્ય નીતિના સિદ્ધાંતે જીવન જીવવા લાગ્યો. ભક્તામર સ્તોત્ર મહામંત્રનો વિધિસહ જાપ-સમરણ તેણે મુખપાઠ કર્યા. નિર્ધનાવસ્થા દૂર કરવા પરદેશગમન તે સમયે પણ જરૂરી મનાતું. અને કેશવદત્ત પણ આવા અવસરની રાહ જોતાં પ્રભુ શ્રદ્ધામાં જીવન વીતાવતો હતો.

એક સુઅવસર આવી લાગ્યો. તેણે પણ પોતાની તમામ ઘરવખરી વેંચી નાખી થોડીક પૂંજી એકઠી કરી. પૈસો પૈસાને ખેંચી લાવે છે. થોડીક મૂડી હોય તો પરદેશમાં તેના વડે વધૂ પૈસા મેળવી શકાય છે. માટે મૂડી ગાંઠે બાંધી લીધી. પગ-રસ્તે પરદેશ ગમન કરવા નીકળ્યો. એક ભંયકર અટવીમાંથી પસાર થતાં તેને એક ઠગ મળ્યો. ઠગ પણ બેકારોનો સરદાર ! કોઈ ઉપાય વડે માણસોને ફસાવી તે દ્વારા જીવન વિતાવવું, ધન એકત્ર કરવાની ઊંડી તમન્ના હતી.

પૂર્વ સંસ્કારોના બળે નજીક અટવીમાં એક રસકૂપી આવેલ હતી. ઊંડી ઊંડી ગજબ ઊંડી ! રસકૂપીના રસનું એક ટીપું લોહ ઉપર પડે તો લોહ સુવર્ણ બને, આટલી ઉત્તમ સિદ્ધિ. પણ રસકૂપીનો રસ કાઢવો દૂઃસહ ! કોણ મરવા તૈયાર થાય. જીવન પ્રત્યે તિરસ્કાર હોય- મોહ ન હોય, તે મરજીવો આ સાહસ કરે.

અન્યનું ગજું નહિ. આમ તેમ આંટા મારતી ઠગની મહેનત આજે ફળવાની હતી. આજે એક શિકાર તેના હાથમાં આવી ચઢ્યો હતો. નજીકમાં જઈ રહેલ કેશવદત્તને તેણે હાક મારી. અલ્યા કોણ છો ? તમે મારી એક વાત સાંભળો, અને તે પ્રમાણે વર્તો તો આપણે બંને પળવારમાં ખૂબ ધનિક થઈ જઈએ. કાં ઈચ્છા થાય છે ? ધનપ્રાપ્તિની ભાવના વાળા કેશવદત્તના કાને અવાજ પડ્યો. કેશવ પાછો ફર્યો. લુચ્ચા ઠગારાની વાતચીતમાં ફસાઈ પડ્યો, શરત કરી કે "કેશવદત્તે કુપમાં ઉતરી વાસણ ભરી લાવવું. બંને જણે તે રસ વડે સુવર્ણ બનાવી અર્ધો અર્ધ વહેંચી લેવું" પણ અંદર ઉતરવું શી રીતે ! ઊંડે ઊંડે અંધકાર ભર્યો આ કુપ, અંદર કોઈ જાણે શું ય ભર્યું હશે ? છતાં ધન લોલુપી માનવ વાસના છોડી શકતો નથી.

મૃગ જળતૃષ્ણામાં ફસાય છે. મણિધર નાગ મોરલીના નાદે ડોલતાં પકડાય છે. કંચન કામીનીના ઘેલા માનવો પણ સંસાર સાગરમાં આમ ફસાઈ અનેક નવા ભવો ઉત્પન્ન કરે છે, કેડ પર દોરી બાંધી હાથમાં વાસણ લઈ કેશવદત્ત અંદર ઉતરવા તૈયાર થયો. સાહસ હતું, છતાં સામે મહાન ધનિક બનવાની મોટી લાલસા હતી.

વિના પરિશ્રમે ધન પ્રાપ્તિ થતી હોય તો કૃયો માનવ પરિશ્રમ કરવા તૈયાર ન થાય ધીમે ધીમે નીચે ઉતરી રસકૂપીના રસથી વાસણ ભરી લીધું. બહાર નીકળવા માટે સંકેતાનુસાર દોરડું હલાવ્યું. કુપ ઉપર રહેલા ઠગે પોતાનું પોત પ્રકાશ્યું. "પહેલાં વાસણ આપી દે, પછી તને ઉપર ખેંચી લઉં છું. તને ઉપર ખેંચવાની ગડમથલમાં કદાચ રસ ઢોળાઈ જાય તો મહેનત અફળ થાય, અને ફરીથી તારે નીચે ઉતરવું પડે તે કરતાં મારૂં કહ્યું માન, અને વાસણ આ દોરડા સાથે બાંધી દે" ધૂર્ત ઠાવકાઈથી બોલ્યો.

"ભલે ભાઈ, ત્હારી મરજી, લે વાસણ બાંધુ છું હળવેથી ઉપર ખેંચી લે અને ઢોળાય નહિ તેમ બાજુ ઉપર મૂક, પછી મને ખેંચી લેજે" સંપૂર્ણ વિશ્વાસથી કેશવદત્તે વાસણ સોંપી

દીધું.

ધૂર્ત ઠગારાને જેની જરૂર હતી તે વસ્તુ વિના પરિશ્રમે સામેથી આવી મળી, હવે બીજી કોઈપણ પ્રકારની ચિંતા શાની રાખે ? રસથી સભર વાસણ મળતાં તરત જ દોરડું છોડી દીધું. અને કેશવદત્ત ઉંડા જળમાં તળિયે જઈ પડ્યો.

ધર્મની ભાવનાવાળો શ્રદ્ધાળું જીવ હતો. આવા દુઃખના પ્રસંગે ધર્મ સાથી થાય છે. એ ધર્મ શાસ્ત્ર વાક્ય સાચું પડ્યું, ભાગ્યહીન તો આમ પણ હતો એટલે કુવાની વચ્ચમાં જ સીધો પડયો. શરીર પર કોઈ પ્રકારની ઈજા ન થઈ. પણ હવે બહાર નીકળવા ફાંફા મારવા લાગ્યો કુપમાં રહી મુંઝાવા લાગ્યો હવે શું ઉપાય !

ધર્મના શરણે જાઉં ! અરિહંતના શરણે જાઉં ! ભક્તામર સ્તોત્ર પાઠનો જાપ કરી લઊં.

અનન્ય ભાવપૂર્વક શુભવૃત્તિથી તે સ્તોત્રમાં નિમગ્ન થઈ ગયો, દેહનું ભાન નથી. સમય સ્થળ કે પોતાની જાતને વિસરી ગયો છે. પ્રભુ ધ્યાનમાં રક્ત થયો છે

શાસનદેવ ભક્તગણની સદા સેવા કરવા ખડે પગે તૈયાર જ હોય છે

મીઠું સ્વચ્છ જળ દેવી પ્રભાવે ત્યાં જ પ્રાપ્ત થયું તે સાથે લક્ષ્મીની થેલીઓ આપી આંખ મીંચી ઉઘાડતાં તો તેને પોતાના વતન વસંતપુરના પાદરમાં મૂકી દીધો.

પાપોદય નષ્ટ થયો. અને બુદ્ધિ શુભ કાર્યમાં પ્રવૃત્ત થઈ પૂણ્યોદયથી પ્રાપ્ત થયેલી લક્ષ્મી સંગ્રહ કરી "સંઘરાખોર" ન બનતાં છૂટથી દાન ધર્મમાં ખર્ચાવા લાગી પરિણામે દિન પ્રતિદિન પ્રતિષ્ઠા વધતાં લક્ષ્મીમાં અનેક ગણો વધારો થયો. અને શુભ ભાવના પૂર્વક જીવન જીવતાં બહારની અને અંદરની શાંતિ અને સુખનો ભોક્તા બન્યો.

સ્તોત્ર મહિમામાં દિગંતે પડઘા પડ્યા. ઘેર ઘેર સ્તોત્રનાદ ગૂંજવા લાગ્યો..

પ્રભુ સ્મરણનાં મહિમાંનો પ્રત્યેક્ષ અનુભવ કરતા સેવક ગણો જૈન ધર્મનો જયઘોષ કરવા લાગ્યા. આ ભવાટવીમાં અનેક ઝંઝાવાતની જાળોમાંથી છૂટવા શ્રી જીનેશ્વરદેવના શરણે જનાર વ્યક્તિ કોઈ પણ સમયે દુઃખી નહિ થાય.

પોતાના હિતની ઈચ્છાવાળા સાધકે એવા ગુરૂની સેવા કરવી કે જે ગુરૂ પોતે જિનાજ્ઞા અનુસાર સાધ્વાચારનું પાલન કરતા હોય. અને નિસ્પૃહવૃત્તિથી અર્થાત્ શિષ્ય અને ભક્તવર્ગ પાસે કોઈ પણ જાતની સેવાની પણ આશા રાખ્યા વગર એમને નિર્દોષ માર્ગ પર ચલાવતા હોય, નિર્દોષ માર્ગ સદુપદેશતા હોય તેજ સદ્ગુરૂ કાષ્ટની નાવ જેવા હોય છે જે પોતે તરે છે અને પોતાની પાસે આવનારને, પોતાને શરણે આવનારને તારે છે. કારણ કે એવા સદ્ગુરૂઓ જ બીજાને તારવા માટે સમર્થ હોય છે. એવા સદ્ગુરૂઓથીજ આત્મહિત સાધ્ય સુસાધ્ય બને છે. - ***જયાનંદ***

# ૫. જીવન ઉજળી ગયું...

(જેમાં ગરીબ કમદીશેઠની ગરીબાઈ દૂર થઈ જાય છે.)

(૧૦)

**નાત્યદ્ભૂતં ભુવન ભૂષણ ભૂતનાથ । ભૂતૈર્ગુણૈર્ભુવિ ભવંતમ ભિષ્ટુવન્તઃ ।**
**તુલ્યા ભવન્તિ ભવતોનનુ તેન કિંવા । ભૂત્યાશ્રિતં ય ઈહ નાત્મ સમં કરોતિ ॥**

ભાવાર્થ (૧૦)

- હે નાથ ! તમે પૃથ્વીના આભૂષણ રૂપ છો. હે ભૂતનાથ ! તમારા અનેક ગુણો ગાઈને તમારી સ્તુતિ કરનારા આ લોકો પણ આપના સરખાં જ બની ગયા છે, તેમાં કંઈ આશ્ચર્ય નથી. કારણ કે જગતમાં માલીકને આશ્રયે જે માણસ રહે છે તે માલીક તેને પોતાની સંપત્તિથી પોતાના તૂલ્ય શું નથી બનાવી દેતો ?

(૧૧)

**દૃષ્ટ્વા ભવંત મનિમેષવિલોકનિય નાડન્યત્ર તોષમુપયાતિ જનસ્ય ચક્ષુઃ ।**
**પીત્વા પયઃ શશિકરદ્યુતિ દુગ્ધ સિન્ધોઃ ક્ષારં જલં જલનિધેરશિતું ક ઈચ્છેત્ ॥**

ભાવાર્થ (૧૧)

- અનિમેષ આંખોએ જોતાં દર્શન કરવા લાયક આપના સ્વરૂપને એકવાર જોયા પછી મનુષ્યની આંખો બીજી કોઈ જગ્યાએ સંતોષ પામતી નથી. જેવી રીતે ચન્દ્રનાં કિરણો જેવા ઉજ્જવળ ક્ષીર સમુદ્રના પાણીનું પાન કરીને ક્યો પુરુષ લવણ સમુદ્રનું ખારૂં પાણી પીવાની ઈચ્છા રાખે ?

અહા, ધન્ય ઘડી ! અહા, ધન્ય દિવસ ! પૂર્વાકાશે પ્રભાકર પ્રગટ્યા. અને પાટનગરનું પ્રાંગણ પવિત્ર બન્યું. ભૂમિમાતા ભાગ્યશાળી થઈ ગઈ ! જનતા ધન્ય ધન્ય બની ! એવું તે શું થયું હશે ?

આજે તો દૂર દૂરથી વિહરતા જૈન અણગારશ્રી અહીં પધારે છે. અનેક ભવ્યજનોના ભાગ્યને તે અવલોકતા હતા. જગતના દુષ્ટ ક્લેશ ભાવોનો જડમુળથી નાશ કરનારી ધર્મરૂપી ભવ્ય જડીબુટ્ટીને વેરતા દેવતાઈ વૈદ્યરાજની આજે પધરામણી થઈ રહી હતી.

અનેક ભવ્ય જીવોના ઉદ્ધાર કર્તાનાં પુનિત પગલાં આજે થઈ રહ્યાં હતાં.

અણહિલપુર પાટણ આજે પ્હો ફાટતાં જ ધમ ધમી ઊઠયું હતું. બાલ-યુવા-વૃદ્ધ નરનારીનાં વૃંદ આજે વહેલી સવારથી જ અવર જવર કરી રહ્યા છે. ધવલ મંગલ ગીત શરોદો ને વાજીંત્રો. શરણાઈના નાદ સાથે મહાજન સામૈયે જઈ રહેલ છે. સાથે છે નગર નૃપતિ અરિમર્દનનો રાજ રસાલો.

શહેરના ધોરી માર્ગો એક પછી એક વટાવી વરઘોડો આગળ વધે છે ચોગમ જૈન

શાસનના જયકારનો ધ્વની ગુંજી રહ્યો છે, નાદના પડઘા દિગંતે પડે છે.

ભગવંત બહાર ઉદ્યાનમાં પધાર્યા છે. સૌ આચાર્યશ્રીનાં દર્શનની આતુરતતાથી પ્રતિક્ષા કરી રહેલ છે નગરના પૂર્વ દરવાજે એક નાનકડું મકાન કાચી માટીથી બાંધેલું અને જીર્ણ, તેમાં જન્મથી ગરીબ માણસ રહે, નામ છે તેનું "ક્મદી" પૂર્વ જન્મનાં લાભાંતરાય કર્મનો ઉદય તેના જીવનમાં ગરીબાઈ આપનાર બન્યો છે. સવારથી સાંજ સુધી ગામમાં ફરી ફેરિયાનું જીવન વીતાવે છે. સખત મજુરી કરવા છતાંય આવતી કાલની ક્ષુધા તૃપ્ત કરવાની ફીકર તો તેને માટે ઉભી જ હોય છે

આવી સ્થિતિના માનવમાં ધર્મ જ્ઞાનનો છાંટોય ક્યાંથી હોય? ધર્મ આચરણની ભાવના પણ ક્યાંથી સંભવે ? ભગવાનની સ્તુતિ તો પૂર્વ જન્મમાં કદાચ કોઈવાર ભૂલેચૂકે સાંભળી હોય તો જ્ઞાની જાણે, પણ આ ભવ તો ધોબીના કુતરાની જેમ તે એળે ગુમાવી રહ્યો છે તે ચોક્કસ.

બીજા અનેક લોકોના મુખે પ્રભુસ્તુતિના શ્લોકો-ધુનો સાંભળે, ગુરુવંદનનો મહિમા સુણે, તીર્થંકર દેવના દર્શન કરવાની તાલાવેલી જુએ, અને મન વિચારોના ચકરાવે ચઢે.

મેં શું પાપ કર્યા હશે !

ભગવાનનાં દર્શન કરવાનો સમય મારે ક્યાંથી કાઢવો ? આ પેટની કાણી કોઠીને પૂરવાની ચિંતા મને ક્યાં જંપવા દે છે !

શું આમ જ મારૂં જીવન એળે જશે !

આજે તો નગર સમસ્તને ધન્ય દિવસ છે. હું પણ ભલે ભુખ્યો રહું. ભલે ધંધો ન કરૂં. પણ બધાંની સાથે ઉદ્યાનમાં જઈશ. મહાત્મા સંતપુરુષનાં દર્શન કરીશ. તેમની પવિત્ર વાણી આજે તો જરૂર સાંભળીશ.

તેનો સૂતેલો આત્મા પૂર્વના કોઈ શુભ પરિણામનાં પરિપાક રૂપે સળવળ્યો.

સૌની સાથે તે પણ વરઘોડામાં-સામૈયામાં જોડાયો. ફાટ્યાં, તૂટ્યાં, તેનાં મેલાં-ઘેલાં કપડાંમાં તે સર્વથી અનોખો તરી આવતો હતો.

આચાર્યશ્રીની દેશના વાણી શ્રોતાજનો ઝીલી રહ્યા છે. પોતાના આત્માને ધન્ય અનુભવે છે.

"મહાનુભાવો" આ જન્મમાં સુખદુઃખની પ્રાપ્તિ એ પુર્વના સુકૃત દુષ્કૃત કર્મનું ફળ છે. આ જન્મમાં બાહ્ય ક્રિયા કરતાં અંતર વિશુદ્ધિથી જેનો આતમા પવિત્ર બનશે, તે જન્મ-મરણના ફેરાથી છુટીને તરત જલ્દીથી મુક્તિપંથ મેળવી શકશે. આ માટે હિતેચ્છુ સજ્જનોએ આત્મશુદ્ધિ કરવા જિનેશ્વર દેવના શરણે જવું. એકાગ્ર ચિત્તે પરમાત્માની સ્તુતિ કરનાર જીવ ઉત્તમ ભાવના પૂર્વક નીતિમય જીવન જીવતાં દુષ્કર્મોને કાપીને જલ્દીથી આ જગતના સુખનો ભોક્તા બની શકે છે. ''અણગાર દેવના વાણી પ્રવાહમાં શ્રોતાજનો મજ્જન કરી રહ્યા છે."

કમદી પણ સામે જ નત મસ્તકે બે હાથ જોડીને બેઠો છે આચાર્યશ્રીના શબ્દોને પોતાની જીવનકથની સાથે સરખાવતો-વિચાર વમળના ઊંડા ગર્તામાં ડૂબી જાય છે

દેશના પુરી થઈ તેનું પણ તેને ભાન નથી. સૌ લોકો એક પછી એક વિખરાય છે. કમદી એકાગ્ર ધ્યાનમાં સામે જ બેઠો છે આચાર્ય દેવની નજર તેની ઉપર પડી. દારિદ્રથી પીડાતા આ શ્રાવકને જોતાં જ તેના મનનાં ભાવો ગુરૂદેવ પામી ગયા.

આસન પરથી ઉઠીને ગુરૂદેવ તેની સમીપ આવ્યા. પણ કમદીને તેનું જરાય ભાન નથી તે તો ભૂતકાળનાં સ્વપ્નામાં વિહરી રહ્યો છે

ગુરૂદેવનો દૈવી હાથ કમદીના નત મસ્તકે અટક્યો અને કમદી વિચાર તંદ્રામાંથી ઝબકી ઊઠયો, સામે ઊભેલા ગુરૂદેવના ચરણે નમી પડયો.

પોતાની સ્થિતિ વર્ણવી, પ્રભુસ્તુતિ કરવા ભાવના જણાવી, જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ બતાવી આવતો ભવ સુધારવા મહેચ્છા રજુ કરી, તે માટે વિનંતિ કરી.

માનવમાં સૂતેલા સંસ્કારો જાગે ત્યારે બધી બાજુથી તેને સહારો મળે છે

કમદીના પૂણ્ય બળે કંઈક આવું જ બન્યું.

ઉત્તમ પાત્ર જાણી ગુરૂદેવે તેને આ જન્મમાં શાંતિમય જીવન જીવવાની, નીતિના રસ્તે ચાલવાની સોનેરી સલાહ આપી ઉપરાંત ભક્તામર સ્તોત્રનો મહિમા સમજાવ્યો.

“આ સ્તોત્રનું નિત્ય સ્મરણ આ દુ:ખમય સંસારના દાવાનળને દૂર કરી સાથોસાથ અન્ય જન્મની ઉચ્ચ સ્થિતિનું ઘડતર કરી આપશે. કર્મના મજબુત બંધનો તુટી જશે;

યોગની અપૂર્વ શાંતિ આગળ જડ વસ્તુ પાસેથી પણ ચેતન જેવું કામ મેળવી શકાય છે આતમા અનંત શક્તિશાળી બનતાં જગતની બાહ્ય વસ્તુઓ પણ મેળવી શકાય અને જીવન સુખી બની શકે છે”

કમદી શેઠે મહાન ઉપકારી ગુરૂમુખથી ભક્તામર સ્તોત્રનો પાઠ વિધિસર શીખી લીધો અને પછી સ્વસ્થાનકે ગયો.

હવે તો ધર્મભાવનાથી તે રંગાઈ ગયો હતો એટલે દારિદ્રતા દેવી પણ પોતાના બંધનો હવે ધીમે ધીમે ઢીલા કરવા લાગી - તોડવાલાગી.

સવારના એકાદ બે કલાક તો હવે તે નિરંતર અરિહંત દેવના પૂજનમાં વીતાવવા લાગ્યો, ભક્તામર સ્તોત્રનો અહોનિશ જાપ તેના જીવનનો સ્વાધ્યાય થઈ પડ્યો તેમાં પણ ૧૦-૧૧મા શ્લોકનો પાઠ વિધિસહ કરીને પછી જ પેટની વેઠ કરવાનો નિયમ થઈ ગયો.

આમ આત્મશુદ્ધિની પાછળ તેના જીવનની અમુક પળો અચૂક જવા લાગી તે સાથે સાથે ઉત્તમ ગુણ શ્રેણી પૂર્ણ વધવા લાગી.

એક દિવસની વાત છે.

વહેલી સવારે નિત્ય નિયમ મુજબ કમદી શેઠ તો પોતાના ઓરડામાં પવિત્ર આસન પર બેસી શુદ્ધ ભાવના સહ સ્તોત્ર જાપ કરી રહ્યા હતા, ત્યાં તો ઓરડામાં ઝળહળતો

પ્રકાશ વેરાયો.

સામેથી શાસનરક્ષિતા દેવીની મૂર્તિના મુખેતી વાચા સ્ફૂરી, "મહાનુભાવ ! ત્હારી અચલ શ્રદ્ધાથી હું તુષ્ટમાન થઈ છું. ત્હારી ઈચ્છા હોય તે આ પળે માગી લે, માગી લે, માગી લે, દુનિયાની કઈપણ વસ્તુ આપવાની મારામાં શક્તિ છે માટે કહું છું કે ઝટ માગી લે."

કમદી શેઠના આનંદની અવધિ ન રહી તે ખુશ ખુશ થઈ ગયો. તેની ભાવના આજે ફળી હતી.

આજ લગીનું દારિદ્રી જીવન ! તેમાં પણ નિર્ધન, ગરીબ અવસ્થા ! તેને દૂર કરવાનો સુઅવસર આજે ઘર આંગણે આવી ગયો છે હવે કેમ ભૂલે ?

વિનય પૂર્વક પ્રણામ કરીને તે બોલ્યો.

"માતાજી ! આપની કૃપા માટે આભાર ! મારી દારિદ્રાવસ્થા મારા પાસે પાપ કર્મો કરાવે છે. આ પેટની કાણી કોઠી ભરવા માટે મારે હાથે અનેક કાળાં ધોળાં કરવાં પડે છે તો તે બંધ થાય તેવી મારી ધનની ઈચ્છા પૂર્ણ કરવા વિનંતિ છે.

"ત્હારી ઈચ્છા પૂર્ણ કરવા માટે ત્હારે ત્યાં આજે સાંજે એક કામધેનુ ગાય આવશે તેનું દૂધ દોહી તેના ઘડા ભરી લેજે, એ સૂવર્ણ બની જશે બસ!

દેવી અદ્રશ્ય થઈ ગઈ, સ્વપ્નવત્ શેઠ ઉભો થયો. ભક્તામર સ્તોત્રથી પ્રસન્ન થયેલી દેવીના વચનોનો સાક્ષાત્કાર કરવા માટે સાંજ પડવાની પ્રતીક્ષા કરી રહ્યો.

મનમાં શ્રદ્ધા છે, વિશ્વાસ છે માટે ઉત્તમ જાતિના માટીના કુંભ તે દૂધ ભરવા માટે ખરીદી લાવ્યો તેની પાછળ પોતાની થોડી શી પૂંજી વાપરી દીધી.

સૂર્ય નારાયણે અસ્તાચળે પ્રયાણ આદર્યું ને જગતના જીવો દિવસભરના પરિશ્રમનો થાક ઉતારવા ઘર ભણી જઈ રહ્યા હતા. ગોધન ઘર તરફ વળી રહ્યું હતું.

તિર્યંચ જીવો પણ સ્મરણ શક્તિ અને નિમકહલાલીના ઉત્તમ ગુણો બતાવતા પોતપોતાના માલીકના ઘર શોધી લે છે.

એક અબોલ જીવ જાણે પોતાનું જ રોજનું રહેઠાણ ન હોય તેમ કમદી શેઠના મકાનના ઓટલા આગળ આવી ઉભો રહે છે, તે છે કામધેનૂ ગાય બીજી બધી ગાયોથી જુદી જ તરી આવે એવી સુંદર અને ઉત્તમતાનો નમુનો !

નાજુક નમણી શીંગડાઓવાલી શ્વેતરંગી આ ગાયને શેઠ આદરપૂર્વક ઘરમાં લઈ જઈ પૂજાવિધિ કરી પછી દેવીના કહેવા મુજબ દૂધ દોહવા માંડયું અને એક-બે-ત્રણ-ચાર-પાંચ-દશ-બાર કરતાં એકવીશ ઘડા દૂધના ભરાયા.

ત્યાં ગૌમાતા દેવી કૃપાએ આવેલ હોવાથી તરત જ અદ્રશ્ય થઈ ગયાં.

અવકાશમાં પડઘો પડયો.

"બોલ મહાનુભાવ ! આ દૂધ વડે તારી અભિલાષા નિ:સંદેહ પૂર્ણ થઈ જશે. હવે

બીજી કોઈ મનોકામના છે ?"

"માતાજી ! આ ધન પ્રાપ્ત કરાવનાર ધરમની પ્રભાવના સારાયે શહેરમાં થાય માટે ઈચ્છા થાય છે કે આ કમધેનુ ગાયના દૂધની ખીર વડે આ શહેરની તમામ જનતાને ભોજન કરાવી કૃતાર્થ બનું. તેથી ઘણા માણસો આસ્તિક બની જશે."

"તથાસ્તુ ! ત્હારી ઈચ્છા હોય ત્યારે મારા નામનું સ્મરણ કરીને ભક્તામર સ્તોત્રનો પાઠ કરજે એટલે તારી માંગણી પૂરી કરીશ" દેવી અંતર્ધ્યાન થયાં.

ઘરમાં મુકેલા ઘડાઓ દૈવી સિદ્ધિના પ્રભાવે સુવર્ણમય બની ગયા જેવડે એક વખતનો ગરીબ-દરિદ્રી કમદી ધનિક શેઠ બનીગયો.

ધર્મનો પ્રભાવ આવો મહાન છે

ગઈ કાલ સુધી જેની સામે કોઈ જોતું પણ ન હતું આજે એજ વ્યક્તિને ઘેર માનવ મહેરામણ ઉભરાવા લાગ્યો. કમદી શેઠની કૃપા મેળવવા સૌ કોઈ તલપાપડ થવા લાગ્યા.

આ લીલા પીળા રંગની લીલા જ હતી ને !

ઊડતી વાતને વા લઈ જાય તેમ ઘડીમાં તો સારા શહેરમાં વાત ફેલાઈ ગઈ. મહારાજાના કાને પણ સમાચાર પહોંચી ગયા. અને મહારાજા આવા ધનિક શેઠનાં દર્શન કરી તેમની કૃપા મેળવવા આવી રહ્યા.

કમદી શેઠની ધર્મ શ્રદ્ધાને વખાણતાં મહારાજાએ માન સહ તેમને નગરશેઠની પદવી આપી.

અવસર જાણી શેઠે પણ પ્રત્યુત્તરમાં જ મહારાજાને ભોજનનું નિમંત્રણ આપ્યું. સાથોસાથ સારાયે શહેરને જમવાનું આમંત્રણ પાઠવ્યું."

તેનો સ્વીકાર પણ થઈ ગયો અને શુભ દિવસ નક્કી થયો.

યથા સમયે દેવી આરાધનાના બળે તે જ કામધેનુ ગાય મારફત તેના દૂધની ખીર સાથે અનેક દૈવી સ્વાદિષ્ટ ખાદ્ય સમગ્રી તૈયાર થઈ ગઈ અને એ વડે સમગ્ર નગરજનોને સંતોષ પૂર્વક જમાડી ઈચ્છા તૃપ્ત કરી.

પોતાને મળેલી અનર્ગળ પૂણ્યમયી લક્ષ્મીનો ઉપયોગ પણ એવો જ પૂણ્ય કાર્યો પાછળ કર્યો. વિદ્યાદાન, નિરાશ્રિતોને સહાય અને સાધર્મિક સ્થિતિ સુધારવા પાછળ છુટે હાથે ધન વાપરવા લાગ્યો.

આવાં અનેક ઉપકારનાં કાર્યો કરતાં તૃષ્ણાનો ત્યાગ કરી શાંતિમય જીવન જીવતાં શેઠ અમર કીર્તિ મેળવી શક્યા.

ભક્તામર સ્તોત્રનો મહિમા સારાયે શહેરમાં પ્રસરી ગયો. ઘણા નાસ્તિકો ધરમ ભાવનાના રંગમાં વિભોર બની ગયા, ભક્તામરનો ગુંજારવ ઘેર ઘેર થઈ રહ્યો.

મંત્ર પ્રભાવના દિગંતે પડઘા પડ્યા.

# ૬. ધૂર્ત વેશધારી

(જેમાં ધર્મની હીલના કરનાર વેશધારી જાદુગર હતાશ થાય છે.)

(૧૨)

**યૈઃ શાન્તરાગ રુચિભિઃ પરમાણુ ભિસ્તવં**
**નિર્માપિતસ્ત્રિભુવનૈકલલામભુત ॥**
**તાવન્ત એવ ખલુ તેડપ્યણવઃ પૃથિવ્યાં**
**યત્તે સમાનમપરં નહિ રુપમસ્તિ ॥**

ભાવાર્થ (૧૨)

- હે ત્રણ ભુવનના શણગારરૂપ સ્વામી જે શાંત રાગરૂપી પરમાણુઓથી તમારૂં શરીર બનેલું છે તે પરમાણુંઓ આ પૃથ્વીને વિષે તેટલાં જ છે, કારણ કે આપના સરખી કોઈ અન્યમાં એવી સુંદરતા જડતી નથી.

સુંદર સુરમ્ય રસઝરતી ભારતભૂમી.

રૂડો રૂપાળો રઢિયાળો અણનમ અંગદેશ.

વનલત્તામાં શિરોમણી સુવાસિત પુષ્પ ચંપો.

ચંપાની મહેંક એટલે પૂછવાનું જ ન હોય.

અનિલની લહેરે ઝૂલ ખાતાં એ પુષ્પોનો પમરાટ પ્રસરે ત્યારે સારાએ બગીચાને પરથારે બિરાજેલા માનવીના હૈયાં અનેરાં આનંદ હર્ષોલ્લાસે ઝૂલવા લાગે.

અંગદેશરૂપી બગીચામાં એવી સુગંધના ખજાનારૂપ ચંપાંનગરી. ચંપાનગરી કોઈથી ચંપાએલ નહિ સંપૂર્ણ આઝાદ.

એ સ્વતંત્ર નગરીનું રક્ષણ કરનાર પ્રજા વત્સલ એક રાજવી દયાવાન નીતિવાળો અને પ્રજાપાલક, જુલ્મ, ત્રાસ, અન્યાય, વૈરભાવના કે અન્ય દૂષણોએ રાજ્યમાં શોધ્યાં ન જડે.

સમગ્ર પ્રજાને સરખી નજરે જોનાર એ રાજવીનું રૂડું નામ કર્ણ મહારાજા.

"યથા નામા તથા ગુણા" જેમ બુદ્ધિ ચાતુર્યનો મહા ખજાનો સુબુદ્ધિ પ્રધાન.

સર્વધર્મ સમભાવી રાજા અને જૈન ધર્માનુયાયી પ્રધાનની જોડીનું રાજ્ય દેશ પરદેશમાં વખણાય.

રોજ કચેરી ભરાય રાજવી બિરાજે. ધનવાન, કુળવાન, ગુણવાન અને બુદ્ધિમાન માણસો, રાજ્યાધિકારીઓ, ગૃહસ્થો એકઠા થઈ રાજ્ય વ્યવહારની વાતો કરે.

એક દિવસની વાત છે.

કચેરી હકડેઠઠ ભરાઈ છે પરદેશનો કોઈ વિદ્યાધર પ્રવેશ કરે છે. આ વિદ્યાધરને

કોઈ દેવીની સહાય છે અને દેવી સહાયથી અનેક પ્રકારના જાદુભર્યા પ્રયોગો ગામો ગામ બતાવી લોકોને હેરત પમાડે છે.

કચેરીમાં પોતાના પ્રયોગો બતાવવાની રાજાની આજ્ઞા માંગે છે.

કર્ણ મહારાજા પણ ગુણવાનની કદર કરનાર છે પોતાના સિંહાસનની સામે જ આ બહુરૂપીને પોતાની લીલા બતાવવા હુકમ કરે છે

બહુરૂપી બડો ખંધો છે, દરેક ધર્મના પ્રભાવિક પુરૂષોના ચાળા શરૂ કરે છે, લોકો આશ્ચર્ય-દિંગ બને છે. સભામાં હાસ્ય ફેલાય છે અપૂર્ણ જ્ઞાની લોકો બહુરૂપીની વિદ્યા માટે પ્રશંસાના પુષ્પો વેરવા લાગે છે. તેમ તેમ અભિમાનમાં ફૂલાતો વિદ્યાધર આગળ વધે છે

રામ, કૃષ્ણ, મહાદેવ, હનુમાન અને બ્રહ્મા જેવા રૂપો દેવી સહાયે બદલી તાદશ્યરૂપે બતાવે છે, છેલ્લે પંચ મહાવ્રતધારી સાધુનું રૂપ લે છે

જૈન સાધુ બની તેની હાંસી શરૂ કરે છે. ચેનચાળા આગળ વધે છે.

સુબુદ્ધિ પ્રધાન એ કટાક્ષ યુક્ત બહુરૂપીની ચાલ પારખી લે છે કે તરત જ પોતાના સ્થાનથી ઉભો થઈ બહુરૂપી સમીપ આવે છે.

ધુર્તને સમજાવે છે. ભાઈ તારા કામ ભલે લોકોને હાસ્યજનક લાગતા હોય સભાનું તેથી મનોરંજન થતું હોય પરંતુ મારી સલાહ છે કે ધાર્મિક પુરુષોનું ઉપહાસ્ય કરવાની ત્હારી નીતિ છોડી દે. આમ ધર્મની ગ્લાની કરનાર કર્તવ્યો પ્રજાને અધર્મ, અનાચાર યુક્ત અને ધર્મવિમુખ બનાવે એ વ્યાજબી નથી. એથી લાભને બદલે ઉલટી હાની છે.

તમાશાને તેડું ન હોય.

પોતાના જોવાના શોખને ઉત્તેજન મળતું હોય એવા ઘણા માણસો રાજસભામાં હતા.

પ્રધાનની વાત હમણાં તો અદ્ધર રહી ગઈ અન્ય કોઈ વ્યક્તિ તરફથી તેને ટોન મળ્યો પરિણામે વધુને વધુ હાનીકારક વિદ્યાની રમતો શરૂ થઈ.

અન્ય લોકોમાંથી કેટલાક સુબુદ્ધિ પ્રધાનને પોતાના મનથી દુર્બુદ્ધિ માનવા લાગ્યા પ્રયોગો જોવાનો આવો અમૂલ્ય અવસર અટકી જાય તેથી વિરુદ્ધ હતા તેઓ અંદરખાને ધૂર્તને વધુ ઉશ્કેરવા લાગ્યા.

રાજ સિંહાસને આરૂઢ રાજવી આ ચેષ્ટાને માટે કંઈ નિર્ણય ન કરી શક્યો.

જાદુગરને પીઠ મળી ગઈ એટલે એ છેલ્લા પાટલે જઈ બેઠો.

અંતે તીર્થંકર દેવાધિદેવનો વેશ કાઢવા તૈયાર થયો,

સુબુદ્ધિ પ્રધાન હવે શું કરે ? ધર્મની હીલના તેનાથી સાંખી શકાતી ન હતી. રાજ્ય કચેરીમાં અન્ય કોઈ વ્યક્તિનો તેને સાથ મળતો નથી.

સુબુદ્ધિ પ્રધાન ખરેખર સુબુદ્ધિ જ છે તેની બુદ્ધિએ આગળ વિચાર કર્યો.

સત્તાનો ઉપયોગ આ સ્થળે ચાલી શકવાનો નથી.

બહુમતિ સાથે એકલમતી ક્યાંથી ટકી શકે ? કાંતો મુંગે મોંએ થાય તે જોયા કરવાનું અને ન ગમે તો મનમાં બળવાનું, બીજું કંઈ થઈ શકે તેમ ન હતું.

ત્યારે ધર્મની અવહેલના પણ કેમ થવા દેવાય ?

નિર્ણય કરી લીધો, રોજ રોજ પુજા પાઠમાં ભક્તામર મહામંત્રનો જાપ તે એકાગ્રતાથી કરતો જ હતો.

મહામંત્રના પ્રભાવને પણ સારી રીતે જાણતો હતો.

આજે એ મંત્રનો પ્રયોગ કરી શાસનદેવીની સહાય વિના કંઈ થઈ શકે તમ ન્હોતું.

એક બાજુ જાદુગર તેનો છેલ્લો પ્રયોગ આદરવા તૈયારી કરી રહ્યો હતો.

બીજી બાજુ નત મસ્તકે શુભ અધ્યવસાયથી સુબુદ્ધિ પ્રધાને જાપ શરૂ કર્યો.

ભક્તામર સ્તોત્રના "યૈશાન્તરાગ" શ્લોકનું સ્મરણ કર્યું ભક્ત તો ધ્યાનમાં એકતાર થયો શાસન રક્ષક દેવીનું આસન કંપવા લાગ્યું.

અવધિજ્ઞાને નિહાળી જોતાં આવાં અપકૃત્યો કરનાર જાદુગર અને સભા જોઈ લીધી.

અદ્રશ્ય રૂપે તે સભામાં આવી પહોંચી અને સુબુદ્ધિની આજ્ઞા માંગી.

પ્રધાને ધર્મની અવગણના અટકાવવા જલદ પગલાં ભરવા વિનંતી કરી.

દેવીએ ક્રોધ યુક્ત નેમથી ગર્જના કરી "હે મુઢમતે ! બિચારા ભોળા લોકોના મનોરંજન કરવાના આ ઢોંગ શા માટે માંડી બેઠો છે ? તારી ઠગવિદ્યાથી તું બધાને છેતરવા માંગે છે. પણ યાદ રાખ. મહાન પુરુષો અને દેવોની મશ્કરી કરવાનો તને કોઈ અધિકાર આપ્યો નથી તારી આ ઈચ્છા ફળીભૂત નહી થાય તારા કર્મના ફળ ત્હારે ભોગવવા જ પડશે, લે ત્હારા અભિમાનનો બદલો ?"

આમ કહી દેવીએ તરત જ એક ચોટ જાદુગરને લગાવી,

ત્યાં તો જાદુગર ધૂર્ત ચત્તોપાટ જમીન પર પડી ગયો, મ્હોંમાંથી લોહી નીકળવા લાગ્યું, તેની મલીન દેવી પણ આ સમયે દુર ભાગી ગઈ.

સભાજનો આ ઉલટો મામલો જોતાં દીગ્મૂઢ બની ગયા, એક બીજા સામા મ્હોં વિકાસી જોઈ રહ્યા.

ધૂર્તના શરીરમાં દાહ શરૂ કર્યો, અંગ અંગ બળવા લાગ્યું, મહાપીડા ભોગવતાં તે દીન બની ગયો, પોતાની ભૂલની ક્ષમા માંગતો ફરીવાર આવું ક્યાંય ન કરવાની પ્રતિજ્ઞા લઈ કહેવા લાગ્યો.

"મને માફ કરો. હું અબૂધ માનવી કંઈ ન સમજ્યો મારી કપટ લીલા પાછળ હું અંધ બની ગયો, મને બચાવો દેવી ! હું હવે પછી ફરીવાર ક્યાંય આવું હીન કાર્ય નહિ કરું.

તને સુબુદ્ધિ પ્રધાને વારવા છતાં અટક્યો નહિ એટલે હવે તો ત્હારા બચાવ માટે એ સુબુદ્ધિ પ્રધાનની માફી માંગ, તેમની આજ્ઞા મળશે, એટલે હું ત્હને છોડી દઈશ. અમે તો

ભક્તાધીન દેવીઓ !"

ધૂર્ત પાછો ફરી સુબુદ્ધિ પ્રધાનના ચરણમાં નમી પડ્યો. પોતાને બચાવવા માટે આજીજી કરવા લાગ્યો, નીતિમય જીવન જીવવાની કબુલાત આપી.

સુબુદ્ધિ પ્રધાન સાચો જૈન હતો.

જૈન નામધારી માનવ કોઈ પણ વ્યક્તિને દુઃખ આપવામાં માનતા નથી. ક્ષમા આપવી એ જૈનનું લક્ષણ છે

જૈનધર્મનું મુખ્ય સૂત્ર એજ કહે છે

**"ખામેમિ સવ્વ જીવે. સવ્વે જીવ્વા ખમંતુમે,**
**મિતિ મે સવ્વ ભૂએસુ વેરં મજઝં ન કેણઈ"**

મને કોઈથી વેર નથી મારો કોઈ દુશ્મન નથી સર્વ જીવો ના અપરાધની ક્ષમા વારંવાર માંગુ છું. સારાએ વિશ્વમાં મને પ્રેમ છે. પ્રેમભાવનાથી સભર સુબુદ્ધિ પ્રધાનના હૃદયમાં દયા ઊભરાઈ.

ધૂર્તનો સાચો પશ્ચાતાપ તેણે નીહાળ્યો. સભાએ પણ જોયો સભાજનો પણ ધૂર્તનું દુઃખ દૂર કરવા વિનવી રહ્યા.

પ્રધાને દેવીને પ્રાર્થના કરી ધુર્તને વ્યાધી મુક્ત કરવા વિનંતી કરી.

શાસન દેવીએ દૈવી શક્તિ વડે ધૂર્તની પીડા હરી લીધી. સભાજનોને આવા કપટી પાખંડીઓની જાળમાં ન ફસાવવાનો બોધ પાઠ આપ્યો ફરી કામ પડે સ્મરણ કરવાનું કહી દેવી સ્વસ્થાને ગઈ.

રાજા અને પ્રજાજનો આ ચમત્કારને જાણવા આતુર થયા. પ્રધાને ત્યાં જ સભામાં ભક્તામર મહામંત્ર પ્રભાવનું મહાત્મય વર્ણવી બતાવ્યું.

એક જ શ્લોકનો આ મહાન ચમત્કાર નજરે નિહાળનાર રાજા ને સર્વજનો ધર્મના રાગી બની ગયા.

પ્રધાનની સત્કીર્તિની સુવાસ ચંપાનગરીના ચૌટે ચૌટે પ્રસરી ગઈ.

પ્રભુ નામ સ્મરણના બળે કરી કર્મરૂપ મહાન ઠગોનો પણ નાશ થાય છે, માનવી કઠીન કર્મોનો ક્ષય કરી મોક્ષસુંદરીનો ભોક્તા બને છે, તો પછી સમાજના આવા પાખંડી ઠગ લોકોને હરાવવા કબજે કરવા તેમને હતાશ કરવા એમાં શું આશ્ચર્ય !

સારાયે શહેરમાં ભક્તામર સ્તોત્રનો ગુંજારવ ચાલુ થયો, જૈન ધર્મનો જય જય કાર ગવાયો,

*શ્રદ્ધાપૂર્વકની સાધના કદી નિષ્ફળ જાય નહીં.*

# ૭. શીલનું રક્ષણ

(જેમાં ભયંકર લુંટારાઓથી ડાહીના શીલનું રક્ષણ થાય છે.)

(૧૩)

**વક્ત્રં ક્વ તે સુર નરોરગ નેત્રહારિ**
**નિઃશેષનિર્જિત જગત્ત્રિતયોપમાનમ્**
**બિમ્બં કલંકમલિનં ક્વ નિશાકરસ્ય**
**યદ્વાસરે ભવતિ પાંડુપલાશકલ્પમ્**

ભાવાર્થ (૧૩)

- હે ભગવાન ! દેવ, મનુષ્ય અને ભુવનપતિ આદિ દેવોનાં નેત્રોને હરણ કરનારૂં અને ત્રણ લોકની ઉપમાને સર્વ વસ્તુઓને જીતનારું આપનું મુખ ક્યાં ? અને દિવસે ખાખરાના પાંદડાં જેવું કલંકથી પીળું ફીકું પડી ગયેલ ચંદ્રમાનું બિંબ ક્યાં ?

૧૪

**સમ્પૂર્ણ મંડલ શશાંક કલાકલાપ**
**શુભ્રા ગુણાસ્ત્રિભુવનં તવ લંઘયન્તિ ।**
**યે સંશ્રિતાસ્ત્રિજગદીશ્વર નાથમેકં**
**કસ્તાન્નિવારયતિ સંચરતો યથેષ્ટમ્ ॥**

ભાવાર્થ (૧૪)

- સોળે કળાએ વિકસિત ચંદ્રમાની કળાના સમૂહ જેવા ઉજ્વળ ગુણો ત્રણ ભુવનને ઉલંઘીને વ્યાપી રહ્યા છે. કારણ કે હે સ્વામી ! ત્રિલોકના નાથ ! આપના આશ્રયે રહેલા સ્વેચ્છાપુર્વક વિચરતા એ ગુણોને ક્યો પુરુષ રોકી શકે ?

ડાહી એટલે ખરેખર ડાહી. બુદ્ધિમાન, શાણી ને ચતુર.

હજુ તો દુધિયાં દાંત મોમાં હતા. ત્યારથી જ ધર્મ ભાવના મય સદ્ગુણનો ભંડાર સદાચારી પવિત્ર જીવન જીવવાના મનોરથો બાલ્ય કાળથી જ જીવનમાં વણાઈ ગયેલા.

પતિ ભક્તિ પરાયણ માતા સુભદ્રાના ગુણો વારસાગત મળેલા.

પિતા સત્યવાન પણ સત્યનો જ આગ્રહી.

પટણા શહેરનો એ ધનાઢ્ય શ્રેષ્ઠિ હોવા છતાંય અભિમાનનો તો અંશ નહિ

નીતિ પ્રમાણિકતાનો પ્રખર હિમાયતી.

એ રત્નોને ઉત્પન્ન કરનાર ભારત ભૂમિ પણ એટલી જ પવિત્ર-દિવ્ય

આવા પૂર્વજોનાં આપણે સંતાન

શા માટે મગરુબ ન રહીએ ?

પટણા શહેર ઉત્તરા પથમાં રાજધાનીનું નગર, ઉત્તમ માનવ સમૂદાયનો ત્યાં વસવાટ.

ધર્મની રાહ દર્શાવતા ત્યાગી સંયમી મુનિરાજો વિહાર કરતા નિત્ય ત્યાં આવે અને જાય.

શાસ્ત્ર શ્રવણ અને ધર્મોપદેશની સરિતા વહાવે એ સરિતામાં મજ્જન કરી પૂર્વ દુષ્કર્મોથી પીડાતા બિચારા માનવો શાંતિ અનુભવે.

ધર્મ ભાવનામાં રગદોળાય, પૂણ્ય કર્મ ઉપાર્જન કરતાં સુખે સંસાર વિતાવે.

ઘણા વરસે એક અનુયોગ એવો જ આવી ગયો.

મહાન જ્ઞાની તપસ્વી મુનિરાજની પધરામણી પટણા શહેરના ઉદ્યાનમાં થઈ.

માનવ સમુદાય વંદન કરવા ચાલ્યો.

ભાવિક ભક્તો ઉપદેશામૃતનું પાન કરવાની અભિલાષાએ ચાલ્યા.

સત્યવાન શેઠ અને સુભદ્રા શેઠાણી તો સૌની પહેલાં હોય જ.

ડહાપણનો દરિયો ડાહીબેન કંઈ ભૂલે !

ગુરુવંદન કરી ગુરુવાણીનો અલભ્ય લાભ મેળવવાનો અવસર એમણે સાધી લીધો.

આત્મહિતકર બોધના શ્રવણ અંતે ભક્તામર મહામંત્રના પ્રભાવની વાત કહી.

આ વાત તેમને રૂચિકર લાગી. પિતા પુત્રીએ તરત જ એ સ્તોત્ર મુખપાઠ કર્યો.

શ્રદ્ધા-ભાવના અવિચલ બની.

અહોનિશ પઠન-પાઠન ને ધ્યાનનો ક્રમ ચાલુ રહ્યો.

બાલ્યાવસ્થામાંથી કુમારીકા સ્વરૂપે હવે ડાહી બની.

ભૃગકચ્છ (ભરૂચ)ના સાધાર્મિક સદ્ગૃહસ્થ સાથે તેનાં લગ્ન પણ થઈ ગયાં.

પરણ્યા પછી તે પતિને પ્રિય બની. સાસરવાસના સ્નેહીજનોના સહવાસમાં-સ્વભાવમાં ભળી ગઈ.

સાસરે રહ્યા છતાં પોતાના નિત્ય નિયમમાં તે વિચલિત થતી નથી. ઉલટાનું તેના પતિને પણ ધર્મરત બનાવી દીધા.

સુલક્ષણી સતી સ્ત્રી આવી જ હોય.

થોડા વખતથી માતાપિતાને મળવા તે પટણા આવી હતી.

ભક્મામર સ્તોત્રનો નિત્ય જાપ તેનો વ્યવસાય થઈ ગયો.

સમય વીત્યે પતિગૃહે-ભૃગકચ્છ પાછી ફરી.

સાથે પાંચ સાત સોબતીઓ લીધા.

પટણાથી ભૃગકચ્છ આવવા માટે તે સમયે રેલ્વે નહિ. ન હતા મોટરગાડીના ધોરી માર્ગ કે ન હતી બીજી કોઈ પ્રકારની સગવડ.

બળદગાડીમાં વોળાવીઆ સાથે દડમજલ કરતાં મુસાફરી કરવી પડતી.

પિયરનાં પ્રિયજનોની વિદાય લઈ તે નિકળી.

મધ્યાન્હ સમયે વિશ્રાંતિ ગાળવા માટે એક ઘેઘુર વડલાની છાયામાં સૌ બેઠાં.

ધર્મરત માનવનું જીવન નિશ્ચિંત હોય છે જીવનની ચિંતા તેઓ પરમાત્માને સોંપી દે છે.

શ્વાસે શ્વાસે અરિહંત દેવનું સ્મરણ કરવા સિવાય અન્ય કંઈ લપન છપન હોતી નથી. ડાહી પણ પ્રભુ ભરોસે આરામ કરે છે, સાથેના માણસો આસપાસનું સૌંદર્ય જોવામાં તલ્લીન છે.

ત્યાં તેમની કસોટી થઈ.

સામેની ઝાડીમાંથી હથીયાર બંધ બુકાની બાંધેલા દશેક માણસો ધસી આવ્યા.

રસ્તાની મુસાફરીમાં આવા લૂંટફાટના બનાવો અનેક બનતા, માટે જ વળાવીઆસાથે રાખવા પડતા.

ડાહીના માણસો સજ્જ બની સામા થયા, પણ સામા પક્ષે વધુ બળવાન સંખ્યા જાણી જીવ બચાવવા નાસી છુટયા.

ડાહી એકલી લૂંટારાના પંજામાં સપડાઈ ગઈ.

રૂપવંતી જુવાન રમણીને ભરજંગલમાં એકલી નિઃસહાય જોતાં તેની સતામણી શરૂ થઈ.

નમ્રવાણીથી ડાહીએ ઘણી આજીજી કરી પોતાના દર દાગીના શુદ્ધાં સોંપી દીધા અને પોતાને જવા દેવા પ્રાર્થના કરી.

કામાંધ લૂંટારા એકલતાનો લાભ લઈ ડાહી પર બળાત્કાર કરવા તૈયાર થયા.

આ સ્થળ એવું હતું કે ડાહીનું રક્ષણ કરનાર કોઈ મળી શકે તેમ ન હતું.

શીલવાન-પવિત્ર નારીના શીલની ખરી કસોટી આ સમયે હતી.

લૂંટારાઓ અંદરો અંદર ઘડભાંગ કરવા લાગ્યા ડાહીના સ્વરૂપવાન દેહનો પહેલાં ઉપભોગ કોણ કરે ?

"રામ રાખે તેને કોણ ચાખે" ધરમ શ્રદ્ધાળુ બાઈને સમય મળી ગયો, તરત જ ભક્તામર સ્તોત્રના ૧૩-૧૪ શ્લોકનું સ્મરણ ચાલુ કર્યું.

સત્યશીલનો પ્રભાવ એકદમ પ્રકાશી નીકળ્યો, શાસન રક્ષક દેવની સહાય આ પળે ન મળે તો ધરમને માને કોણ ?

મંત્ર પ્રભાવિક જળનો છંટકાવ લૂંટારા તરફ કર્યો અને લૂંટારા ત્યાં જ થંભી ગયા જ્યાં જ્યાં જળના છાંટાં પડયા ત્યાં સેંકડો વીંછી એક સાથે ચટકા ભરતા ન હોય, તેવી ભયંકર વેદના થવા લાગી હલન ચલન કરવાની શક્તિ ક્ષીણ થઈ ગઈ.

ઘડી પહેલાંની સ્વરૂપવંતી ડાહી હવે ભયંકર ભાસવા લાગી. ભય અને દુઃખના ત્રાસે

લૂંટારા વ્યાકુળ બની ગયા.

ડાહીએ નજીકમાં નાસી છુટેલા પોતાના સાથીદારોને બૂમ પાડી એકત્ર કર્યા, અને ત્યાંથી પોતાનાં ગાડાં આગળ ચલાવવાની તૈયારી કરી.

દીન વદનવાળા લૂંટારાઓ આજીજી કરતા પ્રાર્થના કરવા લાગ્યા, હવે પછી આવાં અન્યાયી જુલમી કાર્યો ન કરવાની પ્રતિજ્ઞા સાથે આ ત્રાસથી છોડાવવાની વિનવણી કરવા લાગ્યા.

દયાર્દ્ર બાઈના હૈયામાં દયાના અંકુરો જાગ્યા, ભાન ભૂલ્યા માનવીને સાચો રસ્તો બતાવવા તે જ મંત્રોથી મંત્રેલું જળ ફરીથી છાંટવામાં આવ્યું.

દેવીની કૃપા અમીદૃષ્ટી પડી અને લૂંટારાઓ વ્યાધિ મુક્ત બન્યા. ડાહીને પોતાની ધરમની બહેન ગણી પગમાં પડ્યા.

યોગ્ય પાત્ર જાણી તેમને જૈન ધર્મનું સ્વરૂપ સમજાવી નીતિ માર્ગે ચાલવાનો સદ્બોધ આપી તેમનું જીવન સુધાર્યું.

વોળાવીઆ સાથે બધા મિત્ર બની ગયા. સર્વ સાથે ડાહી પોતાના સ્વસુર ગૃહે આવી.

આત્માના સદ્ગુણને લૂંટનાર ક્રોધ માન માયા લોભ જેવા ભયંકર લૂંટારા પ્રભુ સ્મરણથી દુર થઈ જાય છે તો પછી આવા માનવ લૂંટારા બિચારા શી વિશાતમાં !

ખરેખર ! પ્રભુ સ્મરણનો પ્રતાપ અગાધ અગમ્ય છે !

જે ભવ્યાત્મા પોતાના હિત માટે અનેક ગુણોના ક્રીડાસ્થાન રૂપ શ્રીસંઘની ત્રણયોગ ત્રણ કરણથી સેવા કરે તે ભવ્યાત્માને લક્ષ્મી મેળવવા માટે પ્રયત્ન કરવો પડતો નથી લક્ષ્મી જ તેના ઘરે આવે છે. યશ, કીર્તિ, ઈજ્જત, આબરૂ મેળવવા માટે એને કાંઈજ પુરૂષાર્થ કરવો પડતો નથી તે પોતેજ એની ઈચ્છા ન હોય તો પણ એને આલિંગન કરે છે અર્થાત્ ચારે તરફ તેની યશ કીર્તિ વિસ્તરિત થાય છે. દેવતા આદિ ત્રણે જગતના જીવોનો પ્રેમ એને સહજતાથી મળે છે. એ ભવ્યાત્માને સદ્બુદ્ધિ માટે પણ પ્રયત્ન કરવો પડતો નથી પોતે જ ઈચ્છાપૂર્વક તેવા ભવ્યાત્માના હૃદયમાં પ્રગટ થાય છે. દેવલોકની રાજ્યલક્ષ્મી એમ ઈચ્છે છે કે એવા ભવ્યાત્માઓ અહીં આવીને મારો ઉપભોગ કરે તો હું ધન્ય બની જાઉં અને મુક્તિ રૂપી સ્ત્રી એ ભવ્યાત્માને વારે-વારે જોઈને એમ વિચારે છે કે આ અહિં આવીને મારા પૂર્વના અનંતા પતિદેવોમાં મળી જાય તો મને આનંદ આવે એ રીતે શ્રીસંઘની પૂજા ભક્તિ કરનાર ભવ્યાત્માને આત્મિક અને ભૌતિક બન્ને પ્રકારના લાભોની પ્રાપ્તિ થાય છે.

**- જયાનંદ**

# ૮. વ્યંતર ભાગ્યો

(જેમાં મહિપાળ રાજાને વળગેલો પિશાચ નાસી જાય છે)

(૧૫)

**ચિત્રં કિમત્ર યદિ તે ત્રિદશાંગનાભિ**
**ર્નીતં મનાગપિ મનો ન વિકારમાર્ગમ્ ।**
**કલ્પાન્તકાલ મરુતા ચલિતાચલેન**
**કિં મંદિરાદ્રિ શિખરં ચલિતંકદાચિત્ ॥**

ભાવાર્થ (૧૫)

- દેવાંગનાઓ પણ આપના મનને જરાય વિચલિત-વિકારવાળું કરી શકતી નથી. એમાં કંઈ આશ્ચર્ય જેવું નથી. કારણ કે પ્રલયકાળના મોટા વંટોળીયા વડે મોટા મોટા પહાડો કંપાયમાન થઈ જાય પરંન્તુ મેરુ પર્વતનું શિખર કદીય ડોલાયમાન થયું છે ?

હું...હું...હું... કોણ ! મને ઓળખો છો !

"હું મહિપાળનો જીવ લઈશ. તે મારો પૂર્વ ભવનો દુશ્મન છે ! મને રડતો રડતો રસ્તાનો ભિખારી બનાવી દેનાર એ નિષ્ઠુરનું લોહી પઈશ, ત્યારે જ મને શાંતિ થશે." મહિપાળ રાજવીના દિલમાં પેઠેલો એક પૂર્વ જન્મનો વૈરી પિશાચ આમ બોલી રહ્યો હતો.

તે ઘડીમાં હસતો ઘડીમાં ગાતો ઘડીમાં આનંદ કિલ્લોલ કરતો હતો, ઘડીમાં મુઠીઓ પછાડતો, ક્રોધ ભર્યા નેત્રોથી જાણે દુશ્મનનો કચ્ચરઘાણ કરવા મથતો ન હોય તેમ ધમપછાડા પણ કરતો હતો.

ઘણો સમય બેભાન અવસ્થામાં રહેલો રાજા ન કરવાનાં કર્તવ્યો કરી બેસતો.

પિશાચ યોનિ એક અધમ દેવોનો જ એક પ્રકાર છે. તેનામાં દૈવી શક્તિ હોય છે, પણ તેઓ વેર ભાવથી ઉન્મત્ત બનીને સારુંએ જીવન દુશ્મનાવટમાં જ પૂર્ણ કરે છે. તેમનો ઉદ્દેશ પોતાની શક્તિના ઉપયોગ વડે સામાન્ય જન સમાજને મુશ્કેલીમાં મુકી આનંદ કરવાનો હોય છે, ત્યારે કેટલાક પૂર્વ જન્મની વૈર ભાવનાથી પ્રેરાઈને તે જ શક્તિ દુશ્મન પાસેથી બદલો લેવામાં વાપરે છે

જગતના પ્રાણી માત્રને પોતાના કર્મોનું રૂપ આ ભવે કે અન્ય ભવોમાં સંપૂર્ણ પણે ભોગવ્યા વિના છૂટકો નથી. એ સનાતન નિયમ સર્વ ધર્મ સ્વીકારે છે.

છતાં માનવ દુષ્ટકર્મ કરવામાં પાછું વાળીને જોતો જ નથી. વર્તમાનની તે સ્થિતિ તેને અનેક પાપકર્મો કરવા પ્રેરે છે.

પરંતુ જ્યારે મુશ્કેલીનો પ્રસંગ આવી પડે છે, ત્યારે જ તેનાં ચક્ષુ ઉઘડે છે, અને

ભૂતકાળની ભૂલો સંભારી તેવા આચરણથી અટકવા વિચાર કરે છે, પણ અમલમાં મૂકતાં ડરે છે.

મહિપાળ રાજા ગુણવાન કદરદાન અને પ્રજાવત્સલ રાજવી હતો.

સારાએ અયોધ્યા શહેરના લોકોએ તેના આ દુ:ખને મટાડવા આકાશ પાતાળ એક કર્યું.

સમગ્ર કોશલદેશમાં રાજાની વ્યાધિ મટાડવા માટે પડહ વગડાવ્યો પણ કર્માનુબંધ દુ:ખો ભોગવ્યા વિના છુટકો નથી.

રાજવી પણ પૂર્વના દુષ્કૃત્યોનો અનુબંધ ભોગવી રહ્યો હતો આજના વર્તમાન સમયનાં તેનાં આચરણ નીતિ અને રીતિ તેના જીવનને ઉજ્જવળ કરતી હતી.

એટલે પાકર્મોનું બંધ પૂર્ણ થતાં જ સુખનો સૂર્યોદય પ્રગટે એ ચોક્કસ હતું, પણ ત્યાં સુધી તો અંધકારમાં અથડાવવાનું જ હોય ને !

રાજ્ય વહીવટ ચલાવવા ! માટે એક કુશળ બુદ્ધિ નિધાન નિપૂણ પ્રધાન તેને મળ્યો હતો, તેનું નામ હતું ગુણચંદ્ર. ગુણો વડે પૂર્ણિમાના સોળે કળાએ ખીલેલા ચંદ્ર જેવો હતો.

પ્રધાન સંપૂર્ણ શ્રદ્ધાપૂર્વક જૈન ધર્મ પાળતો હતો. તેના જીવનમાં ધર્મ ક્રિયા કાંડ વણાઈ ગયાં હતાં.

સમય પરિપક્વ થયો, યથા સમયે એક મહાન મુનિરાજ ગ્રામોદ્યાનમાં પધાર્યા.

વાત વાએ ઉડતી પ્રધાનજીના કાન પર આવી અને પ્રધાનજી તેમને વંદન કરવા ઉમટ્યા મનમાં હર્ષ થયો.

શાંતને પવિત્ર સાધુ મહાત્માનાં દર્શન કરવાનો અમૂલ્ય લ્હાવો ઘેર બેઠાં મળતો જાણી તેઓ વધુ આનંદિત બન્યા.

સકળસંઘની સાથે ગુરૂદેવના સામૈયે ગયા.

મધુર ગુરુવાણીનું શ્રવણ કરતાં સૌનાં મન પ્રફુલ્લિત થયાં. પ્રતિબોધમાં ભક્તામર મહામંત્રના પ્રભાવની અનેક ચમત્કારિક વાતો ગુરુદેવે સમજાવી. મહામંત્રના પ્રભાવથી કર્મરૂપી હાથીઓ પિશાચોનો ક્ષણવારમાં નાશ થાય છે, આ જગત પરના માનવીને કોઈ પણ પ્રકારની મુશ્કેલી આ સ્તોત્રના પ્રભાવથી રહેતી નથી.

પ્રધાનજીને તો ભાવતું હતું અને વૈદે કહ્યું.

રાજાની શાંતિ માટેના અનેક ઉપાયો-ઉપચારો બહુ બહુ પ્રયત્નો કરવા છતાં નિષ્ફળ ગયા હતા.

આજે આ ગુરુદેવના શરણે મહારાજાને મૂકવામાં આવે તો જરૂર શાંતિ થાય એવી દૃઢ શ્રદ્ધા પ્રધાનજીને ઉત્પન્ન થઈ.

વિચારને અમલમાં મૂકતાં પહેલાં પ્રધાનજી ગુરુદેવને મળ્યા. એ સમયે વાતનું

ભક્તિભાવ પૂર્વક નિવેદન કર્યું.

"મહાત્મન્ ! આપશ્રી ધર્માત્મા અને દયાળુ છો. તો આપને ધાર્મિક નીતિ નિયમોમાં બાદ ન આવે તે રીતે આ રાજવીના દુઃખને દૂર કરવાનો કોઈ ઉપાય બતાવો તો મહાન ઉપકાર થશે.

આ રાજા ન્યાયી ધર્મશીલ અને પ્રજાવત્સલ હોઈ તેમને શાંતિ થતાં જૈન ધર્મનો પ્રભાવ વધશે, ધર્મ શ્રદ્ધા પ્રગટશે, અને લોકોમાં જૈન ધર્મ પ્રત્યે પ્રેમ ભક્તિ ઉત્પન્ન થશે.

પ્રધાનજીની વાણી સાંભળી જ્ઞાની ગુરૂદેવ ક્ષણભર ધ્યાન મગ્ન બન્યા.

આ કાર્યનું પરિણામ શ્રેયસ્કારી જણાતાં પ્રધાનજીને બીજે દિવસે મળવાની અનુજ્ઞા આપી. વંદન કરીને ખુબ આનંદ પામતો પ્રધાન સ્વગ્રહે ગયો.

પ્રધાનજીના ગયા બાદ રાત્રીને સમયે ગુરુદેવે "ચિત્રંકિમત્ર" શ્લોકનું દઢતા પૂર્વક આરાધન કર્યું, અને ધ્યાન મગ્ન થયાં. ત્યાં શાસનરક્ષિતા દેવી પ્રત્યક્ષ જણાયાં, સુમધુર વાણી એ દેવીએ આરાધના કરવાનું કારણ પુછ્યું.

મહાત્માજીએ સર્વ વૃત્તાન્ત નિવેદિત કર્યો.

ધર્મની પ્રભાવના અને યથા યોગ્ય પાત્ર જાણીને દેવીએ કહ્યું " આ માટે સવારના પ્રધાનજી તથા રાજાને સભાજનો સાથે તમારી પાસે બોલાવજો અને આ રાખની ચપટી આ જ શ્લોક બોલીને રાજાના કપાળમાં ચાંલ્લો કરજો તેથી પિશાચ-વ્યંતર હંમેશને માટે રાજાને છોડી જશે અને રાજાને શાંતિ થશે." દેવી અંતર્ધ્યાન થયાં.

બીજા દિવસનું પ્રભાત નિદ્રાધીન પ્રાણીઓની નિંદ્રા તજવા ઉઘડી ગયું. પૂર્વ દિશામાં ગુલાલનો છંટકાવ કરતા હોય તેમ ભાનુદેવ શરસંધાન કરતા નીકળી પડ્યા.

પ્રધાનજી પણ શૌચાદિ માનવસુલભ ક્રિયાઓ પતાવીને ઈષ્ટ દેવની પુજાપાઠમાં જોડાયા."

પ્રભુ ભક્તિ ગીતનો ગુંજારવ કરતાં જીવન ધન્ય બન્યું, પછી ગુરૂદેવ સમીપે વંદન કરવા પ્રવર્ત્યા."

મહાત્માજી પાસે આવી પ્રધાનજીએ વંદન કર્યું, દ્વિકર જોડી સામે ભૂમિ પર સ્થાન લીધું.

રાત્રીમાં દેવીએ દર્શાવ્યા મુજબ રાજાને લઈ આવવાનું પ્રધાનજીને સુચન કર્યું.

તરત જ પ્રધાનજી રાજમહાલયે આવ્યા અને બેભાન રાજવી અંતઃપુરનું રાજકુટુંબ નગરજનો સાથે પ્રધાનજી ધવળ મંગળ ગીત ગાતા મહાત્માજીના દર્શને આવ્યા.

ઉદ્યાનમાં સારાએ શહેરના તમામ વર્ણના લોકો હેકડેઠઠ ઉભરાયા

મહાન મુનિરાજના દર્શન કરી તેમનો ઉપાય નિહાળવા એકીટશે સૌ જોઈ રહ્યા.

અનેક ઉપાયોમાં નિષ્ફળ જનાર આ પ્રજા આજે પ્રધાનજીની વાત પર શ્રદ્ધા રાખીને

અવનવા બનાવની કલ્પના કરતાં શાંત ચિત્તે બેઠી.

મહાત્માજીએ એક ચપટી રાખ મંગાવી લીધી.

શુદ્ધ ભાવના શ્રદ્ધાપૂર્વક દેવી વરદાને ભક્તામર સ્તોત્રના ૧૫ મા શ્લોકનો જાપ શરૂ કર્યો.

અને એક બે ને ત્રણવાર મંત્રિત રાખના ચાંલ્લા રાજવીના કપાળમાં કરવામાં આવ્યા.

દુશ્મન પિશાચ તેજ ક્ષણે દાઝયો હોય તેમ બૂમ બરાડા પાડતો નાશી ગયો.

ક્ષણ પહેલાંના બેભાન રાજવીને શાંતિ થઈ ગઈ. સભાજનો અને સામે પૂજ્ય મહાત્મનને નિહાળતાં તે ગુરુદેવના ચરણોમાં નમી પડ્યો.

વરસોના દુ:ખનો આજે અંત આવ્યો હતો.

સભાના સર્વજનો આશ્ચર્ય-દિંગ બની ગયા. જૈન ધરમની પ્રભાવના થઈ, રાજા જૈન ધર્મી બન્યો. રાજકુટુંબ અને કેટલાય નગરજનો જૈન બન્યા.

સારાએ શહેરમાં આનંદ મહોત્સવ ઉજવાયો. પ્રભુ સ્મરણથી કર્મરૂપી પિશાચો પણ દૂર થઈ જાય છે તો બાહ્ય પિશાચો દૂર થાય તેમાં શું નવાઈ !

દિગંતે ભક્તામર સ્તોત્રના પડઘા પડ્યાં.

જે લોકો કરૂણાપ્રધાન કેવલિ પ્રરૂપિત ધર્મને અન્ય ધર્મોની હરોળમાં મુકે છે. તેઓ આ વિચાર જ કરતા નથી કે યજ્ઞમાં પશુને હોમવામાં ધર્મ માનનારની અહિંસા જ અહિંસાના ઘરની નથી એવા ધર્મોની હરોળમાં જિનધર્મને મુકીને તો તેઓ અમૃતને વિષ, જલને અગ્નિ, મિત્રને શત્રુ, પુષ્પહારને સર્પ, ચિંતામણિને પત્થર અને ચન્દ્રમાની શીતળતાને ધુમતડકા જેવો માનનારના જેવા મુર્ખ માણસોમાં પોતાનો નંબર લગાડે છે. જે અમૃત જેવો ધર્મ છે તેને બીજા ધર્મોની હરોળમાં મુકવો એ પોતાની મુર્ખાઈનું પ્રદર્શન જ છે. અમૃતનું અમૃતપણું એને વિષની હરોળમાં મુકવાથી જતું નથી પણ પોતાની મૂર્ખતા પ્રકટ થાય છે એમ માનીને આ પ્રવૃત્તિથી દૂર રહેવું.

વર્તમાન કાળમાં ઘણાં કહેવાતા ધર્મિઓને પ્રચારનું ભૂત વળગેલું છે તે પ્રચારના મોહમાં જિનધર્મને બીજા ધર્મોની સાથે સરખાવે છે અને આ જૈન ધરમ વિશ્વમાં આઠમો ધર્મ બન્યો એમ ગર્વ પૂર્વક બોલે છે. લખે છે તે વાસ્તવમાં સ્વપરનું અહિત જ કરે છે એ નિશ્ચિત છે.

**- જયાનંદ**

# ૯. જીવન બદલ્યું અને...

(જેમાં લોકપ્રિય કુમાર નાસ્તિક મટી આસ્તિક બને છે)

(૧૬)

**નિર્ધૂમવર્તિરપવર્જિત તૈલપૂરઃ**
**કૃત્સ્નં જગત્ત્રયમિદં પ્રકટીકરોષિ ।**
**ગમ્યો ન જાતુ મરુતાચલિતાચલાનાં :**
**દીપોઽપરસ્ત્વમસિ નાથ । જગત્પ્રકાશઃ ॥**

ભાવાર્થ (૧૬)

- હે નાથ જેમાં ધૂમાડો નથી દીવો નથી, અને ટીપું તેલ નથી અને ત્રણ જગતને પ્રકાશમાન કરે છે. પર્વતોને ડોલાવનાર પવન પણ જેને કાંઈ કરી શકતો નથી. એવા આપ જગતમાં પ્રકાશ વેરનાર વિલક્ષણ દીવડા સમા છો.

**નાસ્તં કદાચિદુપયાસિ ન રાહુગમ્યઃ સ્પષ્ટિ કરોષિ સહસા યુગપજ્જગન્તિ ।**
**નામ્ભોધરોદર નિરુદ્ધ મહાપ્રભાવઃ સુર્યાતિશાયિ મહિમાસિ મુનીન્દ્ર લોકે ॥**

ભાવાર્થ (૧૭)

- હે મુનીન્દ્ર ! જે કોઈ વાર અસ્ત થતો નથી, કે જેને કદી રાહુ ઘેરી શકતો નથી. જે એક જ સમયે ત્રણે જગતમાં પ્રકાશમાન થાય છે, અને મહાતાંડવી મેઘનો પ્રભાવ પણ જેને રોકી શકતો નથી, એવા આપ આ જગતમાં સૂર્યથી પણ વધુ મહિમાવાળા છો.

અરે ! આ હું શું જોઈ રહ્યો છું.

માનવ જેવા માનવને આટલું બધું દુઃખ !

આ માણસને પકડીને તેનું શિર તલવારથી કાપી રહ્યા છે !

અહીં તો ઉકળતી ધાતુનો રસ માણસને પકડીને પરાણે પાય છે !

અરે ! જુઓ. જુઓ. પેલા માણસને કરવત વડે ઉભો ને ઉભો વેરે છે.

વળી અહો પેલી બિચારી રૂદન કરતી સ્ત્રીને ધગધગતા લોહ સ્તંભને બાથ ભીડવાનું ફરમાન !

અને પરસેવે રેબઝેબ એવા આ બંને જણ બિચારા લોહ હળ ખેંચી રહ્યા છે.

આ બાજુ તો ઘાણીમાં માનવનું મસ્તક પિલાઈ રહ્યું છે.

ઓહ ! લોહ મુદગરના પ્રહારો વડે પેલા બિચારાની ખોપરી ફાટી ગઈ !

અરે રે ! આ બિચારાની આંખમાં અણીદાર બે ગરમ સળીયા ભોંકે છે !

અહો ક્યાંય કોઈ સુખી છે ?

હું અહીં ક્યાંથી ?

અધધધ ! આ દુઃખ તો જોયું જતું નથી.

આ કઈ દુનિયામાં હું ભુલો પડયો. નાસવા દે ? ભાગવા દે !

કુમાર ! ક્યાં જાય છે ?

હે મૃત્યુલોકના માનવી ! ત્હારી કરણીનાં ફળ ભોગવવા માટે તને અહી મોકલ્યો છે.

મૃત્યુલોકમાં રહીને અનેક પાપકર્મો કરવા પાછળ તે સામું પણ જોયું નથી. વિચાર્યું નથી, ભવિષ્ય કાળનો ભવાંતરનો વિચાર સરખો પણ કર્યો નથી.

આ નારકી લોક ! ત્હારા પાપ કર્મોનો પૂરેપૂરો બદલો અહીં લેવાશે.

તું રાજકુમાર હતો, મદમાં અંધ હતો, ધર્મ શબ્દ તને કડવો ઝેર લાગતો હતો, ત્હારા જીવનમાં તે એક પણ સત્કર્મ કર્યું નથી. નીચ, પાપી અને વ્યસની નાસ્તિક ત્હારા પાપ કર્મનું ફળ હમણાં જ તને પ્રાપ્ત થશે.

આ બધા ત્હારાજ ગોઠિયા હતા.

અને આજ અમ પરમાધામીના હાથમાં હસ્તે આવી પડ્યા છે.

હવે જવા કરવાની વાત નહીં.

હેં હે ! શું કહો છો....? હું.... હું... પાપી...ન

અરે ! હજી પણ જુઠું બોલતાં શરમાતો નથી, લે લેતો જા.

ઓ બારે ! બા...પલિ...યારે....., બ....ચા.....વો.....! બ....ચા.....વો.... ! ભયંકર ચિત્કાર સાથે કારમી ચીસ પાડી ઊઠ્યો, ત્યાં તેની આંખ ખુલ્લી ગઈ.

હમણાં હું ક્યાં હતો ?

આ ઉદ્યાન ! આ સામે તેજસ્વી મુનિરાજ !

હમણાં મેં આ બધું શું જોયું ? શું આ બધું સત્ય છે ?

નિંદ્રામાંથી હમણાં જ સ્વસ્થ થયેલો કુમાર કેલિપ્રિય બેબાકળો બની ગયો.

એ કુમાર હતો સુન્દરપુર નગરના વડા હાકેમ મહારાજા હિંમતસિંહનો યુવરાજ !

પુરાણા કાળમાં એ ભારતનું જ એક પ્રસિદ્ધ નગર હતું.

"યથા નામા તથા ગુણા"ની જેમ હિંમતસિંહ હિંમત ભર્યો અને પરાક્રમી ક્ષત્રિયવટને શોભાવતો અને તેજસ્વી.

પ્રજા પ્રિય અને ધર્મ પ્રેમી.

પરંતુ...."દીવા તળે અંધારૂં."

કેલિપ્રિય કુમાર યુવરાજ પૂરો નાસ્તિક. ઉન્માર્ગી સ્વચ્છંદી અને વ્યસની.

સત્યાસત્ય પાપ પૂણ્ય ધર્માધર્મ સ્વર્ગ નરક આ બધાય ને ધતીંગ માનનારો.

આ જગત મોજશોખ ભોગવવા માટે જ છે. દેહદમન કરનાર મૂર્ખા છે. પંચમહાભૂતની માટીમાંથી ઉત્પન્ન થયેલ આ માનવદેહ ઘસાઈ છેવટે માટીમાં જ મળી જશે. કર્મના ફળ

ભોગવવા પડે છે. એ સદંતર જુઠાણું છે પૂર્વભવો અને આવતા ભવોની માન્યતા ખોટી છે, જુઠી છે. "ભસ્મીભૂત દેહસ્ય કુતઃ પૂનરાગમનમ્"

આ હતી તેની નાસ્તિકતા.

મહારાજાથી ઉલટી માન્યતાવાળો.

"પૂ" નામથી નરકમાંથી છોડાવનાર "પુત્ર"

સુપુત્રની સેવા પામવાની ઉચ્ચભાવના સેવનાર રાજવી આવા વ્યસની કુપુત્રની ટેવથી કંટાળી ગયા.

પોતાના આત્માને નિંદવા લાગ્યા.

વિદ્વાનોનો સમાગમ કરાવ્યો. જાતે અનેક પ્રકારે સમજ આપવા છતાં પણ કુમાર તો ઊન્માર્ગગામી જ રહ્યો.

એ ચિંતા વડે ઘેરાયેલ રાજવીને એક દિવસ સમાચાર મળ્યા, ગુરુ "ગુણભૂષણ" સ્વામી ઉદ્યાનમાં પધાર્યા છે.

"રણમાં મીઠી વીરડી" પ્રાપ્ત થતાં કોને હર્ષ ન થાય ? રાજવીની ચિંતાને દૂર કરવા માટે જ ગુરૂદેવ જાણે ન આવ્યા હોય !

મહારાજા સપરિવાર ઠાઠમાઠ સહ ગુરુવંદને આવ્યા. સાથે બહોળો જનસમુદાય હતો.

યથાવિધિ વંદના કરી ભક્તિભાવપૂર્વક ગુરુ સન્મુખ બેસી પોતાના નાસ્તિક પુત્રને આસ્તિક બનાવવા - સુધારવા માટે વિનંતિ કરી.

પુત્રની કુટેવો અને લક્ષણોનું બ્યાન ગુરૂ પાસે કર્યું.

સમય પારખી ગુરુદેવે યોગ્ય કરવાનું આશ્વાસન આપ્યું.

ગુરૂ ઉપદેશ શ્રવણ કરી મંડળી વિખરાઈ. ભાવિકો સ્વસ્થાનકે ગયા.

મુનિરાજે ભક્તામર મહામંત્રના શ્લોકનું 'નિર્ધૂમવર્તિર અને નાસ્તંકદા" એ બંનેનું માનસિક શુદ્ધિપૂર્વક સ્મરણ કર્યું.

સાધકને શું સાધ્ય ન હોય?

શાસન પ્રભાવક દેવીનું આસન કંપી ઊઠયું.

ભક્તની માંગ પૂર્ણ કરવા દેવી પ્રગટ થયાં. ઝળહળતો પ્રકાશ પૃથ્વી પટે વેરાયો.

મુનિરાજે વંદન કરી રાજકુમારના નાસ્તિકપણાની વાત કરી. સાથોસાથ તેને દૈવીશક્તિએ કરીને આસ્તિક બનાવવા વિનંતિ કરી.

ધર્મ પ્રભાવનાનું શુભ કર્તવ્ય કરવા માટે તો દેવ-દેવીઓ હાજર જ હોય.

"એકાદ દિવસમાં આ પ્રયત્ન થશે. એ માટે નિશ્ચિંત રહો." એમ વરદાન આપ્યું.

બીજા દિવસે મધ્યાહ્નકાળે રાજકુંવર પાસવાનો સહ મૃગયા રમવા અરણ્યપંથે ઉપડ્યો.

ઘોડો ખેલાવતો તે દૂર નીકળી ગયો. ત્યાં શાંસનદેવીએ તેને રસ્તો ભૂલાવી ગુરૂ "ગુણભૂષણ" જે ઉદ્યાનમાં બિરાજતા હતા, તેની સમીપે લાવી મૂક્યો.

ઉદ્યાનમાં વૃક્ષ નીચે બિરાજેલા ગુરુદેવ અને શિષ્ય પરિવારને જોતાં જ તેમની મશ્કરી કરવાની ઈચ્છા કુમારને થઈ.

હાસ્ય ઠઠ્ઠા મશ્કરી કરતાં કુમાર વિચારવા લાગ્યો.

"આ બિચારા ! અજ્ઞાનીઓ જગતનો આનંદ પ્રમોદ છોડી કેવાં દુઃખ ભોગવી રહ્યા છે ! ભયંકર તાપમાં અળવાણા પગે એક કપડા ભેર લાંબા લાંબા પંથ કરીને આવ્યા છે અને ખાવામાં પણ સૂકો-વધ્યો ઘટ્યો ઘરઘરથી ભીખ માંગી એકઠો કરેલો ખોરાક ખાય છે."

પછી જાણે મુનિરાજની દયા ન ખાતો હોય તેમ સામે આવીને કહેવા લાગ્યો,

"એ મૂઢમતે ! મને તારી દયા આવે છે. આ અમૂલ્ય માનવ જન્મને આમ દુઃખમાં સ્વહસ્તે ધકેલીને શું સુખ મેળવવાની ઈચ્છા રાખે છે ? એ ભાવના જ એક ભ્રમણા છે. સ્વર્ગ નરક કે પાપ-પુણ્યની ખોટી વાતો છોડી દે. આ જગતના આનંદ પ્રમોદ ભોગવી સુખી થા આ મારી સલાહ છે આમ કાયાને નકામું કષ્ટ શા માટે આપી રહ્યા છો ?

આ વાત અદ્રશ્ય રૂપે દેવી સાંભળતી હતી.

તેણે તરત જ દૈવિશક્તિ વડે કુમારને ત્યાં જ નિંદ્રાધીન બનાવી દીધો. અને ઉપર પ્રમાણે નરકનું તાદ્રશ્ય સ્વરૂપ બતાવ્યું.

એ ભાન ભૂલ્યો કુમાર જાગૃત થયો ત્યારે દુઃખોથી બચવા ગુરુદેવના ચરણે નમી પડયો. સામેથી મીઠી જબાનમાં ગુરૂ 'ગુણભૂષણ' સ્વામી બોલી ઊઠયા.

"કુમાર ! પાપ પૂણ્યના પલ્લાની પરખ પડી ? જગતમાં રહીને મોજશોખ ભોગવવાં, સ્વર્ગ-નરકને ભ્રમણા માનવી અને અનિષ્ટ કર્મો કરવા પાછળ અંધ બનવાની તમારી વૃત્તિ હવે સ્વીકાર્ય છે? હવે ધર્મ માર્ગે ચાલવાની ભાવના થાય છે ?

"ભૂલ્યા ત્યાંથી ફરી ગણો"

"ગુરૂદેવ ! પ્રણામ પ્રભુ! મારી બગડેલી બાજી સુધારો"

હું આજ સુધી કંઈ ન સમજ્યો, આજે મારી આંખ ખુલ્લી ગઈ છે.

મારી ભૂલની ક્ષમા આપો ભગવાન !

ગુરૂચરણે લોટી પડતા કુમારની આંખે ઝળહળિયાં આવી ગયાં.

ગુરુએ સમય પીછાણ્યો.

સ્વપ્નમાં તાજા જ જોયેલાં ભયંકર દુઃખોનું વિસ્તીર્ણ વર્ણન કરી જગતના પાપપૂણ્યના માર્ગોનું સ્પષ્ટ સ્વરૂપ સમજાવ્યું.

મુનિરાજના બોધયુક્ત હિતકારી વચનો વડે રાજકુમારનું હૃદય વીંધાઈ ગયું. ઊંડે

ઊંડે ઉતરેલી નાસ્તિકતા નાશી ગઈ. ગુરૂ વચનોમાં શ્રદ્ધા ઉત્પન્ન થઈ. પોતે આજસુધી કરેલી મૂર્ખાઈ માટે પશ્ચાતાપ કરવા લાગ્યો.

ધર્મમાર્ગે જીવન વ્યતીત કરવા માટે ધર્મબોધ શ્રવણ કરવાની ભાવના જાગી અને ગુરુ મુખે વ્યવહારૂ ધર્મનું સ્વરૂપ પ્રાપ્ત કરી ધર્મ પર પૂર્ણ આસ્થાવાળો બન્યો.

નૂતન જીવન જીવવાની પ્રતિજ્ઞા સાથે કુમાર કેલિપ્રિય પાછો ફર્યો.

રાજમહેલે આવી પોતાની ભૂલો માટે પિતાની ક્ષમા માંગી. મહારાજા હિંમતસિંહે આ અપૂર્વસિદ્ધિ નિહાળી શહેરમાં મહોત્સવ મનાવ્યો.

ભક્તામર સ્તોત્રના ગુણગાન ગવાયાં. જૈનધર્મના જયઘોષ પડ્યા.

પ્રભુ સ્મરણ કરવાથી દેવો પણ વશ થાય છે. તો પછી આ જગતના એક માટીના માનવીને વશ કરવો એમાં શું આશ્ચર્ય ?

▼▼▼▼▼

જેને સંસાર છોડવાની તીવ્ર લાલસા હોય અને મોક્ષ મેળવવા માટે પૂર્ણ પ્રયત્ન કરતા હોય એવી વ્યક્તિઓનો સમુદાય તે શ્રીસંઘ, અર્થાત્ ચતુર્વિધસંઘમાં તે જ વ્યક્તિનો સમાવેશ થાય કે 'જે સંસાર છોડવા જેવો', 'દીક્ષા લેવા જેવી' અને 'મોક્ષ મેળવવા જેવો' માનતો હોય, એ ભાવના શિવાય સંઘમાં સમાવેશ થઈ શખતો નથી. એવો શ્રીસંઘ અત્યંત પવિત્ર હોવાથી એ તીર્થસ્વરૂપ કહેવાય છે. એવા સંઘની બરાબરીમાં બીજો કોઈ સંઘ આવી શકે નહીં. જ્યાં જિન ધર્મને માનનારા પણ જો સંસારને છોડવા જેવો ન માને, દીક્ષા લેવા જેવી અને મોક્ષ મેળવવા જેવો ન માને એમના સમુદાય ને પણ સંઘ ન કહ્યો તો બીજાઓની તો વાત જ ક્યાં ? એવા શ્રી સંઘની મહત્તા પ્રત્યેક ભવ્યાત્માના હૃદયમાં બેસાડવા માટે તીર્થંકરો પોતે "નમો તીત્થસ્સ" કહીને તીર્થને નંમસ્કાર કરીને જ સમવસરણમાં બેસે છે. એ તીર્થની સ્થાપનાથી અનેક આત્માઓનું કલ્યાણ થાય છે. એ સંઘની મહિમા શાસ્ત્રોમાં અત્યુત્તમ સર્વોત્કૃષ્ટ વર્ણવાયેલી છે. એવા શ્રીસંઘમાં જગતના સર્વે ગુણોનો સમાવેશ થઈ જ જાય છે સર્વે ગુણો ત્યાં નિવાસ કરીને રહેલાં છે.

**- જયાનંદ**

# ૧૦. વિજય વાવટો ફરક્યો

(જેમાં અછંડ પ્રધાન શત્રુઓને પરાજિત કરી રાજા બને છે.)

(૧૮)

**નિત્યોદયં દલિત મોહ મહાંધકારં**
**ગમ્યં ન રાહુવદનસ્ય ન વારિદાનામ્ ।**
**વિભ્રાજતે તવ મુખાબ્જમનલ્પકાન્તિ**
**વિદ્યોતયજ્જગદપૂર્વ શશાંક બિમ્બમ્ ॥**

ભાવાર્થ (૧૮)

- જે કાયમી ઉદયરૂપ છે, જે મોહરૂપ અંધકારનો નાશ કરનાર છે, જેને રાહુ પકડી શકતો નથી, જેને મેઘનું છત્ર ઢાંકી શકતું નથી. એવું આપનું મુખકમળ આ જગતમાં એક અપૂર્વ પૂર્ણિમાની સોળે કળાએ ખીલેલા ચંદ્રમા જેવું શોભે છે.

ગરવી ગુજરાતનો ગરવો રાજવી.

જૈનધર્મ પ્રત્યે સંપૂર્ણ શ્રદ્ધાવાન, ન્યાય પરાયણ અને પ્રજા પાલક.

રાજા તો અનેક પૃથ્વી પટ પર થઈ ગયા, પણ આ રાજવી તો અનોખો જ.

જેના રાજ્યમાં પશુઓને પણ વસ્ત્રગાળ પાણી પીવાની યોજનાઓ હતી.

હોમ હવન ને પશુવધ સદંતર બંધ હતાં.

"અહિંસા પરમો ધર્મ"નું ઉત્કૃષ્ટપણે પાલન અહીં થતું હતું. જે રાજા અહિંસક હોય તેની પ્રજા હિંસાને તિરસ્કારે જ !

રાજાના પ્રધાનો પણ જૈન ધર્મી !

જેવો ધર્મપ્રેમી રાજા કુમારપાળ, તેવો જ ધર્મપ્રેમી પ્રધાન અછંડ.

રાજ્યભક્ત સત્ય નિષ્ઠાવાન. અને ન્યાયી.

સદ્ગુરુના સંયોગે ભક્તામર મહામંત્રનો સંપૂર્ણ જ્ઞાતા ને શ્રદ્ધાવાન.

રાજ્યસેવાના બદલા તરીકે તેને મહારાજા તરફથી રસકસથી સભર એવો 'લાટ' દેશ બક્ષીસ મળ્યો.

એક પ્રધાન 'લાટ' દેશનો રાજવી બને એ બીજાઓથી કેમ સાંખી શકાય ?

પાડોશી રાજાઓ દુશ્મન બન્યા. અછંડની દૂર્બળતાનો લાભ લેવા તૈયાર થયા. એક સંપે થઈ બધા સામા થયા.

અછંડ પણ ઉત્તર વાળવા તૈયાર હતો.

લવલશ્કર તૈયાર કરી તેણે સામેથી ચઢાઈ કરી.

કર્મની સત્તા આગળ માનવીની સમજ બુઠ્ઠી થાય છે

અછંડનું લશ્કર ભયંકર અટવીમાં ભૂલું પડયું. નથી રસ્તો મળતો, પાણી નથી. ખોરાક પણ ખૂટ્યો છે.

મહા મુશ્કેલીમાંથી છૂટવાનો કોઈ ઉપાય નથી દુશ્મનો તો આ વાત સાંભળી ઉલટા વધુ હર્ષિત થયા !

અછંડ ગભરાવા લાગ્યો, હવે શું ઉપાય ?

દુ:ખના સમય "પ્રભુ સ્મરણની" ઔષધિજ અવશ્ય સહાયક થાય છે

આવેલ દુ:ખને કસોટીરૂપ માની ધૈર્યપૂર્વક સ્વીકારી લીધું.

પવિત્ર આસન પર બેસી હૃદયના સાચા ભાવપૂર્વક "નિત્યોદય" (શ્લોક ૧૮)નું દઢતા પૂર્વક સ્મરણ કરવા લાગ્યો, અને શાસન દેવીનું આસન કંપી ઊઢ્યું.

ઉપયોગને મૂકી જોતાં ભક્તના દુ:ખની દેવીને ઝાંખી થઈ. તે તરતજ ત્યાં હાજર થઈ.

વિષમ અટવીમાં પણ દૈવી પ્રકાશનો ઉજાસ થયો.

અછંડે મુશ્કેલીમાંથી બચાવવા નમ્રતાપૂર્વક દેવીને વિનંતિ કરી.

ભક્તિભાવે રીઝેલી દેવીએ બે રત્નો તેના હાથમાં આપ્યા.

એક રત્ન ગમે તે પ્રકારનું વિષ(ઝેર) નાશ કરવાની શક્તિ ધરાવતું હતું.

બીજા રત્નના પ્રભાવે રસ્તો ભૂલાય નહિ, અને શત્રુ પર વિજય પ્રાપ્ત થાય.

ઉપરાંત મહા વિકટ અટવીમાંથી નીકળવાનો સરળ માર્ગ બતાવી દીધો.

દેવી અંતર્ધ્યાન થયાં, અછંડ દૈવીકૃપાએ આગળ વધ્યો.

દુશ્મન રાજ્યોના રાજાઓને પોતાના ભૂજાબળે નમાવ્યા, વશ કર્યા, મહા બળવાન 'મલય' રાજા પાસે પણ પોતાની આણ મનાવી.

વિજય ડંકો વગાડતો અછંડ "લાટ" પાછો ફર્યો.

રાજ્યધાનીમાં પ્રજાએ ઉત્સવ ઉજવ્યો. માન સન્માન પૂર્વક અછંડ રાજવીનો નગર પ્રવેશ થયો.

જનનીનો ઉપકાર જગતનો માનવી ભૂલી જાય તો પૃથ્વી રસાતાળ થઈ જાય.

પવિત્ર માતાની કૂખમાં આળોટતાં મહાન બનેલા જગતવિખ્યાત માનવો પણ માતાની સુભાશિષો મેળવવામાં જ રાચતા હતા.

અછંડ પણ પહેલાં જનેતા-માતાનાં દર્શન કરવા, નમસ્કાર કરવા આવી લાગ્યો.

વિજયવંત પુત્રનું આગમન કઈ માતાને ઉત્સાહ પ્રેરિત ન કરે ?

અછંડ ભલે લાટનો રાજા હોય પણ માતાનો તો લાડકો બાળક જ ને !

માતાને ખોળે લાડ કરતો એ નમી પડયો, માતાએ ઓવારણાં લીધાં આશીર્વાદ આપ્યા. હર્ષોલ્લાસપૂર્વક હૃદયે ચાંપ્યો.

સાથોસાથ એક ટકોર પણ કરી દીધી.

"બેટા ! સિંહ બકરા પર વિજય મેળવે તેવી તારી જીત છે. કારણ તે વિજયમાં જીતેલા બધા રાજાઓ તારાથી ઓછી સાધનસામગ્રીવાળા અને ઓછા બળવાળા છે. ભૃગુકચ્છનો સમર્થ રાજવી "પૃથ્વીસેન, જ્યારે તને નમતો આવશે, ત્યારે જ સાચો વિજય" કહેવાશે.

તેજીને ટકોર જ હોય.

વિજય મહોત્સવ અપૂર્ણ રહ્યો, અને સેના સહ ભૃગુકચ્છ તરફ કૂચ આરંભી.

પૃથ્વીસેન પણ સમાચાર સાંભળીને ઉછળી પડ્યો.

સામસામે લશ્કરો ગોઠવાઈ ગયા.

સામે મહાબલિષ્ઠ સાધન સંપત્તિથી ભરપુર રાજવી હતો, પણ અછંડ પાસે દૈવી બક્ષિસનું એક 'રત્ન' હતું.

રત્નના પ્રભાવે કરીને સમર્થ રાજવીને પણ છેવટે નમવું પડયું. અને આજ્ઞા શિરોમાન્ય કરી.

દેશવિદેશમાં યશપતાકા ફરકાવતો વિજયડંકો વગાડી અછંડ ફરીથી રાજ્યધાનીમાં પાછો ફર્યો. અને આવીને પહેલાં જ માતાને પાયે પડયો.

વિજયવંત પુત્રની આ યશકલંગી એ મહાન પ્રભાવિક ભક્તામર સ્તોત્રનું જ પરિણામ હતું.

માતા ધન્ય બની ! ધર્મભાવનામાં વધુને વધુ દઢ બની.

પ્રજા તો જૈનધર્મના રંગે રંગાઈ ગઈ.

દેશમાં ડંકો વાગ્યો જૈનધર્મનો ! અને દિગંતે પડઘા ભક્તામર સ્તોત્રના મહિમાના !

પ્રભુ સ્મરણે રાગદ્વેષાદિ શત્રુઓ જીતી શકાય છે. તો માનવ શત્રુને જીતવા તેમાં શું નવાઈ !

આગમકારોએ એ ચાર પુરૂષાર્થની પ્રરૂપણા કરી છે. ધર્મ અર્થ, કામ, અને મોક્ષ. આમાં અહીં ત્રણ પુરૂષાર્થને ગ્રહણ કરીને ધર્મમાં મોક્ષ પુરૂષાર્થનો સમાવેશ કરેલો છે. કારણ કે ધર્મથી જ મોક્ષ છે. ધર્મનું ફળ પણ મોક્ષ જ છે. આ શ્લોકમાં ધર્મ પુરૂષાર્થની મહત્તા દર્શાવી છે. અર્થ અને કામની પાછળ પાગલ બનેલાઓને સંકેત છે કે એ બેની પ્રાપ્તિ પણ ધર્મથી જ થાય છે. અને એ બે માટે જ ધર્મ કર્યો તો એ મળી જશે અને તે આત્માને દુર્ગતિમાં લઈ જશે એ સુનિશ્ચિત છે. મોક્ષ માટે ધર્મ કર્યો અને મોક્ષ ન મળે ત્યાં સુધી અર્થ કામ મળશે જ અને તે અર્થ કામ મારેલા વિષની જેમ હશે. ઔષધિનું કામ કરનારા હશે તેથી તે આત્માને મોક્ષ પુરૂષાર્થમાં સહાયક જ બનશે. એ માટે માનવે ધર્મ પુરૂષાર્થ નિષ્કામ ભાવથી જ આદરવો જોઈએ. - *જયાનંદ*

# ૧૧. અજવાળી અમાસ

(જેમાં લક્ષ્મીકાંત કૃત્રિમ ચંદ્ર ઉત્પન્ન કરી સન્માન મેળવે છે.)

(૧૯)

**કિં શર્વરીષુ શશિનાઽહ્નિ વિવસ્વતા વા**
**યુષ્મન્મુખેન્દુ દલિતેષુ તમસ્સુ નાથ ।**
**નિષ્પન્ન શાલિ વન શાલિનિ જીવલોકે**
**કાર્યં કિયજ્જલધરૈર્જલ ભારનમ્રૈઃ॥**

ભાવાર્થ (૧૯)

- હે નાથ ! રાત્રે ચંદ્રથી શું ? અને દિવસે સૂર્યથી પણ શું ? તમારા મુખરૂપી ચંદ્રથી જ અજ્ઞાનરૂપી અંધકારનો નાશ થઈ જાય છે પાકી ગયેલ ડાંગરના ખેતરોથી સુશોભિત આ મૃત્યુલોકમાં જલના ભાર વડે નમ્ર બની ગયેલાં વાદળાં શું કામનાં છે ?

ચારે બાજુ ઘોર અંધકાર !

ક્યાંય એક કેડી પણ સૂઝતી નથી.

હાથી, ઘોડા, રથ અને પાયદળ તમામ સ્થગિત થયું છે.

વિશાળાનગરનો રાજવી લોકપાલ આજે અકથ્ય મુંઝવણમાં મૂકાયો છે.

રાત્રિના બે વાગ્યાનો સમય છે.

કૃષ્ણ પક્ષની અમાવસ્યાએ રંગ જમાવી દીધો છે.

ઊંચે આભમાં અંધકાર, નીચે ધરતી કાળી ધબ.

અને મશાલનું અજવાળું કરવામાં તો.

તો દુશ્મન ચેતી જાય ધારેલી ધારણા વિફળ થાય.

એક સમર્થ શત્રુને જીવતો પકડવા કબજે કરવા આજે મહારાજા લોકપાલ ગુપ્તમાર્ગે દિવસ અસ્ત થતાં નીકળી પડ્યા છે.

સૂર્યોદય પહેલાં જ આ કાર્ય ન પતે તો દુશ્મનથી બચવું પણ મુશ્કેલ થાય, એવી પરિસ્થિતિ સર્જાઈ છે

પણ અહીં તો અધવચ્ચે અટવાઈ ગયા !

હવે શું થાય ?

લક્ષ્મીકાન્ત નામનો એક નાગરિક રાજસેવક તરીકે સાથે હતો.

રાજાની મુંઝવણ નીહાળતાં તેનો અંતરાત્મા સળવળવા લાગ્યો.

રાજસેવા બજાવવાની ભાવના તેનામાં પ્રદિપ્ત થઈ.

લક્ષ્મીકાન્ત વિશાળાનગરીનો એક શાહુકાર !

દયાળુ, પરગજુ અને વિદ્યાગુણથી અલંકૃત, ધર્મપ્રેમી, અને શ્રદ્ધાવાળો.

'વિદ્યાચંદ્ર' ગુરૂ પાસેથી ધર્મજ્ઞાન અને આત્મિક બોધ ભારોભાર મેળવેલ હતો.

વ્યવહારકુશળ અને પ્રમાણિકતાનો મહાન સ્તંભ.

તેણે ભક્તામર મહામંત્રની પ્રસાદી પણ પ્રાપ્ત કરી હતી.

મહામંત્રનું આસ્થાપૂર્વક પઠનપાઠન અને જાપ નિરંતર કરવાની તેને ટેવ હતી. તે જગતનું ભાન પણ ભૂલી જતો એવી એકાગ્રતા તેના જીવનમાં વણાઈ હતી.

એક સમયે તે **'કિંશર્વરીષુ'** શ્લોક ૧૯નો જાપ કરવામાં તલ્લીન હતો, ત્યારે તેના પ્રભાવે શાસન નાયક દેવ પ્રગટ થયા.

'માગ ! માગ ! માગે તે આપું. તારી ભક્તિથી હું ખૂબ પ્રસન્ન થયો છું. દેવવાણીએ ભક્ત જાગૃત થયો.

દેવ ! આપની પ્રસન્નતા માટે આભાર ! આ પળે કોઈ પ્રકારની મારી ઈચ્છા નથી. યથા સમયે માગીશ. સામો પ્રત્યુત્તર આપ્યો.

"દેવદર્શન ખાલી ન જાય" માટે લે આ એક મણિ તેનું નામ છે **'ચન્દ્રકાન્ત'** ૧૯મા શ્લોકનું સ્મરણ કરી આ મણિ આકાશ તરફ ઉછાળવાથી સોળે કળાએ પરિપૂર્ણ ખીલ્યો હોય તેવો કૃત્રિમ ચંદ્ર બની જશે. અને ત્હારી ઈચ્છાનુસાર તે ગગનમાં પ્રકાશશે. જરૂર પડ્યે પાછો ત્હારા હાથમાં આવી જશે. કોઈક કામ પ્રસંગે તને ઉપયોગી થશે. ઉપરાંત કામ પડે જરૂર આજ શ્લોકનું આરાધન કરતાં હું હાજર થઈશ." એમ કહી દેવ સ્થાનકે ચાલ્યા ગયા.

એ પ્રકારે પ્રાપ્ત થયેલ દૈવમણિ લક્ષ્મીકાન્ત પોતાની પાસે જ રાખતો હતો. આજે તેના પ્રતાપે કરીને રાજસેવા કરવાનો અને સાથોસાથ જૈનધર્મની પ્રભાવના કરવાનો સુઅવસર તેને પ્રાપ્ત થયો. એ માટે તે પોતાને ધન્ય માનવા લાગ્યો.

શુદ્ધ આસને બેસી શ્રદ્ધાપૂર્વક ૧૯ મા શ્લોકનું સ્મરણ કર્યું.

હાથમાં રમાડી રહેલા એ કાચના ટુકડાને આકાશ તરફ ફેંકયો

અને તરત જ ચમત્કાર !

પ્રકાશ ! પ્રકાશ ! પ્રકાશ ! ચારે બાજુ પ્રકાશ !

જાણે પૂર્ણિમાનો શશિ સોળે કળાએ પ્રગટયો, આજે અમાસ હતી તોયે !

રાજાના આશ્ચર્યની અવધિ ન રહી.

અણચિંતવ્યો પ્રકાશ અને તે દ્વારા પોતાના કામની સિદ્ધિ નિહાળી રાજા અત્યંત ખૂશ થયો.

આવી અણધારી સહાય કરનાર લક્ષ્મીકાન્તને સન્માન સહ રાજા ભેટી પડ્યો.

ગળાનો અમૂલ્ય હાર તે જ પળે તેના ગળામાં પહેરાવી દીધો.

ઉપરાંત મોટી જાગીર બક્ષીસ આપી.

રાહ મળી જતાં સમયસર દુશ્મન નગરમાં પહોંચી જઈ શત્રુને કબજે કર્યો. અને પોતાની આણ મનાવી.

વિજય ડંકો વગાડતો રાજા રાજ્યધાનીમાં પાછો ફર્યો.

અતુલ રાજ્યલક્ષ્મી પ્રાપ્ત કરવામાં પહેલો ઉપકારક લક્ષ્મીકાન્ત હતો, એને રાજા ન ભૂલ્યો.

લક્ષ્મીકાન્તને રાજ્યના રક્ષણકર્તાનું મહાન સ્થાન આપવામાં આવ્યું.

જે બળ વડે આટલું મહાન સ્થાન પ્રાપ્ત થઈ શક્યું તે મહાન શક્તિના પ્રતાપે રાજા અને નગરજનો જૈનધર્મના અનુયાયી બન્યા.

જૈન ધર્મનો વિજયડંકો વાગ્યો. ભક્તામર સ્તોત્રનો ગુંજારવ ઘેર ઘેર ચાલુ થયો.

જે વાણી વડે વીતરાગ દેવની સ્તુતિ થાય છે તે વાણી સર્વ વિઘ્નોનો નાશ કરી કર્મરૂપી અંધકારને નષ્ટ કરે છે તો પછી એનું સ્મરણ જગતના સામાન્ય અંધકારનો નાશ કરે એમાં શું આશ્ચર્ય !

જે સદા સત્ય વચન જ બોલે છે તેના માટે આગ જલની જેમ શીતલ થાય છે. સમુદ્રમાં પણ સ્થળ થઈ જાય છે, તેના દુશ્મનો પણ સત્યવચનથી આકર્ષાઈને મિત્રો બની જય છે દેવતાઓ તો એની સેવા કરવાના ઈચ્છુક બનીને ઉભા રહે છે. ભયાનક જંગલમાં પણ એને નગરના જેવું જ વાતાવરણ મળે છે. જંગલના હિંસક પશુઓ પણ એના કુટુંબીજન જેવા થઈ જવાથી જંગલ પણ નગર જેવું થઈ જાય છે. પર્વત ચઢવો એ તો ઘરમાં પગ મુકવા જેવું એને લાગે છે. એના માટે કોઈ એ સાપ લાવ્યો હોય તો પણ તે પુષ્પમાળા બની જાય છે. સિંહ હરણની જેમ એની પાસે ઉભો રહે છે. ભયંકર પાતાલમાં જવું હોય તો પણ તે તેને સાધારણ છિદ્ર જેવું દેખાય છે. શસ્ત્રની માર પણ કમલદલની જેમ સુખદ જ બને છે. પાગલ હાથી પણ શિયાળની જેમ એનાથી ભય પામીને દૂર થઈ જાય છે. એને કોઈ વિષ દે તો પણ તેના માટે તે અમૃતનું કામ કરે છે. કદાચ તેનાથી કોઈ વિપરીત કાર્ય થઈ જાય તો પણ તે કાર્યથી તેને સારું જ થાય છે એથી પણ એને લાભ જ મળે છે. એ રીતે સત્યવચન આત્મા માટે સતત હિતકારી જ છે.

**- જયાનંદ**

# ૧૨. ભવિષ્ય ભાખ્યું

(જેમાં રાણીના ગર્ભના સંતાનની ભવિષ્યવાણી ભાખવામાં આવે છે.)

(૨૦)

**જ્ઞાનં યથા ત્વયિ વિભાતિ કૃતાવકાશં**
**નૈવં તથા હરિહરાદિષુ નાયકેષુ ।**
**તેજઃ સ્ફુરન્મણિષુ યાતિ યથા મહત્વં**
**નૈવં તુ કાચશકલે કિરણાકુલેડપિ ॥**

ભાવાર્થ (૨૦)

- આપમાં રહેલું યથાસ્વરૂપ જ્ઞાન જેવું શોભે છે તેવું હરિહરાદિક દેવોમાં શોભતું નથી. કારણ કે પ્રકાશિત મણિરત્નનો પ્રકાશ સૂર્ય સમાન તેજસ્વી હોય છે પણ કાચના ટુકડાઓમાં એ પ્રકાશ હોતો નથી.

રાજસિંહ રાજા ને વિશાલા રાણી.

જુગતે જોડી મળી.

નાગપુર નગરીનો પ્રજાપાલક રાજવી.

ન્યાયી, પ્રજાવત્સલ અને પરાક્રમી, શત્રુ તો શોધ્યા પણ ન જડે.

વિશાળ દિલની એ મહારાણી, શાન્ત, પરોપકાર અને પતિભક્ત પરાયણ.

સુખમાં વિલસતાં રાજારાણી અને સુખોપભોગ માણતી જનતાનો મેળો, અન્યને અદેખાઈ ઉત્પન્ન કરે.

પરમાત્માની પરમ કૃપા તેમના પર ઉતરી આવી.

કાળ જતે રાણી સગર્ભા બની.

દિનપ્રતિદિન ગર્ભનું પાલન કરતાં સકલ જનોને સંતોષ આપતી હતી.

પ્રોઢાવસ્થા વટાવી ગયેલ રાજવીને આ પહેલું સંતાન હતું, એથી તેના દિલમાં ચટપટી થવા લાગી.

રાજ્યના મહાન જ્યોતિષીઓ પાસેથી ભવિષ્યકાળ જાણવાની ઈંતેજારી ઉત્પન્ન થઈ.

રાજ્યમાં અનેક પંડિતો-વિદ્વાનો પોષાતા હતા.

આજે તેમની આ બહાના નીચે પરિક્ષા પણ લેવાશે એમ રાજાએ માન્યું.

આજની કચેરીનો રંગ કંઈક ઓર જામ્યો હતો. એક બાજુ રાજ્યનો અધિકારી વર્ગ બેઠો હતો. બીજી બાજુ જ્યોતિષી પંડિતોની સભા શોભતી હતી સામે સુવર્ણસિંહાસન ઉપર રત્નજડિત પોષાકમાં રાજા બિરાજ્યો હતો.

રાજકાજના અનેક પ્રશ્નોની ચર્ચા થઈ, અંતે રાજવી સભાને ઉદ્દેશી બોલ્યો.

"સૌ કોઈ જાણો છો કે મારી રાણી ગર્ભવતી છે. તો તે ગર્ભનો જન્મ ક્યારે ને કેવી

સ્થિતિમાં થશે ? અને પુત્ર જન્મશે કે પુત્રી ? એ પ્રશ્નનો જવાબ મારી સભાના વિદ્વાન પંડિતોમાંથી કોઈ આપશો ?"

સભામાં સન્નાટો વ્યાપી ગયો.

પંડિતો પોતાની પંડિતાઈ બતાવવા અધીરા બન્યા, પણ આવા પ્રશ્નનો જવાબ શું આપવો ? તે વિચારમાં અટવાઈ ગયા.

જ્યોતિષીઓ શાસ્ત્રના શ્લોકો યાદ કરી કરી મહારાજાના પ્રશ્નનો જવાબ શોધવા માટે હોઠ ફફડાવવા લાગ્યા. પણ સાચો ઉકેલ કોઈ ખોળી શક્યું નહિં.

રાજસિંહ રાજાને પણ ખેદ થયો "શું આ પ્રશ્નનો જવાબ કોઈ નહિ આપી શકે ?"

આ તો કુદરતની કરામતનો પ્રશ્ન !

જ્યોતિષ વિદ્યાના પારંગત પંડિતો રાજાનું મન ખુશ કરવા માટે જુદા જુદા જવાબ આપવા લાગ્યા.

કોઈ કહે પુત્ર આવશે. તો કોઈ કહે પુત્રી. પણ તેને સમર્થન આપી શકે તેવો પ્રત્યુત્તર કોઈ આપી શક્યા નહિં.

કચેરી સ્તબ્ધ બની ગઈ, હવે શું થશે ?

ગામોગામ એ પ્રશ્નનો ઉત્તર મેળવવા રાજપડહ વગડાવવાનો મંત્રીશ્વરને હુકમ આપી કચેરી બરખાસ્ત કરી.

વાત વાએ ઉડતી ગામ આખામાં પ્રસરી ગઈ.

વિદ્યાનંદી નામના એક જ્ઞાની પુરુષ વિદ્યાનિપૂણ શાન્ત, ગંભીર અને સંત.

જૈન ધર્મના ઊંડા રહસ્યના જાણકાર.

ભક્તામર મહામંત્રના જ્ઞાતા અને ભક્તામરની સિદ્ધિ પ્રાપ્ત કરનાર.

લોકસેવા તેમનું વ્રત હતું. નિરાભિમાની ને નિઃસ્વાર્થી.

રાજાના પ્રશ્નનો પ્રત્યુત્તર આપવાની ભાવના તેના મનમાં જાગૃત થઈ. તેમાં બેવડો લાભ હતો.

જૈન ધર્મનો વિજયધ્વજ ફરકે અને રાજવીનું સમાધાન થાય.

વિદ્યાનંદી પવિત્ર આસને બિરાજીને '**જ્ઞાનં યથા ત્વયિ.**" એ શ્લોકનું એકચિત્તે સ્મરણ કરવા લાગ્યો. ત્યાં કર્મ પિશાચિક નામની દેવી અદ્રશ્ય સ્વરૂપે હાજર થઈ.

તરત જ વંદન કરવા પૂર્વક રાજવીના પ્રશ્નનો ઉત્તર દેવી પાસેથી પ્રાપ્ત કરી લીધો. દેવી સ્વસ્થાનકે ગઈ.

યોગ્ય વસ્ત્રો ધારણ કરી વિદ્યાનંદી રાજ્યસભામાં આવવા નીકળ્યા. અને કચેરીમાં નિસ્તેજ માનવ સમુદાયની વચ્ચે આવી પહોંચ્યા.

એમને જોતાં કોઈ મશ્કરાએ મહારાજાને કહ્યું,

"મહારાજા ! આ જૈન જ્યોતિષ વિદ્યાનંદી આપના પ્રશ્નનો ખુલાશો આપશે માટે તેમને પૂછો."

વિદ્યાનંદીને યથાસ્થાને બેસવા કહ્યું. રાજાએ પોતાના પ્રશ્નનો જવાબ આપવા સૂચવ્યું.

એ માટેની સંપૂર્ણ તૈયારી સાથે તો એ સંત જ્ઞાની આવ્યા હતા, તેમના મુખ પર એનો ઘણો આનંદ હતો.

"મહારાજા ! સાંભળો, આપની રાણી આજથી બારમા દિવસે ઘણાજ દેદિપ્યમાન કુંવરને જન્મ આપશે. તે કુમાર ભવિષ્યમાં ઘણોજ બળવાન, અને સમૃદ્ધિવાન થશે પણ તેને જન્મથી ત્રણ ચક્ષુઓ હશે. ઉપરાંત તેની સાબિતિ માટે જે દિવસે પુત્ર જન્મશે તે જ દિવસે આપના મુખ્ય હાથીનું મૃત્યુ થશે."

"હેં આ શું કહ્યું ? ત્રણ આંખોવાળો તે કોઈ હોતો હશે. સાવ મૂર્ખા જેવીવાત કહી, તે દિવસે મુખ્ય હાથી મરણ પામશે, ગપાષ્ટકની અવધિજ નથી, મહારાજા ! કેવી બનાવટ જોડી કાઢી છે. આ જૈનો તો આમજ લોકોને લલચાવે છે" દ્વેષીજનોમાં પરસ્પર ચર્ચાઓ ચાલવા લાગી.

મહારાજાએ આ જવાબની નોંધ લીધી અને વિદ્યાનંદીને કહ્યું.

જોષીરાજ ! બાર દિવસ સુધી તમને અમારી નજર તળે રાખવા પડશે, જો તમારી વાત સાચી ઠરશે તો હું તમારૂં સન્માન કરીશ, નહીંતર આવી ખોટી વાતો ફેલાવી અને જનતાને ભરમાવવા માટે યોગ્ય શિક્ષા કરીશ.

જેવી આપની મરજી.

વિદ્યાનંદી નજરકેદ બન્યા, સભા સુનમુન વીખરાઈ ગઈ.

વાતવાતમાં બાર દિવસ વીતી ગયા.

બારમા દિવસના પ્રભાતે રાણીના પેટમાં પીડા ઉત્પન્ન થઈ અને થોડીવારે ત્રિનેત્રવાળા કાંતિમાન કુમારને જન્મ આપ્યો.

કુદરતમાં નિર્માણ થયા મુજબ તે સમયે હસ્તીપાળે શોક સમાચાર આપ્યા કે હસ્તિશાળાનો વડો હાથી મરણ પામ્યો છે.

રાજા ભવિષ્યવાણીની સત્યતા જાણી ખુશ થયો વિદ્યાનંદીને બોલાવી તેમનું સન્માન કર્યું.

દ્વેષીજનો તો લજવાઈ ગયા, ધરતીમાતા માર્ગ આપે તો સમાઈ જાય એટલી શરમ આવી ગઈ. ક્ષમા માગતા જૈનધર્મ પર શ્રદ્ધાવાન બન્યા. જૈનજ્ઞાનના અનેરા પડઘા પડ્યા.

# ૧૩. અન્યમતિઓ ઓગળ્યા

(જેમાં અન્ય મતિઓ પણ પ્રેમપૂર્વક જૈન ધર્મ સ્વીકારે છે)

(શ્લોક ૨૧)

**મન્યે વરં હરિહરાદય એવ દષ્ટા**
**દષ્ટેષુ યેષુ હૃદયં ત્વયિ તોષમેતિ ।**
**કિં વિક્ષિતેન ભવતા ભુવિ યેન નાન્યઃ**
**કશ્ચિન્મનો હરતિ નાથ ભવાંતરેડપિ ॥**

ભાવાર્થ (૨૧)

- મૈં ચોતરફ નજર કરી તો હરિહરાદિક દેવોને જોયા તે સારૂં થયું. કારણ કે એમને જોયા છતાં પણ મારૂં ચિત્ત આપનામાં જ સંતુષ્ટ થાય છે. આ લોકમાં કે પરલોકમાં હવે આ જગતમાં આપને જોયા પછી બીજો કોઈ દેવ મારા મનને આકર્ષણ કરનારો થઈ શકશે નહિ.

ગુણવંતી ગુજરાત એટલે જૈનોનું વહાલું વતન.

કોઈ ગામ એવું નહિ હોય, જ્યાં જૈનનું ઘર ન હોય.

તે સમયે જૈનોની બોલબાલા પણ હતી.

પરંતુ તેમાંય એક આશ્ચર્ય હતું.

દેવપુર જ એક એવું સુંદર શહેર હતું, જ્યાં અઢારે વર્ણના લોકોનો વસવાટ હતો. પરંતુ ન હતા માત્ર એક "જૈનો"

કાં. આમ કેમ ? શરૂઆતથી જ આ ગામમાં જૈનોએ વસવું પસંદ નહિ કર્યું હોય ?

ના, ના, મૂળ તો આ શહેર પણ જૈનોના ઠાઠમાઠ અને વૈભવવિલાસનું ધામ હતું, પરંતુ કાળ જતાં આજે ત્યાં જૈન નામધારી કોઈ પણ નથી.

કારણ ?

જૈનધર્મના ગુરૂદેવોએ આ શહેરને વિસારી મૂક્યું. અહીં આવતા બંધ થયા. એટલે રહ્યા રહ્યા જૈનો ધર્મ ભૂલ્યા, અન્ય દર્શનીઓના ચમત્કારમાં મોહ્યા. અને તે બધા શિવમાર્ગી બની ગયા.

સૈકાની વારી આવે છે.

એક સૈકો ચઢતી અને એક સૈકો પડતી.

જગત ઘટમાળનો આ અટલ નિયમ કોઈ તોડી શકનાર નથી.

આ શહેર પણ સૈકા પહેલાં જૈનોની જાહોજલાલીએ ગાજતું હતું, આજે ત્યાં અન્ય દર્શનીઓનું જોર જામ્યું હતું.

પણ હવે તેનો અંત આવવાની તૈયારી ન હોય તેમ એક દિવસ 'ક્ષમાશીલ' નામે વિદ્વાન મનિરાજ શિષ્ય સમુદાય સાથે ત્યાં આવી ચઢયા.

કહોને ભૂલા પડયા. અથવા કુદરતી સંકેત જ તેમને ત્યાં દોરી ગયો.

શહેરના રમણીય બગીચામાં તેઓ ઉતર્યા.

શહેરના આવતા જતા માણસો પાસેથી સર્વ હકીકત મેળવી તે વાકેફ થયા.

"આ શહેરના શિવ માર્ગે વળેલ જૈનો શું ફરીથી જૈન ધર્મ ન સ્વીકારે ? આટલા દિવસ તેમને દોરનાર કોઈ ન મળ્યો હોય, એટલે કદાચ તેઓ પગથિયું ચૂક્યા હોય. પરંતુ હવે તેમને સાચે રસ્તે દોરવા એ આપણો ધર્મ છે. તેથી એ કામ પહેલું કરવું જોઈએ" ગુરૂદેવ શિષ્યોને સમજાવી રહ્યા હતા.

"શું ઉપાય ?"મુંઝવતા શિષ્યોએ પ્રશ્ન કર્યો.

"જગત જેને માન્ય ગણે તે માર્ગે આગળ વધવાથી જરૂર સફળતા મળી શકશે. આ બધા લોકો આજે શિવમાર્ગી છે માટે શિવના મંદિરમાં જ બધા માણસો એકત્ર થઈ શકશે. આપણે બધાએ પણ ત્યાંજ જવાનું છે" ગુરૂદેવે કાર્યની શરૂઆત આરંભી.

તરત જ ગુરૂદેવે સપરિવાર પોતાનો વસવાટ બદલી નાખ્યો. મહાદેવના મંદિરના એક ઓટલા પર પડાવ નાખ્યો.

ગામમાં વાયુવેગે વાત ફેલાઈ કે, કોઈ જૈન સાધુઓ મહાદેવના દહેરામાં આવી ઉતર્યા છે. આ તો આશ્ચર્યની વાત કહેવાય.

લોકોનાં ટોળેટોળાં ઊભરાવા લાગ્યાં, કોઈ નવી નવાઈ જોવા, કોઈ જ્ઞાન મેળવવા, કોઈ મહાદેવનાં દર્શન કરવા, તો કોઈ વળી આ નવા મહેમાનોને સાંભળવા, આમ કોઈને કોઈ બહાને બહોળો જનસમુદાય ત્યાં એકઠો થઈ ગયો.

મુનિરાજે ધર્મનું સત્ય સ્વરૂપ સમજાવતાં કહ્યું કે "કોઈ પણ જાતના પક્ષપાત રાખ્યા વિના જેનું કથન સત્ય હોય તેજ આચરણીય છે. બીજા મતોની સરખામણીમાં જૈન ધર્મ વિશિષ્ઠ પ્રકારે આદરણીય છે. કારણ કે "જૈન" કોઈની નિંદા કરતો નથી. દયાભાવ અહિંસા અને સત્ય તો તેના જીવનમાં વણાએલા હોય છે."

આમ ભૂલાયેલો ઉપદેશ ફરીથી હૃદય પર પડતાં જે જૈનો હમણાં થોડા કાળ પહેલાંજ શિવાનુમાર્ગી બન્યા હતા. તેમના હૃદય પરથી છવાયેલી રાખ ઊડી ગઈ. અને ફરીથી તેઓએ શ્રાવક ધર્મ સ્વીકાર્યો.

અન્ય મતાનુયાયીઓએ તાદ્રશ્યપણે બધા ધર્મોની તૂલના કરી બતાવવા વિનંતિ કરી.

ક્ષમાશીલ સાધુએ સમય પિછાણ્યો.

આ સમયે આ બધાઓને સત્યવાત પ્રત્યક્ષ બતાવવામાં આવે તો જરૂર બધા જૈન બની જાય. અને જૈન ધર્મનો પ્રભાવ વધે.

તરત જ તેમણે **"મન્ચેવર"** શ્લોક ૨૧ માનું ભાવપૂર્વક આરાધન કરવા માંડયુ કે તરત જ શાસનરક્ષક દેવ હાજર થયો. આજ્ઞા માંગી.

મુનિરાજે હસ્તજોડી વંદન કર્યું. પોતાની સમીપે એકત્ર થયેલ મેદની સમક્ષ બધા દેવોની પ્રત્યક્ષ તૂલના કરી બતાવવા કહ્યું.

દેવે વિદ્યાશક્તિના બળ વડે કરી જુદા જુદા દેવોનાં યથાર્થ સ્વરૂપો પ્રત્યક્ષ બતાવ્યાં. તેમના વિશિષ્ટ ગુણોનું દર્શન પણ સાથે કરાવ્યું. છેલ્લે જિનેશ્વર દેવનું સાચું સ્વરૂપ રજુ કરી તેના ઉત્તમ વિશિષ્ટ ગુણો પ્રત્યક્ષ બતાવ્યા. કયા ધર્મમાં કઈ ન્યૂનતા છે, અને કયા ધર્મમાં કેવા પ્રકારે શ્રેષ્ઠતા વિશિષ્ટતા છે તે હુબહુ સમજાવ્યું આથી તે શહેરના ઘણા અન્યમતિઓએ ક્ષમાશીલ મુનિરાજ પાસે જૈનત્વ ગ્રહણ કર્યું, જૈન બન્યા.

રજા માગી દેવ સ્વસ્થાનકે ગયો.

જૈન ધર્મનો પ્રભાવ સારા શહેરમાં વધ્યો. પોળે પોળે અને લતેલતે એકજ ચર્ચા થવા લાગી. જૈનના અધિઠાતા દેવની.

જૈન ધર્મની સાચી મહત્તા લોકો સમજી ગયા.

ભક્તામર મહામંત્રના ચમત્કારની વાતોએ જનતા પર જાદુ કર્યું, ઘેર ઘેર એ મહામંત્રના ગુંજારવ શરૂ થયા.

દેવપુર નગર ફરીથી જૈનોની જાહોજલાલીનો ગૌરવ અનુભવવા લાગ્યું.

સાધુ મુનિરાજો પણ હવે ચાતુર્માસ ગાળવા અહીં આવવા લાગ્યા. અને જૈનધર્મની મહત્તાનો સિંચારવ લોકો પર થતો રહ્યો.

શ્રીએ દયાથી યુક્ત ચિત્તની શક્તિનું દર્શન કરાવ્યું છે. તેમણે કહ્યું કે- જે વ્યક્તિનું હૃદય દયા રસથી ઓતપ્રોત હોય તેનું આયુષ્ય લાંબુ અર્થાત્ તેને સદ્‌ગતિનું લાંબુ આયુષ્ય મળે છે. એને શરીર સુંદર મળે છે, ને વંશ-ગોત્ર પણ મહિમાવાળું મળે છે. એની પાસે જે ધન હોય એમાં વૃદ્ધિ થાય અને આવનારા ભવમાં પણ એને ધનવાનોંના ઘરે જન્મ મળે છે. એની શક્તિમાં વધારો થાય છે અને આવનારા ભવોમાં શક્તિશાળી બને છે. આ ભવમાં એનું માલિકીપણું ઉંચું થાય છે અને આવનાર ભવમાં એ ઉચ્ચકોટીનો સ્વામી બને છે. એનું આરોગ્ય કાયમ જળવાઈ રહે છે. અને આવનાર ભવમાં નિરોગી જ રહે છે. આ ભવ અને પરભવમાં એની કીર્તિ ચારેબાજુ ફેલાય છે. અને સંસારને સુખરૂપ તરી જાય એવો બનાવી દે છે. અર્થાત્ બેત્રણ ભવમાં જ એની મુક્તિ થઈ જાય છે.

**- જયાનંદ**

# ૧૪. જૈન ધર્મનો જયકાર

(જેમાં મુનિને મરાતો દંડાનો પ્રહાર રાજા પર પડે છે)

(શ્લોક નંબર ૨૨)

**સ્ત્રીણાં શતાનિ શતશો જનયન્તિ પુત્રાન્**
**નાન્યા સુતં ત્વદુપં જનની પ્રસૂતા ।**
**સર્વાદિશો દધતિ ભાનિ સહસ્ત્રરશ્મિં**
**પ્રાચ્યેવ દિગ્જનયતિ સ્ફૂરદંશુજાલમ્ ॥**

(ભાવાર્થ ૨૨)

- જેવી રીતે હજારો કિરણ ચારે બાજુ ફેંકનાર તારલાઓનો સમૂહ ચોતરફ હોય છે છતાં તેજરાશિનો ભંડાર સૂર્ય તો પૂર્વ દિશામાં એક જ પ્રકાશે છે, તેમ સેંકડો સ્ત્રીઓની કૂખમાં સેંકડો પુત્રો ભલે જન્મ પામતા હોય, પણ આપના જેવા કોઈ પુત્રને બીજી માતા આ જગતમાં જન્મ આપતી નથી.

નંદનપુર નગર ખરેજ નંદનપુર જ !

ભવ્યને દિવ્ય પણ કહી શકાય.

પ્રજાનું પાલન કરનાર રાજવી 'પ્રજાપાલક.'

યથા નામા તથા ગુણા.

બૌદ્ધ ધર્મી રાજા વિદ્યારસિક અને રાજનીતિમાં નિપૂણ.

રાજકચેરીમાં અનેકવાર જુદા જુદા ધર્મીઓના વાદવિવાદ થાય.

પ્રજ્ઞાકર સાધુ બૌદ્ધધર્મનું પ્રતિપાદન કરનારા, કચેરીમાં શોભી ઊઠે.

જૈન ધર્મના એક મુનિરાજ, તે પણ મહાન વિદ્વાન.

ભલભલાનાં પાણી ઉતારી નાખે એવા,

એક દિવસ કચેરીમાં તેમની પણ પધરામણી થઈ.

અને વાદવિવાદ શરૂ થયો.

મધ્યસ્થે બિરાજ્યા, પ્રજાપાલક નૃપતિ.

મતિસાગર મુનિરાજ મતિના સાગરજ કહો ને !

સરખે સરખી જોડ મળી હતી.

પ્રજ્ઞાકરની પહેલી દલીલ રજુ થઈ.

જગતની સર્વ વસ્તુઓ ક્ષણિક છે. તે સત્‌રૂપ છે. વિદ્યમાન રૂપવાળી છે. અને સત્ હોય તે ક્ષણિક હોય એવો નિયમ છે. પદાર્થ માત્ર ભિન્નભિન્ન અવયવોના સંકલનથી બન્યા છે. તે કોઈ એક અવયવ નથી જ.

સામો પ્રત્યુત્તર અપાયો.

સર્વ વસ્તુ ક્ષણિક હોય તો પ્રથમ જોયેલ વસ્તુ તરત નાશ પામી જવી જોઈએ. તેના બદલે પહેલાં જોયેલ માણસ આજ પણ જોવાય છે. વળી સંસારભરમાં અનેક પ્રકારની લેણદેણ કરનારની હાજરી જ નથી ત્યાં લેણદેણ કેવી ? પણ તે થાય છે

વળી કાપેલ નખ ફરીથી ઉગે છે. પણ મૂળમાંથી કાપી નાખીએ તો ફરીથી ઉગતો નથી. એટલે વસ્તુમાત્ર દ્રવ્ય અપેક્ષાએ નિત્ય છે. તે ક્ષણક્ષણમાં સ્થિતિ બદલવાથી ક્ષણિક કહેવાય છે. પણ કોઈ અવયવી નથી જ, એમ કહેવું સર્વથી ખોટું છે.

સભામાંથી પોકાર પડયો ‘સાચી વાત, મતિસાગર મુનિની સાચીવાત. આમ ગર્વિષ્ટ બૌદ્ધ સાધુનો રાજસભામાં પરાજય થયો.

પરાજિત પ્રજ્ઞાકર સાધુ અપમાનની ઝાળમાં બળવા લાગ્યા. ધીમે ધીમે શરીર ક્ષણિક થતું ગયું.

વેર લેવાની ભાવના પ્રબળ બનતી ગઈ. અંતે એ વિચારમાં ને વિચારમાં તેમનું મૃત્યુ થયું.

બીજા જન્મે બન્યા યક્ષ !

અવધિજ્ઞાને યક્ષે પૂર્વભવના મતિસાગર મુનિરાજને જોયા અને દુશ્મનાવટની ભાવના ફરી તદ્રૂપ થઈ.

જે અરિહંત દેવના શરણે જીવન જીવે તેને ઉની આંચ ન આવે.

યક્ષની ભાવના મુનિરાજને અનેક પરિસહો આપવામાં નિષ્ફળ ગઈ, એટલે ‘દુશ્મનના મિત્ર પણ દુશ્મન’ એમ માની ગામના જૈન શ્રાવકોમાં વ્યાધિ ઉત્પન્ન કર્યો.

પીડા પામતા શ્રાવકો અનેક પ્રકારના બાહ્ય ઉપચારો કરવા લાગ્યા.

પરંતુ આ પીડા તો યક્ષના વૈરભાવે ઉત્પન્ન થયેલી હતી, તે ક્યાંથી મટે.

બધાએ મતિસાગર મુનિરાજના ચરણે પડી વ્યાધિમુક્ત કરવા વિનવણી કરી.

જીવમાત્રની પીડા હરવી અને શાંતિ આપવી એ દયાળુ માનવનું કર્તવ્ય છે.

મુનિરાજે સમય ઓળખીને તે વખતે **“સ્ત્રીણાંશતાનિ”** એ ભક્તામરની ગાથાનું સ્મરણ કર્યું. વિધિપૂર્વક આરાધન કરતા યક્ષ મંદિરમાં યક્ષ પ્રતિમા સામે પગ કરીને સૂતા.

હવે યક્ષ વધુ કોપાયમાન થયો.

પોતાનો દુશ્મન પોતાના જ ઘરમાં સામે આવીને ઉભો રહે તો તેને કેમ છોડી શકાય ?

યક્ષે અનેક પ્રકારના ઉપસર્ગો કર્યા, ભય બતાવ્યા. બાધા ઉપજાવી, પણ મુનિરાજ અડગ, શાંત અને દૃઢનિશ્ચયી બનીને બેઠા.

એકે ઉપાય ન ફાવ્યો એટલે યક્ષે રાજાને સ્વપ્નમાં ચેતવ્યો.

'રાજન ! જેની કૃપાથી તમે સુખી છો તે તારા માનેલા દેવનું એક જૈન સાધુ અપમાન કરી રહ્યો છે, તને તેનું ભાન નથી.'

રાજાને આ સાંભળી ખૂબ ક્રોધ ચડયો.

'કોણ છે હાજર ! એ અપમાન કરનાર જોગટાને પકડીને મારી નાખો' હુકમ છૂટયો.

રાજાનો હુકમ ! એક કહેતાં એકવીશ છૂટયા !

દંડા હાથમાં લઈ પ્રતિહારો દોડ્યા મંદિરમાં !

જોયું તો શાંત મુદ્રાએ મુનિરાજ સુતા છે. પગ છે યક્ષની પ્રતિમા સામે.

નોકરો મંડી પડ્યા દંડાનો પ્રહાર દેવા. તડાપડી શરૂ થઈ. દંડાનો પ્રહાર મુનિરાજની સાથળ પર પડ્યો. તે બેઠા થયા તો પીઠ પર બીજો દંડો, આમ ફરે તો જમણા પાસા પર ત્રીજો પ્રહાર. ચોથો કેડ પર, આમ ઉપરાઉપરી દંડા પડવા લાગ્યા.

પણ મુનિરાજની મુખમુદ્રા શાંત-ગંભીર છે નથી તેમને મારની પીડા કે નથી મારનારા પર રોષ ! મુખ મંડળ ઉલટાનું આનંદથી વધુ ઝળકી રહેલ છે

મારનારા બિચારા થાકી ગયા. આ આશ્ચર્ય એકીટશે નિહાળી રહ્યા. ત્યાં એક અનુચર દોડતો આવ્યો પાછળ લાવ લશ્કર સાથે રાજા પણ સપરિવાર દોડતો આવે છે. આવીને મુનિરાજના પગમાં પડ્યો. પોતાના અપરાધની ક્ષમા માંગતાં શિક્ષાથી બચાવવા વિનંતિ કરી.

એવું શું બન્યું હશે ?

વાત એમ બની કે મનિરાજને અહીં પડતો દંડાનો માર ખરેખર તેમને પડ્યો ન હતો, પણ રાજમહાલયમાં સૂતેલા રાજાના અંગેઅંગ પર પડી રહ્યો હતો. આખા શરીરે દંડ પ્રહારના સોળ ઉઠયા હતા. રાજા બૂમ બરાડા પાડતો અંતઃપૂરમાં આમતેમ દોડી રહ્યો.

અંતે માર બંધ થયો, ત્યારે રાજાની આંખ ખૂલી. આ પ્રત્યક્ષ ચમત્કાર દેખીને રાજા બધાની સાથે દોડતો મંદિરે આવ્યો.

મુનિરાજે ધર્મભાવનાનો બોધ આપ્યો.

યક્ષ પણ સાચી સ્થિતિ સમજ્યો. પ્રજાની પીડા મટાડી હવેથી ઉપદ્રવો ન કરવા કબૂલ થયો.

રાજા અને અન્ય પ્રજાજનો જૈનધર્મના ચાહક બન્યા. ધર્મપ્રભાવના વધી ગઈ.

ભક્તામર મહામંત્ર પ્રભાવના દિગંતે પડઘા પડ્યા. સર્વત્ર જૈનધર્મનો જયજયકાર ગવાયો.

❖❖❖❖

# ૧૫. અહિંસાનો વિજય

(જેમાં હિંસક દેવી સમ્યકત્વ પામે છે )

(શ્લોક નં. ૨૩)

**ત્વામામનન્તિ મુનયઃ પરમં પુમાંસ માદિત્યવર્ણમમલં તમસઃ પુરસ્તાત્ ।**
**ત્વામેવ સમ્યગુપલભ્ય જયન્તિ મૃત્યું, નાન્યઃ શિવઃ શિવપદસ્ય મુનીન્દ્ર પન્થાઃ ॥**

(ભાવાર્થ૨૩)

- હે મુનીન્દ્ર ! આપને જે શ્રેષ્ઠ મનુષ્ય માને છે અને અંધકારને ભેદનાર સૂર્ય સમાન કાંતિવાળા અને નિર્મળ આપને પામીને તે મૃત્યુને જીતી જાય છે. આ જગતમાં આપના વિના બીજો કોઈ ઉપદ્રવ રહિત અને કલ્યાણકારી શ્રેષ્ઠ માર્ગ નથી.

ભવ્ય ભરતખંડમાં અવર્ણીય અવન્તિ દેશ.

ઉજ્જયનિ નગર તેની રાજધાની, આજનું ઉજ્જૈન કદાચ હશે.

અનેક ધનવાન શ્રીમંતોની ગગનચુંબી આલિશાન ઈમારતોથી શોભતું !

અમૂલ્ય રત્નો, મણિમુક્તાના ભંડારો, આવા શ્રેષ્ઠિઓ પાસે હતા, જેનો જોટો જડવો જગતમાં દૂર્લભ હતો.

નગરની બહાર સહસ્ત્રામ્બુ નામે વિશાળ ઉદ્યાન.

ઉદ્યાનની મધ્યમાં એક ભવ્ય અને ભયંકર મંદિર ચંડિકા દેવીનું !

એ ક્રોધની પાછળ હિંસાનું પોત પ્રકાશેલું જ હોય.

એ દેવીમંદિરની આસપાસનું વાતાવરણ પણ હિંસાથી ભરપુર.

ઠેરઠેર લોહી, માંસ, હાડ, ચામ ને જનાવરનાં મુડદાંના ગંજ પડ્યા જણાય.

સેંકડો નિર્દોષ અબોલ પ્રાણીની હત્યા દેવીને રીઝવવા માટે અજ્ઞાની જનો વડે રોજ અહીં થાય.

હિંસા પ્રિય દેવી ! એવા જ હિંસા પ્રિય દેવીભક્તો !

દેવીના કોપના બહાના નીચે પોતાની દૂષ્ટ વાંચ્છનાંઓ પૂર્ણ કરે.

ઉદ્યાન રળિયામણું ભલે હોય છતાં બિહામણું અને ભયંકર વધુ.

એ હિંસા સામે પણ એક દિવસ અહિંસાનો વિજય થયો.

જૈન અણગાર એટલે અહિંસાનું સત્ય સ્વરૂપ !

દૂરદૂરથી વિહાર કરતાં સૂર્યાસ્ત સમયે ઉદ્યાને આવ્યા એક મુનિરાજ !

શહેરમાં પહોંચવા સમય નથી. રાત ક્યાં ગાળવી ?

આ દેવી મંદિરમાં જ વળી ! રાત્રી ગાળવાનો નિર્ણય લઈ લીધો.

નિત્ય ક્રિયાથી પરવારી મુનિશ્રીએ સંથારો કર્યો.

અડધીક રાત્રી વીતી ગઈ.

સાત્વિક જનોની હાજરી અસાત્વિકોને ખટકે.

ચંડિકાદેવીને એ સંતપુરુષની હાજરી કંઈ ગમે ?

ન ગમે તો પણ એ સંત પુરુષ અડધી રાતે જાય પણ ક્યાં ?

દેવીએ તો સ્વપરાક્રમના પ્રત્યક્ષ પરચા બતાવવા શરૂ કર્યા.

ઘડીમાં વાઘરૂપે ધસી આવે, તો ઘડીમાં સિંહરૂપે ત્રાડ નાખે.

ઘડીમાં ગજ સ્વરૂપે ગુંજાર કરતી દોડે તો ઘડીમાં સર્પ સ્વરૂપે મુનિના પગમાં ડસવા આવે.

પરંતુ અરિહંત દેવના ઉપાસક દયાની મૂર્તિ સમા મુનિનું એક રૂંવાડુંય તેથી ફરકતું નથી.

આ દેહ પર જેને મમતા નથી તે દેહને પીડા આપનાર એ પૈશાચિક દેવી છેવટે છેલ્લા ઉપાય તરીકે ખૂલ્લી સમશેર લઈ વિકરાળ સ્વરૂપે દોડતી આવી.

એ પળવારમાં ધડ પરથી મસ્તક જુદું થઈ જશે.

પણ આ શું ચમત્કાર !

જ્ઞાનીઓ તો ભયશોકમુક્ત હોય, તેમને કોઈનો ડર હોય જ નહિ.

આવેલ ઉપસર્ગો સહન કરવાનું બળ મેળવવા માટે મૌનપણે "ત્વામામનંતિ" શ્લોકનું આરાધન શરૂ કર્યું.

શ્લોકનો મધુર ગુંજારવ વાતાવરણમાં પ્રસરતાં જ શાસનદેવીનું આસન કંપી ઊઠ્યું. દૈવીશક્તિએ તેણે મુનિરાજ પર થતા ઉપસર્ગો નિહાળ્યા.

પળવારના વિલંબ વિના અંતરિક્ષમાં પ્રકાશ થયો. ચંડિકાદેવીની સામેજ શાસનદેવી ખડાં થયાં.

મુનિરાજના મહાન ગુણો સાંભળતાં જ દેવીના હાથનું ખડગ ખડીંગ કરતું નીચું પડી ગયું.

શાસનદેવીએ મુનિના કરેલ અપરાધોની ક્ષમા માંગવા મીઠા વચનોમાં ઠપકારૂપે સૂચન કર્યું.

ચંડિકા પોતાની ભૂલ સમજી મુનિરાજને ખમાવી પોતાના અપરાધની ક્ષમા માંગી અને બોલી ઉઠી.

"મુનિરાજ ! હું આપને ન ઓળખી શકી. આપ જે આજ્ઞા કરો તે પ્રમાણે વર્તવા હું તૈયાર છું.

મુનિરાજે સમય આવ્યો જાણી કહ્યું.

"દેવી ! જો તું તારૂં વચન પાળવા બંધાતી હો તો મારી માગણી એટલી જ છે કે આ જગા પર હજારો નિર્દોષ પ્રાણીઓનો વધ તારા નિમિત્તે અજ્ઞાની જનોથી થાય છે, તે ખરેખર અનુચિત છે. આ કામ આજથી બંધ થવું જઈએ.

"તારા ભક્તોને હિંસાના માર્ગેથી અટકાવીને દુર્ગતિની ઊંડી ગર્તામાં પડતા તું નહિ બચાવે તો તેમની શી દશા થશે ? માટે તેમને અહિંસક બનાવ."

દેવીએ એ વચન અંગીકાર કર્યું. આસપાસનું હિંસક વાતાવરણ સારૂં કરી દીધું.

વિકરાળ ભાસતી દેવમૂર્તિ પણ શાંત - દયા વર્ષાવતી બની ગઈ.

વહેલી સવારે ભક્તો મંદિરે આવ્યા. દેવીની મૂર્તિ નિહાળતાં જ આભા બન્યા.

આ શું ? શું દેવી કોપમાં ? શું કોઈ દુષ્ટે દેવીમૂર્તિ બદલી નાખી ?

ગામનો એક એક જન એકત્ર થયો. અંદરોઅંદર વિચારે ચઢયો.

ત્યાં એક ચમત્કાર થયો. દેવીમૂર્તિની વાચા ખૂલી.

"નગરજનો ! શું વિચારો છો ? આજથી આ મંદિર પ્રાણી માત્રનું આશ્રય સ્થાન બનશે. મારો આદેશ છે કે - આ જગા પર આજથી કોઈ પણ પ્રકારની હિંસા કરવામાં નહિ આવે.

સામે બિરાજેલા ગુરૂદેવ આપણા બધાના બોધક છે તેમને ચરણે નમી ભૂલની ક્ષમા માગો, તોજ આપણી બધાની ચઢતી થશે.

દેવીવચન અંગીકાર કરી નગરજનો મુનિરાજના ચરણે પડ્યા.

ભક્તામર સ્તોત્રના ગુણબોધ શ્રવણ કરીને જૈન ધર્મમાં રત બન્યા.

ચંડિકા દેવી અહિંસક બની ગઈ. જૈન શાસનનો જયકાર ગવાયો.

ન્યાયમાર્ગની નીંવ પર ટકી રહેલો જિનધર્મ અન્યાયની જડને જ ઉખેડીને ફેંકી દે છે. કારણ કે જિનધર્મ લોભ અને પરિગ્રહ સંજ્ઞાને પાપનું મૂળ કારણ સમજાવે છે. અને બેની પુષ્ટિ માટે જ અન્યાય માર્ગ છે એ બેને જ ઉખેડીને ફેંકી દેવાનો ઉદ્‌ઘોષ કરનાર જ જિનધર્મ છે તેથી તે અન્યાયને ઉખેડીને ફેંકી દેનારો કહેવામાં આવ્યો છે. મિથ્યાત્વ બુદ્ધિનું મંથન કરીને નાશ કરે છે અર્થાત્ મિથ્યાત્વ ગ્રંથીના ભેદનની વાત જિનધર્મે જ કરી છે. બીજે ક્યાંય આવી વાત જ નથી. તેથી તેને(મિથ્યાત્વને) મંથન કરીને નષ્ટ કરવાનું કહ્યું છે. જિનધર્મ જ વીતરાગની વાત કરે છે. તેથી તે ધર્મ વિરાગભાવ વૈરાગ્યભાવનો વિસ્તાર કરાવનાર છે. જિનધર્મ જેવી કરૂણા બીજે શોધી જડે એમ જ નથી. સુક્ષ્મમાં સૂક્ષ્મ જીવની પણ વિરાધનાથી બચવાનું કહીને જિનધર્મે કરુણાની પુષ્ટિ કરી છે.

- **જયાનંદ**

# ૧૬. નવે અવતારે !

(જ્યાં રાણીઓને વળગેલો વ્યંતર નાશી જાય છે)

(૨૪)

**ત્વામવ્યયં વિભુમચિંત્યમસંખ્યમાદ્યં**
**બ્રહ્માણમીશ્વર મનન્તમનંગ કેતુમ્ ।**
**યોગીશ્વરં વિદિતયોગમનેકમેકં**
**જ્ઞાનસ્વરુપમમલં પ્રવદન્તિ સન્તઃ ॥**

ભાવાર્થ (૨૪)

હે પ્રભુ સંતો આપને ક્ષય રહિત, અચિંત્ય, અને ગુણ સંખ્યા રહિત, આદિ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, કામનો નાશ કરવામાં હેતુ સરખા યોગીરાજ યોગીવેત્તા અનેકાનેક જ્ઞાન સ્વરૂપ અને પાપમળથી રહિત માને છે.

(૨૫)

**બુદ્ધ સ્તમેવ વિબુધાર્ચિત બુદ્ધિબોધાત્**
**ત્વં શંકરોડસિ ભુવન ત્રય શંકર ત્વાત્ ।**
**ધાતાસિ ધીર શિવ માર્ગ વિધેર્વિધાનાત્**
**વ્યક્તં ત્વમેવ ભગવન્ પુરુષોત્તમોડસિ ॥**

ભાવાર્થ (૨૫)

- હે વિશુદ્ધ બુદ્ધિવાળા ! આપ બુદ્ધિનો બોધ કરો છો તેથી જ બુદ્ધ છો, અને ત્રણે લોકને કલ્યાણ-સુખ આપનાર હોવાથી આપ શંકર છો. હે ધીર ! આપ મોક્ષ માર્ગનો શુભ રાહ દર્શાવનાર છો. તેથી જ આપ ધાતા છો, વિધાતા છો સાક્ષાત્ પુરુષોત્તમ પણ આપ છો.

"તું શા માટે મારા સ્થાનમાં આવી ! હવે તો તારો ભોગ જ લઈશ. મને તું ઓળખતી નથી. હું, હું કોણ ? તારા ગામનો પેલો અવગતિઓ રામો શેઠ ! આજે હું વ્યંતર યોનિમાં જન્મ્યો છું. મારૂં મકાન, મારી દુકાન, મારી મુડી બધુંય રાજ્યે પડાવી લીધું, હું રઝળતો બની ગયો. યાદ રાખ એકે એક રાણીને ભરખી જઈશ. હું તેનો બદલો લઈશ. લઈશ ને લઈશ જ !" સૂર્યકુમારી આદિ પટ્ટરાણીઓના દેહમાં રહેલ વ્યંતર પોકારી રહ્યો છે.

બધી રાણીઓ ગાંડીતૂર બની ગઈ છે. બેભાન રહે છે. થોડી થોડી વારે બકવાસ શરૂ થાય છે.

રાજ કુટુંબ આખું શોકમાં ગરકાવ છે.

કોઈ કારી લાગતી નથી. દેહ સુકાવા લાગ્યો છે, શક્તિ ક્ષીણ થતી જાય છે. હવે આ જગતમાં થોડા દિવસની મહેમાન હોય એમ સૌ માને છે.

વ્યંતર વધુને વધુ દૃઢ બનતો જાય છે. રોજ રોજ નવ નવી પીડાઓ કરે જાય છે.

રાજા જીતશત્રુ મહાપરાક્રમી ને બલિષ્ઠ રાજવી !

અનેક શત્રુઓનો પરાભવ કરીને પોતાનું નામ સાર્થક કર્યું છે, પરંતુ આ શત્રુ સામે લાચાર છે.

પ્રજાહિતમાં સર્વસ્વ માનીને જીવન વીતાવનારો.

આઠ આઠ પટરાણીઓ સાથે સ્વર્ગસુખ માણી રહ્યો છે. સુવર્ણ કળશોથી સુશોભિત કોટીપતિઓની હવેલીઓને ઊંચા મહેલો ઉષાકાળે એક એક મહેલ પર જાણે સૂર્ય પ્રકાશ્યો ન હોય, એવો આભાસ થાય.

માટે જ નગરીનું નામ સૂર્યપુર પાડ્યું હશે.

એક તહેવારનો દિવસ હતો.

ઉદ્યાનમાં આનંદ કરવા રાજારાણીઓનો સમૂહ આજે નીકળ્યો હતો.

આનંદપ્રમોદમાં મસ્તપણે વિહરતાં રાણીઓ કોઈ વ્યંતરના સ્થાને જઈ પહોંચી.

અને તે વ્યંતરે તેમના દેહમાં તરત જ પ્રવેશ કર્યો.

બધી રાણીઓ લથડી પડી. બેશુદ્ધ બની ગઈ કે તરતજ બધા એકત્ર થઈ ગયા.

સારવાર માટે બધાંને રાજમહાલયમાં ખસેડવામાં આવી.

વૈદ આવ્યા., હકીમ આવ્યા, ભુવા આવ્યા, જંતરમંતરના જાણકાર પણ આવી ગયા.

દવાઓ અપાઈ. માત્રાઓ ને ભસ્મો આપી. માંત્રિકો એ ઝાડાઝપટા કર્યા. બધું વ્યર્થ.

ભાનમાં આવતાં એક સાથે બકવાસ શરૂ કર્યો. તે પરથી જાણ્યું કે કોઈ પિશાચે રાણીઓને ઘેરી લીધી છે.

અનેક પ્રયત્નો કરવા છતાં પરિણામ શૂન્ય આવ્યું.

રણમાં મીઠી વીરડી સમા શાંતકીર્તિ નામે મુનિરાજ તે સમયે સૂર્યપુરમાં બિરાજે.

બહુજ જ્ઞાની, મહાવિદ્વાન અને શાસ્ત્રોના પારંગત.

સાંસારિક જીવનમાં સારભૂત થવું એ સાધુઓનું લક્ષણ ન હોય.

પ્રભુધ્યાન શાસ્ત્રાભ્યાસ, અને ભવ્યજનોને ધર્મબોધ આપવા પાછળ જ જેમનું જીવન વીતતું હતું.

છતાંય સમય પીછાણી શાસનની પ્રભાવનાના કાર્યોમાં તુરત અભિમુખ બને.

મહારાજાને કોઈએ કહ્યું, "મહારાજ હવે ! એક ઉપાય બાકી છે."

"કહો, ભાઈ કહો ! શું રાણીઓના વ્યતંરને દૂર કરનાર કોઈ મહાન વ્યક્તિ છે ? તેને તમે જણો છો ?"

"પ્રભો ! આપણા ગામમાં જૈન મુનિરાજ બિરાજે છે."

તેમને બોલાવી વિનંતિ કરો, કોઈ ઉપાય તેઓ બતાવે તો જરૂર કાર્ય સુધરી જાય."

રાજા તરત જ જાતે ઉપાશ્રય તરફ ઉપડ્યો.

મુનિરાજ પાસે જઈ. વંદન કરી, આગમનની સર્વ વાતથી વાકેફ કર્યા.

આ વખત એવો હતો.

અને શત્રુઓને જીતનાર જીતશત્રુ એક વ્યંતર સામે આજે હતાશ થયો હતો.

એ વ્યંતરને જીતવા માટે તો આત્મશત્રુને જીતનાર કોઈ મહાન યોગીરાજની જરૂર હતી.

એથી એવા યોગીને મહારાજે આજે આમંત્ર્યા.

મુનિરાજ પણ તૈયાર જ હતા.

રાજાની વાત સાંભળી ધીર ગંભીર મુખે બોલ્યા.

"રાજન્ ! લેશમાત્ર ચિંતા ન કર, હમણાં એ વ્યંતરની પીડા હું દૂર કરૂં છું. જાઓ એક પવિત્ર જળનો લોટો ભરી લાવો.

રાજાએ સ્વહસ્તે કૂવામાંથી ખેંચી કાઢી એક લોટો પાણી હાજર કર્યું.

આંખ મીચીં, ધ્યાનમગ્ન બની ભક્તામર સ્તોત્રના બંને શ્લોકનું **"ત્વામવ્યયં અને બુદ્ધ સ્તમેવ"** પઠન કર્યું. દેવી આહ્‌વાન કર્યું અને પછી મુનિરાજે એ જળને તે વડે મંત્રીને રાજાને આપ્યું.

"રાજન્ ! આ મંત્રિત જળનો છંટકાવ એ દરેક રાણીઓની આંખ પર કરજો.

હોંશભર્યો રાજા જળ લઈ અંતઃપુરમાં આવ્યો.

બકવાટ કરતી. ઘડી હસતી, ઘડીક રોતી આવી રાણીઓની આંખ પર તે જળની અંજલીઓ ભરીને છાંટવામાં આવી.

જળનો છંટકાવ શરૂ થયો કે શાસન પ્રભાવક દેવની આંતરિક સહાયતા શરૂ થઈ, અને તરત જ વ્યંતર બિચારો બૂમાબૂમ કરતો પલાયન થઈ ગયો.

રાણીઓ શાંત થઈ ઉપદ્રવ રહિત બની ગઈ.

થોડીવાર પહેલાંની અશાંતિ પલાયન થઈ ગઈ.

ધવલ મંગલ વાજીંત્ર વાગવા લાગાં.

નવા અવતારે આવેલી રાણીઓએ અને રાજાએ મહા ઉત્સવ મનાવ્યો.

ઠાઠમાઠથી બધા ગુરુવંદને ચાલ્યાં. આખું શહેર હર્ષહિલોળે ચઢ્યું. બધાં ઉપાશ્રયે આવી મુનિરાજના ચરણે નમી પડયાં.

ધન્ય ! પ્રભુ ધન્ય ! આપ પ્રભુની ઉપાસના કરી જીવન ધન્ય કરો છો, અમે મંદમતિ અમારી શી ગતિ થશે ? યુદ્ધ સિવાય આજ સુધી મેં કંઈ કર્યું જ નથી. સ્વામી ! આથી બચાવો.

જૈન ધર્મના તત્ત્વજ્ઞાનની બોધવાર્તા સરળ ભાષામાં મનિરાજે કહી. ઉપદેશામૃતનું પાન કરતાં રાજારાણી જૈન ધર્મી બની ગયાં.

જૈન શાસનની પ્રભાવના વધી, અનેક ભવ્ય જનો જૈન ધર્મી બન્યાં.

પ્રભુનામ સ્મરણથી મોહરાક્ષસ જેવો વ્યંતર પણ ભાગી જાય છે. તો આ વ્યતંર શી વિસાતમાં ?

# ૧૭. કસોટીની એરણે

(જેમાં નિર્ધન ધનમિત્ર ધનનો સાચો મિત્ર બને છે.)

**તુભ્યં નમઃ સ્ત્રિભુવનાર્તિહરાય નાથ, તુભ્યં નમઃ ક્ષિતિતલામલ ભૂષણાય ।**
**તુભ્યં નમઃ સ્ત્રિજગતઃ પરમેશ્વરાય તુભ્યં નમઃ જિન ભવોદધિશોષણાય ॥**

ભાવાર્થ (૨૬)

- ત્રણ લોકના દુ:ખોનો નાશ કરનાર હે પ્રભુ ! આપને હું વંદન કરૂં છું. પૃથ્વીને શણગારનાર હે પ્રભુ ! આપને વંદન કરૂં છું.

કસોટી જીવનનો કપરો પ્રસંગ છે. આ કસોટીમાંથી સાંગોપાંગ પાર ઉતરનાર ઉત્તમ કોટીમાં ખપી શકે.

ધનમિત્ર એક નિર્ધન વણિક.

મનની અનેક અભિલાષાઓ ધનવિના મનમાં જ શમાવી રહે. "વસુ વિના નર પશુ" ભાગ્ય જાગ્યું. અને ગુણસેન મુનિરાજનાં દર્શન થયાં.

માનસિક અશાંતિ એ પાપનો ઉદય.

નિર્ધનને માનસિક શાંતિ ક્યાંથી સંભવી શકે ?

મુનિરાજનો ધર્મલાભ ધનમિત્રના હૃદયને સ્પર્શી ગયો. તેણે નત મસ્તકે પોતાની અશાંતિ દૂર કરવાનો ઉપાય પૂછયો.

"પૂર્વનાં શુભ કર્મના ફળ વડે લક્ષ્મી પ્રાપ્ત થાય છે. જ્યારે અશુભ કર્મનાં ફળ જીવનને અશાંતિ જ આપે છે. છતાં એ અશુભ કર્મને તોડવા માટે પુણ્ય જરૂરી છે

આ દેહથી થઈ શકે તેટલા પ્રમાણમાં પૂણ્યનો સંચય કરનાર માણસ ભવિષ્ય માટે શુભ કર્મ બાંધી શકે છે.

ઉપરાંત ભક્તામર મહામંત્રનો વિધિપૂર્વક નિરંતર પાઠજાપ અનેક સુખ અર્પનાર છે અને પરસ્ત્રી માતા સમાન માની વિષય રસથી અલિપ્ત રહેનારનાં સર્વ વિઘ્નો દુર થઈ જાય છે.

માટે "**તુભ્યં નમઃ**" એ શ્લોકનું નિરંતર પઠનપાઠન કરનાર વ્યક્તિ સર્વ પ્રકારના લાભ મેળવી શકે છે."

મહાન સંતનો ઉપદેશ જીવનમાં ઉતારવાનું નક્કી કર્યું ધનમિત્રે !

અને છ છ માસ સુધી ખાંડાની ધારે એ નિયમનું પાલન કર્યું.

કસોટીની એક સાંજ પણ આવી લાગી.

પરિક્ષામાં ઉત્તીર્ણ બને એ જ ઉત્તમ ગણાય ને ?

ધનમિત્ર રોજની કાર્યવાહી પતાવીને આજે ઘર તરફ પગલાં માંડી રહ્યો છે. રસ્તામાં મળી એક સર્વાંગ સુંદર સ્ત્રી !

શું રૂપ ! શું લાવણ્ય ! શું દર્શન ! શું વાણી ! જાણી લ્યો બીજો અપ્સરાનો જ અવતાર !

મધુર ભાષિણી સામે આવી મિષ્ટવચને બોલવા લાગી "વ્હાલા ! મારા પૂર્વપૂણ્યના સદ્‌ભાગ્યે આજે આપના દર્શન થયાં. મારૂં ભાગ્ય આજે ખુલ્યું. વરસોથી આપના દર્શનની તિતિક્ષા આ દાસી ઝંખી રહી હતી.

આપના સુકોમળ શરીરને ધર્મક્રિયા પાછળ સુકાવી નાખી શા માટે દુઃખી થાઓ છો ? મારી પાસે અખૂટ સંપત્તિ છે જે વંશ પરંપરા ખાધાથી ખૂટશે નહિ. આ મનુષ્ય જીવન વૈભવને ભોગવવા માટે જ છે. તેને પરલોક, કર્મબંધ પાપ જેવી નવાજેસોથી વગોવતા પાખંડી સાધુઓ તમારા જેવા યુવાનોને ભોળવીને અવળે રાહે દોરી રહેલા છે.

માટે હે પ્રાણાધાર ! મારો આજે સ્વીકાર કરો. વૈરાગી સાધુઓએ દર્શાવેલા સામાયિક, મંત્રજાપ, તપજપ જેવી વાતો પાછળ શા માટે આ સુકોમળ દેહને સુકાવી રહ્યા છો.

જીવનનો લ્હાવો આ જગત ઉપર જ છે. બીજો અવતાર કોણે જોયો છે ? કર્મનો બદલો બીજા અવતારે ભોગવવો પડે છે. એ તો પેલા સાધુઓની જગતના મૂર્ખા માણસોને ફસાવવાની એક ઈન્દ્રજાળ છે.

હું આવું કંઈએ માનતી નથી, આજે સર્વ પ્રકારનું સુખ મળતું હોય તો તે છોડીને કોણ આવા વૈરાગ્યના પંજામાં ફસાય ?

મારી બધીય દોલત તમારા ચરણે ધરું છું. આપણે તેનો યથેચ્છ ઉપભોગ કરી જીવન ધન્ય કરીએ. આવો, વ્હાલા આવો, આ દાસીને હવે વધુ ના તલસાવો.

ધનમિત્ર ખરેખર અચંબામાં પડયો. આ સુંદરીના શબ્દશ્રવણથી તેના હૃદયને ખેદ થયો. આટલી અજ્ઞાનતા ભરેલી વિષયાંધ સુંદરીને હવે મારે સાચા રસ્તે દોરવી જોઈએ, અને ત્યારે જ મેં આજ સુધી કરેલી ધર્મ સાધનાનું શુભ ફળ મળ્યું કહેવાય.

આજે ખરેખર મારી કસોટીનો સમય છે.

નિર્ધન ભલે રહ્યો, દરિદ્રતા ભલે રહી, મોજશોખ અને વૈભવવિલાસોનો વારસો ભલેને સામેથી આવી રહ્યો, આ બધુંય આજે ડંખી રહ્યું છે.

શાંત ચિત્તે સુંદરીની સામે ઉભા રહીને ધનમિત્રે કહ્યું.

બહેન ! આત્મા અને કર્મના સ્વરૂપનું તને જરા પણ જ્ઞાન નથી. એટલે તારાં વચન ધર્મશાસ્ત્ર વિરૂદ્ધનાં નીકળે તેમાં શું આશ્ચર્ય !

પહેલાં તો મારા માટે તારી જે ભાવના છે, તેનો સદંતર ત્યાગ કર. મારે મન મોટી પરસ્ત્રી માતા સમાન છે, સમવયી સ્ત્રી બહેન છે અને નાની મારી પુત્રી છે.

કિચડમાં પડવાથી વસ્ત્ર મલીન થાય, તેમ પરસ્ત્રી સાથેનો સમાગમ આત્માને

એવો મલીન કરી દે છે કે જે આત્માને પછી શુદ્ધ કરવાનો કોઈ ઉપાય રહેતો નથી.

પરસ્ત્રીનો સહવાસ ભવોભવ વિષે અધોગતિમાં રખડાવનાર અને આત્માને પાયમાલ કરનાર છે.

બેન ! તને પણ મારી ખાસ ભલામણ છે કે વિષયવાસના પાછળ લુપ્ત બની મારા પ્રત્યે કે અન્ય કોઈ પ્રત્યે આવી કોઈ ભાવના કરતાં અટકી જજે, તારા આત્માને દોષીત ન કરતી.

પરલોક કે પાપ પૂણ્યને તું નથી માનતી, પણ અનેક દાખલા-દ્રષ્ટાંતથી ધર્મશાસ્ત્રમાં એની સિદ્ધતા બતાવી છે. માટે આવી પાપી વાસનામય વાણી હવે કોઈવાર ન ઉચ્ચારતી.

ધર્મના માર્ગે તારું જીવન પસાર કરે એમ હું વારંવાર વિનવણી કરી કહું છું"

ધનમિત્ર સામે ઉભેલી યુવતીની કસોટીમાં આ યુવક સો ટકા શુદ્ધ સુવર્ણ જણાયો. અને તે જ સમયે યુવતીએ પોતાનું સાચું સ્વરૂપ પ્રગટ કર્યું.

નિયમપાલનની કસોટી માટે જ મંત્રાધીશ દેવી મનુષ્ય સ્ત્રી રૂપે સામે આવી હતી, તે હવે દેવી સ્વરૂપે પ્રત્યક્ષ થઈ. ધન્યવાદ આપ્યો, અને કહ્યું કે-

"શાબાશ ! ધનમિત્ર શાબાશ ! ભક્તામરના સ્મરણથી તારી ઈચ્છા પૂર્ણ કરવા જ હું આવી હતી અને તે પહેલાં તારી કસોટી કરવામાં આવી, જેમાં તું સંપૂર્ણ સફળ થયો છે. બોલ, તારી ઈચ્છા હોય તે વર માંગી લે."

મારે બીજું શું જોઈએ દેવી ! મારી નિર્ધનતા દૂર કરો તો ઉપકાર !

"તથાસ્તુ જા, તારા ઘરની કોઠીઓ લાકડીઓથી ભરી દેજે. બીજે દિવસે તે બધી સુવર્ણની બની જશે. પછી તેનો યથેચ્છ ઉપયોગ કરજે"

આમ કહી દેવી સ્થાનકે ગઈ

વળતે દિવસે દેવી વરદાને કરી ધનમિત્રની દરિદ્રતા દૂર થઈ ગઈ. નગરના લખપતિ, કરોડપતિની ગણનામાં ધનમિત્ર આવી ગયો.

"યથા નામા તથા ગુણા" જેમ ધનમિત્ર ધનનો સાચો મિત્ર બની ગયો.

અન્ય જનો જૈનધર્મના વધુને વધુ અનુયાયી બન્યા. જૈન ધર્મધ્વજ ફરકી રહ્યો.

ઈન્દ્ર ! પ્રભુ ! ભવસમુદ્રનું શોષણ કરનારા આપ છો, તેથી આપને હું વંદન કરૂં છું.

◆◆◆◆

# ૧૮. દેવીએ દીકરો દીધો

(જેમાં રાણી પુષ્પાવતી પુત્રરત્ન મેળવે છે)

(શ્લોક ૨૭)

**કો વિસ્મયોડત્ર યદિ નામ ગુણૈરશૈષે**
**સ્ત્વં સંશ્રિતો નિરવકાશતયા મુનીશ ।**
**દોષૈ રૂપાત્તવિવિધાશ્રય જાતગર્વૈ:।**
**સ્વપ્નાંતરેડપિ ન કદાચિદપીક્ષિતોડસિ ॥**

(ભાવાર્થ ૨૭)

- હે મુનીશ્વર ! આપ સમસ્ત ગુણોના પરિપૂર્ણ આશ્રય સ્થાનરૂપ છો, એમાં શું આશ્ચર્ય છે ? એ વિવિધ આશ્ચર્યોથી ઉત્પન્ન થતા મદ મોહ જેવા કઈ પણ દોષો આપનામાં સ્વપ્નમાં પણ ઉત્પન્ન થયેલા કદી જોયા નથી.

આ અસાર સંસારની મુસાફરીએ અનેક માનવ જીવો આવી ગયા. અનેક આજે રમણ કરે છે. અને અનેક હજી અનંતાકાળ સુધી આવશે.

એ પરિભ્રમણનો કાળ કોણ જાણે ક્યારે અટકશે ?

માનવો અનેક મન:કામનાઓની સાથે જગત પર જીવે છે

કોઈને ધનની લાલસા, કોઈને રાજસત્તાનો શોખ, કોઈને બહોળો કુટુંબ પરિવાર જોઈએ. તો કોઈને પુત્ર-પુત્રીનાં રમકડાં જ ગમે.

છેવટે એકાદ સંતાન-રમકડું મેળવવાની તો સૌ કોઈ વાંચ્છા રાખે.

ગોદાવરી નદી ભરતખંડના મધ્ય ભાગે વહી રહી છે.

નદીનો કિનારો લીલોછમ. અનેક કુદરતી સૌંદર્યથી ભરપૂર.

અનેક બાગબગીચાઓથી પરિવેષ્ટિત એવું એક રમણીય નગર.

ઉજ્જવળ પૂર્ણિમાના પ્રકાશને આંજી નાખે એવી પ્રતિભા ધારણ કરનાર એ શહેરનું નામ ચંદ્રપુરી.

ચંદ્રપુરીમાં રાજા હરિસિંહ. રૂપ ગુણવૈભવથી પરિપૂર્ણ પ્રજાપ્રિય અને ન્યાયી.

રાણી પુષ્પાવતી પણ કોમળ પુષ્પની પાંખડી જ જોઈ લો.

રાજા રાણી સર્વ વાતે શુભકર્મોનું સુખપૂર્વક ફળ ભોગવી રહેલ છે. પણ એક વાતે દુ:ખી છે. જેમ સુવર્ણ થાળમાં લોહ મેખલાં.

દિનપ્રતિદિન જાય છે, અને આયુષ્ય ઓછું થતું જાય છે. જ્યારે મૂર્ખા માણસો દરવરસે જન્મ દિવસનો ઉત્સવ ઉજવે છે

ઉત્તમવંશની વેલ પાંગર્યા વિનાની છે

વૈભવ વિલાસનો ભોક્તા "પુત્રરત્ન" નથી એ ચિંતા રાજા રાણીને કોરી ખાય છે.

વ્યાવહારિક અનેક પ્રયત્નો કરી ચૂક્યા, પણ કોઈ ફળિભૂત થતો નથી.

કોઈ દોરા ધાગા બાંધે છે. કોઈ દેવ-દેવીની માન્યતા માને છે

પ્રભુ કૃપા મેળવ્યા વિના ઈચ્છિત વસ્તુ મેળવવી અશક્ય ગણાય.

પ્રધાનજી મહાદેવની સેવા ભક્તિ કરવાનું સૂચન કરે છે.

મહાદેવ-ભોળાશંભુ સામાન્ય ભક્તિથી રીઝે તો જરૂર ફળ આપે.

પૂર્વ કર્માનુસાર માનવને શુભાશુભ ફળ સમય આવે પ્રાપ્ત થાય છે જ.

અનેક કષ્ટો વેઠી મહાદેવની ભક્તિ કરતાં કરતાં મહિનાઓ વીત્યા. પરંતુ મનઃકામના પૂર્ણ ન થઈ. રાજા વધુને વધુ નિરાશ થયો.

પરંતુ કર્મની ગહનગતિને કોણ જાણી શકે ?

કેટલાક કાળ વીત્યા બાદ ઉદ્યાનમાં એક જૈન મુનિરાજ પધાર્યા.

એ જૈન યોગિનું નામ "મુનિચંદ." બગીચામાં વૃક્ષ નીચે તેઓ કાઉસ્સગ્ગ ધ્યાને રહ્યા હતા.

રાજા મનની પ્રસન્નતા મેળવવા માટે એજ બગીચામાં ફરવા નીકળ્યો.

આજે ઘરથી નીકળતાં જ કંઈ શુભ શુકન થયાં હતાં.

આજે કર્મની ગહનતાનું ગાઢ બંધન તૂટવાનું હતું.

આજે મુનિરાજનાં દર્શન રાજાના દિલને વધુ શાંતિ અર્પી શક્યાં.

સાધુજનને નીરખીને તેમને કરવા યોગ્ય નમન-વંદન કરી હસ્ત જોડી રાજા સન્મુખ બેઠો.

યથા અવસર જાણી મુનિરાજે બોધ આપ્યો. અને રાજાએ પ્રેમપૂર્વક તે શ્રવણ કર્યો.

અંતે રાજાએ પોતાની માનસિક વ્યગ્રતાની વાત મુનિરાજને કરી, તેનો ઉપાય પૂછયો.

સાધુજન સંસારવૃદ્ધિ વધારનાર પુત્રપ્રાપ્તિનો ઉપાય ન કહી શકે !

પરંતુ સમયને પીછાનતા મુનિરાજ ધર્મપ્રભાવના વધારવા માટે ધર્મનો માર્ગ જરૂર બતાવે.

મુનિરાજે મંગળ વાણી પ્રકાશી.

"રાજન્ ! યથેચ્છ વસ્તુની પ્રાપ્તિ પ્રાણી માત્રને કર્માનુસાર છે. તમારે તમારાં પૂર્વકર્મના ફળ ભોગવવાં જ પડે. તે સામે માનવ માત્ર ક્ષુદ્ર છે. છતાં ઈચ્છીત વસ્તુની પ્રાપ્તિ ધર્મ તથા પ્રભુ સ્મરણ કરનાર વ્યક્તિ જરૂર આજ નહિ તો કાળાંતરે પ્રાપ્ત કરી શકે છે."

ધર્મ જ એક એવી વસ્તુ છે કે અનેક કર્મોના જામેલા થરને વજ્રથી પથ્થર તોડે તેમ ક્ષણવારમાં તોડી શકે છે.

કર્મ તૂટતાં ઈચ્છીત વસ્તુ અવશ્ય પ્રાપ્ત થઈ જાય છે. એમાં શંકા નથી જ. માટે પ્રભુ સ્મરણ કરી ધર્મના શરણે જાઓ.

નિરંતર "કોવિસ્મયોત્ર" એ ભક્તામર શ્લોકનું વિધિપૂર્વક સ્મરણ કરશો તો તમારી ઈચ્છા પૂર્ણ થશે.

રાજા અતિ પ્રસન્ન થયો. તેજ સમયે ભક્તામરસ્તોત્રની એ ગાથાનો વિધિપૂર્વક જાપ

કરવાનો નિયમ ગ્રહણ કર્યો.

દિન પ્રતિદિન ધર્મકાર્યોમાં રાજારાણી ઉલ્લાસપૂર્વક આગળ વધ્યાં.

સમય પર સમય પસાર થાય છે. અને રાજાની શ્રદ્ધા વધુને વધુ દૃઢ થતી જાય છે.

રોજ શૌચાદિ ક્રિયાથી પરવારી પ્રભુ પ્રતિમા સન્મુખ રાજા ૨૭મા શ્લોકનું ધ્યાનપૂર્વક સ્મરણ કરે છે.

એક એવો શુભ દિવસ આવી લાગ્યો, જ્યારે રાજાના અનેક અશુભ કર્મોના થર બળીને ખાખ થઈ ગયા.

એક અનોખી પળે જાપ કરી રહેલા રાજાની સામે શ્લોકની અધિષ્ટાતા દેવી આવીને હાજર થઈ.

દૈવી તેજથી ઝળાંહળાં થતાં રાજા પહેલાં તો ભાન ભૂલ્યો, છતાં તરત જ સ્વસ્થ થઈ તે દેવી સામે પ્રણામ કરી બેઠો

"રાજેન્દ્ર ! તારી પ્રભુ ભક્તિથી હું ખુશ થાઉં છું. તારી મનોકામના પૂર્ણ થાય તે માટે આ અપૂર્વ પુષ્પમાળા તને આપું છું. તે તારી રાણી પુષ્પાવતીના કંઠમાં પહેરાવજે. જેથી અવશ્ય તેને પુત્રપ્રાપ્તિ થશે."

પુષ્પમાળા આપી દેવી અદ્રશ્ય થઈ ગઈ.

ધર્મભાવનામાં રક્ત રાજા જાપ પૂર્ણ કરીને ઉઠયો. સ્વામી સેવામાં રાણી પુષ્પાવતી તે સમયે હાજર હતી.

રાજાએ પ્રેમપૂર્વક પુષ્પમાળા રાણીના કંઠે આરોપી.

એ દેવી વચન અંગીકાર કરતાં રાણી સમય જતે ગર્ભવતી થઈ.

યથાસમયે રાણીએ એક તેજસ્વી પુત્રને જન્મ આપ્યો.

રાજાની મનોકામના મોડે મોડે પણ પૂર્ણ થઈ.

પુત્ર જન્મની વધાઈ મળતાં સારાએ શહેરમાં આનંદ ઉત્સવ ઉજવાયો.

જૈન યોગીરાજની પ્રસાદી રૂપ આ પુત્ર મેળવીને રાજારાણી જૈનધર્મના અનુયાયી બન્યાં.

શહેરના અનેક માણસોએ જૈન ધર્મ સ્વીકાર્યો. ભક્તામર મહાત્મ્યના પડઘા ચોમેર ગુંજી ઊઠ્યા.

જે દિવ્ય સ્તોત્ર વડે કર્મસ્તરોની શ્રેણી તુટીને મોક્ષના દરવાજા ખુલ્લા થાય છે અને ભાગ્યશાળી આત્માઓ ત્યાં પહોંચી શકે છે. તો તે સ્તોત્રથી સાંસારિક પુત્ર સુખ પ્રાપ્ત થઈ શકે તેમાં શું નવાઈ !

**ધર્મ એજ કે જે સર્વ પ્રકારનાં ઈચ્છિત પૂર્ણ કરે.**

-જયાનંદ

# ૧૯. રૂપ લાવણ્ય ગયું અને...

(જેમાં ગર્વિષ્ટ રૂપકુંડલાનો ગર્વ ગળી જાય છે.)

(શ્લોક ૨૮)

**ઉચ્ચૈરશોક તરુસંશ્રિત મુન્મયૂખ**
**માભાતિ રુપમમલં ભવતો નિતાન્તમ્ ॥**
**સ્પષ્ટોલ્લ સત્કિરણમસ્ત તમોવિતાનં**
**બિમ્બં રવેરિવ પયોધર પાર્શ્વવર્તિ ॥**

(ભાવાર્થ ૨૮)

- જેવી રીતે પ્રકાશમાન કિરણોવાળું અને અંધકારના સમૂહને નષ્ટ કરનાર સૂર્યબિંબ વાદળાંની સમીપે શોભે છે તેમ ઊંચા અશોક વૃક્ષની નીચે ઊંચા કિરણોવાળું આપનું સ્વરૂપ પણ અત્યંત નિર્મળ શોભી ઉઠે છે.

"છી ! છી ! છી ! કેવાં ગંધાતાં મેલાં કપડાં પહેરીને ઉભો છે ! જીંદગીમાંયે કોઈ દિવસે તે નાહ્યો હોય એવું જણાતું નથી. આને જનાવર કહીએ તો કંઈ ખોટું નથી હો." રાજકુમારીએ રજુઆત કરી.

"કુંવરીબા ! તમારી વાત ખરેખર સાચી છે હો. પણ આ તો જૈન મુનિરાજ છે. તેમના આચારમાં નાહવાનું નથી હોતું. પણ તેમનો આત્મા શુદ્ધ હોય છે." સખીઓ વહાલી લાગવા લાગી.

"આનો આત્મા શુદ્ધ કોણે કહ્યો ? શરીર પર મેલના થર પણ કેટલા જામ્યા છે? જોતી નથી, કેવી દુર્ગંધ આવે છે ? આ તો કોઈ મૂર્ખ ને નીચ માનવ દેખાય છે. તેને લાજશરમ પણ ક્યાં છે ? માણસોને બે ઘડી આરામ મેળવવાનું આવું સુંદર ઉદ્યાન, ત્યાં આવો મનુષ્ય ઉભો રહે એ શું સારૂં છે.?" આપણે એક એક પત્થર ફેંકી, તેને દૂર ભગાડી મૂકીએ. કુંવરીબાએ હુકમ પ્રસ્તાવ મૂક્યો.

એ કુંવરીનું નામ રૂપકુન્ડલા - ખરેખર રૂપ લાવણ્યનો પૂર્ણ ખજાનો !

રાણી શ્રીમતી અને મહિપાલ રાજાનું એકનું એક સંતાન.

શીલ સૌભાગ્યથી અલંકૃત રાણી શ્રીમતી ઉત્તમ સદ્ગુણોનો ભંડાર હતી.

જ્યારે નીતિ રીતિએ કરી પ્રેમ ઉત્પન્ન થાય એવો પ્રજાપ્રિય રાજવી મહિપાલ. ન્યાયનીતિનો જ પાક હતો.

ધારાપુરીનો એ મહાન રાજવી. અને પવિત્ર રાજરાણીની જોડી જુગતે મળી હતી.

દેવકુમારી સમી રૂપકુન્ડલા વિદ્યાકલામાં પારંગત હતી. પરંતુ સંપૂર્ણ અભિમાનની પુતળી હતી.

ગુણવાન-વિદ્યાવાનની મશ્કરી કરી તેને ટલ્લે ચઢાવવા - નિંદા કરવામાં તેને ખૂબ

મજા આવતી - ખૂશી થતી.

કોઈને ધનનું અભિમાન હોય, તો કોઈને રૂપનું.

કોઈને વિદ્યાકલાનું પણ અભિમાન હોય છે.

અહીં ત્રિવેણી સંગમ હતો. પણ આવો ગર્વ આવું અભિમાનના માનવના જીવને અધોગતિમાં ફેંકનાર છે એ સમજ તેને ન હતી.

એક દિવસની વાત છે.

દાસ દાસીઓ સાથે બગીચામાં ફરતી રૂપકુન્ડલાની નજરે એકાએક મુનિરાજ ક્ષમાશીલ ચઢી ગયા અને કુંવરી તેમની નિંદા કરવામાં ભાન ભૂલી ગઈ.

દાસીઓએ આ નિંદ્ય કર્તવ્યમાં મનેકમને પણ ભાગ લીધો.

**"શાસ્ત્ર વચન છે કે પ્રચંડ પાપનાં ફળ તેજ ભવમાં ઉદયમાં આવી જાય છે."**

અભિમાની રૂપકુન્ડલાના પાપનો ઘડો પણ પુરો ભરાઈ ગયો હતો, એટલે મુનિની નિંદાના પાપનો બદલો તેને તાત્કાલિક મળી ગયો.

સ્વર્ગીય પરી રૂપી રૂપકુન્ડલા એકાએક વિરૂપા બની ગઈ. ચંદ્રવદની ચતુરા અમાસની શ્યામસુંદરી થઈ ગઈ.

મોહવદની મોહલત્તા બિહામણી ભયંકર કાળશા બની ગઈ. આખું શરીર કોઢવડે સફેદ ચટ્ટાપટ્ટાવાળું બની ગયું. આંખો ઊંડી ગઈ. કાન ચીમળાઈ ગયા. છિંદ્રોમાંથી લોહીની ટશરો ફૂટવા લાગી.

રાજારાણી આશ્ચર્ય પામ્યાં. રૂપકુન્ડલા પણ ગભરાઈ ગઈ.

અનેક વિચાર વમળના ચકરાવે ચઢી, અને પોતે આ ભવમાં કરેલાં સારાં માઠાં કર્તવ્યોની શ્રેણી એક પછી એક હારબંધ નજર સામે ઉપલબ્ધ થઈ.

અંતે સમજાયું કે "મેં અને સખીઓએ હમણાં જ પેલા મહાન સંત મહાપુરુષની મજાક ઉડાવવા પાછળ આનંદ મેળવ્યો. એ પાપનો જ આ બદલો મને મળ્યો છે. ખરેખર હું પાપીણી ! દુષ્ટા ! નરાધમ ! નીચ ! ધિક્કાર હો મને !" આત્મ નિંદામાં આગળ વધી.

"જૈન મુનિરાજ તો ક્ષમાના સાગર ! મારી એ દુર્ગન્છાની ચેષ્ટા કેવા સૌમ્ય પણે નિહાળી રહ્યા હતા ? ખરેખર હું જ હત્ ભાગિની, એવા સમર્થ યોગિરાજને હું ઓળખી શકી નહિં. મહાન અપરાધોનું ફળ મને મળ્યું છે."

હવે આ યોગિરાજને ચરણે નમી મારા પાપની ક્ષમા માંગું. એ જ મારા માટે શ્રેષ્ઠ ઉપાય છે

સખીવૃંદને એકત્ર કરી તેજ સમયે તે મુનિરાજનાં ચરણે નમવા ચાલી નીકળી.

બધાં બગીચામાં આવ્યાં.

મુનિરાજ તો તે જ સૌમ્ય મુદ્રામાં ધ્યાનમાં સ્થિર હતા.

ગર્વિષ્ટ રૂપકુન્ડલાનો ગર્વ ગળી ગયો.

ધારાપુરીની રાજકુમારીના અભિમાનના ચુરેચુરા થઈ ગયા.

દૂરથી મુનિરાજને નિહાળતાં જ દોડીને એ મહાપુરુષના ચરણ પાસે લોટી પડી.

દયાર્દ્ર અવાજે વિનવણી કરતી કહેવા લાગી.

"હે, દયાનિધાન ક્ષમાસાગર ભગવંત મુનિરાજ ! હું મહાપાપીણી છું, આપને ઓળખી ન શકી, રૂપના અભિમાનના અંધ બનીને મેં આપની નિંદા કરી, આપની મજાક ઉડાવી, આપને મુશ્કેલીમાં મૂકવા પથ્થર લાકડીનો વરસાદ વરસાવ્યો, આપનો મહાન અપરાધ કર્યો, ક્ષમા કરો, મુનિરાજ ! ક્ષમા કરો આ અપરાધીની બાળા આજે એનો બદલો પ્રત્યક્ષ ભોગવી રહેલ છે. રહેમ કરી આપનાં સુમધુર વચનોથી આશિર્વાદ આપો.

મને દઢ વિશ્વાસ છે કે આપના એ આશીર્વાદ મારી સૌંદર્યવતી કાયા મને પુનઃપ્રાપ્ત થશેજ.

હું મારા દુષ્કર્મોનું ફળ ભોગવી રહી છું, હવે મને ખૂબ પશ્ચાતાપ થાય છે, અધમાધમ આત્માને ધર્મબોધ આપી સન્માર્ગે વાળો.

અશ્રુસારતી રૂપકુન્ડલા દીનવદને નિહાળી રહી, મુનિરાજની પવિત્ર વાણીનું પાન કરવા તત્પર બની.

ક્ષમાશીલ મુનિરાજ બોલી ઊઠયા.

"રાજકુમારી શોચ ન કરો. માનવમાત્ર ભૂલને પાત્ર છે. અજ્ઞાનપણે તેં જે કંઈ કર્યું તેનો પશ્ચાતાપ, અને ફરી એવી ભૂલ ન કરવાનો સંકલ્પ, "તારાં બધાં દુઃખોને દૂર કરશે."

"આજથી સત્કર્મ કરવાનો નિશ્ચય કર, સાધુ સંતોની અનન્ય ભાવથી ભક્તિ કર, પરોપકાર કર, બીજાના આત્માને શાંતિ અપાવવાના પ્રયાસ કર."

એ સાથે "**ઉચ્ચૈરશોક**"થી શરૂ થતા ભક્તામર મહામંત્રના અઠ્ઠાવીશમાં શ્લોકની વિધિપૂર્વક આરાધના કર.

મહાત્માના ધર્મબોધને શ્રવણ કરી તેને શિરે ચઢાવ્યો ત્યાં શ્રાવકના પાંચ અણુવ્રતને સ્વીકારી તે પ્રમાણે વર્તવાના નિયમ ગ્રહણ કરી રૂપકુન્ડલા સ્વસ્થાને ગઈ.

સખીઓ પણ કુમારીકાના અપકર્તવ્યની ભાગીદાર હોવાથી તેમની પણ તેવી જ સ્થિતિ થઈ હતી.

એટલે બધી સખીઓ સાથે રાજકુમારી વિધિપૂર્વક અખંડ શ્લોકની આરાધના કરવા લાગી.

સમય તેનું કાર્ય કરે જાય છે

દઢ શ્રદ્ધાબળ સામે અનેક અસહ્ય કષ્ટો નાશ પામે છે તો આની શી વિસાત !

શાસનદેવની કૃપા રૂપકુન્ડલા અને દાસીઓ પર ઉતરી. પ્રથમના જેવું જ કાંતિમાન અને લાવણ્યમાન શરીર શનૈઃ શનૈઃ પ્રાપ્ત થઈ ગયું.

ધર્મનો પ્રભાવ અનેક ગણો ચોમેર વિસ્તર્યો.

હૃદય હજી તેને ડંખી રહ્યું હતું. આ જન્મમાં તો ભૂલોને સુધારી. આવતા ભવમાં કોણ જાણે કેવીએ શિક્ષાઓ હજી ભોગવવી પડશે. એ વિચારે એ બેચેન બની એટલે એ દુષ્કર્મો ધોવા માટે ચારિત્રધર્મને અંગીકાર કરવા તૈયાર થઈ.

માતાપિતાની રજા મેળવી સખીઓની સાથે તેણે સાધ્વીપણું મેળવ્યું. અખંડ ચારિત્રધર્મને પાળતાં પોતાના શેષ કર્મો ખપાવી અદ્ભૂત શાંતિ પ્રાપ્ત કરી.

પ્રાણીમાત્રને સુખ માટે ધર્મની જરૂરીયાત પર જ્ઞાનીઓ વધુ ભાર મૂકે છે. એ ધર્મ જ પ્રાણીમાત્રને તારનાર છે. એજ ધર્મ જગતનો સાચો ઉદ્ધારક છે.

**જીવન જો તૂમ દે ન શકો તો**

**લેને કા અધિકાર નહિં.**

મનુષ્ય - પ્રાણી - પક્ષી કે વનસ્પતિ વિગેરે એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધીના જીવો તેના પૂર્વકર્માનુસાર પેદા થાય છે. અને તે નિયમ મુજબ જ મુકરર સમયે નષ્ટ થાય છે ( મૃત્યુ પામે છે) આ બધું આપણે પેદા કરી શકતા નથી એ હકિકત નિર્વિવાદ છે તો પછી આ બધી કુદરતી સંપત્તિ અને પ્રાણીઓનો નાશ કરવાનો આપણને અધિકાર નથી.

**- જયાનંદ**

*અદત્ત અગ્રાહીને આપત્તિઓ પીડતી નથી. એની પાસે એવું પુણ્ય બલ ભેગું થાય છે કે કષ્ટદાયક દશા તો એની સામું જ ન જુએ અને એ પુણ્યબલથી સતત સુખદાયક સ્થિતિમાં જ તે રહે, સંસારની આધી, વ્યાધિ, અને ઉપાધિ તો એના પુણ્ય બળની સામે ઉભી જ ન રહી શકે તેને છોડી દે અને એ પુણ્ય બળના પ્રતાપે એને યશ: ઘરે બેઠાં મળી જાય છે. એને યશ: મેળવવા માટે કાંઈ કરવું પડતું નથી. ઐશ્વર્યતા પોતે જ એના પુણ્યબળથી આકર્ષાઈને એની પાસે આવે અને અણિમાદિ આઠે સિદ્ધિઓ સતત એમ ઈચ્છા કરતી હોય છે કે અમે એવા અદત્ત અગ્રાહી પુરુષના કંઠમાં વરમાળા પહેરાવીને એના ચરણમાં જ આળોટીએ.*

**- જયાનંદ**

# ૨૦. મુનિ નિંદાનું ફળ...

(જેમાં રાણી જયસેના કોઢથી પીડાય છે.)

(શ્લોક ૨૯)

**સિંહાસને મણિમયુખ શિખાવિચિત્રે**
**વિભ્રાજતે તવ વપુઃ કનકાવદાતમ્ ।**
**બિમ્બં વિયદ્વિલ સદંશુલાતાવિતાનં**
**તુંગોદયાદ્રિશિરસીવ સહસ્રરશ્મેઃ ॥**

(ભાવાર્થ ૨૯)

- જેવી રીતે ઊંચા ઉદયાચલ પર્વતના શીખર ઉપર આકાશમાં ઉદ્યોતમાન શાખાઓના સમૂહ વડે સૂર્યનું બિંબ શોભે છે, તેવી રીતે મણીઓનાં કિરણોની કાંતિથી વિચિત્ર શીખરવાળા સિંહાસન પર સુવર્ણ જેવું આપનું શરીર વિશેષ કરીને શોભી ઊઠે છે.

ગરવી ગુજરાતનું એ ગરવું શહેર.

મહેલમહેલાતો વાપીવાટિકાઓ, રમણીય ઉદ્યાનોથી શોભતું અંકલેશ્વર, ભૂતળ પર સર્વોત્તમ હતું.

જયસેન રાજા પ્રજાનો પાલનહાર જૈન ધર્માનુરક્ત.

રાજરાણી વિધર્મી નામે "જયસેના."

એ કંઈ પૂર્વના સંકેતાનુસાર જ હશેને !

એ અલગ.અલગ ધર્મના આત્માનું જોડાણ તેમના સંસારને સુખમય બનાવી શકે જ કેવી રીતે ? એ પ્રશ્ન છે, પણ અહીં તેમના સંસારમાં અશાંતિ ન હતી.

ફક્ત બંનેની માન્યતામાં ફેર હતો.

રાણીના ગુરુને રાજા કુગુરુ માનતો. જૈન સાધુને રાણી કુગુરુ માનતી. આ બંનેની માન્યતાનો તફાવત. તે માટે અનેક વાર બંને વચ્ચે ચર્ચા-વિવાદ પણ થતા.

જીવનમાં કસોટીકાળ આવે છે ત્યારે સત્યવાતની સાબિતિ થાય છે. એવો એક સમય આવી ગયો.

આજે રાજમહાલયના પ્રાંગણે એક જૈન મુનિરાજ ગોચરી માટે પધાર્યા છે.

ભક્તિભાવ ભર્યા ઉમળકાથી રાજા તેમનું અભિવાદન કરે છે. તેમને નિર્દોષ આહાર વોહરાવીને કૃતકૃત્ બને છે.

એ જ્ઞાની મુનિરાજ તપસ્વી હોઈ તેમનો દેહ જર્જરીત થયેલો - કુશ બનેલો હતો. એ જોતાં વિધર્મી રાણીનો શયતાન જાગી ઊઢયો. તે મુનિની મશ્કરી કરવા લાગી. અપમાનજનક વાણી બોલવા લાગી.

"આ જોગટાને કંઈ ભાન છે કે હું કોના ઘરમાં જાઉં છું. આવા ને આવા ક્યાંથી હાલી

નીકળ્યા છે. ભિખારીની પેઠે ઠેરઠેર રખડી રઝળીને પેટ ભરે છે. જરાય અક્કલ પણ આનામાં દેખાતી નથી. નહિતર આમ પશુની પેઠે રાજમહેલમાં ચાલ્યો આવે ! રાજા પણ કેવા મૂર્ખ છે ? આ ભિખારીની પૂજા કરે છે. અમૂલ્ય માનવ જન્મને ફોગટ ગુમાવે છે. મારા પવિત્ર ગુરુને રાજા નમતો પણ નથી. જો મારૂં ચાલે તો તો આવા ભિખારીઓને દેશપાર કરાવી દઉં, પણ શું કરું. ?" દાંત કકડાવતી રાણીના ક્રોધનો પારો વધુ ઊંચે ચઢવા લાગ્યો.

શાંત ભાવના ભાવતા મુનિરાજ આ શબ્દો પ્રત્યે બેધ્યાન બની રાજમહાલયમાંથી ગોચરી લઈ સ્વસ્થાનકે ગયા. રાણીની અજ્ઞાનતા પર તેમને દયા આવી.

સમય વીત્યો. મુનિ નિંદાનું પ્રત્યક્ષ ફળ રાણી જયસેનાને પ્રાપ્ત થયું.

રાણીના શરીરે કોઢ નીકળ્યો શરીર પર સફેદ રંગના ચકતાં પડી ગયાં તેમાંથી લોહી પરુ ને દુર્ગંધી પદાર્થો વહેવા લાગ્યાં. શરીર આખું સડી ગયું.

અનેક ઉપચારો રાજાએ કરાવ્યા. વૈદ્યો હકીમોની દવાઓ મેળવી, પણ સર્વ વ્યર્થ.

છેવટે રાજાએ રાણીને પૂછ્યું. "આ વેદનાનું કારણ કંઈ તમને સમજાય છે?"

રાણીએ જવાબ આપ્યો કે "મ્હારા કુકર્મોનું જ ફળ હું મેળવી રહી છું. અત્યારે મને સમજાય છે કે મેં પવિત્ર મુનિરાજની નિંદા-અપમાન કર્યું હતું. તેનો જ આ બદલો છે હવે શું થાય ?

"ક્યાં હશે એ જ્ઞાની મુનિરાજ ! એમ થાય છે કે હવે તેમના ચરણોમાં નમી મારાં પાપનું પ્રાયશ્ચિત કરૂં. મેં તેમનું અપમાન કરવામાં હલકા શબ્દો બોલવામાં અને તેમની અવગણના કરવામાં કંઈ બાકી રાખી નથી. મારા દુષ્કર્મનું ફળ મને મળી રહેલ છે.

"હવે મારો ઉદ્ધાર શી રીતે થશે ? આવતા ભવે મારી કઈ ગતિ થશે.? પ્રભુ ! પ્રભુ!

રાણી પશ્ચાતાપથી પોતાના આત્માને નિંદી રહી. સાચા હૃદયનો આ પશ્ચાતાપ સમજી મહારાજાએ તુરત જ તે મુનિરાજને વંદન કરવા જવાની વ્યવસ્થા કરાવી આપી.

નજીકના ઉદ્યાનમાં બિરાજેલા એ મુનિરાજના દર્શને સખીવૃંદ સાથે રાણી તુરત જ આવી પહોંચી.

પૂર્ણ ભક્તિસહ તે મુનિચરણે નમી પડી અને બોલી ઉઠી "કૃપાસિંધો ! અજ્ઞાનવશ આ અભવ્ય આત્માથી આપની નિંદા તિરસ્કાર થયા છે જેના દુષ્કર્મના ફળ મને અત્યારે મળી રહેલ છે. હવે મારા પર દયા કરી મારું રક્ષણ કરો. પ્રભુ !

"ધર્મથી તમારા દુષ્ટકર્મો નાશ પામશે. સત્ય વસ્તુની તમને ખાત્રી થઈ હોય તો તમે સત્ય વસ્તુને શરણે જાઓ. વીતરાગ દેવની આરાધના કરો, જે સર્વ પ્રકારે શાંતિ આપશે." મુનિરાજે સદ્‌પાત્ર જાણી ઉપદેશ આપ્યો.

મુનિનો ઉપદેશ શ્રવણ કરી રાણીએ શ્રાવકધર્મ સ્વીકાર્યો. શ્રદ્ધાપૂર્વક તેનું પાલન

કરવાની ખાત્રી આપી.

મુનિરાજે "સિંહાસને" એ શ્લોકનો વિધિપૂર્વક નિરંતર જાપ કરી તેનાથી મંત્રીત જળ છાંટવાથી તથા તેનું પાન કરવાથી વ્યાધિ શાંત થશે. એવો ઉપાય બતાવ્યો.

હર્ષઘેલી રાણી રાજમહાલયે આવી.

મંત્ર જાપ અને છંટકાવના પ્રયોગો તેની સર્વ વ્યાધિ દૂર થઈ, દેહ દેદિપ્યમાન બન્યો. પૂર્વવત્ કાંતિ પ્રકાશવા લાગી.

સર્વ કોઈને જૈનધર્મ પર આસ્થા જાગી. દિગંતે ધર્મનો જયકાર બોલાયો.

તમો ઈચ્છો છો કે કોઈ તમારી હત્યા ન કરે કોઈ તમોને લેશ પણ દુઃખ ન આપે તો પછી તમારે પણ અન્ય કોઈ જીવને લેશ પણ દુઃખ થાય એવું કરવું ન જોઈએ. તમો ઈચ્છો છો કે તમોને કોઈ જુઠી વાત કરે નહિં તો પછી તમારે પણ સાચું બોલવાની જ પ્રતિજ્ઞા લેવી જોઈએ.

- **જયાનંદ**

*આત્મ દર્શનનો સુલભ ઉપાય છે:-*

*શ્વાસ શ્વાસ સાથે નિરંતર, અંતઃકરણમાં મૌન પૂર્વક તન્મય થઈને નવકાર જપતા જ રહો, તો દુષ્કર ચિત્ત નિરોધ સહેજે થઈ જશે, હૃદય મંદિરમાં બિરાજતો આત્મા દર્શન દેશે 'હું આ દેહ'એ અજ્ઞાન-પડળ દૂર થઈ જશે નવી જ જીવન દૃષ્ટિ તમને લાધશે. અને અહીં જ મુક્તિ સુખ ચાખશો.*

*- મુનિ અમરેન્દ્ર વિજય*

# ૨૧. રાજ્ય ઋદ્ધિ મળી અને...

(જેમાં નિર્ધન 'નરપાળ' રાજા બને છે.)

(શ્લોક ૩૦)

**કુંદાવદાત ચલચામરચારુ શોભં વિભ્રાજતે તવ વપુઃ કલધૌતકાન્તમ્ ।**
**ઉદ્યચ્છશાંક શુચિ નિર્ઝર વારિધાર, મુચ્ચૈસ્તટં સુરગિરેરિવ શાતકૌંભમ્ ॥**

(ભાવાર્થ ૩૦)

- જેવી રીતે ઉદય પામેલા ચંદ્રમાના જેવા નિર્મળ ઝરણાંનાં પાણીની ધારાઓથી સુવર્ણમય મેરૂ પર્વતનું ઉંચું શિખર શોભે છે, તેવી રીતે મોગરાના પુષ્પ જેવું ધોળા વીંઝાતા ચામરો વડે મનોહર શોભાવાળું સુવર્ણકાંતિમય આપનું શરીર અત્યંત શોભાયમાન બની રહ્યું છે.

(શ્લોક ૩૧)

**છત્રત્રયં તવ વિભાતિ શશાંક કાંત મુચ્ચૈઃ સ્થિતં સ્થગિતભાનુકર પ્રતાપમ્ ।**
**મુક્તાફલ પ્રકર જાલ વિવૃદ્ધ શોભં, પ્રખ્યાપયત્ત્રિ જગતઃ પરમેશ્વરત્વમ્ ॥**

(ભાવાર્થ ૩૧)

- ચંદ્રમા સરખું મનોહર સૂર્યનાં કિરણોની પ્રભા હરનાર અને મોતીઓની માળાથી વધારે શોભતા એવા આપનાં ત્રણછત્રો શોભે છે, અને ત્રણ જગતમાં પરમેશ્વરપણાને પ્રખ્યાત કરે છે

"આજથી નવમે દિવસે તું રાજા થઈશ. રાજવૈભવની તમામ ઋદ્ધિ તને પ્રાપ્ત થશે. જા મારૂં વચન છે. પરંતુ યાદ રાખજે કે રાજવૈભવના મોહમાં ઘેલો ન બનતો. ધર્મથી વિમુખ ન બનતો નહિતર વણનોતરી પાયમાલી આવી જશે" તુષ્યમાન દેવીએ એક ગોપ બાળકની શ્રદ્ધાના બળે પ્રભાવિત થતાં કહ્યું.

ગોપ બાળકનું નામ હતું "નરપાળ"

નામ પ્રમાણે ગુણો પણ ઉત્તમ ધરાવતો નરપાળ ખૂબજ ભલો હતો.

પ્રમાણિક અને સત્ય બોલનાર હતો. પણ જગતની વિષમ પરિસ્થિતિ સાથે ચાલવા તે લાચાર હતો.

ગૌ સેવા એનો બાપિકો ધંધો !

કેટલીક ગાયો તેની પાસે હતી. પણ તે વડે પોતાના કુટુંબનું અને ગાયોનું પોષણ તે કરી શકતો ન હતો.

દરિદ્રાવસ્થા તેના પૂર્વકૃત્યનાં ફળ સ્વરૂપે તેની સામે જ ડોકિયાં કાઢતી હતી.

તે કર્મને દોષ દેતો, જેમ તેમ દોહ્યલા દિવસો પૂરા કરતો હતો.

અરણ્યમાં કોઈ જળાશયના તીરે ગાયોનું પોષણ મળી રહે તો એ તરફની ચિંતા ઓછી થાય, એવા વિચારે તે વનમાં ઝૂંપડી બાંધી રહ્યો હતો.

પૂર્વ કર્મના સારાં માઠા ફળ સર્વને ભોગવવાં પડે છે

સુકૃતકરણી અને દુષ્કૃતકર્મનાં જોડકાં પ્રાણીમાત્રના જીવની સાથે જોડાયેલ છે.

સુખ જાય અને દુ:ખ આવે, દુ:ખ પુરું થાય તો સુખ દોડતું આવે.

આ સંતાકુકડીની રમત જગત ઘટમાળના ચકાવે પ્રાણીઓના નશીબમાં સંકળાએલી છે.

નરપાળને પણ દુ:ખ પૂર્ણ થવાની છેલ્લી ઘડી હતી.

કર્મ પલટાય એટલે પ્રારબ્ધ સામે પગલે દોડી આવે.

એક શુભ દિવસે કોઈ મહાપૂણ્યબળના યોગે એ પવિત્ર ભૂમિ પર એક પવિત્ર મહામુનિનાં પૂનિત પગલાં થયાં.

એ પૂનિત પગલાંએ કરી ગોવાળની નાનકડી કુટિર પણ પાવન થઈ ગઈ.

ભક્તિભર્યા નરપાળે ભાવપૂર્વક મુનિરાજની યથા વિધ સેવા ભક્તિ કરી.

સુપાત્ર જાણી મુનિરાજે પણ ધર્મશાસ્ત્રોનો પ્રવાહ નરપાળની સામે છોડી મૂક્યો.

સામાન્ય ધર્મના સ્વરૂપમાંથી આધ્યાતમિક શાંતિ, સુખ અને છેલ્લે સ્વર્ગ પ્રાપ્તિ કરાવનાર એ ધર્મની આરાધનાનું સંપૂર્ણ સ્વરૂપ સમજાવ્યું. સાથે સાથે મહાન પ્રભાવિક ભક્તામર સ્તોત્ર **“કુંદાવદાત અને છત્રત્રયં”** એ બે શ્લોકના પઠન પાઠનની વિધિ સમજાવી. તેનો જાપ-સ્મરણ કરવા ખાસ સૂચના કરી.

મુનિરાજ તો ફરતા ભલા. એ ન્યાયે તે સ્થળ તુરતમાં જ છોડી ગયા, પણ તેમણે વાવેલ ધર્મબીજનું બીજાંકુર ખીલવા લાગ્યું.

નરપાળ ગોપ નિરંતર સ્નાનાદિ કરી શુદ્ધ ભાવનાપૂર્વક એ શ્લોકનો એકાગ્રચિત્તે જાપ કરવા લાગ્યો.

છ મહિના વાતવાતમાં વીતી ગયા.

કસોટીકાળ સમય માગે છે. એ સમય દરમ્યાન જે ધ્રુજી ઊઠે, ભીરૂ બને તે રખડી પડે છે. જે શ્રદ્ધામાં દઢ રહી ટેક ન છોડે, તે શાશ્વત સુખ પ્રાપ્ત કરી શકે છે.

નરપાળ એકાગ્ર, ધ્યાની અને શ્રદ્ધાળુ હતો. દિવસો જાય તેમ તેની શ્રદ્ધા વધુને વધુ દઢ થતી હતી.

એ દિવસે પણ આવી પહોંચ્યો, જે દિવસે નરપાળના એકાગ્ર જાપના પ્રભાવથી ચકેશ્વરી દેવીનું આસન કંપી ઊઠયું.

ધ્યાનમગ્ન ગોપબાળની સામે જ પ્રગટ થયેલી એ દેવી બોલી ઊઠી.

“માંગ, માંગ, માંગ, હું તારા પર પ્રસન્ન થઈ છું.”

નિર્ધનાવસ્થા ભોગવતા નરપાળે તરત જ વિનંતિ કરી. “આ ગરીબની ગરીબાઈ દૂર કરો.”

તથાસ્તુ.

અને જવાબમાં દેવીએ ઉપરના આશીર્વાદ આપ્યા. દેવી અદ્રશ્ય થઈ ગઈ.

ગોપબાળ નશીબની અજમાયશ કરવા અરણ્ય છોડીને નજીકના શહેર તરફ ચાલ્યો.

એ શહેર સિંહપુર.

સિંહપુરનો રાજવી ઓચિંતો મૃત્યુ પામ્યો હતો. રાજાનો વારસદાર કોઈ ન હતો.

પંચે ઠરાવ્યું કે મહારાજાની સુમંગલા હાથણી પવિત્ર જળનો અભિષેક જેના પર કરે તેને

રાજા બનાવવો.

એથી જ સિંહપુર આજે નવા રાજવીની શોધખોળમાં મસ્ત હતું.

સૂર્યોદય થતાં દરવાજા ઉઘાડવામાં આવ્યા.

શણગારેલી હાથણી પોળો, બજાર વીંધતી ગામ બહાર ઉદ્યાને ચાલી. પાછળ ચાલ્યું પંચ, અધિકારીઓ અને નગરજનો.

દૂર દૂર એક વૃક્ષ નીચે નરપાળ ગોપ પોતાની ગાયો ચરાવતો વિશ્રામ કરતો હતો.

દેવી વચને તે વન છોડી, ગઈ કાલનો અહીં આવ્યો હતો.

અજબ ચમત્કાર ત્યાં સર્જાયો.

હાથણી ઝાડીનાં ઝૂંડ વચ્ચે સૂંઢને અફાળતી કોઈ ઉત્તમ વસ્તુની શોધખોળ કરતી કરતી આગળ ચાલી.

ઝાડનાં ઝૂંડની વચ્ચે બેઠેલા એક ગોપબાળને જોતાં તે ઝડપથી દોડી. ધીમે ધીમે સૂંઢ નીચી કરીને તેમાં પકડેલા કળશના પવિત્ર જળ વડે તેને નવરાવી દીધો.

પ્રજાએ તેને રાજવી તરીકે કબૂલ રાખ્યો. દેવીવચનની સિદ્ધિ થઈ.

એક વખતનો નિર્ધન ગોવાળિયો રાજા થઈ બેઠો. કર્મની જ બલિહારીને !

ગોવાળની જાત બુદ્ધિવિહીન ગણાય. વગડામાં બેસી ઢોર ચરાવનારી એ જાતિ.

દુનિયાદારીનું બીજું ભાન એમને ન હોય. નરપાળ પણ એ જાતિનો હતો.

ભક્તામરના અપૂર્વ પ્રભાવે તેની બુદ્ધિચાતુર્યમાં અજબ પ્રકારનો વિકાસ થવા લાગ્યો.

રાજકાજના સર્વ ગુણો તેનામાં દિનદિન વૃદ્ધિ પામવા લાગ્યા.

પાડોશી રાજાઓને આ ગોવાળ રાજા ન રૂચ્યો. એટલે એમણે પડકાર ફેંક્યો.

નરપાળે એ પડકાર ઝીલી લીધો.

દૈવી સહાય જેને છે, તેનો વાળ વાંકો કરનાર કોઈ નથી.

ભાયાત, ખંડિયા રાજાઓની સ્વતંત્ર બનવાની પેરવી નાશ પામી.

યુદ્ધના મેદાન પર નરપાળના પરાક્રમે તેમને મહાત કર્યા.

બધા યોગ્ય શિરપાવ ભેટ સોગાદ આપી નમી પડ્યા. વિજયી નરપાળે તમામને પોતાની જાગીરો પાછી સોંપી.

પ્રજાજનોએ વિજય ઉછરંગ યોજ્યો.

ધર્મ ભાવના ભર્યો નરપાળ રાજા અને તેની પાછળ સિંહપુર નગર ધર્મરત બની ગયાં.

ભક્તામર મહામંત્રના ચમત્કારે નવસર્જન થયું.

દિગંતે તેના પડઘા પડયા.

જિનેન્દ્ર ભગવાનની સ્તુતિએ સાક્ષાત્ મોક્ષલક્ષ્મી મેળવવાનું પણ સહેલું બને છે. તો પછી એક સામાન્ય રાજ્ય પ્રાપ્ત કરવામાં નરપાળને સહાયભૂત એ મહાસ્તોત્ર કેમ ન હોય ?

# ૨૨. પેટમાં પીડા ઉપડી અને...

(જેમાં કામલત્તાની પેટપીડાની વ્યાધિ નાશ પામે છે.)

(શ્લોક ૩૨)

**ઉન્નિંદ્ર હેમ નવ પંકજ પુંજકાંતિ, પર્યુલ્લસન્નખમયૂખ શિખા ભિરામૌ ।**
**પાદૌ પદાનિ તવ યત્ર જિનેન્દ્ર । ધત્તઃ, પદ્માનિ તત્ર વિબુધાઃ પરિકલ્પયન્તિ ॥**

(ભાવાર્થ ૩૨)

- હે જિનેન્દ્ર ! કનક સરખી કાંતિવાળી વિકાસ પામેલાં નવ કમળના ઝળહળતા નખનાં કિરણોના પ્રકાશથી મનોહર એવાં તમારાં ચરણો જ્યાં જ્યાં પૃથ્વી ઉપર પગલાં ભરે છે, ત્યાં ત્યાં દેવતાઓ આવીને કમળની પાંખડીના હારની રચના કરે છે.

કામલત્તા ખરેખર કામની જ વેલી.

કામદેવ પણ એકવાર ભીંત ભૂલી જાય એટલી સુંદર.

કામલત્તાને સાત સાત બીજી બહેનો હતી.

ધાત્રીવાહન રાજા તેના પિતા, અને રૂપવતી રાણી તેની માતા.

માતાપિતાના લાલનપાલનમાં ઉછરેલી કામલત્તા સર્વ પ્રકારે સુંદર હતી.

રાજા ધર્મનિતિજ્ઞ. રાણી પતિભક્તપરાયણ અને બધાં સંતાનો સુસંસ્કારી

વય વધતાં વિદ્યાભ્યાસમાં પણ પારંગત બની. પટણા શહેરનું રાજકુટુંબ બીજાઓને અદેખાઈ રૂપ હતું.

સર્વ પ્રકારની સાહ્યબી જીવનમાં પચાવી શકાતી નથી. એક વખતનો ઉભરો-અહંકાર તેમને હણનાર બને છે

રાજકુમારીના હૃદયમાં પણ વિદ્યાનો ઘમંડ પેઠો હતો.

બગીચામાં સખીઓ સાથે ગોષ્ટિ કરતાં એ અહમ્ એક દિવસ જાગી ઉઠયો.

કલાકારીગરીવાળા એક જિનાલયને જોવાના બહાને તે મંદિરના બગીચામાં ગઈ હતી ત્યાં શિલભૂષણ નામના એક મુનિરાજ ધ્યાનસ્થ અવસ્થામાં હતા.

ધ્યાનસ્થ મુનિરાજને જોતાં મુનિરાજ તથા તેવો ઉપદેશ ફેલાવનાર અરિહંત પરમાત્માની પણ કામલત્તા પેટ ભરીને નિંદા કરવા લાગી.

અનેક પ્રકારની ક્રુર મશ્કરીમાં તે સખીઓ સાથે ટોળે ચઢી. નમતા પહોરે રાજકુમારી બગીચો છોડી રાજમહાલયે આવી.

દેવગુરુ ધર્મની નિંદાનું ફળ આજ ભવમાં એ જ સમયે ઉદયમાં આવે છે.

અંતઃપુરમાં પેસતાંજ તેને પેટમાં ભારે પીડા ઉત્પન્ન થઈ.

એટલી અસહ્ય પીડા હતી કે જાણે નર્કાગારનો જ સાક્ષાત્ ત્રાસ થઈ રહ્યો હતો.

રાજાએ ઔષધોપચાર. મંત્રોપચાર આદિથી જાણીતા વૈદ્ય હકીમોને બોલાવી તેનો ઉપચાર કરાવ્યો.

પણ બધુંય વ્યર્થ. કોઈ કરતાં કોઈ પરિણામ આવતું નથી.

સર્વ વાતે નિષ્ફળ થયેલ રાજાએ છેવટે કુંવરીને પૂછયું.

રાજકુમારીએ કંઈ ખુલાસો ન કર્યો. પણ તેની સાથીદાર દાસીઓએ રાજાને જણાવ્યું કે-

"બગીચામાં ફરતાં ફરતાં ધ્યાનસ્થ સાધુ મુનિરાજની કુંવરીબાએ નિંદા કરી, મશ્કરીઓ કરી હતી, ત્યાર પછીથી તરત જ આ શૂળ ઉત્પન્ન થઈ છે."

ચતુર રાજા તરત જ વાત કળી ગયો કે- આ બધું મનિરાજના ઉપહાસનું ફળ છે. કુમારીએ મૂર્ખાઈ કરી પગ પર કૂહાડો માર્યો છે.

તરત જ રાજકુમારીની સાથે મુનિરાજની માફી માંગી તેમના જ હાથે આ વ્યાધિ દૂર કરાવવાનો ઉપાય કરવો પડશે.

તે તરત જ રાજકુમારીની સાથે મુનિરાજની સમીપે આવ્યો મુનિના ચરણકમળમાં પોતાનું મસ્તક નમાવી અપરાધી-ગુન્હેગારની જેમ દીનવચને બોલી ઉઠ્યો.

"પ્રભુ ! આપની દિવ્ય શક્તિ આ મૂર્ખીબાળા ન સમજી શકી અને અજ્ઞાનવશ આપની નિંદા કરી છે. જેનું ફળ આજે તે પ્રત્યક્ષ ભોગવી રહેલ છે હવે તેનું રક્ષણ કરવા મારી નમ્ર વિનંતિ છે. અમારા પર આપનો મહદ્ ઉપકાર થશે.

મુનિરાજ તો સર્વ પ્રકારે સમભાવી હતા. તેમનો આ જગતમાં કોઈ દુશ્મન જ ન હતો.

તેમણે ધીમેથી રાજાને ધર્મદેશના આપી.

"રાજન્ ! કર્મ કોઈને છોડતું નથી અને તે કર્મના ફળ સૌને ભોગવવાં પડે છે. અજ્ઞાનતાથી કરેલ અશુભ કર્મનો નાશ કરવા ધર્મનું જ સાચું શરણ છે એ તરણ તારણ જિનેશ્વર કથિત ધર્મને શરણે જનારની આધિ, વ્યાધિ, ઉપાધિનો સર્વ પ્રકારે નાશ થાય છે. જગતનો સર્વ શ્રેષ્ઠ ઉપાય એજ છે."

**"ઉન્નિદ્ર હેમ"** શ્લોક વડે જળ મંત્રીને તે પાણી રાજકુમારીને પાવામાં આવ્યું.

રોજ ત્રિકાળ દેવદર્શન-પૂજન ગુરુવંદન અને મંત્રીત જળનો પ્રયોગ સતત ચાલુ કર્યો.

એ ધર્મબળના પરિણામે રાજકુમારીનો વ્યાધિ શમી ગયો તે સ્વસ્થ થઈ ગઈ.

રાજા, રાજકુટુંબ અને અન્ય ઘણા માણસો જૈનધર્મના અનુયાયી બન્યા.

ચોપાસ ભક્તામર સ્તોત્રના પડઘા પડ્યા.

---

ભગવાન મહાવીર સ્વામીને એક જીજ્ઞાસુએ પૂછ્યું "જૈન ધર્મનો સાર ફક્ત બે લીટીમાં જ જાણી શકાય?"

ભગવાને કહ્યું "જયણાએ ધર્મ, દયા એજ ધર્મ." તારા પ્રત્યે કોઈ વ્યક્તિ જે વર્તાવ કરે અને તે તને ગમે તેવો વર્તાવ તારે દરેક વ્યક્તિ પ્રત્યે કરવો, અને કોઈ વ્યક્તિ તારા પ્રત્યે જે વર્તાવ કરે અને તે તને ન ગમે તો તેવો વર્તાવ કોઈ પણ વ્યક્તિ પ્રત્યે ન કરવો એનું જ નામ ધર્મ. **- જયાનંદ**

# ૨૩. અધિકારી પદે

(જેમાં જિનદાસ રાજ્યનો માનીતો અધિકારી બને છે.)

(શ્લોક ૩૩)

**ઈત્થં યથા તવ વિભૂતિર ભૂજ્જિનેન્દ્ર**
**ધર્મોપદેશનવિધૌ ન તથા પરસ્ય ।**
**યાદક્ પ્રભા દિનકૃત પ્રહતાંધકારા**
**તાદક્કુતો ગ્રહગણસ્ય વિકાશિનોડપિ ॥**

(ભાવાર્થ ૩૩)

- હે જિનેન્દ્ર ! ઉપદેશ કરતી વખતે તમને જે પ્રકારની વિભૂતિઓ ઉત્પન્ન થાય છે, તેવી બીજા કોઈ દેવને થતી નથી. અંધકારનો નાશ કરનાર સૂર્યની જેવી પ્રભા હોય છે, તેવી પ્રભા તેનાથી જ પ્રકાશિત થયેલા એવા ગ્રહગણોના સમૂહમાં રતી માત્ર પણ ક્યાંથી હોય ?

"કર્મનકી ગત ન્યારી, અરે પ્રભુ ! કર્મનકી ગત ન્યારી"

કર્મની ગતિ ખરેખર ગહન છે.

એક વખતનો શ્રીમંત જિનદાસ આજે પુંજી વિનાનો જિનિયો બની ગયો છે.

એક વખતનો ગામનો માનનિય નગરશેઠ, આજે એજ ગામમાં અપમાનિત તિરસ્કાર યુક્ત જીવન જીવી રહ્યો છે

એક સમય એવો હતો કે જ્યારે તે બીજાને દ્રવ્યની સહાય કરી ઉપકારી બનતો હતો. આજે બીજાના ઉપકાર નીચે જીવવામાં પણ મુશ્કેલી છે.

જીવનની ચઢતી પડતીના આ ઓળા જેણે જોયા છે, તેવો માનવ .જગતની સ્વાર્થપરાયણતાને સારી રીતે જાણે છે.

જગત આખું "સ્વાર્થનો કૂપ" છે.

પોતાની કપરી પરિસ્થિતિ માટે અનેક કોયડા પોતાની સમક્ષ ઉભા થાય છે, ત્યારે પોતાના દોષો માટે પશ્ચાતાપ કરવા તૈયાર થાય છે.

બુદ્ધિમાન માનવ આ પળને સમજી લઈ "સમય વર્તે સાવધાન"ની જેમ પોતાના ભૂતકાળને સાવ વીસરી જાય છે. અને વર્તમાન કાળમાં રાચતો શાંતિમય જીવન જીવે છે .

તો તેની પરિસ્થિતિ પલટાઈ જતાં વાર લાગતી નથી.

બુદ્ધિહિન માનવ છેવટે કૂતરાના મોતે જીવન પૂર્ણ કરે છે. જિનિયો-જિનદાસ-બુદ્ધિવાન તો હતો જ.

આવી પડેલ પરિસ્થિતિનો સ્વીકાર કરવામાં તો ડહાપણ માનતો હતો.

એક સમયે તે કામ પ્રસંગે નજીકના ગામે જઈ રહ્યો હતો. ગામ બહાર ઉપવનમાં "અભયચંદ્ર" નામે કોઈ જૈન નિગ્રંથ ધ્યાનસ્થ ઉભા હતા

જિનદાસ તેમની સમીપે જઈ ભાવપૂર્વક વંદના કરી શ્રદ્ધાપૂર્ણ હૃદયે તેમની નિર્મળ વાણી ઝીલવા બેઠો.

ધ્યાન પુરૂં થતાં ગુરુદેવે ધર્મદેશના શરૂ કરી. શુદ્ધ ધર્મનું સ્વરૂપ અને ગૃહસ્થધર્મનું તત્ત્વજ્ઞાન દર્શાવ્યું. શુભ કર્મોનું શુભ પરિણામ તરત જ મળી શકે છે તે કહ્યું.

જિનદાસે શક્તિ મુજબ શ્રાવક ધર્મના વ્રતોનું ઉચ્ચારણ કર્યું.

ત્યારબાદ પોતાની પૂર્વસ્થિતિ અને આજની કંગાલિયતનો આખો ઈતિહાસ અથેતિ મુનિરાજ આગળ રજુ કર્યો, અને એ દારિદ્ર રૂપી ડાકિનીને હટાવવાનો સુલભ માર્ગ પછ્યો.

મુનિરાજે પ્રેમપૂર્વક કહ્યું.

"ભાઈ ! કોઈને ધન આપી શકાતું નથી. માનવમાત્રને પોતાના સારાં માઠા ફળના પ્રમાણમાં ધન-લક્ષ્મી, વૈભવ ઐશ્વર્યની પ્રાપ્તિ થાય છે. પરંતુ એ ચંચળ લક્ષ્મી પણ પાપકર્મોના બંધનો આવતાં ચાલી જાય છે. એવા પાપકર્મોના નાશનો સર્વોત્તમ ઉપાય જિનેશ્વર દેવની સ્તુતિ-ભક્તિ કરો, અશુભ વિચારો-કલ્પના દૂર કરો, સદ્વર્તનમાં આગળ વધો નીતિ પ્રમાણિકતા અને સત્કાર્યમાં મંડ્યા રહો, તો જીવનમાં કદાપિ તે લક્ષ્મી વડે દુ:ખ પામવાનો નથી જ."

"ઉપરાંત ભક્તામર મહામંત્રનો નિરંતર જાપ તમારા માટે કલ્યણકારી થશે, તમારી મનેચ્છા પૂર્ણ કરશે."

ત્યારબાદ "ઈત્થં યથા" શ્લોકનો મંત્ર વિધિસહિત જિનદાસને શીખવાડ્યો. જિનદાસ ખુશ થતો સ્વસ્થાનકે ગયો.

ગુરુપ્રસાદીને પ્રેમપૂર્ક ગ્રહણ કરીને નિરંતર તેનો જાપ વિધિસર કરવા લાગ્યો.

મંત્રપ્રભાવે શાસનદેવી તુષ્યમાન ગઈ. અને એક ચિંતામણી રત્ન જિનદાસના હાથમાં આપીને બોલી.

"આ રત્ન વડે શત્રુઓનો નાશ થશે ધનની પ્રાપ્તિ થશે."

રત્ન મેળવેલ જિનદાસ એક દિવસ બહારગામ જતો હતો. ત્યાં રસ્તામાં એક ચોરનો અડ્ડો આવ્યો.

ચોર લોકો પોતાના સરદાર સાથે અડ્ડામાં ગુફતેગો કરતા હતા. ભાવિની યોજનાઓ ઘડતા હતા.

આ ચોરો રાજ્યમાં ઉપદ્રવ કરતા હતા, અને છટકી જઈ અદ્રશ્ય થઈ જતા હતા. તેમને કોઈ આજ સુધી પકડી શક્યું ન હતું. પ્રજા પણ તેમના ત્રાસથી ત્રાસી ગઈ હતી. રાજાએ એ ચોરોને પકડી પાડવા મોટાં મોટાં ઈનામ જાહેર કર્યાં હતાં.

જિનદાસને પાસેથી જતો જોઈ ચોરોનો સરદાર સમજી ગયો કે આ માણસ આપણા રહેઠાણની બાતમી રાજાને આપી દેશે તો આપણું આવી બન્યું. માટે તેને અહીં જ પુરો કરી દેવો.

સરદારે હુકમ કર્યો કે ચાર પાંચ ચોરો એકીસાથે તેની પર ત્રાટકી પડ્યા. તેને દોરડાથી બાંધીને સરદાર સામે હાજર કર્યો.

ધર્મદાસ ધર્મશ્રદ્ધાળુ હતો. ચિંતામણી રત્ન તો તેની કાછડીની છે ડેજ ખોસેલ હતું ફક્ત ચિંતવન કરવાની જ વાર હતી.

પહેલાં તો ચોરોના સરદારે તેને કેટલાક અવનવા પ્રશ્નો પુછી હેરાન કર્યો. પછી તેનો વધ કરવા તૈયાર થયાં.

શ્રી જીનેશ્વર દેવનું ધ્યાન ધરી જિનદાસે રત્નને પોતાનો પ્રભાવ બતાવવાની આજ્ઞા કરી.

અને પરિસ્થિતિ એકદમ બદલાઈ ગઈ.

સરદાર અને બધા ચોરો ત્યાં જ ચત્તાપાટ પડી ગયા. મોમાં ફીણ આવ્યાં. બોલવાની શક્તિ હણાઈ ગઈ.

બંધનમુક્ત જિનદાસે તે બધાને દોરડાંથી મજબુત બાંધી દીધા.

બીજા દિવસે તે બધાને રાજ્ય કચેરીમાં રજુ કર્યા.

ઘણા દિવસે પ્રજાનો ત્રાસ એકદમ બંધ થયો. રાજાએ મોં માંગ્યું ઈનામ આપ્યું.

ચોરોને ગુન્હાના પ્રમાણમાં સજા કરી.

આવો માણસ રાજ્યમાં હોય તો રાજ્યને ઘણો ફાયદો થાય એમ માની રાજાએ તેને મોટા અધિકારીના પદે નિયુક્ત કર્યો.

રાજ્યનો હોદ્દો મળ્યા પછી તેને ઘણું દ્રવ્ય પ્રાપ્ત થયું. તે પ્રજા વર્ગમાં પણ પ્રિય થઈ પડ્યો

"છતના સૌ સગા, અછતના કોઈ નહિ."

હવે તો તેના મકાને માણસોની અવરજવર વધવા લાગી રાજાનું માન પામેલ પ્રત્યેક અધિકારીની સ્થિતિ આવી જ હોય.

પોતાને પ્રાપ્ત થયેલ ધનનો ઉપયોગ તેણે લોકોના ભલા માટે સત્કાર્યમાં કર્યો.

જૈન ધર્મની પ્રભાવના દેશભરમાં થઈ. અનેક લોકો જૈન ધર્મ સ્વીકારી તેના અનુયાયી બન્યા.

# ૨૪. ગજરાજ નાથ્યો

(જેમાં સોમરાજ મદમસ્ત હાથીને વશ કરે છે.)

(શ્લોક ૩૪)

**શ્ચ્યોતન્મદાવિલવિલોલ કપોલમૂલ-**
**મત્ત ભ્રમદ્‌ભ્રમરનાદ વિવૃદ્ધ કોપમ્ ।**
**ઐરાવતાભમિભમુદ્ધતમાપતન્તં**
**દૃષ્ટ્વા ભયં ભવતિ નો ભવદાશ્રિતાનામ્ ॥**

(ભાવાર્થ ૩૪)

- મદઝરણીથી તરબોળ, ચંચળ ગંડસ્થળથી મદોન્મત્ત તથા ભમરોના ગુંજારવથી વધારે ક્રોધીત બનેલો ઐરાવત હાથી ધસમસતો આવતો હોય, તો તે દેખીને તમારા આશ્રયે રહેલા માણસો જરાય ભયને ગણકારતા નથી.

"કોઈ દિન હાથી, કોઈ દિન ઘોડા, કોઈ દિન પાળાં ચાલેજી."

શુભાશુભ કર્મના ઉદયનું આ સ્પષ્ટ ફળ છે

આજનો રાજા આવતી કાલનો ભિખારી બને છે

કર્મસત્તાના પ્રાબલ્ય સામે માનવી માત્ર તૃણવત્ છે

પટણા શહેરનો એક વખતનો પાટવી કુમાર સોમરાજ.

હાં કહેતાં હજારો સેવકો જેના પડતા બોલને ઝીલી લેવા તત્પર હતા.

અશુભ કર્મના ઉદયે કરીને સ્વજન પરિવારનો નાશ થયો, અને રાજ્યસત્તા હાથમાંથી સરકી ગઈ.

પડોશી રાજા રાજ્યનો માલીક થઈ ગયો છે

સોમરાજ આજે રસ્તો રઝળતો ભિખારી - એક દરિદ્રિ બની ગયો છે

પરંતુ જીવનમાં તડકો છાંયડી આવે જાય છે.

અફાટ રણમાં મીઠી વીરડી સમી એક પળ તેના માટે એવી શુભ આવી ગઈ.

જે પળ તેના ભાવિ જીવનને ઘડનારી હતી.

દરિદ્રાવસ્થામાં જીવન નભાવતો સોમરાજ એક સમયે ગામ બહારના ઉદ્યાનમાં કંઈ કામ પ્રસંગે ગયો.

ત્યાં તેને "વર્ધમાન" નામના મહાન મુનિરાજનાં દર્શન થયાં અને તેમના સમાગમે ભક્તામર મહામંત્રની મહાન ભેટ તે પ્રાપ્ત કરી શક્યો.

મુનિરાજે બતાવ્યા પ્રમાણે તેનો જાપ વિધિ પૂર્વક નિયમિત તે કરવા લાગ્યો. અને પોતાના પેટની પૂજા માટે ગામમાંથી મહેનત મજુરી કરી જીવન નિભાવવા લાગ્યો.

થોડા દિવસો બાદ પટણાથી કોઈ સાર્થવાહ હસ્તિનાપુર વ્યાપાર અર્થે જવાનો હતો.

દરિદ્રતાથી કંટાળેલા સોમરાજે પણ પરદેશ જઈ પોતાનું નસીબ અજમાવવા વિચાર કર્યો. અને તે સાર્થવાહની સાથે જ હસ્તિનાપુર આવી પહોંચ્યો.

હસ્તિનાપુર જેવા શહેરમાં પોતાને સાનુકૂળ કાર્યની શોધખોળમાં તે નગર પરિભ્રમણ કરવા લાગ્યો.

ચાલ્યા જતા સોમરાજના કાને રાજ્ય ઢંઢેરાના શબ્દો સંભળાયા.

"જે વ્યક્તિ રાજ્યહસ્તીને પકડી કબજે કરશે. તેને આ રાજ્યનો ચોથો ભાગ બક્ષીસ આપીને રાજ્યપુત્રી પરણાવવામાં આવશે."

રાજાનો મુખ્ય હાથી ગાંડો થયેલ હતો, જે હાથીશાળામાંથી સાંકળ તોડી શહેરમાં હડિયાપટ્ટી કરતો હતો, કેટલાંય મકાનો તોડયાં, કેટલાંય નિર્દોષોનો કચ્ચરઘાણ વાળી નાંખ્યો, રસ્તામાં ચાલતાં અનેક સ્ત્રી, પુરુષો બાળકોને બિચારાને છુંદી નાંખ્યાં. ગામમાં નાશભાગ થઈ રહી હતી. રાજાએ તેને પકડવા મહાવતો, યોદ્ધાઓ અને મલ્લોને મોકલ્યા હતા, પણ કોઈ જાતની કારી ફાવતી ન હતી, છેવટે ઉપરનો ઢંઢેરો ગામમાં પ્રસિદ્ધ કર્યો.

સોમરાજે આ ઢંઢેરો સાંભળ્યો કે તરત તેનો સૂતેલો આત્મા જાગી ઉઠયો.

"આ ઢંઢેરો પકડી લે, હાથીની સામે જઈ તેને કબજે કરી લે, એ તારા લાભને માટે છે" અંદરથી અવાજ થયો.

"હિંમતે મર્દા તો મદદે ખુદા"

હાથી સામે જતાં મોત આવશે તો, આમે આવું દરિદ્ર જીવન જીવીનેય શું કરવું છે?

ભક્તામર સ્તોત્ર પર પૂર્ણ શ્રદ્ધા હતી. મનમાં તેના શ્લોકોનું સ્મરણ ચાલુ કર્યું.

હાથી જે પોળ તરફથી આવતો હતો તે ભણી સોમરાજ ઉપડયો "શ્ચ્યોતન્મદા" શ્લોક તો જિવ્હાએ રમતો હતો, ત્યાં જ સામે મદોન્મત ગજરાજ આવી ઉભો. પણ આ શું ?

મંત્રાધીશ દૈવી બળની સામે એક લૌકિક પ્રાણી શું ટકી શકે ?

બિચારો બકરી જેવો દીન બની ગયો. બે પગ નીચા ઢાળી સોમરાજના ચરણ સ્પર્શતો ઊભો રહ્યો.

સોમરાજે તેને બંધન કર્યું. લોકો હર્ષિત થયા. જયકારના પોકારો સાથે સૌ સોમરાજ અને હસ્તીને ઘેરી વળ્યા.

સુવર્ણ સાંકળોએ બાંધીને સોમરાજે તેને હસ્તીશાળામાં લાવી ને મૂક્યો. રાજવી આ દ્રશ્ય જોવા સામા આવ્યા.

આવા બહાદુર વીર નરને એકદમ ભેટી પડ્યા.

પ્રજાને ભયથી મુક્ત કરનાર આ પરદેશી માનવીને અનેક રીતે સન્માની, દ્રવ્ય આપી તેની કદર કરી.

પણ બીજી પળે વિચાર થયો મારી "ગુણવંતી" આ અજ્ઞાત કુળના યુવાનને શી રીતે આપી શકાય ?

જ્યારે રાજકન્યા ઝરૂખે બેસીને ગજરાજને નાથનાર એ પરાક્રમી સોમરાજને જોતાં જ તેના પ્રત્યે આકર્ષાઈ હતી.

રાજા તેનાથી અનભિજ્ઞ હતો.

રાજાએ સોમરાજને આડુંઅવળું સમજાવી સંતોષી દૂર કર્યો. સોમરાજ પણ દરિદ્રતા દૂર કરનાર દ્રવ્યથી સંતોષ પામી ચાલ્યો ગયો. તેજ નગરમાં કોઈ સાનૂકૂળ મકાન મેળવી વસવાટ કર્યો.

રાજકુમારીને આ વાતની જાણ થઈ. તે વ્યાકુળ બની ગઈ તેની માનસિક સ્થિતિ અસ્વસ્થ બની ગઈ.

શરીરમાં વ્યાધિ લાગુ થયો હશે એવા અનુમાને રાજાએ રાજવૈદ્યો હકીમોની સલાહ લીધી. ઉપચારો કર્યા, પણ બધાય વ્યર્થ.

કોઈ ઉપાયે રાજકુમારીની સુખાકારી પુનઃ ન આવી એટલે રાજા થાક્યો.

ફરીથી નગરની ધરતી પર પડહકાર બોલતો સંભળાયો.

"રાજકુમારીનું દુઃખ મટાડનાર યુવક રાજ્યનો ચોથો ભાગ તથા રાજકુમારીને પ્રાપ્ત કરશે."

સોમરાજના કર્ણપટલે ઉપરોક્ત શબ્દો સંભળાયા. તે ફરીથી બીડું ઝડપવા તૈયાર થયો.

મહામંત્રનું સ્મરણ કરતો તે રાજમહેલના પગથિયા ચઢી ગયો.

બિછાનામાં સૂતેલી રાજકુમારીના કાને સોમરાજના આવવાના ભણકારા વાગવા માંડ્યા.

જોત જોતામાં તે તેની સમીપે આવી ખડો થયો, અને રાજકુમારીનું અર્ધુ દુઃખ દૂર થઈ ગયું.

કુંવરીને મનમાન્યો ભર્થાર મળે છે, એટલે તે દુઃખ ભૂલવા લાગી અને સ્વસ્થ બનવા લાગી.

બાહ્ય દેખાવ માટે મંત્રિત જળનો છંટકાવ કર્યો તથા અડદના દાણા તેના પર ફેરવી નાખ્યા કે તરત જ રાજકુમારી સંપૂર્ણ સ્વસ્થ બની પથારીમાં ઊભી થઈ.

રાજાએ જાહેરાત મુજબ ગુણવંતી અને સોમરાજના ધામધૂમથી લગ્ન કર્યા પોતાના રાજ્યનો ચોથો ભાગ બક્ષીસ કર્યો.

સમય વીત્યે પોતાનું બાપીકું રાજ્ય પણ તેણે સ્વપ્રયત્ને પ્રાપ્ત કરી લીધું.

આમ મહારાજ્યનો માલીક બની સુખી થયો.

# ૨૫. સિંહ શિયાળ બન્યો.

(જેમાં દેવરાજે વનકેશરીને વશ કર્યો.)

(શ્લોક ૩૫)

**ભિન્નેભકુંભગલ દુજ્જવલ શોણિતાક્ત**
**મુક્તાફલ પ્રકર ભૂષિતભૂમિ ભાગઃ ।**
**બદ્ધક્રમઃ ક્રમગતં હરિણાધિપોડપિ**
**નાક્રામતિ ક્રમયુગાચલ સંશ્રિતં તે ॥**

(ભાવાર્થ ૩૫)

- હાથીઓના ભેદેલા કુંભસ્થળથી પડતાં શ્વેત અને લોહીથી ખરડાએલ મોતીઓના સમૂહથી વિભૂષિત કરી છે. પૃથ્વી જેણે, એવા અને મારવાનો સંકલ્પ કરી જે હુમલો કરનાર સિંહની ફાળમાં આવનાર માણસો પણ આપના ચરણ યુગલના પહાડ નીચે નિર્ભય પણે રહી શકે છે.

શ્રીપુર અને સંકેતપુર બે સમૃદ્ધ શહેરો.

બંને શહેરો વચ્ચે વ્યાપારી સંબંધો ઘણા ગાઢ હતા.

એક હતું ઉત્તર છેડે બીજું હતું દક્ષિણ છેડે.

જવા આવવાના માર્ગ વચ્ચે એક ભયંકર અરણ્ય આવે. આ અરણ્યમાં વાઘ, વરૂ, સિંહ, ચિત્તા જેવા જંગલી જનાવરોનો ભારે ભય.

આ રસ્તેથી દિવસે પણ સમૂહમાં સાવચેતીપૂર્વક માણસોને જવું પડે. એકલ દોકલ માનવી ઘણીવાર મુશ્કેલીમાં મુકાઈ જાય.

સુર્યાસ્ત પહેલાં તો આ જંગલ પસાર કરવું જ પડે.

રાત્રિમાં ત્યાંથી કોઈ સહીસલામત ન ઉતરે.

આવા ઘોર વનની મધ્યમાં થઈને સંકેતપુરનો માર્ગ નીકળે.

તે જમાનામાં આજના જેવી પંચવર્ષીય યોજનાઓ ન હતી કે ન હતાં કોઈ વિકાસ મંડળો.

મોટર, રેલ્વે કે વિમાન જેવાં આધુનિક ઝડપી વાહનો તે સમયે શોધાયાં જ નહોતાં.

બે શહેરો વચ્ચેનું અંતર જો કે થોડું હતું પણ જવા આવવામાં જોખમ વધારે હતું.

દેવરાજ શ્રીપુર નગરનો મહાન વ્યાપારી શેઠ.

જૈન ધર્મ પ્રત્યે ભારોભાર લાગણીવાળો

પંડિત શિરોમણી વીરચંદ યતિ તેના ગુરુ.

મંત્રતંત્રની વિધિ સાથે ભક્તામર મહામંત્રનો તે આરાધક હતો. ગુરુ પ્રસાદીરૂપે તેને મળ્યો હતો.

શ્રદ્ધાપૂર્વક પઠનપાઠન અધ્યનન ચાલુ જ હતું.

એક સમયે તેને સંકેતપુર વ્યાપારાર્થે જવાનું થયું સાથે નગરના અનેક પુરુષો પણ જોડાયા.

જેઓ એક બીજાનો સહારો જ શોધી રહ્યા હતા.

આમ લગભગ ૮ થી ૧૦ માણસોનું એક જુથે શ્રીપુરથી ગાડા રસ્તે પ્રયાણ આદર્યું.

ઘેરથી નિયમિત સમયે નીકળ્યા હતા, પણ રસ્તામાં થોડીક વિટંબણા કુદરતી રીતે ઉત્પન્ન થવાથી ધારેલ સમયથી મોડા મોડા અરણ્ય મધ્યે પહોંચ્યા.

વન વીંધીને ચાલતાં અધવચ્ચે જ સૂર્યદેવ ઝડપથી ક્ષિતિજના પડદા પાછળ સંતાઈ ગયા. અને નિશારાણીનો અંધાર કોરડો વીંઝાવો શરૂ થયો.

ધરતી પર શ્યામતા-કાલીમા છવાઈ ગઈ.

આસપાસની ઘોર ઝાડીમાંથી જંગલી પ્રાણીઓના શોર સંભળાવા લાગ્યા.

દેવરાજ આ સમયે ભક્તામર સ્તોત્રના સ્મરણમાં મશગુલ હતો. બીજા સાથીઓ સામે આવી રહેલા ભયને જોતાં કંપવા લાગ્યા.

થોડીવારે એક ભયંકર સિંહની ગર્જનાનો કાન ફાડી નાખે એવો/ચિત્કાર-અવાજ સંભળાયો.

છલાંગો ભરતો પાસેની ઝાડીમાંથી નરભક્ષણ માટે જાણે ટંપી ન રહ્યો હોય તેમ પોતાની તરફ આવી રહ્યો.

સાથીદાર અધમૂઆ જેવા સ્તબ્ધ-ચિત્રવત્ બની ગયા. ક્ષણવાર પછી શું થશે ? એ પ્રશ્ન સૌની સામે હતો. બધા દેવરાજની ઓથે બેસી ગયા.

દેવરાજ સ્તોત્રમાં લીન હતો, તેને પણ સમય અને સ્થળનું ભાન ન હતું.

પળ વીતે તો ખલાસ સિંહનો એકજ કોળિયો દેવરાજ માટે બસ. બીજા ત્રીજા ને ચોથા હુમલે આ બધા સાથીદારોનું તેમજ થાય.

દેવરાજના સ્તોત્રની વાચા ઝડપ કરી રહી. ૩૯ મા શ્લોક **"ભિન્નેકુંભગલ દુજ્વલ"**નું ગાન શરૂ થયું.

ત્યાં અજબ ચમત્કાર !

અધિષ્ટાતા દેવનું આસન કંપ્યું. પોતાના શ્રદ્ધાળુ આત્માની સામે આવી રહેલ ઘાતકી પ્રાણીથી બચાવ કરવાની ત્વરા સ્વીકારી.

દૈવી પ્રભાવ સિંહ પર પ્રસાદિત થયો.

ફાળ ભરી આવતો સિંહ શિયાળ જેવો શાંત બની ગયો. દેવરાજના ચરણે નમી ઊભો રહ્યો.

દેવરાજે તેની સ્થિતિ વિચારીને ધાર્મિક બોધ આપ્યો.

"હે ભવ્ય ! જીવ હિંસા જેવા અઘોર પાપ કરતાં તારી જીંદગી પુરી થવા આવી. છતાં આત્માનું કંઈ કલ્યાણ થયું નથી. હવે આ પાપકર્મ છોડી દે. દયાભાવના ધારણ કર, જેથી

આવતા ભવમાં તને કલ્યાણ, સાચી શાંતિ અને અતૂટ સુખ પ્રાપ્ત થાય."

દેવરાજના શુદ્ધ ઉપદેશની અસરથી એ ઘાતકી સિંહે હિંસાનો ત્યાગ કરી ત્યાંજ અનશન આદરી દીધું. દયાધર્મ સ્વીકારવાથી ભોગાવલી કર્મશ્રેણી પૂરી થતાં તે ઉચ્ચ ગતિમાં ઉત્પન્ન થયો.

સંકેતપુર જવા નિકળેલ સંઘ બીજે દિવસે ત્યાં પહોંચ્યો.

વ્યાપારે વધતી લક્ષ્મી, એ ન્યાયે આ વ્યાપારી સંઘે સારા પ્રમાણમાં દ્રવ્ય પ્રાપ્તિ કરી સૌ પોતપોતાના ગામ પાછા ફર્યા.

શ્રીપુર અને સંકેતપુર વચ્ચેનો માર્ગ આમ નિષ્કંટક બની ગયો.

દેવરાજનું બન્ને શહેરોમાં બહુમાન થયું. પોતાની કમાણીના દ્રવ્યવડે તેણે સારા પ્રકારે ધર્મભાવના કરી.

શાંતિમય જીવન ગુજારવા લાગ્યો.

**જન્મી અરે આ જગતમાં, બોલો તમે શું શું કર્યું ?**
**પાપ અને પૂન્યનું કહો, કેટલું ભાતું ભર્યું ?**
**હિસાબ પડશે આપવો, તે કાંટાની માફક ખુંચશે**
**પણ યાદ રાખો, પ્રભુ તમોને એ જ પ્રશ્નો પૂછશે.**

ઉપદેશ આપવો એ એક વસ્તુ છે. પરંતુ તેનું - તે ઉપદેશનું ઉપદેશ આપનારે પાલન કરવું એ બીજી વસ્તુ છે. બંને વચ્ચે આભ જમીનનું અંતર છે. એજ ઉપદેશની સાંભળનાર આત્માઓ ઉપર અસર થશે જે ઉપદેશનું પાલન સ્વયં ઉપદેશ આપનાર કરતા હશે. ઉપદેશ આપવા પહેલાં આપણે આપણું ચિંતન કરી લેવું જરૂરી છે.

ઈર્ષ્યા એક એવી ડાકણ છે કે તે જેને વળગે છે તેનો જ ભોગ લઈને રહે છે. ઈર્ષાળુ માણસ કદી કોઈનું પણ સારું જોઈ શકતો નથી. સારું બોલી શકતો નથી પ્રશંસાના પુષ્પોમાં તો તેને સર્વત્ર દુર્ગંધ જ આપે છે.

**- જયાનંદ**

# ૨૬. દાવાનળ શમ્યો

(જેમાં લક્ષ્મીધરે અગ્નિતાંડવ શમાવ્યું.)

(શ્લોક ૩૬)

**કલ્પાન્તકાલ પવનોદ્ધત વહ્નિકલ્પં**
**દાવાનલં જ્વલિત મુજ્જ્વલ મુત્સ્ફુલિંગમ્ ।**
**વિશ્વં જિઘત્સુમિવ સંમુખમાપતંતં**
**ત્વન્નામ કીર્તનજલં શમયત્યશેષમ્ ॥**

(ભાવાર્થ ૩૬)

મહાપ્રલયકારી વાયુ વહેવાથી ઉત્પન્ન થતો અગ્નિ ઊંચા તણખા વડે જગતને બાળવા તૈયાર થયો હોય, એવો દાવાનળ સન્મુખ આવતો હોવા છતાં પણ તારા નામરૂપી કીર્તનના જાપ વડે કરીને તે સંપૂર્ણ પણે શાંત પામે છે.

વરસો પહેલાંની વાત !

ન હતી તે વખતે આજના જેવી આગગાડી, મોટર કે વિમાન.

દેશ પરદેશની આયાત-નિકાશ ઊંટ અને પોઠિયાની વણઝાર મારફત થતી.

એ સાહસ કરનાર સાર્થવાહ કહેવાતા

શહેરના સામાન્ય માણસો પણ આવી એકાદ પોઠના માલીક સાથે મળી દેશ પરદેશ ખેડતા.

વરસો સુધી સ્નેહી-કુટુંબીજનોથી જુદા પડી સાહસ માટે નીકળી પડતા. અનેક મુશીબતોનો સામનો કરતા.

કુદરતની મહેરબાનીથી અને ભાગ્યનો સિતારો જાગે તો પુરૂષાર્થથી પ્રાપ્ત કરેલી લખલૂંટ લક્ષ્મી મેળવી તેઓ પાછા ફરતા અને પેઢીઓ સુધી તેમના કુટુંબનો નિભાવ થતો.

પૈઠણપુર નામનું એક શહેર તે જમાનામાં ગણના પાત્ર હતું.

અનેક લક્ષ્મીપતિ સજ્જનોની મહેલાતોથી સજ્જ હતું.

દેશ વિદેશ સાથે તેનો નાતો હતો.

ત્યાંના વેપારીઓની પરદેશમાં મોટી શાખ હતી.

લક્ષ્મીધર એવાજ એક વ્યાપારી પુત્ર.

તે ધનવાન હતો, સાથે ધર્મપ્રત્યે શ્રદ્ધાવાન હતો.

જૈનધર્મ તેને ગળથુંથીમાંથી જ પ્રાપ્ત થયો હતો. અને ગુરુજનોના સહવાસે તે ભક્તામર સ્તોત્રનો અભિજ્ઞાતા બન્યો હતો. આ સ્તોત્રનો વિધિપુરઃસર પાઠ તથા જાપ એ તેનો નિરંતરનો કાર્યક્રમ હતો.

એક વખત તે પોતાના દેશનો કેટલોક માલ ઊંટ-પોઠિયા પર લાદીને વિદેશે જવા નીકળ્યો.

સાથે તેના કેટલાક જુવાન સાથીદારો પણ હતા.

ઉછળતું લોહી અને નવિન દેશો જોવાની ઉત્કટ ભાવના પાછળ દડમજલ કૂચ કરતા, આનંદપ્રમોદમાં સર્વ માર્ગ વટાવી રહ્યા હતા.

કાળની ગહન ગતિને કોણ રોકી શકે ?

પળવાર પછી શું થશે ? તેની જાણ તો કેવળજ્ઞાની જ કરી શકે.

સાર્થવાહનો સંઘ આગળ પ્રયાણ કરતો એક ગીચ ઝાડીમાં આવી ચઢ્યો.

ઝાડીની વચ્ચેથી માર્ગ કાઢી આગળ વધી રહેલ પોઠિયા બરાબર અરણ્યની મધ્યમાં આવી પહોંચ્યા.

ત્યાં એકાએક આંધી તોફાન શરૂ થયું.

પ્રચંડ પવનના ઘસારાથી ઝાડનાં થડ ડોલવા લાગ્યાં.

પવનના સુસવાટા સાથે જોરદાર કડાકાને ચિત્કાર શરૂ થયા.

સાર્થવાહને ત્યાંજ થોભવું પડયું. આગળ વધી શકાય તેમ પણ નહતું. તેમ જ પાછું ફરી શકાય તેમ પણ ન હતું.

ગીચ ઝાડીની વચ્ચે ઉભેલાં વાંસના ઝુંડમાંથી ભયંકર ઉલ્કાપાત કરતો વડવાનલ દાવાગ્નિ પ્રગટ્યો. અને તે ઝાડનાં ઝૂંડના ઝૂંડ સ્વાહા કરવા લાગ્યો.

દાવાનળ આગળ વધ્યો.

બધી દિશાઓ સળવળી ઊઠી. પ્રાણીઓ રક્ષણ માટે દોડાદોડી કરવા લાગ્યાં.

સાર્થવાહ અને સાથીદારો પણ ગભરાયા.

જીવ બચાવવા માટે રક્ષણ મેળવવાના અનેક પ્રયત્નો કરી જોયા, પણ બધા નિરર્થક.

જીવવાની આશા હવે રહી નથી.

પરમાત્માની અકળ લીલા સામે પરાજય પામી સૌ યમદેવની રાહ જોતા ઊભા રહ્યા.

કાળમુખી લાલ ભડકાની જ્વાળાઓ છલાંગફાળે આગળ વધી સામે જ આવી રહી હતી.

આના સામે કોનું શરણ ?

લક્ષ્મીધરે આ સમયે ભક્તામર મહામંત્રનો ગુંજારવ શરૂ કર્યો. બીજાઓ ઈષ્ટદેવને સ્મરતા ત્યાં જ થંભ્યા.

મહામંત્રના "કલ્પાંતકાલ" શ્લોકનો સુમધુર સુર સંભળાયો ત્યાં મંત્ર પરિબળે બંધાયેલી શાસન રક્ષિકા દેવી ત્યાં હાજર થઈ.

પરિસ્થિતિ માપી લીધી અને તેમાંથી બચવા માટે એક સ્વચ્છ જળથી ભરેલો ચકચકિત લોટો લક્ષ્મીધરના હાથમાં મૂકી અદ્રશ્ય થઈ ગઈ.

પુનઃશ્લોકના ઉચ્ચારણ સાથે તે જળનો છંટકાવ દાવાગ્નિ પર કરવામાં આવ્યો.

સર્વના આશ્ચર્ય વચ્ચે પળ પહેલાનું હરણફાળ અગ્નિદેવનું તાંડવ જોતજોતામાં શાંત થઈ ગયું.

માર્ગ નિર્ભય બન્યો. સાથીઓના ખોળિયામાં જીવ આવ્યો.

સૌ કોઈએ પ્રભુનો પાડ માન્યો. લક્ષ્મીધર સાર્થવાહની અનન્ય ભક્તિના પ્રભાવે સૌ અંજાયા.

જૈનધર્મ પ્રત્યેની ભાવના દ્રઢ બની.

બધા શાંતિપૂર્વક સ્વસ્થાનકે પહોંચ્યા.

તિર્થંકર દેવોના વચનામૃત સંસાર સાગરના પ્રબળ દાવાગ્નિને શાંત પાડે છે, તો સામાન્ય દાવાનળનો સંતાપ દૂર થાય તેમાં શું આશ્ચર્ય ?

ક્રોધને મિત્ર બનાવવો અર્થાત ક્રોધની વાત સ્વીકારીને ક્રોધ માન માયા લોભના પ્રસંગોમાં આંખ લાલ કરવી પછી એ પ્રસંગોને દૂર કરવા, જેમ એક વકીલે પોતાના અસીલને કહ્યું કે કોર્ટમાં જજ કે સામા પક્ષનો વકીલ કંઈ પણ પૂછે તો તું ફક્ત "મ્યાઉ મ્યાઉં" જ બોલજે બીજું કંઈ બોલતો નહિં. અસીલે એ પ્રમાણે કર્યું તે નિર્દોષ છૂટી ગયો અને જ્યારે પોતાનો વકીલ તેની ફી લેવા આવ્યો ત્યારે પણ અપરાધી તેના જ શબ્દો બોલ્યો "મ્યાઉ મ્યાઉ" વકીલે કહ્યું કે આ શું ? ત્યારે તેણે કહ્યું કે આ તો તમોએ જ શીખવેલ શબ્દો છે.

એ પ્રમાણે જ ક્રોધે જે લાલ આંખ કરવાનું કહ્યું તે મુજબ ક્રોધ સામે જ લાલ આંખ કરવી ક્રોધ ભાગી જશે જેમ ફી લીધા વિના વકીલ ભાગી ગયો.

**- જયાનંદ**

# ૨૭. સર્પની પુષ્પમાળા

(જેમાં દ્રઢવ્રતાની કસોટી થઈ.)

(૩૭)

**રક્તે ક્ષણં સમદ કોકિલ કંઠ નીલં**
**ક્રોધોદ્ધતં ફણિન મુત્ફણમાપતંતમ્ ।**
**આક્રામતિ ક્રમયુગેન નિરસ્તશંક**
**સ્ત્વન્નામ નાગદમની હૃદિ યસ્ય પુંસઃ ॥**

(ભાવાર્થ ૩૭)

- જે માણસના હૃદયમાં તમારી સ્તુતિરૂપી નાગદમનની સોગઠી રહેલી છે, તે પુરુષ લાલ આંખોવાળા મદોન્મત્ત કોકીલ પક્ષીના કંઠ જેવા કાળા, ક્રોધથી ઉદ્ધત થયેલા ઊંચી ફેણવાળા અને ઝડપથી સામે દોડ્યા આવતા નાગને પોતાના પગ યુગલોએ કરી ઓળંગી જાય છે.

શિવભક્ત ધનિક કર્મચંદ્ર શેઠ દશપુર નગરનો વતની.

બાર વ્રતધારી જૈન શ્રાવિકા દઢવ્રતા, નર્મદાપુર નગરના મહેન્દ્ર શેઠની સુશીલ પુત્રી, ભક્તામર ઉપર પૂર્ણ શ્રદ્ધાવાન.

યોગાનુયોગ પણ કર્મરાજાને વશવર્તી યોજાય છે.

પરસ્પર વિરોધી ધર્મના નરનારીનો સંસાર રથ ક્યાં જઈ અટકે ?

સમાજમાં પુરુષનું સ્થાન ઊંચું ગણાય કે સ્ત્રીનું ?

આવા ઘરમાં કયો ધર્મ પળાતો હશે ?

આ બધાય પ્રશ્ન અહીં ઊભા થયા હતા, કારણ આ બંને સપ્તપદીથી લગ્નગ્રંથીથી જોડાયેલા દંપતિ હતા.

એક કુટુંબ જૈનધર્મી અને બીજું કુટુંબ શિવધર્મી.

એ બે કુટુંબનો મેળાપ એ પણ એક અકસ્માત માનવો રહ્યો.

આવા અકસ્માત જીવનમાં ઝેર રેડે છે પણ અંતે સત્યનો જય થાય છે. પાપી પીડાય છે.

સંપૂર્ણ કસોટીએ તપાતાં શુદ્ધ કાંચનની પરીક્ષા થાય છે.

દઢવ્રતા પણ વ્રતની પરીક્ષા માટે કસોટીએ ચઢી હતી.

પરધર્મી સાસરૂં એ પહેલી કસોટી.

શ્વસુર કુટુંબીજનો તરફથી સ્વધર્મની નિંદા, તિરસ્કાર, અપમાન આદિની પરંપરા શરૂ થઈ.

સહનશીલ દઢવ્રતાએ શાંતપણે આ બધુંય સહન કર્યું.

કર્મચંદ્રના સંસારમાં ઝેર રેડવા સાસુ સસરાએ શૈવધર્મી બીજી સ્ત્રી પરણાવી. તે તેને

વધુ પ્રિયપાત્ર બની. એટલે દ્રઢવ્રતા પ્રત્યે દ્વેષ વધવા લાગ્યો.

આ બીજી કસોટીની શરૂઆત.

નવી સ્ત્રી ચાલાક હતી. તેણીએ દ્રઢવ્રતા વિરૂદ્ધ પોતાના પતિના કાન ભંભેર્યા. પરિણામે તે તેનાથી વિમુખ બની ગયો.

અરે ! પતિ પત્નિએ મળી તેનો નાશ કરવાની યુક્તિ વિચારી.

ત્રીજી કસોટીનાં પગરણ મંડાયાં.

ગારૂડી મારફત એક ઝેરી નાગ ધન ખર્ચીને પતિએ મેળવ્યો. એક ઘડામાં પૂરી પોતાના શયનખંડમાં ઘડો મૂકાવ્યો.

બંને સ્ત્રી સાથે વિનોદ ચર્ચા કરતા કર્મચંદ્રે લાડમાં દ્રઢવ્રતાને કહ્યું "પ્રિયે ! તારા માટે ખાસ એક સુંદર પુષ્પમાળા મેં આ ઘડામાં રાખી છે."

શોક્યની ઈર્ષા ને પતિની કુટિલતાની એ જ્ઞાતા તો હતીજ.

ધર્મભાવના તેણીના રગેરગમાં ભરી હતી. એટલે આ બધું પૂર્વકર્મના ફળ સમાન માની પોતાના હૃદયના ભાવો ગુપ્ત રાખ્યા. અને પ્રેમપૂર્વક બોલી.

"પ્રાણનાથ ! હમણાં જ તે માળા મને લેવા દો. ક્યાં છે ? કહો નાથ! આ હત્ભાગિની પર આવી કૃપા ? એ ખરેખર મારા નશીબની બલિહારી છે !"

કર્મચંદ્રે ઘડો બતાવ્યો.

દ્રઢવ્રતાએ "રક્તેક્ષણ" શ્લોકના સ્મરણ સાથે ઘડામાં હાથ નાખ્યો, તો સૌના આશ્ચર્ય વચ્ચે સુગંધી પુષ્પોની એક માળા બહાર નીકળી, અને તેની સુવાસે શયનખંડ મહેકી ઊઠ્યો.

ધૂર્ત પતિપત્નિ આ ચમત્કાર દેખી અવાક્ બની ગયાં.

થોડીવારે શુદ્ધિમાં આવી કર્મચંદ્ર બોલ્યો "પ્રિયે ! કેવી સુંદર માળા છે ? તમારી ગ્રીવામાં કેવી શોભશે. પહેરો જોઈએ."

દ્રઢવ્રતાએ પતિ આજ્ઞા શિરોમાન્ય ગણી. માળા ગળામાં પહેરી લીધી.

અપકાર ઉપર અપકારની ઝડી વરસતી હોવા છતાં પતિસ્નેહ તેનાથી ન વિસર્યો. તેણે માળા પોતાના ગળામાંથી કાઢી પ્રેમપૂર્વક હાથમાં લીધી.

"કૃપાનાથ ! હવે આપ પણ એક વખત પહેરી જુઓ. આપને કેવી શોભે છે ? આમ કહી જેવી તે પતિના માથે પહેરાવવા જાય છે ત્યાં આકાશમાંથી ઉતરી આવેલ કોઈ દૈવી સ્ત્રીએ તેનો હાથ પકડી લીધો. અને તે પતિપત્નિને ઉદ્દેશીને બોલી.

"દુષ્ટે ! આ સુશીલ સ્ત્રી પર તમે આટલો આત્યાચાર આદર્યો છે. તમારી પાપલીલા બધીય દ્રઢવ્રતાના જાણમાં જ છે. તેના પાસે એવી અમૂલ્ય વસ્તુ છે કે તે વડે તમો તેને જરાપણ હેરાન નહીં કરી શકો. પરંતુ તમારે જ તેથી હેરાન થવું પડશે. આજે તો હું તમારા પર દયા કરૂં છું. આ પુષ્પમાળા મૂળ તો સર્પ જ છે. પણ સતી સ્ત્રીના સતીત્વની ખાત્રી માટે

તેના હાથમાં તે પુષ્પમાળા છે. પણ આ તમારો જીવ લેશે. તેથી દ્રઢવ્રતા ને વૈધવ્ય ભોગવવું ન પડે તે માટે મેં આ કાર્ય કર્યું છે. હવે મારૂં માનો તો આજ સુધીનાં પાપોની ક્ષમા માંગો, અને હવેથી તેને હેરાન ન કરવાની પ્રતિજ્ઞા લો."

આ દૈવી વાણી સાંભળી બંને જણ દ્રઢવ્રતાની ક્ષમા માંગતા દ્રઢવ્રતા પાસે નમી પડયાં.

સતી સ્ત્રીએ એકદમ ઊભી થઈ વિનયપૂર્વક પોતાના પતિને ઊભા કર્યા.

બધાએ મળી તેનું સત્કાર-સન્માન કર્યું.

ઘરનાં બધાં માણસોને જૈનધર્મ પ્રત્યે શ્રદ્ધા થઈ.

દ્રઢવ્રતા ઘરમાં પ્રિયપાત્ર બની ગઈ.

છેલ્લી જિંદગી સુખમય-ધર્મમય ગુજારી.

પાપની ભાવના - પાપની વાસના અને પાપના વિચારોથી આત્મા જો ભયભિત ન બને તો ધર્મનો રંગ ન લાગે. પાપનો ભય એનું જ નામ ધર્મનો રંગ.

શ્રાવકમાં દ્રવ્યદયા વિશેષ હોય અને ભાવદયા ઓછી હોય સાધુમાં ભાવદયા વધુ હોય અને દ્રવ્ય દયા ઓછી હોય તેથી જ સાધુ મુખ્યત્વે ભાવદયાનો અધિકારી અને શ્રાવક દ્રવ્ય દયાનો અધિકારી છે.

જે સાધુ શ્રાવકોની શેહમાં (શરમમાં) આવીને શ્રાવકોને મીઠું લાગે - ગમે તેવું જ કહે અને આગમની વાસ્તવિક વાતો ન સમજાવે તો તે સાધુ નથી પણ સ્વાદુ જ છે.

ક્રોધને આત્માનો શત્રુ કહ્યો છે પણ એ શત્રુને જ મિત્ર બનાવવાની કળા જો આવડી જાય તો એ શત્રુ એનાજ સાથીદારોને ખતમ કરી નાખે થોડી મહેનતે ઘણું કામ થઈ જાય એ માટે ક્રોધને મિત્ર બનાવવા પ્રયત્ન કરવો હિતાવહ છે.

- જયાનંદ

# ૨૮. વૈર ભાવના ગઈ

(જેમાં બે ભાઈઓની દુશ્મનાવટ દૂર થઈ.)

(શ્લોક ૩૮)

**વલ્ગ-તુરંગ ગજગર્જિત ભીમનાદ**
**માજૌબલં બલવતામપિ ભૂપતીનામ્ ।**
**ઉદ્યદ્દિવાકર મયૂખશિખા પવિદ્ધં**
**ત્વત્કીર્તનાત્તમ ઈવાશુ ભિદામુપૈતિ ॥**

(ભાવાર્થ ૩૮)

- જે યુદ્ધમાં હાથી અને ઘોડાની ગર્જનાઓ થઈ રહી છે, પ્રચંડ દુશ્મનનાં લશ્કરો સામસામાં લડી રહેવાથી ધરતી કંપી રહી છે, એવા અતિ બળવાન રાજવીઓની સેના પણ ઉદય પામેલા સૂર્યના આવવાથી તેનાં કિરણોથી જેમ અંધકાર નાશ પામે છે, તેમ તારા નામ કીર્તનથી, દુશ્મન દળો નાશ પામે છે.

(શ્લોક ૩૯)

**કુંતાગ્રભિન્ન ગજશોણિત વારિવાહ**
**વેગાવતાર તરણા તુર યોધભીમે ।**
**યુદ્ધે જયં વિજિત દુર્જય જેય પક્ષા ।**
**સ્ત્વપાદ પંકજવના શ્રયિણો લભન્તે ॥**

(ભાવાર્થ ૩૯)

- જે આપના ચરણ કમલરૂપી વનના આશ્રયે રહેલા છે, તેઓ ભાલાથી ભેદાતા હાથીઓના લોહી રૂપ પ્રવાહમાં પાર ઉતરવાને ઉત્સુક થયેલા મહાન યોદ્ધાઓ વડે ખેલાતા મહાન સંગ્રામમાં પણ જીતી ન શકાય તેવા દુશ્મનદળના સમૂહને પળવારમાં જીતી લઈને જય મેળવે છે.

મથુરાનો રાજા રણકેતુ પરાક્રમી યોદ્ધો.

નાનો ભાઈ "ગુણવર્મા" પ્રભુભક્ત અને ધર્મશ્રદ્ધાવાન.

ગુણવર્મા નિરંતર ભક્તામર સ્તોત્રનો જાપ કરે.

પ્રભુધ્યાનમાં મસ્ત, એવો જ ગુણજ્ઞ પણ ખરો.

સૌ કોઈ એની સલાહ લે.

સ્ત્રી જાતિ સગાભાઈઓમાં વૈર ઉત્પન્ન કરનારી બલા.

રણકેતુની રાણીને ગુણવર્માની ગુણજ્ઞતાની વાતો ન ગમી. તેથી પોતાના પતિને લઘુબંધુ વિરૂદ્ધ વાતો કહીને ઉશ્કેર્યો.

તે કહેવા લાગી, "સ્વામી નાથ ! આપનો નાનો ભાઈ ભવિષ્યમાં આપનું રાજ્ય પડાવી લઈ આપણને રસ્તાના રઝળતા ભિખારી બનાવી દે એવું આજનું તેનું વર્તન છે. તમને

ચેતવવા માટે આ વાત મારે કરવી પડે છે. પછી આપની મરજી."

પોતાનું રાજ્ય કદાચ ગુણવર્મા પડાવી લે એ આશંકામાં રાજા પૂરેપૂરો ઘેરાઈ ગયો.લઘુબંધુ પ્રત્યેની ફરજ તે ચૂક્યો. અને તેણે ગુણવર્માને દેશનિકાલ કર્યો.

વડિલ બંધુની આજ્ઞા શિર પર ચડાવી તે ચાલ્યો, દૂર દૂર પહાડની ગુફામાં.

ફળફૂલનો આહાર કરી શાંતિમય પ્રભુ સ્મરણ અહીં થશે એ વિચારે તે મસ્ત બન્યો.

થોડો કાળ વ્યતિત થયો. એકાદ ચોમાસું પુરુ થયું.

એક સમયે સૈન્યથી સજ્જ રણકેતુ શત્રુ પર વિજય મેળવવા નીકળી પડ્યો છે.

રસ્તામાંજ ગુણવર્માની ગુફા આવી.

રણકેતુને ભૂતકાળ સાંભળ્યો. રાણીની ભંભેરણીનો વૈરનો કીડો સળવળવા લાગ્યો.

દૂરના શત્રુ કરતાં આ નજીકના શત્રુનો પહેલો નાશ કરવો જોઈએ.

અને તાત્કાલિક ગુફા પર તોપના ગોળા છોડવા હૂકમ આપ્યો.

ધડૂમ, ધડૂમ, ધડૂમ તોપો ગોઠવાઈ.

ગુણવર્મા બહાર આવી જુએ છે તો દ્વાર સમીપે જ તોપના ગોળા આવી પડયા છે.

સૈનિકોના બૂમબરાડા સાંભળીને સમજી ગયો કે મારા વડિલબંધુ મારા પ્રાણ લેવા માટે આ બધું કરે છે. મારા મૃત્યુથી તેમને શાંતિ થતી હોય તો ભલે તેમ થાઓ. મને વાંધો નથી.

તે ગુફામાં એક બાજુ બેસી ઈશ્વરધ્યાનમાં મગ્ન બન્યો. ભક્તામર સ્તોત્રના **"વલ્ગ-તુરંગ અને કુંતાગ્રભિન્ન"** બંને શ્લોકનો ધ્યાન-જાપ શરૂ કર્યો.

ત્યાં ચમત્કાર સર્જાયો.

શાસનદેવીનું આસન કંપી ઉઠ્યું.

જ્ઞાનના ઉપયોગથી તેણે જોયું, તો વૈરભાવના વશ વડીલ ભ્રાતા લઘુભાઈને વિડંબણા પમાડી રહ્યો છે.

તેને શિક્ષા આપવાના ઉદ્દેશે એકદમ અંધકાર વિકુર્યો.

ભયંકર ઉપદ્રવ શરૂ કર્યો.

અકલ્પિત અંધકારમાં અરસપરસ સૈનિકો અથડાઈ મરવા લાગ્યા. જીવ બચાવવા નાશભાગ શરૂ થઈ. રણકેતુ પણ ગભરાઈ ગયો.

થોડાક સમય બાદ દૈવી અંધકાર અદ્રશ્ય થયો ત્યારે પોતાના સૈન્યની વેરવિખેર દશા નિહાળી રાજા રણકેતુને સમજાયું.

મેં ભયંકર ભૂલ કરી છે. ગુણવર્મામાં દૈવી શક્તિ છે તે સામે હું પામર શું કરી શકું?

ખરેખર મેં દેશવટો આપી ભયંકર ભૂલ કરી છે. એ નિર્લોભી નિર્મોહી ભ્રાતા વંદન કરવા યોગ્ય છે.

આમ વૈરભાવના એકદમ નષ્ટ થઈ.

પ્રેમભાવનાના સ્ત્રોત વહેવા લાગ્યા

તે દોડતો જઈ લઘુબંધુના પગમાં પડ્યો.

પોતાના મસ્તકનો તાજ ઉતારી લઘુબંધુના મસ્તકે મૂક્યો.

પોતે જૈન મુનિરાજ પાસે ચારિત્ર સ્વીકાર્યું

ગુણવર્મા વડિલબંધુનું પરિવર્તન જોઈ આશ્ચર્ય પામ્યો.

તેને રાજ્યનો મોહ ન હતો. પરંતુ વડીલ ભાઈએ દીક્ષા ગ્રહણ કરી અને જનતાની માગણી સ્વીકારી રાજ્ય પોતાના હસ્તકમાં લીધું.

દુશ્મન રાજ્યોને પરાજય આપી રાજ્ય વધારી રાજ્યમાં શાતિ સ્થાપી.

પ્રજાકલ્યાણનાં અનેક કામો કરતાં અંતે ચારિત્રધર્મ સ્વીકાર કર્યો.

જૈન શાસનની પ્રભાવના થઈ.

- પૂનર્જન્મ ન માને તે પૂન્ય પાપ ન માને. તો પૂન્ય પાપ ન માનનારે મા-બેનના સંબંધને માનવાની જરૂર શું ? નાસ્તિક માણસ પણ મા-બેન સાથે સ્ત્રી માનીને વ્યવહાર કરી શકશે નહિ, કરે નહિ એ નિશ્ચિત છે તો પછી આ બાબતમાં એણે પાપ માન્યું પૂન્ય માન્યું મનાયું અને પાપ મનાયું એટલે પરલોક મનાઈ ગયો. પરલોક છે એ માનવું એટલે પૂનર્જન્મને માન્યો.
- માનવીની સાચી સાધના તો એજ છે કે જે પ્રતિ સમય સંયમના ભાવોમાં રમણતા કરે. સાધુ હોય તો સંયમની ક્રિયામાં નિર્દોષતા લાવવા માટે પ્રયત્નશીલ હોય અને ગૃહસ્થ(શ્રાવક) હોય તો તે સંયમ લેવા પ્રયત્નશીલ હોય.
- આ સંપૂર્ણ જીવન જીનાજ્ઞાનુસાર જે જે ભવ્યાત્માઓનું વ્યતિત થાય છે તેવા આત્માઓ જ અલ્પકાળમાં સંપૂર્ણ સુખને મેળવે છે.
- સમુદ્રની મહત્તા ગંભીરતાના ગુણથી છે, તેમ જ સ્ત્રીની મહત્તા લાજ(મર્યાદા)ના ગુણથી છે. સમુદ્ર કદાપી મર્યાદા ઓળંગતો નથી, તેમ સતિ સ્ત્રી કદી પોતાની લજ્જાને છોડે નહિં.

- જયાનંદ

# ૨૯. દેવીનું પરિવર્તન

(જેમાં હિંસક દેવીએ દયા સ્વીકારી)

(શ્લોક ૪૦)

**અંભો નિધૌ ક્ષુભિત ભીષણ નક્ર ચક્ર**
**પાઠીનપીઠ ભય દોલ્બણ વાડવાગ્નૌ ।**
**રંગત્તરંગ શિખરસ્થિત યાન પાત્રા-**
**સ્ત્રાસં વિહાય ભવતઃ સ્મરણાદ્ વ્રજન્તિ ॥**

ભાવાર્થ (૪૦)

- ભયંકર નક્રચક્રાદિ મત્સ્યો જેના મોજામાં ઉછળી રહ્યા છે પાઠીનપીઠ નામના મત્સ્યને પણ ભય ઉત્પન્ન કરનાર વડવાનલ અગ્નિ પ્રજવલ્લિત થયો છે, તેવા દરિયાના તરંગો ઉપર આવી રહેલા વહાણના વહાણવટીઓ ડર પામતાં છતાં, પણ ત્હારા નામ માત્રનું રટણ કરી તે દરિયો પણ સહેજમાં પાર કરી જાય છે.

સિંહલદ્વીપ એટલે આજની લંકા.

ભૂતકાળમાં તે સોનાની લંકા કહેવાતી.

જે કોઈ ત્યાં વસે તે વ્યાપારાદિથી અપાર દોલત મેળવી શકતો.

માટેજ પરદેશથી અનેક માનવો ત્યાં આવતા.

ધનચંદ્ર શેઠ તામીલ દેશનો વાસી.

ખાનદાન ઘર, અને વારસાગત ધન-મિલ્કતનો માલીક બનેલો.

પરંતુ એકલું ઉધાર પાસું ક્યારે માણસને મુશ્કેલીમાં મૂકે તે કહેવાય નહિ.

માટે તેણે ધન જમા કરવાનો પ્રયત્ન જારી રાખ્યો. પરિણામે તેની નજર સિંહલદ્વીપ તરફ મંડાઈ.

તે તરત જ ત્યાં ગયો. નસીબે તેને યારી આપી, અપાર લક્ષ્મીનો માલીક જોતજોતામાં થઈ ગયો.

હવે તેણે સ્વદેશ પાછા આવવા વિચાર્યું. એક વહાણ ભરી તે નીકળ્યો.

પણ તેની સાચી કસોટી તો હવે થવાની હતી.

દરિયાની થોડીક સફર ખેડ્યા પછી એક ખડક આવ્યો

ખડક ઉપર વિકટાક્ષી નામે એક દેવી રહેતી હતી.

તે જતા આવતાં વહાણો અટકાવી ભોગ મેળવતી.

એ દેવીએ ધનચંદ્રશેઠનું વહાણ પણ થંભાવ્યું.

નિત્યના પ્રવાસી ખારવાઓએ દેવીને પશુ બલિદાનનો ભોગ આપવા શેઠને વિનંતિ કરી.

શેઠ તો અહિંસાનો અવતાર. જૈનધર્મના પૂરા જ્ઞાતા.

ચંદ્રકીર્તિ ગુરુ પાસે રહી ભક્તામર સ્તોત્ર સાંભળ્યું હતું. અને તેનો નિરંતર જાપ તેઓ કરતા હતા.

હિંસક દેવીની વાત સાંભળતાં શેઠ સળવળ્યા. દેવીની ધૃષ્ટતા પ્રત્યે તિરસ્કાર છૂટયો.

વહાણ આગળ ચલાવવાના અનેક પ્રયત્નો નિષ્ફળ ગયા ત્યારે છેલ્લો ઉપાયે ધર્મનો આશરો મેળવવા વિચાર્યું.

શુદ્ધ શ્રદ્ધા અને ભાવપૂર્વક તેઓએ **"અમ્ભોનિધૌ"** શ્લોકનો સ્મરણ જાપ ચાલુ કર્યો.

જેમ જમ શ્લોકનો જાપ આગળ વધ્યો તેમ તેમ દેવીની શક્તિઓ ક્ષીણ થઈ ગઈ.

છેવટે દેવી પ્રત્યક્ષ થઈ શેઠને કહેવા લાગી.

"શેઠ ! હું ત્હારી ભક્તિથી પ્રસન્ન થઈ છું. ત્હારી ઈચ્છા હોય તે માંગી લે."

શેઠે આ જગ્યા પર થતી પશુહત્યા બંધ કરવા અને દયાધર્મ સ્વીકારવાની માગણી કરી.

હિંસક.દેવીએ ત્યારથી દયાધર્મ સ્વીકાર્યો. અને શેઠનું વહાણ છુટું કર્યું. ઉપરાંત અનેક મોઘાં મૂલ્ય રત્નોની ભેટ શેઠને આપી.

અઢળક સંપત્તિ સાથે શેઠનું વહાણ સ્વદેશ પહોંચ્યું અને આ વાત જેણે જેણે સંભળી તેઓ જૈનધર્મના અનુયાયી બની ભક્તામર સ્તોત્રના જ્ઞાતા થયા.

જૈનધર્મની પ્રભાવના ખૂબ વધી.

(આજની લંકા એ પુર્વ ની લંકાની વાત શંકાસ્પદ છે.)

આજે દીક્ષિત જીવનની સફળતાના આપણા માપદંડ શા છે ? આપણા સામયિક પત્રોમાં છપાતા "યશસ્વી અને અદ્ભૂત પ્રભાવક" ચાતુર્માસોમાં શાના શંખનાદ સંભળાય છે ? સામૈયાની લંબાઈ પહોળાઈ, પ્રવચન સભાઓના વ્યાપ, સંઘ પૂજનો પ્રભાવનાઓ, મહોત્સવોની ભરમાર અને ઉછામણીઓના મસ મોટા આંકડાઓ આ બધું શું જિન શાશનની પ્રભાવનાના મહોરાની ઓથે આ બધી આહૂતિ અહં-મમને જ અપાઈ રહી છે ? બહિર્ભાવમાં ગળાડૂબ રહી શું માત્ર થોડાક બાહ્ય તપ ત્યાગથી આપણે ભવસાગર તરી જઈશું ? અબુધ આમ જનતા અહં પ્રેરીત આ ધામધૂમને ભલે જિનશાશનની પ્રભાવના તરીકે નવાજે પણ જ્ઞાનીઓની વેધક નજર તો આમાં રહેલી પરભાવના પારખી લઈ એવા પ્રભાવકને જિનશાશનના વેરી તરીકે જુએ છે. **જિમ જિમ બહૂશ્રુત બહુજન સમ્મત; બહૂલ શિષ્યનો શેઠોરે, તિમ તિમ જિનશાશનનો વૈરી, જો નવિ અનુભવ નેઠો રે.**

**- જયાનંદ**

# ૩૦. વિષનું અમૃત

(જેમાં રાજહંસે આપેલ ઝેરનું અમૃત થાય છે.)

(શ્લોક ૪૧)

**ઉદ્‌ભૂત ભીષણ જલોદર ભાર ભુગ્નાઃ**
**શોચ્યાં દશામુપગતાશ્ચ્યુતજીવીતાશાઃ ।**
**ત્વત્પાદ પંકજ રજોડમૃત દિગ્ધદેહા**
**મર્ત્યા ભવન્તિ મકર ધ્વજ તુલ્યરુપાઃ ॥**

(ભાવાર્થ ૪૧)

- જેઓને ભયંકર જલોદર જેવો દુસાધ્ય રોગ ઉત્પન્ન થયો છે, અને જે આવા રોગથી જલતા શોચીત દશાને પામેલા છે, જેઓ જીવવાની કોઈ આશા રાખી શકતા નથી, તેઓ પણ પ્રેમથી તારા ચરણની રજ પોતાના દેહ પર ધરે, તો તે રોગથી મુક્ત બને છે. તેમની કાયા બીજા કામદેવ સરખી તેજસ્વી બની જાય છે

ઉજૈણીનો નૃપશેખર રાજા મહાપરાક્રમી અને બુદ્ધિમાન.

તેને બે રાણીઓ, વિમળા અને કમળા.

વિમળા પતિભક્ત પરાયણ વિદુષી અને સતી સ્ત્રી.

કમળા સ્વાર્થી આડંબરયુક્ત ચાલાક કપટી સ્ત્રી હતી.

વિમળાને રાજહંસ નામે પરાક્રમી સુશીલ અને વિનયી પુત્ર.

કમળાને રાજશેખર નામે પુત્ર.

રાજહંસ હજી તો બાલ્યાવસ્થામાંજ હતો ત્યાં માતાનો સ્વર્ગવાસ થયો. અને ઓરમાન માતાના હાથે ઉછરવા લાગ્યો

ભાગ્યની ગતિને કોણ રોકી શકે ?

લેણાદેણાના જમા-ઉધાર પાસા જીવનમાં સરખા કરે જ છૂટકો.

પૂર્વજન્મના કોઈ વૈર વિપાકના પરિપક્વ રૂપે રાજહંસને સાવકી માતાના ખોળે ઉછેરવાનું નિર્માણ સર્જાયું.

સાવકીમાના વિચારોમાં તે જ પળે પરિવર્તન આવ્યું.

આજ સુધી સગા પુત્ર જેવો રાજહંસ હવે તેને દુશ્મન સમો ભાસવા લાગ્યો.

રાજહંસ રાજાને પ્રીતીપ્રાત્ર છે, વળી મારા રાજશેખર કરતાં મોટો છે એટલે રાજગાદીનો વારસ એ છે અને પછી મારૂં તથા મારા પુત્રનું શું ?

ઉગતો કંટક તો તરત જ નષ્ટ કરવો જોઈએ.

કોઈ ચાણક્યનીતિએ રાજહંસ રૂપી કાંટો દૂર કરવો જોઈએ પણ એકદમ પગલું ભરતાં લોકોપવાદનો ડર લાગ્યો.

આથી રાજહંસના ખોરાકમાં વિષ આપવાનું નક્કી કર્યું. એ વિષ કેવું ? ધીમે ધીમે રોગગ્રસ્ત બની માણસ મૃત્યુને ભેટે.

એ વિચાર અમલમાં મૂકવા માટે તે સમયની રાહ જોવા લાગી.

પૂણ્યોદય પરવાર્યા હોય ત્યારે ત્રૂટીની બૂટી મળતી નથી.

ભૂંડું કાર્ય કરનારને પણ સમય મળી જાય છે.

નૃપશેખર રાજા દિગ્ગવિજય કરવા બહાર ગયા. રાજ્યની દેખભાળ મંત્રીશ્વર સાથે રાણીને સોંપાઈ.

એ સમયે રાણીએ રાજહંસના ખોરાકમાં વિષનું મિશ્રણ કરી દીધું.

એ ઝેરની પરિણામે કુંવરને ભગંદર, જલોદર, ગુલ્મ આદિ વ્યાધિઓ એકી સાથે ઉત્પન્ન થઈ.

માતાની અવકૃપા હોય તો ઘડી પણ રહેવું વ્યાજબી નથી એમ માની તે ચાલી નીકળ્યો.

એ સીધો હસ્તિનાપુર આવી કોઈ યોગ્ય સ્થળમાં શાંતિપૂર્વક રહેવા લાગ્યો.

કરમની ગહનતા અહીં વળી કોઈ નવાજ લેબાશમાં ખીલી નીકળી.

હસ્તિનાપુરનો રાજા માનગિર, અભિમાનનો અવતાર. માનવતી રાણી પણ અભિમાનની પૂતળી.

બંનેની સરખી જોડ.

કલાવતી પુત્રી સરળ વિનયી ને ડાહી.

લાડમાં ઉછરતી કન્યાને પિતાએ એકદા પ્રશ્ન કર્યો.

"કલાવતી ! તને સુખ આપવું તે અમારા હાથની વાત છે કહે, કહે, તારા સુખ માટે હું શું કરૂં ?"

પુત્રી નિર્ભયતાથી બોલી "પિતાજી ! મનુષ્ય મિથ્યાભિમાનમાં રાચે છે. બાકી તો મારાં પૂર્વકર્માનુસાર મને સુખદુઃખ મળી જશે. તે ફેરવવાની આપની કે કોઈની તાકાત નથી."

આવો સ્વતંત્ર જવાબ રાજાને કેમ રૂચે ? તેને પુત્રી પ્રત્યે દ્વેષભાવ ઉત્પન્ન થયો.

રાણીએ પણ પુત્રીને ઘણી સમજાવી પણ કર્મની ગહનતા છોડવા તૈયાર ન થઈ.

આ બાબતને ખોટી ઠરાવવા મથતા રાજા માનગિરિએ ગામમાં નવા વસેલા મહારોગી રાજહંસને બોલાવી કલાવતીના લગ્ન તેની સાથે કરી નાખ્યા.

"હવે આ રોગી સાથે રહી તમારાં કર્મ પ્રમાણે ફળ ભોગવો" રાજાએ તિરસ્કારયુક્ત વાણી કહી.

નવદંપતિ પૂર્વકર્માનુસાર ભાવિ જીવન ઘડવાના મનોરથ સેવતા ઉદ્યાનમાં એક વૃક્ષ તળે બેઠા હતા. ત્યાં એક પવિત્ર મુનિરાજ આવી ચઢ્યા.

ભક્તિભાવભર્યા હૃદયે બંને જણે યથાવિધિ મુનિરાજને વંદન કર્યા, અને ધર્મબોધ

શ્રવણ કરવાની ભાવના વ્યક્ત કરી.

વળી પોતાની વ્યાધિની સર્વ હકિકત મુનિરાજને કહી. તેનો ઉપાય પણ પૂછ્યો.

સત્પાત્ર જાણી મુનિરાજે કર્મની વિચિત્રતાના ઉદાહરણ સાથે સુંદર બોધ આપ્યો. ઉપરાંત ભક્તામર મહામંત્રનો પ્રભાવ સમજાવ્યો **"ઉદ્ભૂતભીષણ"** શ્લોકની જાપ સાધન વિધિ સમજાવી.

નવદંપતિએ એ પ્રેમપૂર્વક ગ્રહણ કરી.

નિરંતર વિધિપૂર્વક ત્રિકાળ એ મંત્રનો જાપ અને જિનેશ્વરના ધ્યાને રાજહંસ નિમગ્ન રહેવા લાગ્યો.

ધીમેધીમે શરીરની બધી વ્યાધિ નીર્મૂળ થતી ગઈ-નાશ પામી. શરીર સંપૂર્ણ કાંતિવાન બની ગયું. સ્તોત્રના પ્રભાવેવિષ અમૃત બની ગયું.

નવદંપતિ ઉલ્લાસમય જીવન જીવી રહ્યા.

નૃપશેખર રાજા સ્વદેશ પાછો ફર્યો ત્યારે તેણે રાજહંસની દુર્દશાની વાત સાંભળી. તે બહુજ દુઃખી થયો. રાજહંસની શોધ માટે અનુચરો રવાના કર્યા.

છેવટે હસ્તિનાપુરથી ભાળ મળી. એથી તેને બોલાવવા મંત્રીને મોકલ્યો.

રાજહંસ પિતાની યાદ સાંભળી પત્નિસહ ઉજ્જયણી પાછો ફર્યો.

ઘણા વરસે વિખુટા પડેલા આત્મજનો એકત્ર થયા. અન્યોન્ય સુખશાંતિના સમાચારો પૂછયા.

નૃપશેખર રાજા વૃદ્ધ થયો હતો. તેથી પોતાનું રાજ્ય રાજહંસને સોંપી આત્મકલ્યાણ સાધવા દીક્ષા અંગીકાર કરી ચાલી નીકળ્યો.

માનગિરિ રાજાને ખબર પડી કે રાજહંસને પુનઃ આરોગ્ય પ્રાપ્ત થયું. અને કલાવતી મહારાણી બની છે. ત્યારે તે પણ કર્મસત્તાને માનતો થયો અને જૈનધર્મ પ્રત્યે અનુરક્ત બન્યો.

ભક્તામરના પ્રભાવથી ઘણા જનોએ જૈનધર્મ સ્વીકાર્યો.

રાજહંસ-કલાવતીએ પણ આ પ્રમાણે ધર્મરાધના કરતા પાછલી અવસ્થામાં પોતાના-પુત્રને રાજ્ય સોંપી ચારિત્રધર્મ અંગીકાર કર્યો.

દીક્ષાર્થીની પરીક્ષા લીધા વિના દીક્ષા આપવી એ તો દીક્ષાર્થીને દુર્ગતિમાં ધકેલવાની ક્રિયા છે. કારણ કે જો તેનામાં યોગ્યતા નહિં હોય તો તે સાધુના વેશમાં એક નંબરનો ઠગ બનશે. અને તે સર્વ પ્રથમ પોતાના આત્માને ઠગશે. કદાચ તેનામાં યોગ્યતા હશે તો અપરીક્ષક ગુરુના કારણે તેની યોગ્યતા દટાઈ જશે અને તે અયોગ્ય આચરણ નિઃસંકોચ કરશે. તેથી પણ તેની દુર્ગતિ થશે. પરીક્ષામાં પસાર થયા વિના દીક્ષા લેનારનું અહિત જ થાય છે.

**- જયાનંદ**

## ૩૧. લોહ બંધન તૂટયાં

(જેમાં રણધીર કુમારની બેડીઓ તૂટી.)

(શ્લોક ૪૨)

**આપાદ કંઠ મુરુ શૃંખલવેષ્ટિ તાંગા**
**ગાઢં બૃહન્નિગડ કોટિ નિધૃષ્ટજંઘાઃ ।**
**ત્વન્નામ મન્ત્રમનિશં મનુજાઃ સ્મરન્તઃ**
**સદ્યઃ સ્વયં વિગતબંધ ભયા ભવન્તિ ॥**

(ભાવાર્થ ૪૨)

- બે પગથી માથા સુધી જે મોટી બેડીઓથી જકડાયેલ છે, અને ગાઢ બંધનના ફાંસલામાં જેની જંઘા હંમેશા ઘસાતી જાય છે. એવા મનુષ્યો પણ તારા નામરૂપી મંત્રનો અહોનિશ જાપ કરે, તો તે બંધનોનો સહેજે-પોતાની મેળે નાશ થઈ જાય છે.

(શ્લોક ૪૩)

**મત્ત દ્વિપેન્દ્ર મૃગરાજ દવાનલાહિ**
**સંગ્રામ વારિધિ  મહોદર બંધનોત્થમ્ ।**
**તસ્યાશુ નાશ મુપયાતિ ભયંભિયેવ**
**યસ્તાવકં સ્તવમિમં મતિમાનધીતે ॥**

(ભાવાર્થ ૪૩)

- જે બુદ્ધિમાન માણસો આ તારૂં સ્તોત્ર પ્રીતિપૂર્વક ગાઈને પ્રાર્થના કરે છે તેમના મદોન્મત હાથી, કેશરી સિંહ, અગ્નિ, સર્પ, યુદ્ધ, દરિયો કેદ કે રોગના બધા ભયો ક્ષણવારમાં નાશ પમે છે

(શ્લોક ૪૪)

**સ્તોત્રસ્રજં તવ જિનેન્દ્ર ગુણૈર્નિબદ્ધાં**
**ભક્ત્યા મયા રુચિરવર્ણ વિચિત્ર પુષ્પામ્ ।**
**ધત્તે જનો ય ઈહ કંઠગતામજસ્રં ।**
**તં માનતુંગમવશા સમુપૈતિ લક્ષ્મીઃ ॥**

(ભાવાર્થ ૪૪)

- હે જિનેન્દ્ર ! તારા ગુણરૂપી સૂત્રની આ ગીતા મેં તારી ભક્તિએ કરીને યુક્ત અને મનહર શબ્દોથી ગુંથણી કરીને અક્ષર રૂપી વિચિત્ર પુષ્પોવાળી બનાવી છે, જે માણસ સ્તોત્રરૂપી માળા પ્રેમપૂર્વક પોતાના કંઠમાં ધારણ કરશે, તે માનવી ઉન્નત પુરૂષ (બીજી રીતે સ્તોત્રના કર્તા માનતુંગસૂરિ) પૂર્ણિમાના ચંદ્રસમી ઉજ્જવળ મોક્ષ લક્ષ્મી મેળવવા ભાગ્યશાળી થશે.

ભલી ભારતભૂમિનું અતિસુંદર શહેર અજમેર.

અજમેરનો નરપાળ રાજવી, બહુ ભલો ને ન્યાયી.

રણધીરકુમાર, બુદ્ધિમાન પરાક્રમી.

રાજકુમાર ગુણચંદ્ર ગુરુ પાસે નિત્ય વંદનાર્થે જાય. ગુરુ પણ સર્વજ્ઞાનના જ્ઞાતા.

ભક્તામર સ્તોત્રનો અપૂર્વ પ્રભાવ કુંવરે તેમની પાસેથી જાણ્યો, ત્યારે તેને તે પ્રત્યે ખૂબ જ શ્રદ્ધા થઈ. અને તેનો મુખપાઠ કર્યો. તેનો જાપ પણ શરૂ કર્યો.

પલાશખેટ શહેર નાનકડું પણ રમણીય.

અજમેરથી થોડૂંક દુર. કુમાર રણધીરને તેનો વહીવટ સોંપેલો.

સારું ખરાબ માણસોથી જોયું ન જાય એટલે તે પડાવી લેવા ઈચ્છે.

યોગીનીપુરમાં મુસલમાન બાદશાહ.

અજમેર પડાવી લેવાની મુરાદો સેવે પણ તેનો મજબુત દુર્ગ જોઈને પાછો પડે.

આથી તેણે પહેલાં પલાશખેટ કબજે કરવા વિચાર્યું અને એક રાત્રે તેના સૈનિકોએ ઓચિંતો હલ્લો કરી રાજા રણધીરને પકડી બાદશાહ આગળ રજુ કર્યો.

રાજાએ તેને લોઢાની બેડીઓથી જકડીને કેદમાં પૂર્યો.

અજમેરના રાજાને સંદેશો પાઠવ્યો કે "રણધીરને છોડાવવો હોય તો અમારી સત્તા માન્ય રાખો."

ત્યાં એક ચમત્કાર સર્જાયો.

કેદખાનામાં રહેલા રણધીરે અનન્ય ભાવે "**આપાદકંઠ**" શ્લોકનું આરાધન એક ચિત્તે શરૂ કર્યું.

શાસનદેવીની કૃપાએ તેના પગના બંધન તૂટી ગયાં. તે જેલમાંથી નીકળી બાદશાહની સામે હાજર થયો.

સુલતાન આશ્ચર્ય પામ્યો. પહેરેગીરોની ગફલતે આમ બન્યું હશે. એમ માની એથી વધુ મજબૂત બંધનોથી બાંધી વિશ્વાસુ પહેરેગીરો નીચે તેને જેલમાં પૂર્યો.

બીજીવાર પણ તેમજ.

ત્રીજીવાર ફરીથી પૂર્યો.

વળી પાછું એજ.

ત્રણ ત્રણ વાર બંધનમુક્ત થનાર રણધીરને જોઈ બાદશાહ તેને ભેટી પડ્યો.

તેની મંત્રસિદ્ધિ પ્રત્યે તેને પ્રેમભાવ ઉત્પન્ન થયો.

આવા માનવીને છેડવા કરતાં મિત્ર તરીકે રાખવા બાદશાહ તૈયાર થયો.

સન્માન સહ તેને પલાશખેટ રવાના કર્યો.

નરપાળ રાજાએ શહેરમાં ઉત્સવ મનાવ્યો.

ધર્મભાવનામાં અનેક જનો રંગાયા.

ભક્તામર સ્તોત્રના જયનાદ ગવાયા. લોહબંધન તોડનાર એ સ્તોત્રથી કર્મબંધન ત્રૂટે તેમાં શું નવાઈ ?

# ભક્તિ ગીતા

## (ભક્તામર ગુજરાતી)

### પદ્યાનુવાદ (હરિગીત) "શશિપૂનમ"

ભક્તામરોનાં શીશ નમતાં, મુકુટમણિ ચમકાવતી, જેની પ્રભા અઘ પાપનાં, તિમિરદળ સંહારતી.
જેના સદા અવલંબને, યુગયુગથી જન ભવજલ તરે, એવા જિનેશ્વર દેવ ત્હારાં, ચરણમાં વંદન ખરે. ૧.

જેને સ્તવ્યા સો શાસ્ત્રની બહુ તત્વબોધક બુદ્ધિથી, જેની મહાસ્તોત્રો વડે શકેન્દ્રથી પૂજા થતી.
જેની અલૌકિક દિવ્ય મુદ્રા, ત્રિજગ મન મોહન કરે, તેવા પ્રભો આદિ જિનેશ્વર, પ્રેમથી સ્તવું આ પળે. ૨.

જેનું ચરણ આસન સદા, દેવો વડે પૂજાય છે, જેની કરે સ્તવના બધા, જે વિશ્વમાં વખણાય છે;
જેવું જળે શશિ બિંબ દેખી બાલ ઝીલવા દોડતો, તેમ સહસા બુદ્ધિહીન સ્તુતિમાં ચિત્ત જોડતો. ૩.

હે ગુણનિધે ! ગુણ ત્હારા, વક્તવ્ય કઈ રીતે કરે? શશાંશ કાંતિસમ ગુણો, સુરરાજગુરુ પણ નહિ કહે?
પ્રલય કાળે અબ્ધિમાં જળચર જીવો પણ થરથરે, ત્યાં કોણ છે ? સામર્થ્યધારી. હસ્ત વિસ્તારી તરે. ૪.

હે મુનીશ્વર ! આપની, સ્તવના કરૂં શક્તિ નથી, હે પ્રભો ! ભક્તિભર્યો, મૃગ બાળસમ આવ્યો ધસી;
જેવી રીતે હરણાં પ્રીતે અપત્ય પરિપાલન કરે.આપ બળ સમજ્યા વિના, વનરાજની સામાં ધસે. ૫.

હે નાથ ! હું અલ્પજ્ઞ છું. વિદ્વતજનો જોતાં હસે, હે નાથ ! ત્હારી ભક્તિનું આકર્ષ બળ ખેંચે મને;
જેવી વસંતે કોકિલા, મીઠી મધુ ટહૂકા કરે, આમ્ર કલિ જોતાં વળી, તેના પ્રભાવે ઉભરે. ૬.

હે પ્રભો ! યશગાથા તારી, જીવના ભવ ભય હરે, હે પ્રભો ! યશગાથ તારી, પાપ ક્ષણમાં દૂર કરે;
શ્યામ ભૂરી રાત્રીના એ તિમિર દળને તો જુઓ, ભાનૂ પ્રકાશે પૂર્વ દિશે, જ્યોતિ વેરે નષ્ટ હો ! ૭.

હે નાથ સ્તુતિ ગાઈને ગુણ અલ્પ બુદ્ધિ ઉચ્ચરે, ત્હારા પ્રભાવે સ્તોત્રથી પણ સંત માનવ મન હરે;
પદ્મ પત્રે વારિ બિંદુ જ્યમ સુંદર શોભતું, જાણે મુક્તાફળ સમું સુસંગતે એવું થતું. ૮.

આપની સ્તુતિ ભલી જે, નષ્ટ કરતી પાપ સહુ, આપની ચારિત્ર વાતો દુષ્કર્મ હણતી બહુ બહુ;
(જેમ) સૂર્ય પણ અતિ દૂરથી છોડે સહસ્ર કિરણાવલી, તેની પ્રભા સરવર જળે રમતાં કમળ વિકસાવતી. ૯.

હે નાથ! મહી આભૂષણા, અદ્‌ભુત હે ભૂતનાથ છો! સ્તુતિ કરી ગુણ ગાઈ તારા, આપ સમ સૌ કો બનો!
આ મૃત્યુલોકે માનવી દે આશરો જેને સદા, તે સંપત્તિથી આપ તૂલ્ય શું નહિ કરતો કદા. ૧૦.

અનિમેષ નયણે નીરખતાં; અહોનિશ દર્શન યોગ્ય છો, આપના સ્વરૂપ વિણ સંતોષ બીજે ક્યાં થતો ?
પાન કરતો ક્ષીર સાગર, ચંદ્ર ઉજ્જવળ કિરણે, કોણ ઈચ્છે માનવી ? એ લવણ સાગર ક્ષીરને. ૧૧.

હે ત્રણ ભુવન ! શણગારસ્વામી ! શાંતિ તવ અવલંબતા શાંત રાગ રૂચિ ભર્યા, પરમાણું તવ દેહ પોષતા;
એ અણુઅણુ આ વિશ્વમાં, ક્યાંયે કદી જડશે નહિ, તું એક સુંદર અખિલ જગમાં, આપસમ અન્ય કો નહિ? ૧૨.

આહા ! મુખ છે સ્વામી તણું, નર દેવના નેત્રો હરે, ત્રિલોકની ઉપમાન વસ્તુ, સર્વ જીતી આપતે;
ખાખરાનાં પર્ણ પણ, જબ દિવસે પીળાં થતાં, શશિ બિંબ એવું કલંકવાળું કહાં આપ ને કહો બિંબ કહાં ? ૧૩.

સોળે કળાએ વિકસ્યો જે, ચંદ્ર નભ મંડળ સમા, ઉજ્જવળ ગુણો ત્હારા વિભુ ત્રણ ભુવન ઉલંઘતા;
સ્વામી ત્રિલોકી નાથના, જે આશ્રયે રહેતા સદા, યથેચ્છ વિચરિત એ ગુણોને, રોકશે નહિ કો કદા ? ૧૪.

દેવાંગના વિચલિત કરે પણ, આપ મન જેમાં નથી, વિકાર માર્ગે નહિ જતું. આશ્ચર્ય કંઈ એમાં નથી;
પ્રલયના વંટોળિયાથી, પહાડ મોટા ખડખડે, મંદિરાદ્રિ શિખર એવું, કદીય કંપિત નહિ બને. ૧૫.

નહિ ધૂમ, દિવેટ છે નહિ, જરી તેલ પણ તેમાં નથી, ડુંગરા ડોલે પવન વા', જેને ચલિત કરતો, નથી;
એ દિવડો અદ્‌ભૂત જે, પ્રકાશતો જગ ગોખમાં, એવો વિલક્ષણ નાથ મારો, વેરે પ્રભા ત્રિલોકમાં. ૧૬.

નહિ અસ્ત કો કાલે થતો, વળી રાહુ પ્રસતો નહિ કદા, પ્રકાશતો ત્રણ લોકમાં, એ એક સાથે સર્વદા;
મહા તાંડવી એ મેઘ પણ, રોકે ન એ પરભાવને, સૂર્યથી પણ અતિશયે છે, મુનીન્દ્ર મહિમા આ જગે ૧૭.

શાશ્વત ઉદયરૂપ તું પ્રભુ, મોહ તિમિરનો દળનાર તું, રાહુ ગ્રહે નહિ આપને, નહિ ઢાંકતું છત્ર મેઘનું;
પ્રકાશતી મુખકમળ કાન્તિ, જગતભરમાં આપની, જાણે શશિ પૂનમ પ્રકાશ્યો અપૂર્વ દિપ્તિ ઓપતી. ૧૮.

હે નાથ ! રાત્રે ચંદ્રને શું ? દિવસે દિવાકર થકી, તુજ મુખ શશિ સંધાનથી, અંધાર હઠતો મૂળથી;
આ જીવલોકે નિષ્પન્ના. પરિપકવ શાલિ ક્ષેત્રમાં, શું કામનો જલભારથી ? વિનમ્ર વાદળ વિલસતાં. ૧૯.

આપને વિષે ભરેલું જ્ઞાન, ઉજ્જવળ શોભતું, હરિ હરાદિક દેવમાં, તેવું નથી એ ઓપતું;
મણીરત્નનો પ્રકાશ જે, રવિ તેજ સરખો ચળકતો, શું કાચ કકડામાં મળે એ ? નહિ ચમકારો ચમકતો ૨૦.

મેં ચોદિશે દષ્ટિ કરી તો, હરિહરાદિક દેવને, જોયા છતાં આ ચિત્ત મારૂં, ઈચ્છતું તમ સેવને,
આ ભવે કે પરભવે, આ જગતમાં અન્ય કો નથી. મ્હારૂં હૃદય આકર્ષતો, બીજો સમર્થ વિશ્વે નહીં. ૨૧.

જનની કૂખે કંઈ જનમતા, જગતે શતાની પુત્ર હા, ત્હારા સમો હજુ કોઈ જનની, જન્મ દેતી ના કદા;
જુઓ સહસ્ત્ર કિરણાવલી, ચોદિશ તારક ઝગમગે, પ્રાચી દિશામાં સૂર્ય એક જ તેજરાશી ઝગમગે. ૨૨.

મ્હારા ગણું સ્વામી તમે, પુરુષોત્તમા અવિકાર છો, આદિત્ય વર્ણા કાંતિધારક, અંધકાર હરનાર છો;
હે મુનીશ્વરા! તું પામીને જન મૃત્યુ જીતી જાય હા ! આ વિશ્વમાં નહિ અન્ય કો, સુગમ અને શુભ માર્ગ હા? ૨૩.

હે નાથ ! આદિ અવ્યય, અસંખ્ય ને ઔચિત્ય તું, બ્રહ્મા વિષ્ણુ, મહેશ કેતુ, અનંતા નામે ભજું;
યોગીશ્વરા તું વિમલ એકે, અનેક જ્ઞાને તું વસે, પાપહીન સ્વરૂપ ત્હારૂં, સંત પુરૂષો તો વદે. ૨૪.

બુદ્ધિમાન ધીમાન તું છે, વિમળ બોધિત બુદ્ધિથી, ત્રૈલોક્યને સુખ અર્પતો, તેથી તને શંકર કથી;
હે ધીર જગ કલ્યાણના, શુભ રાહ ઘડનારા તમે, વળી તું જ છે પુરુષોત્તમા, ધાતા વિધાતા છો તમે. ૨૫.

ત્રિલોકનું દુઃખ નષ્ટ કરનાર પ્રભુ વંદન તને ! સૃષ્ટિતણો શણગાર એવા હૈ પ્રભુ વંદન તને !
પરમેશ્વરા ત્રણ લોકના, પ્યારા પ્રભુ વંદન તને ! શોષક સદા ભવસિંધુના, વહાલા પ્રભુ વંદન તને ! ૨૬.

આપ છો સમસ્ત ગુણે પૂર્ણ આશ્રય સ્થાન હા, હે મુનીશ્વરા ! અવલોકતાં વિસ્મીત કાં થાતો મહા;
એ આશ્રયોથી જન્મતા, મદ્ મોહ દોષો કોઈ ભી, સ્વપ્નાંતરે પણ આપમાં, આ લોકમાં જોયા નથી. ૨૭.

ઉન્નત અશોકે વૃક્ષ તળમાં, દિવ્ય કાંતિ ઝગમગે, હે નાથ ! નિર્મળ આપનું, કેવું સ્વરૂપ શોભી ઉઠે;
પ્રકાશનાં કિરણો વડે હાં તમસ સઘળો કાઢતો એવો પ્રભવિત ભાનુ જલધર, પાસ ગગને સોહતો. ૨૮.

મણિ-કાંતિ કિરણ શિખરે, સિંહાસને બિરાજતા, દેહ આપનો અહા દિવ્ય દિપે, કનક કાંતિ ધારતા;
ઉદયાચળે ઉત્પન્ન થતો, ને સહસ્ત્ર કિરણ વેરતો, એ રશ્મિનો સમુદાય કાં, રવિ બિંબ ગગને દિપતો ! ૨૯.

વીંઝાય જેવો શ્વેત ચામર; કુંદનાં પુષ્પો સમું, તવ ગાત્ર મનહર દીપતું, જે સૂવર્ણ કાંતિમય હતું;
જેવો ઉદીત શશાંક તેવાં, નિર્મળાં વારિ ઝરે, સૂવર્ણમય એ શોભતું, કાં મેરૂ ગિરીનાં શિખરે. ૩૦.

શશિ બિંબ સરખાં શુભ્ર છત્રો, ત્રણ શોભે આ અતી, રવિ બિંબ રશ્મિની પ્રભા, પ્રસરતી તેણે હરી;
મોતી ફળની પ્રકર માળા, થી અતિશય શોભતું. પ્રખ્યાત પરમેશ્વરપણું, ત્રિલોકમાં તેથી થતું. ૩૧.

કનક સરખી કાંતીવાળી, પદ્મ નવ વિકસે પ્રભા, નખ ખીલતા જેણે રૂપાળા રવિ કિરણો સુહાવતા;
જીનેન્દ્ર ? એવા ચરણ કમલે, જ્યાં જ્યાં પરિભ્રમણા કરે સુરદેવ ત્યાં ત્યાં સૂવર્ણ પદ્મે, પાંખડી શ્રેણી રચે. ૩૨.

જીનેન્દ્ર ! તવ ઉપદેશ સમયે, જે વિભૂતિ ઉપની, તેવી વિભૂતિ અન્ય દેવો, માં કદી સંભવી નથી;
તિમીરની વિડંબણાને, નષ્ટ કરતો દિનપતિ, તેવી પ્રભા આ ગ્રહગણોમાં, હોય ક્યાંથી પણ રતી ? ૩૩.

મદઝરણીથી તરબોળ ને, મદોન્મતા ગંડસ્થળ થકી, ભ્રમર ગૂંજારવ સૂણી, જે ક્રોધ આસમાને વધી;
ઐરાવતો ગજરાજ એવા, ધસમસ્યા જે આવતા. તુજ આશ્રયે રહેતા જનો, એ ભય નહિ ગણકારતા. ૩૪.

ગજ કુંભ થળને ભેદવાથી, શ્વેત શોણિત લિપ્તહી, મુક્તાફળો પડવા થકી, ધરણી વિભુષિત તો કરી;
હુમલો કરે વનરાજ ઝડપે, માનવો મુખમાં પડે, તુજ પાદરૂપી પહાડના, આશ્રય તળે નિર્ભય રહે ૩૫.

મહા પ્રલયકારી વાત વાયો, પ્રજ્જવલ્લે અગ્નિ અહો, દેવ ! જિવ્હા થકી જાણે, વડવાનલો ઉત્પન્ન થયો;
ત્રિલોકનો દાહક કદાપિ, આપ સન્મુખ આવતો, તુજ નામ કીર્તરૂપ જળથી શાંત તે ઝટપટ થતો. ૩૬.

અગ્નિ ઝરતી આંખડી નેં, કંઠ કોકીલ સમ નીલો, ક્રોધે ભર્યો ફણીધર જુઓ. આ સામે આવે દોડતો;
તુજ નામરૂપી નાગદમની. ઔષધિ જે રાખતો, તે ભયરહીત માનવ થઈ, પદ યુગલો ઓળંગતો ૩૭.

અશ્વો ઘણા જ્યાં ખેલતા, ગયવર તણી ગર્જન થતી. દુશ્મન દળોનાં પ્રચંડ યુદ્ધો, તોય ધરણી કંપતી;
રજની તણું અંધાર ક્ષણમાં, સુર્યોદયે ઝટ નાસતું, તેમ માત્ર સ્મરણ તાહરૂં, અરિ દળો સંહારતું. ૩૮.

હસ્તી લલાટો ભાલાં ભેદે, રક્તની ધારા થતી, તે રૂધિરની વહેતી નદિને, પાર કરતા મહારથી;
એવા અજિત અરિ સૈન્યનું, દળ તેજ સહેજે ભેદતા, તુજ ચરણ પંકજ આશ્રયે, જે વાસ વસતા સર્વદા. ૩૯.

પ્રચંડ મોજાં સાથ ઉછળે, નક્રચક્રાદિ મત્સ્યો, વડવાનલો ઉત્પન્ન થતાં, પાઠીન પીઠ ભય પામતો;
જલધિ તરંગો પર ઊભા, નૌકાપતિ ડર પામતા, ત્હારા સ્મરણના રટણ માત્રે, પાર સાગર તે થતા. ૪૦.

જલોદરા દુઃસાધ્ય રોગે, દુઃખથી જલતા જનો, શોચીત દશાને પામતા, આશા નહિ કાં આશરો,
ત્હારી ચરણરજ મેળવી જે, પ્રેમથી દેહ પર ધરે, તે રોગી જનની કાય બનતી, કામદેવ બીજો ખરે. ૪૧.

દ્વિપાદથી તે કંઠ સુધી, બાંધી જેને શૃંખલા, ગાઢ બંધન ફાંસલે, જંઘા ઘસાયે સર્વદા;
તેવાં બધાં બંધન તણો ભય, નાશ થઈ જાયે ખરે, તુજ નામરૂપી મંત્રબળનો, જાપ અહોનિશ તો કરે. ૪૨.

મદમસ્ત હસ્તી કેશરી, દાવાનલો ભૂજંગ જ્યાં, વળી યુદ્ધ સાગર બંધનો, રોગનો ઉપદ્રવ તિહાં;
એ ભય બધાં ક્ષણવારમાં, પામે પરાજિત આપથી, ત્હારૂં સ્તવન ધીમાન જો પ્રીતે કરે તવ પ્રાર્થી, ૪૩.

જિનેન્દ્રા! ત્હારી ગુણ ગીતા, શુભ ભક્તિવશ આ મેં રચી, રૂચી વર્ણ શબ્દો ગુંથણી, સુપુષ્પે વાસિત તે બની;
જે નર સદા એ સ્તોત્રમાળા, પ્રેમથી કંઠે ઠવે, હા માનતુંગા મોક્ષ લક્ષ્મી, શશિપૂનમ સમ મેળવે. ૪૪.

## "દિગંબરોમાં પ્રચલિત ગાથાઓ"

**ગમ્ભીરતારરવપૂરિત દિગ્વિભાગ, સ્ત્રેલોક્યલોક શુભ સંગમ ભૂતિદક્ષઃ ॥**
**સદ્ધર્મ રાજ જય ઘોષણ ઘોષકઃ સન એ દુંદ ભિર્ધ્વનતિ તે યશસઃ પ્રવાદી ॥**

ભાવાર્થ (૧)

ઉંચા ને ગંભીર અવાજોથી દશે દિશાઓમાં જે ગાજી ઉઠે છે ત્રણ લોકની જનતામાં જે શુભ સમાગનમનની વિભૂતિનાં દુંદુભિ નગારાં વાગે છે, તે આપના ધર્મરાજ્યની જય ઘોષણા પ્રગટ કરે છે, અને આકાશમાં આપના જ યશને પ્રગટ કરી રહેલ છે.

**(૨)**

**મંદાર સુંદર નમેરુ સુપારિજાત સંતાન કાદિ કુસુમોત્કર વૃષ્ટિ રુદ્ધા ।**
**ગેધોદ બિંદૂ શુભ મંદ મરૂત્પ્રાતા દિવ્યા દિવઃ પતતિ તે વચસાં તતિર્વાઃ ॥**

ભાવાર્થ (૨)

સુગંધી જળનાં બિંદુઓથી, શુભ અને મંદ પવનની લહેરોથી મંદાર, સુંદર, નમેરૂ, પારિજાતક કેતકી, સંતાનકાદિ વૃક્ષોનાં પુષ્પોની જે શ્રેષ્ટ વૃષ્ટિ આકાશમાંથી થઈ રહી છે. તે જાણે આપનાં વચનોની દિવ્ય પંક્તિ ઝરતી ન હોય તેવું જણાય છે.

**(૩)**

**શુંભત્પ્રભા વલચ ભૂરિ વિભા વિભૌઃ તે લોકત્રય ધુતિમર્તા ધુતિ માક્ષિપન્તી ।**
**પ્રોધદ્વિવાકર નિરંતર ભૂરિસંખ્યા દીપ્તા જયત્યયપિ નિશામપિ સોમ્યૌમ્યામ્ ॥**

ભાવાર્થ (૩)

- હે પ્રભુ ! તમારા ઉજ્જવળ પ્રભા મંડળની અતિશય પ્રભા ત્રણ જગતના ધુતિમાન પદાર્થોની ધુતિનો તિરસ્કાર કરે છે, અને અનેક પ્રકાશમાન સૂર્યો સમાન તેજસ્વી હોવા છતાં પણ ચદ્રમા સમ શીતળતા વેરતું રાત્રિને જીતે છે.

**(૪)**

**સ્વર્ગાપવર્ગમમાર્ગ વિમાર્ગણેષ્ટઃ સદ્ધમં તત્ત્વકથનૈ કપટુ સ્ત્રિલોક્યાઃ ।**
**દિવ્ય ધ્વનિર્ભવતિ તે વિશદાર્થ સર્વ ભાષા સ્વભાવ પરિણામ ગુણૈઃ પ્રયોજ્યઃ ॥**

ભાવાર્થ (૪)

- સ્વર્ગ ને મોક્ષનો કલ્યાણકારી રસ્તો બતાવતાં ઈષ્ટ મિત્ર જેવા સ્વામી સ્તધર્મનું અને વસ્તુનું સ્વરૂપ કહેવામાં ત્રણ લોકમાં એક જ ચતુર અને નિર્મળ અર્થ સમસ્ત ભાષા સ્વભાવ પરિણામાદિ ગુણોથી યુક્ત આપનો દિવ્ય ધ્વનિ થાય છે.

# દિગંબર સાહિત્યની વધારાની ચાર ગાથા પદ્યાનુવાદ

(૧)

દશે દિશાઓમાં પૂરતો, જે ઉચ્ચ ને ગંભીર ધ્વનિ,
દેતો ત્રિલોકે નાદ તે, શુભ આગમનની પૂર્તિ;
સત્ધર્મની જય ઘોષણા, ઘોષિત કરે નોબત પ્રભુ,
યશનાં નગારાં ગડગડે, આ વ્યોમમાં ત્હારાં વિભુ.

(૨)

મંદાર સુંદર ને નમરૂ, પારિજાતક કેતકી,
સંતાનકાદિ પુષ્પની હા, વ્યોમથી વૃષ્ટિ થતી;
જાણે સુવાસિત વારિ બિંદુ, મંદ વાયુ કર ગ્રહી,
દિવ્ય વાણી વચનની, કાં ઝરી રહી જાણે નહીં ?

(3)

ઉજ્જવલ પ્રભામંડળ પ્રભુ તવ, શિશ ચોદીશ ઓપતું,
ત્રિલોકની જે સત્વ વસ્તુ, સત્વને તુચ્છકારતું;
અસંખ્ય દિવાકર સમું, તેજસ્વી જે હોવા છતાં,
શીત વેરે ચંદ્રમા સમ, શાંત રાત્રે જગતમાં.

(૪)

સ્વર્ગ ને વળી મોક્ષના, શુભ માર્ગે સ્વામી દોરતા,
ત્રિલોકમાં એકજ પટુભિ, સત્ધર્મ તત્ત્વો કહી જતા;
આપના એ દિવ્ય સૂરથી, નિર્મળા અર્થો મળે,
સ્વભાવ પરિણામી ગુણોરૂપ, સકળ વિશ્વ ભાષા કહે.

# ભક્તામર ઉત્પત્તિ – આમુખ

જૈન સમાજમાં "નવસ્મરણ"નો નિત્ય જાપ ચતુર્વિધ સંઘની અનેક વ્યક્તિઓને કરવાનો નિયમ હોય છે. ભક્તામર સ્તોત્ર એ સ્મરણ પૈકી સાતમા નંબરે આવે છે.

આ સ્તોત્રની રચના જૈનાચાર્ય શ્રી માનતુંગસૂરિ મહારાજે કરી છે. શ્રી મહાવીર પ્રભુની વીશમી પાટે આ આચાર્ય દેવ ઉજ્જૈની નગરીમાં થઈ ગયા.

રાજા ભોજને કવિ કાલીદાસનો એ જમાનો હતો ! રાજા ભોજની સભામાં બાણ અને મયુર જેવા વિદ્વાનો પણ શોભતા. વાક્દેવીની ચતુરાઈભરી વાતોએ સભા ગુંજી ઉઠતી. રાજા ભોજ પણ સરસ્વતી દેવીના પૂજારી હતા. વિદ્વાનોની કદર કરી જાણતા.

એક સમયની વાત છે રાજ દરબારમાં હેકડેઠઠ કચેરી ભરાઈ છે. ત્યારે રાજા ભોજે એક વાત જાહેર કરી કે મારી સભાના વિદ્વાનોની સામે ટકી શકે તેવો કોઈ વિદ્વાન આ સમયે દેખાતો નથી.

સભામાં બેઠેલા જૈનો આવી વાત સાંભળતાં જ બોલી ઉઠયા, મહારાજ ! આચાર્ય શ્રી માનતુંગસૂરિજીની તુલનામાં આ સભાના વિદ્વાનો પણ આવી શકે નહિં.

રાજા ભોજને આવા વિદ્વાન આચાર્યનાં દર્શનની ભાવના થઈ, તેમને માનસહિત રાજદરબારમાં બોલાવ્યા અને કોઈ ચમત્કાર બતાવવા વિનંતિ કરી.

જૈન શાસનની પ્રભાવના માટે આચાર્યશ્રીએ એ વાત કબુલી. સૂરિજીને ૪૮ લોઢાની બેડીઓથી જકડવામાં આવ્યા. અને દરેક બેડી પર મજબૂત લોખંડનાં તાળાં લગાવી દીધાં. ત્યાર બાદ એક બંધ ઓરડામાં તેમને પૂરવામાં આવ્યા અને ત્યાં પણ તાળું બંધ કર્યું. આસપાસ મજબૂત ચોકી પહેરો મૂકવામાં આવ્યો. આમ સૂરિજીને છટકવાની એકે બારી રાખી નહિ.

ઓરડામાં બેસીને સૂરિજીએ શ્રી આદિનાથ - ઋષભદેવ ભગવાનના ગુણ-કિર્તન દર્શાવતી સંસ્કૃત ભાષામાં સ્તુતિઓ રચવા માંડી. જેમ જેમ સ્તુતિ રચાતી ગઈ, બોલાતી ગઈ તેમ તેમ એક પછી એક લોહ શ્રૃંખલાનાં તાળાં ખૂલતાં ગયાં અને બેડીઓ પણ તૂટતી ગઈ. ૪૮ બેડીઓ તોડવા માટે આમ ૪૮ શ્લોકની સ્તુતિ પૂર્ણ થઈ. દિગંબર સાહિત્યમાં ૪૮ શ્લોક શ્વેતામ્બર સાહિત્યમાં ૪ શ્લોક ભંડારવાની વાત છે. એથી ૪૪ શ્લોક બોલાય છે.

છેલ્લે ઓરડીનુ તાળું પણ આપોઆપજ ખુલ્લું થયું અને સૂરિજી નિર્વિઘ્નપણે હસતાં હસતાં બહાર નીકળી રાજસભામાં આવ્યા. આવા ચમત્કારના પ્રત્યક્ષ અનુભવે રાજા ભોજને જૈન ધર્મ ઉપર શ્રદ્ધા થઈ. અને સૂરિ મહારાજની ક્ષમા યાચી માનસહ ઉપાશ્રયે મોકલ્યા

આમ જૈન ધર્મનો ઉદ્યોત થયો. એ રાજાના હાથ વડે ઘણાં જૈન મંદિરો બંધાયાં - પુનરૂદ્ધાર થયો.

આ મહા સ્તોત્રના એક એક શ્લોક પરની શ્રદ્ધાએ કરી કેવાં કેવાં સંકટ દૂર થાય છે ? કેવી વ્યાધિ, દુ:ખ, દુર્ભાગ્યનો નાશ થાય છે. એ માટે શાસ્ત્રકારે અનેક ચમત્કારિક કથાઓ શાસ્ત્રમાં દર્શાવી છે જે પરથી સરળ ભાષામાં સુંદર રસભરી શૈલીમાં કથાની રજુઆત કરીને આ કથાવલી તૈયાર કરવામાં આવી છે.

આ કથાઓનું શ્રવણ-મનન કરી જૈન ધર્મ પ્રત્યે ઊંડી શ્રદ્ધા ધારણ કરનાર વ્યક્તિ આ વિષમ પંચમકાલમાં પણ દુ:ખી નહિ રહે, એ ચોક્કસ અનુભવસિદ્ધ વાત છે.

# मुनिराज श्री जयानन्द विजयजी म.सा.
# द्वारा लिखित एवं संपादित पुस्तकें

| | | | |
|---|---|---|---|
| १. | आत्म स्वरूप | हिन्दी | चार गतिके जीवो का स्वरूप |
| २. | मुक्ति पथ के सथी | हिन्दी | तत्पत्रयी का स्वरूप |
| ३. | स्वात्म निंदा पच्चीशी | हिन्दी | आत्म निंदा |
| ४. | मुनि जीवननी वातो | गुजराती | साध्वाचार |
| ५. | हित चिंता के मोती | हिन्दी | साध्वाचार |
| ६. | मुक्ति महेलनो राजमार्ग | गुजराती | दान, शील, तप, भाव पर विवेचन |
| ७. | दो प्रतिक्रमण सार्थ | संपादित | तृतीय आवृत्ति |
| ८. | देव वंदन सूत्र सार्थ | संपादित | |
| ९. | मुक्ति का मंगल प्रारंभ | हिन्दी | नियमावली |
| १०. | दो प्रतिक्रमण मूल | हिन्दी | संपादित |
| ११. | भक्तोके उद्गार | हिन्दी | स्तवनादि संग्रह |
| १२. | गागरमें सागर | हिन्दी | संख्या पर संग्रह |
| १३. | सूरि राजेन्द्र वाणी | हिन्दी | संपादित |
| १४. | पथ प्रदर्शक | हिन्दी | सुदेव सुगुरु स्वरूप |
| १५. | प्रगति का प्रथम सोपान | हिन्दी | मार्गानुसारी जीवन |
| १६. | मुक्ति का मंगलद्वार | हिन्दी | नौ तत्त्वो का स्वरूप |
| १७. | चिंतन की रश्मियाँ | हिन्दी | नवकार मंत्र पर चिंतन |
| १८. | जिज्ञासा पूर्ति | गुजराती | शंका समाधान |
| १९. | श्रावक को क्या करना चाहिए? | हिन्दी | संपादित |
| २०. | आदर्श जीवन की चाबियाँ | हिन्दी | संपादित |
| २१. | उपधान विधि | हिन्दी | संपादित |
| २२. | प्रकरण चतुष्य सार्थ | हिन्दी | संपादित |
| २३. | भव्यात्माओ का भोजन | हिन्दी | सज्जाय संग्रह |
| २४. | मुक्ति नगरमां प्रवेश | हिन्दी | पुद्गल वोसिराववानी विधि |
| २५. | श्री विंशति स्थानक तप विधि | हिन्दी | संपादित |
| २६. | मुनि जीवननो मार्ग | गुजराती | साध्वाचार |
| २७. | प्रभु दरिशन सुख संपदा | हिन्दी | जिनदर्शन पूजन विधि |
| २८. | भव्यात्माओंकी मुक्ति | हिन्दी | सुपात्रदान विधि |
| २९. | भक्तामर स्तोत्र गुरुगुण इक्कीसा स्वात्म नंदा पच्चीशी सह | | हिन्दी - गुजराती |
| ३०. | श्री चम्पाकमाला श्री जगडूशाह श्री कयवन्ना शेठ श्री अघटकुमार चरित्र | संस्कृत | संपादित |
| ३१. | समाधान की राह पर | हिन्दी | श्रावकोपयोगी प्रश्नोत्तर |
| ३२. | समाधान की रश्मियाँ | हिन्दी | श्रावकोप्रश्नोत्तर |

| | | | |
|---|---|---|---|
| ३३. | समाधान की ज्योत | हिन्दी | साध्वाचारोपयोगी प्रश्नोत्तर |
| ३४. | स्नात्र पूज श्री विरविजय कृत | | संपादित |
| ३५. | स्वयंवर मंडप बना दीक्षा मंडप | हिन्दी | कहानियाँ |
| ३६. | सम्यग्दर्शन | हिन्दी | विवेचन |
| ३७. | नमस्कार महामंत्र | हिन्दी | विवेचन |
| ३८. | साधु प्रतिक्रमण सार्थ | हिन्दी | संपादित |
| ३९. | मुक्ति महल का राजमार्ग | हिन्दी | दान, शील, तप, भाव पर विवेचन |
| ४०. | श्री दशवैकालिक सार्थ | हिन्दी | |
| ४१. | श्री गच्छाचार पयन्ना | श्री राजेन्द्रसूरि सुकृत | संपादित |
| ४२. | काम व मोह विजेता | हिन्दी | चिंतन |
| ४३. | प्राथमिक ज्ञान माला | हिन्दी | बालोपयोगी |
| ४४. | श्रमणो पासक | हिन्दी | व्रत स्वरूप |
| ४५. | साधान की किरणें | हिन्दी | साध्वाचार प्रश्नोत्तरी |
| ४६. | श्री द्वादशचक्री चारित्र | संस्कृत | संकलन |
| ४७. | वाचक यश वाणी | हिन्दी | स्तवन |
| ४८. | भवचक्रकी विचित्रता | हिन्दी | कहानियाँ |
| ४९. | नवपद देववंदन विधि | हिन्दी | संपादित |
| ५०. | श्री चम्पकमाला चरित्र भाषांतर | हिन्दी | संपादित |
| ५१. | तीर्थयात्रा | हिन्दी | कहानी |
| ५२. | विडंबनादायक विधवा विवाह | हिन्दी | निबंध |
| ५३. | दिशादर्शक | हिन्दी | प्रश्नोत्तरी |
| ५४. | अरिहंतने ओळखो | गुजराती | चिंतन |
| ५५. | परमार्थ पच्चीशीओ | गुजराती | दोहा |
| ५६. | वहोरावबानी विधि | गुजराती | |
| ५७. | आझादी से संयमरक्षा | हिन्दी | कहानियाँ |
| ५८. | षडावस्यक प्रश्नोत्तरी भाग-१ | हिन्दी | |
| ५९. | क्षमामूर्ति | हिन्दी | कहानी |
| ६०. | शिवकुमार | हिन्दी | कहानी |
| ६१. | रत्नाकर पच्चीशी | हिन्दी | संपादित |
| ६२. | समाधान प्रदीप | संपादित | |
| ६३ | स्त्री स्वातंत्र्य | गुजराती | संपादित |
| ६४. | लावण्य कोमल स्वाध्याय सुधा भाग ५ | हिन्दी | |
| ६५. | श्री पार्श्वनाथ स्तवनावली | हिन्दी | |
| ६६. | प्रगतिनुं प्रथम पगथियुं | गुजराती | |
| ६७. | चलो चले अंधकार से प्रकाश की ओर | हिन्दी | |
| ६८. | चलो जोईए अंधकार क्यां, प्रकाश क्यां | गुजराती | |
| ६९. | गर्भपात | गुजराती | संपादित |

| | | | |
|---|---|---|---|
| ७०. | बंधनमुक्ति | गुजराती | विवेचन |
| ७१. | आधुनिकता के चाहक सोचे विचारे | हिन्दी | संपादन |
| ७२. | भक्तामर स्तोत्र कथा सहित | गुजराती | संपादित |
| ७३. | पंच प्रतिक्रमण विधि सहित | हिन्दी | संपादन |
| ७४. | तपाराधना | गुजराती | संपादित |
| ७५. | सामायिक चैत्य वंदनादि सूत्रार्थ सहित | गुजराती | |
| ७६. | चैत्री पूर्णिमा विधि | हिन्दी | संपादित |
| ७७. | धनंजय नाममाला | हिन्दी | |
| ७८. | एक सौ आठ महाभिषेक | हिन्दी | |
| ७९. | समाधान प्रकाश | हिन्दी | प्रश्नोत्तरी |
| ८०. | सिन्दूर प्रकर | गुजराती | विवेचन |
| ८१. | श्रमण जीवन | गुजराती | विवेचन |
| ८२. | चालो विचारीए आपणे क्यां ? | गुजराती | संपादित |
| ८३. | श्री राजेन्द्र सूरि वचनामृत | हिन्दी | संपादित |
| ८४. | नवस्मरण | हिन्दी | |
| ८५. | अरिहंत को पहचान | हिन्दी | चिंतन |
| ८६. | तीर्थयात्रा | गुजराती | कहानियाँ |
| ८७. | विधवा विवाह | गुजराती | चिंतन |
| ८८. | कामोविजेता जगतो विजेता | गुजराती | चिंतन |
| ८९. | श्रमणोपासक | गुजराती | कहानियाँ |
| ९०. | सूतक विचार | गुजराती | संपादन |
| ९१. | वांचो विचारो वर्तनमां उतारो | गुजराती | लेखसंग्रह |
| ९२. | जिनवाणी उत्तरे ल्यो जाणी | गुजराती | प्रश्नोत्तरी |
| ९३. | नमामि सम्यग्दर्शनम् | संस्कृत | संकलन |
| ९४. | धून लगाओ रंग जाओ | हिन्दी | स्तवनादि |
| ९५. | ज्ञान क्रियाभ्यां मोक्षः | संस्कृत | संकलन |
| ९६. | शाश्वत सुखनी चावी | गुजराती | लेख संग्रह |
| ९७. | समाधानती किरणों | गुजराती | प्रश्नोत्तर |
| ९८. | समाधान प्रकाश भाग-२ | हिन्दी | प्रश्नोत्तर |

पुस्तक प्राप्ति हेतु प्रति पुस्तक एक रूपये का स्टेम्प निम्न पते पर भेजने से स्टाक में होगी तो भेजी जाएगी । साधु-साध्वीओं को सभी पुस्तके भेट भेजी जायेगी. (नं. ३८, ४०, ४१ नहीं)

१. **शा. देवीचंद छगनलाल**
सदर बाजार, भीनमाल(राज.) ३४३ ०२९

२. **शास्वत धर्म कार्यालय**
जासली नाका, थाने(महाराष्ट्र) ४०० ६०९

३. **शा. वच्छराज भंसाली**
धाणसा(राज.) ३४३ ०२३

## આખર તો મળી જવાનું છે માટીમાં

એક કુંભાર પોતાના પગથી માટીને રોંદી રહ્યો હતો ખૂંદી રહ્યો હતો, કારણ માટીમાંથી અવનવાં વાસણ બનાવવા માટે માટીને ચીકણી બનાવવી જરૂરી હતી. કુંભારના પગ દ્વારા માટી ખૂંદાઈ રહી હતી છતાં એ ખૂંદાતી માટી ઉંહકારો ન્હોતી કરતી, એ તો કહેતી હતી કુંભારને કે અરે ! ભલા ભાઈ કુંભાર મને જેટલી રોંદવી હોય-ખૂંદવી હોય, એટલી ખૂંદી લે જરા પણ દયા મારા ઉપર કર્યા વિના મને રગદોળી-રગદોળીને ખૂંદી લે, પણ યાદ રાખજે કે એક દિવસ એવો આવશે કે જ્યારે હું તને મારામાં રગદોળી નાખીશ, મારા જેવો બનાવી નાખીશ. વાત પણ ખરી છે. આપણે ગમે તેટલા ધમપછાડા કરીએ, કોઈને ખાડામાં ઉતારવાના પેંતરા રચીએ પણ ક્યાં સુધી ? એક દિવસ તો એવો આવશે જ. તારા માટે, મારા માટે દરેકને માટે કે જ્યારે આ કાચી માટીની કાયા માટીમાં મળી જ જશે. ને એ માટી કોઈને કોઈ વખતે સ્થળાંતર કરીને, રૂપ પરિવર્તન કરીને કુંભારના પગ નીચે ચગદાવાની - ખૂંદાવાની - રોંદાવાની- રગદોળાવાની એ ચોક્કસ છે